સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1689/57 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 11

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ફાલ્ગુન વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૧૬ માર્ચ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u






- યુરોપિયન ડ્રીમ 535000 23 Days Apr 22
- યુરોપિયન પેનોરમા 245000 8 Days Apr 12
- ક્રોએશિયા સ્લોવેનિયા હંગેરી 290000 12 Days Apr 24
- અમેરિકન ડ્રીમ 705000 19 Days Apr 23
- યુએસએ ઈસ્ટ કોસ્ટ 305000 7 Days Apr 26
- બેસ્ટ ઓફ સાઉથ અમેરિકા 1085000 21 Days Sept 13
- બેસ્ટ ઓફ ઓસ્ટ્રેલિયા 330000 9 Days Apr 24
- ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ 550000 17 Days Apr 27
- સા.આફ્રિકા કેન્યા વિક્ટોરિયા ફોલ્સ 435000 15 Days May 18
- માર્વેલ્સ ઓફ જાપાન 370000 11 Days Apr 1
- સિંગાપોર મલેશિયા + ક્રુઝ 186000 9 Days Mar 27
- વિયેટનામ કંબોડિયા 180000 10 Days Apr 14
- એન્ટાર્કટિકા ધ 7th કોન્ટિનેંટ 1325000 13 Days Dec 8

## વીણા વર્લ્ડ ની ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સ માંથી તમારી ટુર સિલેક્ટ કરો. સમગ્ર ભારતમાં અને સમગ્ર વિશ્વમાં વધુ ઘણી ટુર્સની માહિતી veenaworld.com પર ઉપલબ્ધ.

મુંબઈથી શરૂ થનારી (ex-Mumbai) ટુર્સ પર ચાલો અથવા ભારતમાંથી અને દુનિયાભરમાંથી ક્યાંયથી પણ ટુરમાં જોઈન કરો - જોઈનિંગ લીવિંગ ટુર (J&L). નીચે આપેલા ચાર્ટમાં ટુરનું નામ, અમદાવાદથી અમદાવાદ/મુંબઈથી મુંબઈ ટુર પ્રાઈસીસ (ex-Mumbai) (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સહિત) અને જોઈનિંગ લીવિંગ ટુર (J&L) પ્રાઈસીસ (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સિવાય) આપી છે. સર્વ ટુર પ્રાઈસીસ હજારોમાં છે. J&L પર્યટકોને એર ટિકિટ્સ, વિઝા અને અન્ય આવશ્યક સર્વિસીસની બાબતમાં માર્ગદર્શન કરવા માટે વીણા વર્લ્ડ સેલ્સ ટીમ ઉપલબ્ધ છે.

### સાઉથ ઈસ્ટ અને ફાર ઈસ્ટ એશિયા

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સિંગાપોર મલેશિયા બાલી(10D) | 197K-210K | -- |
| સિંગાપોર થાઈલેન્ડ (8D) | 147K-151K | -- |
| સિંગાપોર બાલી (8D) | 172K-180K | -- |
| સિંગાપોર હોંગકોં મકાવ (8D) | 210K-220K | -- |
| સિંગાપોર મલેશિયા+ક્રુઝ(9D) | 186K-190K | 151K-155K |
| વિયેટનામ કંબોડિયા (10D) | 180K-190K | -- |
| બેસ્ટ ઓફ બાલી (7D) | 127K-131K | 85K-90K |
| બેસ્ટ ઓફ સિંગાપોર (4D) | 105K-110K | 75K-80K |
| થાઈલેન્ડ (4D/6D)/15D) | 50K-175K | 30K-58K |
| બેંગકોક પટ્ટાયા ફુકેત ક્રાબી (8D) | 112K-120K | -- |
| ચિયાંગ માઈ ચિયાંગ રાય ફુકેત ક્રાબી (9D) | 156K-160K | -- |
| ફિલિપાઈન્સ મનિલા (8D) | 201000 | -- |
| બેસ્ટ ઓફ લાઓસ (6D) | 115000 | -- |
| હોંગકોંગ મકાઉ શેંઝેન (7D) | 165K-170K | 125K-131K |
| જાપાન+અલ્પાઈનર રુટ (8D/10D) | 295K-340K | 245K-290K |
| કોરિયા તૈવાન(10D) | 335K-345K | 285K-295K |
| જાપાન કોરિયા (9D) | 325K-345K | 275K-290K |

### ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ અમેરિકા આફ્રિકા

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| ઓસ્ટ્રેલિયા (9D/14D) | 325K-450K | 250K-375K |
| ન્યૂઝીલેન્ડ (10D/14D) | 355K-460K | 265K-370K |
| ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (17D) | 555K-570K | 460K-470K |
| અમેરિકા (15D/21D) | 625K-765K | 500K |
| અમેરિકન ડ્રીમ (19D) | 700K-715K | 570K-590K |
| અમેરિકન સ્પ્લેન્ડર્સ (17D) | 635K-650K | 513K-523K |
| અમેરિકન મેજિક (13D) | 530K-545K | 390K-410K |
| યુએસએ ઇસ્ટ કોસ્ટ (7D) | 300K -310K | 175K-185K |
| અમેરિકન વંડર્સ (15D) | 575K-590K | 435K-450K |
| કેલિફોર્નિયા કાર્નિવ્હલ (10D) | 400K-415K | 260K-275K |
| બેસ્ટ ઓફ અલાસ્કા (9D) | 400K-415K | 270K-285K |
| કેનેડા (10D/17D) | 475K-725K | 345K |
| હવાઈ મેક્સિકો (13D) | 775K-790K | -- |
| સાઉથ અમેરિકા (21D) | 1085000 | 810000 |
| એન્ટાર્કટિકા (13D) Dec 8 | 1325000 | 1125000 |
| સા.આફ્રિકા કેનિયા વિક્ટો.ફૉલ્સ(15D) | 435K-455K | -- |
| કેનિયા /સા. આફ્રિકા (8D/9D) | 235K-250K | 195K-210K |
| મૉરિશસ (7D) | 145K | 105K |

### યુરોપ - વેસ્ટર્ન, ઈસ્ટર્ન, નોર્ધર્ન, બાલટીક, બાલ્કન્સ, મેડિટેરેનીયન

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| યુરોપિયન એકસપ્લોરર (27D) | 650K-675K | 570K-580K |
| યુરોપિયન મેજિક (19D) | 475K-490K | 395K-405K |
| યુરોપિયન માર્વેલ્સ (17D) | 415K-430K | 340K-350K |
| યુરોપિયન જ્વેલ્સ+વર્સેલ્સ/ ડિઝનીલેન્ડ (15D) | 365K-385K | 285K-310K |
| યુરોપિયન ડિલાઈટ (13D) | 330K-345K | 250K-270K |
| યુરોપિયન વંડર્સ (13D) | 310K-325K | 245K-255K |
| યુરોપિયન હાઈલાઈટ્સ (11D) | 295K-310K | 210K-225K |
| યુરોપિયન ચાર્મ (11D) | 285K-295K | 215K-230K |
| યુરોપિયન સ્પ્લેન્ડર્સ (10D) | 255K-270K | 190K-200K |
| યુરોપિયન પેનોરમા (8D) | 235K-250K | 170K-185K |
| ગ્લિમ્પ્સ ઓફ યુરોપ (6D) | 190K-205K | -- |
| સ્વિસ પેરિસ લંડન(11D) | 330K-345K | 250K-265K |
| લંડન પેરિસ સ્વિસ ઈટાલી + વર્સેલ્સ /ડિઝનીલેન્ડ (9D) | 265K-280K | 185K-195K |
| સ્વિસ પેરિસ /સ્વિસ ઓસ્ટ્રિયા(8D) | 245K-265K | 180K-195K |
| સ્વિસ પેરિસ ઈટાલી/ સ્વિસ ઓસ્ટ્રિયા ઈટાલી (11D) | 295K-315K | 225K-245K |
| ઈટાલી (8D/15D) | 235K-375K | 165K-305K |

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| આઈસલેન્ડ નોર્ધન લાઈટ્સ(10D) | 515K-525K | 360000 |
| સ્કેન્ડિનેવિયા (10D/15D) | 310K-395K | 225K-410K |
| સ્કેન્ડિનેવિયા મિડનાઈટ સન(16D) | 490K-495K | 410K-420K |
| સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ (15D) | 510K-525K | 420K-430K |
| ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ વેલ્સ લંડન (15D) | 400K-415K | 325K-340K |
| ઑલ ઓફ ઈસ્ટર્ન યુરોપ (17D) | 360K-375K | 285K-300K |
| ક્રોએશિયા સ્લોવેનિયા સ્લોવાકિયા હંગેરી (12D) | 285K-300K | 210K-225K |
| વિ.પ્રાગ બુડાપેસ્ટ બ્રાતીસલાવા (8D) | 225K-240K | 150K-165K |
| ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન (9D) | 200K-225K | -- |
| બેસ્ટ ઓફ બાકૂ (7D) | 135K-150K | 100K-115K |
| જોર્જિયા આર્મેનિયા (8D) | 165K-175K | 115K-125K |
| સ્પેન (10D/15D) | 250K-365K | 180K-295K |
| સ્પેન પોર્ટુગલ મોરોક્કો (16D) | 345K-360K | 265K-280K |
| ઇજિપ્ત ગ્રીસ ટર્કી (15D) | 375K-390K | -- |
| ટર્કી (10D/15D) | 225K-325K | 155K-255K |
| ગ્રીસ (8D/10D/15D) | 250K-425K | 190K-365K |

### ઈંડિયા નેપાળ ભૂતાન શ્રીલંકા દુબઈ

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| લેહ લડાખ (7D/9D) | 67K-90K | 42K-62K |
| કાશ્મીર એસ્કેપ (5D) | 57K-65K | 38K-45K |
| કાશ્મીર (6D/7D) | 62K-88K | 41K-70K |
| બેસ્ટ ઓફ કાશ્મીર પ્રીમીઅમ (8D) | 95K-105K | 76K-86K |
| લક્ઝરી કાશ્મીર (9D) | 170K-190K | 150K-160K |
| શિમલા મનાલી (6D) | 35K-45K | 28K-38K |
| ડલહાઉઝી ધરમશાલા અમૃતસર (8D) | 52K-60K | 40K-48K |
| નૈનિતાલ મસુરી હરિદ્વાર કોર્બેટ પાર્ક (6D/8D/9D) | 47K-60K | 38K-52K |
| આસામ મેઘાલય (7D) | 76K-85K | 59K-68K |
| આસામ અરુણાચલ મેઘાલય(12D) | 98K-105K | 81K-88K |
| સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોકપેલિંગ (9D) | 75K-85K | 58K-68K |
| રાજસ્થાન (6D/9D) | 30K-50K | 22K-42K |
| ગુજરાત (7D/10D) | 30K-55K | 24K-50K |
| કેરળ (6D/8D/10D) | 30K-60K | 24K-54K |
| આંદામાન (7D) | 70K-75K | 52K-57K |
| દુબઈ અબુ ધાબી (5D/7D) | 85K-135K | 68K-110K |
| નેપાળ/શ્રીલંકા (8D/7D) | 72K-95K | 50K-57K |
| ભૂતાન (9D) | 86K-95K | 65K-71K |

**Travel Now Pay Later!**
EMI options available (3 months to 24 months) subject to EMI partner approval. T&C apply

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ (ex-Mumbai), ટ્રાન્સપોર્ટ, હૉટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ-લંચ- ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર-ગાઈડ ટિપ્સ, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (ફ્રી વિઝા દેશ ઉપરાંત), ટ્રાવેલ ઈન્શ્યુરન્સ* વગેરે બાબતોનો સમાવેશ છે. J&L ટુર્સ માં વિમાનપ્રવાસ, વિઝા, અને ઈન્શ્યુરન્સ નો સમાવેશ નથી. યુએસ ટુર્સ યુએસ વિઝા* ધારકો માટે.

veenaworld.com
Call: 1800 22 7979

તમારી નજીકની વીણા વર્લ્ડ સેલ્સ ઓફિસ માટે QR સ્કેન કરો

Monday-Sunday 10 to 8
travel@veenaworld.com

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

# હોળાષ્ટક પૂર્ણ થતાં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ અંગે અટકળો ફરીથી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જિલ્લા અને શહેર પ્રમુખોની જાહેરાત થઈ ગઈ છે. જોકે હજુ પણ પ્રદેશ ભાજપ પ્રમુખની વરણી થઈ નથી. ગુજરાતનાં રાજકીય વર્તુળોમાં છેલ્લા ઘણા સમયથી પ્રદેશ પ્રમુખ કોણ બનશે તે અંગે અટકળોનું બજાર ગરમ છે. જોકે એક વર્ગ એવું માનતો હતો કે હોળી-ધુળેટીના તહેવારની પૂર્ણાહુતિની સાથે હોળાષ્ટક પણ પૂર્ણ થઈ ગયા બાદ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત થશે અને ગણતરીના દિવસોમાં જ સીઆર પાટીલના અનુગામીની પસંદગી થઈ જશે.

હવે જ્યારે હોળાષ્ટક પણ પૂર્ણ થઈ ગયું છે. ત્યારે ફરીથી અટકળો શરૂ થઈ ગઈ છે કે ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બહુ જલદીથી મળી શકે તેમ છે.

ભાજપ વર્તુળો એવું માની રહ્યાં છે કે પ્રદેશ પ્રમુખની ગતિવિધિ શરૂ થઈ છે. લાંબા સમયથી પ્રદેશ પ્રમુખની પસંદગીમાં 'તારીખ પે તારીખ' જેવો ઘટનાક્રમ થઈ રહ્યો છે, પરંતુ જેમ અચાનક શહેર જિલ્લા ભાજપ પ્રમુખની જાહેરાત થઈ એવી જ રીતે પ્રદેશ પ્રમુખની પણ જાહેરાત કરવા તરફ હાઈ કમાન્ડ આગળ વધી રહ્યું હોય તેવું મનાઈ રહ્યું છે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની ચૂંટણીના ઇન્ચાર્જ ભૂપેન્દ્ર યાદવ પણ હવે બે-ત્રણ દિવસમાં જ ગુજરાત આવશે તેવું સૌ કોઈ લોકો જણાવી રહ્યા છે.

જોકે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ એક પછી એક સંગઠનનાં કામ જે રીતે આગળ વધી રહ્યાં છે તે જોતાં ગુજરાત ભાજપના નેતાઓ એવું માની રહ્યા છે કે હવે ગણતરીના દિવસોમાં જ ગુજરાત ભાજપને નવા પ્રમુખ મળી જશે. જોકે આ પ્રમુખ કયા ઝોનમાંથી આવશે તેની ચર્ચા પણ હવે થતી નથી. ભાજપનાં સૂત્રો એવું માની રહ્યાં છે કે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ચર્ચાતી વાતથી કોઈ અલગ જ નામ જાહેર કરાવશે. આમ બહુ જલદી નવા પ્રમુખ આવી જાય તેવી આશા સૌ કોઈ રાખી રહ્યા છે.

# નડિયાદના સલુણમાં જૂથ અથડામણઃ ૨૦ લોકો સામે નોંધાઈ ફરિયાદ, ચારની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લાના નડિયાદના સલુણ ગામે બે ટોળાં સામસામે આવી ગયાં હતાં. કોઈ અગમ્ય બાબતે ગામના બે સમાજનાં ટોળાં આવી જતાં મામલો વણસ્યો હતો. આ ઘટનામાં ૫ લોકો ઘાયલ થયા હતા, જ્યારે બે લોકોને વધુ ઈજા પહોચતાં તેમને અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા. આ સમગ્ર મામલે ટોળા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી જેમાં ૨૦ સામે નામજોગ અને ૩૦ જણના ટોળા સામે ફરિયાદ નોંધાઈ હતી.

આ ઘટનામાં પથ્થરમારો થતાં પોલીસે ઘટનાસ્થળે દોડી આવી હતી અને નડિયાદ ગ્રામ્ય પોલીસે સામસામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં સલુણ ગામના વિશાલ મકવાણાએ નોંધાવેલી ફરિયાદમાં સાંજના સમયે સલુણ બસ સ્ટેન્ડ પાસે આવેલા સંજય તળપદાની દુકાને પડીકી લેવા ગયો હતો. જેમાં અગાઉના ઝઘડાનું વેર રાખી સંજયે ગાળો બોલી હતી અને જ્ઞાતિસૂચક શબ્દો બોલી ૧૫ જેટલા માણસોનું ટોળું ધસી આવ્યું હતું.

આ ટોળાએ લાકડાના દંડા, ઈંટો અને લોખંડના પાઇપ જેવાં હથિયારો સાથે વિશાલ અને તેના મિત્રો સાથે મારામારી કરી હતી.

આ ઉપરાંત છૂટો પથ્થરમારો પણ કર્યો હતો. આ બનાવમાં ૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આથી આ બનાવ મામલે વિશાલ મકવાણાએ નડિયાદ ગ્રામ્ય પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે અન્ય સામા પક્ષે કરેલી ફરિયાદમાં પ્રવીણભાઈ તળપદાએ જણાવ્યું હતું કે, તેમનાં ફોઈના દીકરા સંજયની દુકાન બસ સ્ટેન્ડ પાસે આવેલી છે. કારમાં આવેલા લોકોએ સંજય સાથે ગાળાગાળી કરી હતી. બાદમાં આ કારમાં આવેલા લોકોએ ટોળું લઈ આવી દુકાનદાર સંજય અને તેમના સંબધી સતિષભાઈ તેમ જ વિનોદભાઈને માર માર્યો હતો. છૂટા પથ્થરો પણ ફેંકી ઇજા કરી હતી. આ બનાવમાં ૩ લોકોને ઈજા થઈ હતી.

આ મામલે પ્રવીણભાઈ તળપદાએ નડિયાદ ગ્રામ્ય પોલીસમથકે ઉપરોક્ત આઠ વ્યક્તિઓનાં નામ જોગ અને બીજા ૧૫થી ૨૦ માણસોનાં ટોળાં સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં નડિયાદ રૂરલ પોલીસે સલુણ ગામના ચાર આરોપી ભાવિનસિંહ મહિડા, વિશાલ મકવાણા, સહદેવસિંહ મહિડા અને ધ્રુવીલ પ્રજાપતિની નડિયાદ પોલીસે અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા અમદાવાદ મનપાનો મોટો નિર્ણયઃ ધોરણ ૧૦ સુધીની શાળા શરૂ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડની હાલમાં ૪૦૦થી વધુ ધોરણ ૧થી ૮ સુધીની પ્રાથમિક શાળાઓ ચાલી રહી છે, જોકે આગામી સમયમાં સ્કૂલ બોર્ડ દ્વારા ધોરણ ૯ અને ૧૦ ની માધ્યમિક શાળા શરૂ કરવાનું આયોજન છે. શહેરના છથી સાત અલગ અલગ વિસ્તારમાં ધોરણ ૧૦ સુધીની શાળા શરૂ કરવામાં આવશે. જેથી કરીને ધોરણ એકથી આઠ સુધી અભ્યાસ કરતા પ્રાથમિકના વિદ્યાર્થીઓ એ જ શાળામાં ધોરણ નવ અને દસ સુધી અભ્યાસ કરી શકશે.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડના શિક્ષક યુનિયનના પ્રમુખ મનોજભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્કૂલ બોર્ડ દ્વારા ખૂબ જ અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે ખરેખર વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી બની રહેવાનો છે. અત્યારે સ્કૂલ બોર્ડ દ્વારા ૪૦૦થી વધુ શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. જેમાં પ્રાથમિક ધોરણ એટલે કે ધોરણ એકથી આઠ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે.

ઘણીવાર એવું બનતું હતું કે ગરીબ બાળકો ધોરણ ૧ થી ૮નો અભ્યાસ કરીને અધવચ્ચે જ ભણવાનું છોડી દેતાં હતાં. વિદ્યાર્થીઓનો આ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે સ્કૂલ બોર્ડ ધોરણ ૯થી ૧૦ની શાળા પણ શરૂ કરી રહી છે. એટલું જ નહીં ધોરણ એકથી આઠ સુધી સ્કૂલ બોર્ડની શાળામાં મફત અભ્યાસ કરીને જઈ રહેલા વિદ્યાર્થીઓને ધોરણ નવમાં ફી ભરીને અભ્યાસ કરવો પડતો હતો જે છે સ્કૂલ બોર્ડ દ્વારા ધોરણ ૧ થી ૧૦માં વિદ્યાર્થીઓ ફ્રીમાં અભ્યાસ કરી શકે તે પ્રકારનું પણ આયોજન છે.

# અમદાવાદમાં ૭૦ ટકા પોલીસકર્મી હાઈ બ્લડ શુગર-કોલેસ્ટ્રોલનો શિકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ પર કામનું ભારણ અને અન્ય સ્ટ્રેસને કારણે હાર્ટ એેકેટનું પ્રમાણ વધી રહ્યું છે. ઘણી વખત સિનિયર ઑફિસરના ત્રાસ અને કામના ભારણને કારણે પોલીસકર્મીઓ માનસિક રીતે થાકી જતા હોય છે અને આખરે હૃદયરોગના હુમલાનો ભોગ બનતા હોય છે. અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવતા ૩૫ વર્ષીય હેડ કૉન્સ્ટેબલ નરેશ પટણી ફરજ પર હતા ત્યારે જ એકાએક હાર્ટ એટેક આવતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. તે જ પ્રકારે ગાંધીનગરના પોલીસ ઇન્સ્પેક્ટર ખરાડીનું પણ હૃદયરોગના હુમલામાં મૃત્યુ નીપજ્યું હતું.

હેડ કૉન્સ્ટેબલ નરેશ પટણીના મોત બાદ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવતા તમામ ૨૫૦ પોલીસકર્મીઓ અને અધિકારીઓનાં આરોગ્યની તપાસ કરાવવામાં આવી હતી. પોલીસકર્મીઓના વ્યાપક આરોગ્યના આકલન માટે શહેરની એક પ્રાઈવેટ હૉસ્પિટલ સાથે સંકલન કરી તમામ કર્મીઓનાં આરોગ્યની તપાસ કરાઈ હતી. જોકે લિપિડ પ્રોફાઈલ રિપોર્ટ આવ્યા બાદ ચોંકવનારા ખુલાસા થયા હતા. ૨૫૦ પોલીસ કર્મચારીઓમાંથી લગભગ ૧૭૦માં હાઈ કોલેસ્ટ્રોલ અને લોહીમાં સુગરનું ઊંચું પ્રમાણ હોવાનું જાણવા મળ્યું હતું. આ મોટે ભાગે અનિયમિત કામના કલાકો, પૂરતા આરામનો અભાવ, ઉચ્ચ કોલેસ્ટ્રોલ અને ન્યૂનતમ કસરતના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. તે ઉપરાંત પોલીસ કર્મચારીઓમાં ડાયાબિટીસ, હાયપરટેન્શન અને અન્ય હૃદય સંબંધિત ફરિયાદો, અને પલ્મોનરી સમસ્યાઓ જોવા મળી હતી.

પોલીસકર્મીઓના આરોગ્ય અંગેના આ ચિંતાજનક રિપોર્ટ બાદ તેમના ફિઝિકલ ફિટનેસ અંગે ક્રાઈમ બ્રાન્ચે ખાસ હુકમ કર્યો હતો. જે મુજબ તમામ કર્મચારીઓ માટે હળવી ફૂટબોલ મૅચોમાં ફરજિયાત ભાગીદારી લાગુ કરી છે. ફૂટબોલને ખાસ પસંદ કરવા પાછળનું કારણ એ છે કે તે સંપૂર્ણ શારીરિક કસરત પ્રદાન કરે છે અને અસરકારક રીતે કોલેસ્ટ્રોલ અને બ્લડ સુગરના સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. વધુમાં, અધિકારીઓને ઉચ્ચ કૉલેસ્ટ્રોલવાળા તળેલા ખોરાક અને ફાસ્ટ ફૂડને ટાળવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, અમે શહેર ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓ માટે અમારી કેન્ટીનમાં તૈયાર 'સાત્વિક' ભોજનની વ્યવસ્થા કરી છે.

# અમદાવાદમાં આયોજિત મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે સમસ્ત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ની ચોથી ત્રિદિવસિય મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ થયો હતો. તેમણે બિઝનેસ સમિટના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ બ્રહ્મ સમાજના વ્યાપારીઓ, મહિલા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપ્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ સમિટનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીએ 'નોલેજ બેઝ્ડ ઇકોનોમી'નો વિચાર આપ્યો છે. બ્રાહ્મણ સમાજ મશીન સંચાલિત કૃત્રિમ બુદ્ધિ - એઆઈથી વિશેષ એવી કુદરતી બુદ્ધિમત્તાનો સદીઓથી સ્વામી રહ્યો છે. બ્રાહ્મણ સમાજની જ્ઞાન વિરાસતને આધુનિક યુગનાં પરિમાણો સાથે જોડીને વડા પ્રધાનની 'વિરાસત ભી, વિકાસ ભી'ની ભાવના ચરિતાર્થ કરવા મુખ્ય પ્રધાને બ્રહ્મસમાજને આ તકે આહ્વાન કર્યું હતું.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું કે વડા પ્રધાન મોદીએ બે દાયકા પહેલાં ગુજરાતમાં શરૂ કરાવેલી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' આજે આઈડિયાઝ એક્સચેન્જ માટેનું ગ્લોબલ પ્લેટફૉર્મ બની ગઈ છે. 'વાઈબ્રન્ટ ગુજરાત'માંથી પ્રેરણા લઈને આજે દેશનાં વિવિધ રાજ્યો, ઉદ્યોગો અને વિવિધ સમાજો આવી સમિટ યોજી રહ્યાં છે. એવી જ રીતે આ મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ સમગ્ર સમાજના ઉદ્યોગ-વેપારને વિકસાવવાની તક પૂરી પાડશે.

તેમણે ઉમેર્યું હતું કે, આ ચોથી મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ વડા પ્રધાનના 'સૌનો સાથ, સૌનો વિકાસ' મંત્રને પણ સાકાર કરે છે.

આ બિઝનેસ મહાકુંભમાં ૨૦૦થી વધુ સ્ટોલ અને બ્રહ્મ સમાજના યુવાઓ માટે રોજગાર મેળાનું આયોજન થયું છે. સમાજના પ્રતિષ્ઠિત ઉદ્યોગકારો દ્વારા નવા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન મળી રહેશે. ચાણક્યને યાદ કરીને તેમણે જણાવ્યું કે શિક્ષણ અને નોકરી ઉપરાંત બ્રહ્મસમાજ ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય ક્ષેત્રોમાં પણ આગળ વધી રહ્યો છે. બ્રહ્મ સમાજના ઉદ્યોગકારો, વ્યવસાયીઓ દેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપશે.

# અમદાવાદના વસ્ત્રાલમાં આતંક મચાવનારા સાત આરોપીઓનાં મકાનો પર બુલડોઝર ફેરવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના વસ્ત્રાલમાં બે દિવસ પહેલાં અસામાજિક તત્ત્વોએ જાહેરમાં આતંક મચાવ્યો હતો. રોડ પર પસાર થનારા નિર્દોષ લોકો પર હથિયારોથી હુમલો કરનારાં તત્ત્વોનો વીડિયો પણ વાયરલ થયો હતો. પોલીસે આ ઘટનામાં ૧૪ આરોપીઓની ધરપકડ કરીને તેમની જાહેરમાં સરભરા કરી હતી. ત્યાર બાદ ઘટનાસ્થળે લઈ જઈને રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ ૧૪ પૈકી સાત આરોપીઓએ ગેરકાયદે મકાનો ઊભાં કર્યાં હોવાનું ધ્યાને આવતાં મહાનગરપાલિકાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશન હાથ ધરી મકાનો તોડી પાડ્યાં હતાં.

મહાનગરપાલિકાની ટીમે ડિમોલિશનની કાર્યવાહી કરતાં જ આરોપીઓના પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. ત્યાં હાજર પોલીસકર્મીઓએ સ્થિતિ કાબૂમાં કરીને ડિમોલિશનની કાર્યવાહી યથાવત્ રાખી હતી. આ દરમિયાન શહેર પોલીસ કમિશનર પણ હાજર રહ્યા હતા. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અમરાઈ વાડી અને ખોખરા વિસ્તારમાં ડિમોલિશનની કામગીરી શરૂ કરી હતી. અહીં કોઈ પણ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. પોલીસ કમિશનરે તમામ આરોપીઓનાં ઘરનું નિરીક્ષણ કર્યું હતું.

આ દરમિયાન આરોપીના પરિવારની કેટલીક મહિલાઓએ પોલીસ ઉપર વાયર અને અન્ય વસ્તુઓ ફેંકી હતી. ત્યાર બાદ ડિમોલેશનની કામગીરીમાં મહિલાઓ અડચણરૂપ બનતાં પોલીસે આરોપીના પરિવારોની મહિલાઓની પણ અટકાયત કરી હતી.

# ગુજરાતમાં છેલ્લાં ચાર વર્ષમાં ડાયાલિસિસના દર્દીઓની સંખ્યા બમણી થઈ

અમદાવાદઃ ગુજરાતમાં ડાયાલિસિસના દર્દીઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. છેલ્લાં ચાર વર્ષમાં રાજ્યમાં ડાયાલિસિસના દર્દીઓની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટરના ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના આંકડા દર્દીઓની નોંધણીમાં તીવ્ર વધારો દર્શાવે છે. ૨૦૨૧-૨૨ (એપ્રિલથી માર્ચ)માં ૨.૭૩ લાખ દર્દીઓએ ડાયાલિસિસ માટે નોંધણી કરાવી હતી. આ આંકડો ૨૦૨૨-૨૩માં વધીને ૩.૪૯ લાખ, ૨૦૨૩-૨૪માં ૪.૭૨ લાખ અને ૨૦૨૪-૨૫ (એપ્રિલથી ફેબ્રુઆરી)માં ૫.૦૨ લાખ થયો હતો.

ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે નેફ્રોલૉજીના પ્રોફેસર ડૉ. વિવેક ખોટે, કિડનીની બીમારીના વધતા જતા કેસ પાછળ હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, બેઠાડુ જીવનશૈલી, આહારની ખરાબ આદતો અને અશુદ્ધ પીવાનાં પાણી સહિતનાં અનેક પરિબળોને આભારી છે. દુર્ભાગ્યે, ઘણા લોકો પ્રારંભિક લક્ષણોને ઓળખવામાં નિષ્ફળ જાય છે, જેથી ઘણીવાર કિડની ફેલ તરફ દોરી જાય છે અને ટ્રાન્સપ્લાન્ટ શક્ય બને ત્યાં સુધી ડાયાલિસિસની જરૂર પડે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ ૨૮૦ કેન્દ્રો પર ડાયાલિસિસ આપવામાં આવે છે. ચિંતાજનક બાબત એ છે કે, માત્ર ચાર વર્ષમાં ડાયાલિસિસના દર્દીઓની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. ૨૦૨૨-૨૩માં, દર મહિને સરેરાશ ૨૨,૦૦૦ દર્દીઓએ ડાયાલિસિસ કરાવ્યું હતું, જે હવે વધીને ૪૫,૦૦૦ થઈ ગયું છે.

કિડની ફેલ્યરના કેસોમાં થયેલા વધારાને કારણે પણ કિડની ટ્રાન્સપ્લાન્ટમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આઈકેડીઆરસીના આંકડા અનુસાર, ૨૦૨૧માં ૩૦૪ દર્દીઓએ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યાં હતાં. આ સંખ્યા ૨૦૨૨માં વધીને ૩૮૮, ૨૦૨૩માં ૩૫૪ અને ૨૦૨૪માં ૪૪૩ થઈ ગઈ હતી.

# ગુજરાતમાં અમદાવાદ, સુરત અને રાજકોટના નવા વિસ્તારોમાં બીઆરટીએસ બસના અલગ કોરિડોર નહીં બને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અમદાવાદ બાદ રાજકોટ અને સુરતમાં પણ બીઆરટીએસ બસ સેવા શરૂ કરાઈ હતી. આ બસ દોડાવવા માટે અલગ કોરિડોર બનાવવામાં આવ્યા હતા. હવે આ બસસેવાના નવા કોરિડોર બનાવવાના બંધ કરી દેવાયા હોવાથી ત્રણેય શહેરોમાં મિક્સ ટ્રાફિકમાં બસો દોડાવવામાં આવી રહી છે.

અમદાવાદમાં બીઆરટીએસ સાથે સંકળાયેલાં સૂત્રોએ કહ્યું હતું કે, શહેરમાં કોરોનાકાળ પહેલાં જ બીઆરટીએસના નવા કોરિડોર બનાવવાનું બંધ કરી દેવાયું હતું. જે રૂટ શરૂ કરાયા છે તેને મિક્સ ટ્રાફિક રૂટમાં ઉપયોગમાં લેવાય છે. શહેરમાં બોપલ વિસ્તારમાં બીઆરટીએસનો કોરિડોર બન્યો હતો ત્યાર બાદ કોઈ નવો કોરિડોર બનાવવામાં આવ્યો નથી. સુરત શહેરમાં પણ વર્ષ ૨૦૧૪માં કોરિડોર બનાવવાની કામગીરી શરૂ થઈ હતી અને વર્ષ ૨૦૧૬માં આ કામગીરી પૂર્ણ થઈ હતી. આ કોરિડોર પર સંપૂર્ણપણે ઇલેક્ટ્રિક બસો દોડે છે. હવે નવા કોરિડોર બનાવાશે નહીં.

રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી સૂત્રોએ કહ્યું હતું કે, રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બીઆરટીએસ જ્યારે બાકીના વિસ્તારોમાં આરએમટીએસની બસો દોડી રહી છે. શહેરમાં ૨૮ રૂટ પર બીઆરટીએસની બસો દોડાવાઈ રહી છે. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર માધાપર ચોકડીથી લઈને ગોંડલ ચોકડી સુધી બીઆરટીએસ માટે કોરિડોર તૈયાર કરાયો છે, પરંતુ ત્યાં ખાસ રહેણાક વિસ્તાર ડેવલોપ થયો નહીં હોવાથી બસ સેવા શરૂ કરાઈ નથી. જેથી નવો કોરિડોર બનાવવાનું હાલમાં કોઈ આયોજન નથી.

# એસડીજી-૩ ઇન્ડેક્સમાં ગુજરાતનું વિક્રમી પ્રદર્શન

## ૯૫.૯૫ ટકા રસીકરણ સાથે દેશમાં મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતે રાષ્ટ્રીય રસીકરણ દિવસ (૧૬ માર્ચ) અગાઉ રસીકરણ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્ય સરકારે નવજાત શિશુઓ અને સગર્ભા મહિલાઓ સુધી રસીકરણની સેવાઓ પહોંચાડવા માટે અસરકારક પહેલ કરી છે જે અસરકારક રહી છે. ગુજરાતે એસડીજી-૩ ઇન્ડેક્સ અનુસાર, મિશન ઇન્દ્રધનુષ હેઠળ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ (યુઆઈપી)માં ૯૫.૯૫ ટકા રસીકરણ કરીને રાષ્ટ્રીય સરેરાશ (૯૩.૨૩ ટકા) કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે 'ધન્વંતરિ રથ', 'ટીકા એક્સપ્રેસ' અને 'મોબાઈલ મમતા દિવસ' જેવી પહેલ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં રસીકરણની સુવિધા પહોંચાડી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન)માં ગુજરાતમાં ૧ વર્ષની ઉંમરનાં બાળકોનું સંપૂર્ણ સરેરાશ રસીકરણ કવરેજ ૯૮ ટકા રહ્યું છે. તેમાંથી કેટલીક રસીઓના આંકડાઓ વિશે વાત કરીએ તો, બેસાલિસ કેલ્મેટ ગુરિન (બીસીજી)નું રસીકરણ કવરેજ ૯૬ ટકા, પંચગુણી (ડીપીટી+એચઈપી-બી+એચઆઈબી)નું ૯૫ ટકા, અને ઓરી/રૂબેલા (એમઆર)નું રસીકરણ કવરેજ ૯૭ ટકા રહ્યું હતું.

ગુજરાતે સઘન મિશન ઇન્દ્રધનુષ દ્વારા ૦-૨ વર્ષનાં બાળકો અને સગર્ભા મહિલાઓ માટે વ્યાપક રસીકરણ ઝુંબેશ હાથ ધરી છે. આમ કુલ ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા મહિલાઓનું રસીકરણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. આ ઝુંબેશના કારણે રાજ્યના રસીકરણ કવરેજમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે રાષ્ટ્રીય રસીકરણ દિવસ નિમિત્તે ગુજરાતનો આરોગ્ય વિભાગ ૧૫ અને ૧૬ માર્ચના રોજ ઓરી/રૂબેલા જેવા રોગો માટે વિશિષ્ટ રસીકરણ અભિયાન પણ ચલાવવા માટે સજ્જ થઈ રહ્યો છે.

# કલાકારોના વિવાદમાં ગેનીબેન ઠાકોરે ઝંપલાવ્યું

## સરકારની પક્ષપાતપૂર્ણ નીતિને વખોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહીને નિહાળવા માટે ગુજરાતભરના ખ્યાતનામ કલાકારોને બોલાવવામાં આવ્યા હતા. જેમાં ઠાકોર સમાજના કોઈ કલાકારોને ન બોલાવવામાં આવતાં વિક્રમ ઠાકોરે નારાજગી વ્યક્ત કરી હતી.

આ મામલે વિક્રમ ઠાકોરે સોશિયલ મીડિયામાં વીડિયો શેર કર્યો હતો. વિવાદ વકરતાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર વિક્રમ ઠાકોરના સમર્થનમાં ઊતર્યાં હતાં.

ગેનીબેન ઠાકોરે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી રાજ્યની ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની કલા અને સંસ્કૃતિને જીવંત રાખનાર કલાકારોનું સન્માન કરવામાં આવ્યું, પરંતુ ઠાકોર સમાજના એક પણ કલાકારને સ્થાન આપવામાં આવ્યું નહી. આ માત્ર અવગણના નથી, પણ સરકારની પક્ષપાતપૂર્ણ નીતિનો જીવંત પુરાવો છે. ઠાકોર સમાજની પ્રતિભાને સતત અવગણવી એ ભાજપની નીતિ બની ગઈ છે. સમાજના કલાકારો જે નિર્ણય લેશે, તેનું હું સંપૂર્ણપણે સમર્થન કરું છું. વિક્રમ ઠાકરોની નારાજગી બાદ ભાજપ સાંસ્કૃતિક સેલે પણ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આ કોઈ સરકારનો કાર્યક્રમ ન હતો, વ્યક્તિગત સંબંધમાં કલાકારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભા ગૃહમાં રાજકીય કાર્યવાહી નિહાળવા માટે ગુજરાતના પ્રખ્યાત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં ગીતા રબારી, કિંજલ દવે, માયાભાઈ આહીર, રાજભા ગઢવી, કીર્તિદાન ગઢવી સહિતના કલાકારોને બોલાવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઠાકોર સમાજના કોઈ પણ કલાકારોને બોલાવવામાં ન આવતાં અભિનેતા વિક્રમ ઠાકોરે નારાજગી વ્યક્ત કરી હતી. વિક્રમ ઠાકોરે કહ્યું કે, 'મને એટલા માટે ખોટું લાગ્યું કે મારા સમાજના કોઈ કલાકારોને તમે ના બોલાવ્યા. હું મારા સમાજના મોટા નેતાઓને કહીશ કે, તમે આ નોંધ ન લીધી હોય તો લેજો અને આગળ આવું ન થાય તેનું ધ્યાન દોરજો.

# છેલ્લાં ત્રણ વર્ષમાં શાળાઓ-બાલવાટિકામાં ૧૮ લાખથી વધુ બાળકોનું રસીકરણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં આંતર-વિભાગ સંકલન પ્રક્રિયા અપનાવી છે. આ અંતર્ગત, શિક્ષણવિભાગ સાથે સંકલન કરીને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે ટિટેનસ-ડિપ્થેરિયા જેવા રોગો સામે વ્યાપક રસીકરણ માટે ૧૦ વર્ષ અને ૧૬ વર્ષના વિદ્યાર્થીઓનું શાળામાં જ રસીકરણ કર્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪માં પાંચ વર્ષનાં બાળકોને ડીપીટી રસીનો બીજો ડોઝ બાલવાટિકામાં આપવામાં આવ્યો હતો. આમ, બંને શ્રેણીઓમાં કુલ ૧૮ લાખથી વધુ બાળકોને રસી આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૨૦૦૭થી ૨૦૨૪ સુધીમાં પોલિયોનો એક પણ કેસ નોંધાયો નથી, જે રાજ્યના અસરકારક રસીકરણ પ્રયાસોની નોંધપાત્ર સફળતા છે. વર્ષ ૨૦૨૪માં નેશનલ ઇમ્યુનાઇઝેશન ડે (નીડ) પર, રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૮૨.૪૯ લાખ બાળકોને પોલિયોના ડોઝ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સબ નેશનલ ઇમ્યુનાઇઝેશન ડે (એસએનઆઈડી) હેઠળ, ગુજરાત સરકારે ૨૪ જિલ્લાઓમાં ૦-૫ વર્ષની વયના ૪૨.૯૭ લાખ બાળકોનું રસીકરણ કર્યું છે.

# આગામી ૧૦૦ કલાકમાં ગુજરાતનાં ગુંડા તત્ત્વોની યાદી બનાવવા પોલીસ વડા વિકાસ સહાયનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ક્રાઈમ રેટ સતત વધી રહ્યો છે. અમદાવાદના વસ્ત્રાલમાં જાહેરમાં હથિયારો સાથે નિર્દોષ લોકો પર હુમલાનો બનાવ બન્યા બાદ પોલીસ પર સવાલો ઊભા થયા હતા. આ ઉપરાંત સુરતમાં પણ આ પ્રકારનો બનાવ બન્યો હતો. ત્યારે ક્રાઈમ રેટને કાબૂમાં લેવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આગામી ૧૦૦ કલાકમાં ગુંડા તત્ત્વોની યાદી તૈયાર કરવા આદેશ કર્યો હતો. તેમણે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદૃઢ બનાવવા તેમ જ અસામાજિક ગુંડા તત્ત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતાં અસામાજિક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સૂચના આપી હતી. રાજ્યમાં અસામાજિક ગુંડા તત્ત્વો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે લેવાયેલા આ નિર્ણયનું તાત્કાલિક અમલીકરણ કરવા આદેશ કરાયો હતો. આ અસામાજિક તત્ત્વોની યાદીમાં કેવાં તત્ત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરાઈ હતી. શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલી વ્યક્તિઓ, ખંડણી, ધાક-ધમકી, મિલકત સામેના ગુનાઓ, પ્રોહિબિશન અને જુગારનો ગેરકાયદેસર ધંધો કરનારાં તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તથા અન્ય અસામાજિક કૃત્યો દ્વારા ભય ફેલાવનારા તત્ત્વોને આ યાદીમાં સમાવવા આદેશ કરાયો હતો. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ યાદી તૈયાર થયા બાદ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરી કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવાની રહેશે તે અંગે પણ સ્પષ્ટતાપૂર્વક સૂચનાઓ આપી હતી. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધીક્ષકને આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને અંગત ધ્યાન આપી જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 11
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ફાલ્ગુન વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૬ માર્ચ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં હોળી-ધુળેટી ગોઝારા બન્યાઃ ૨૧નાં મોત

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 79,920/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## અમદાવાદમાં સૌથી વધારે ૯૫ જેટલા અને સુરતમાં ૯૩ રોડ અકસ્માતના કેસો નોંધાયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હોળી અને ધુળેટીના બે દિવસમાં ૨૧ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જેમાં માર્ગ અકસ્માતમાં ૧૩ લોકોનાં, આગમાં ત્રણ લોકોનાં અને આપઘાત-ડૂબી જવાની ઘટનામાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ચાલુ વર્ષે ધુળેટીના પર્વ પર ૧૦૮ ઈમર્જન્સી સેવાને સાંજે છ વાગ્યા સુધીમાં ગુજરાતમાંથી ૩૪૮૫ કેસ મળ્યા હતા. ૧૦૮માં સૌથી વધુ કેસ અકસ્માત, મારામારી અને પડી જવા જેવા નોંધાયા હતા. પેટના દુખાવા, શ્વાસ અને એલર્જી અંગેની ફરિયાદો મળી હતી.

અમદાવાદમાં સૌથી વધારે ૯૫ જેટલા રોડ અકસ્માતના કેસો નોંધાયા હતા. સુરતમાં પણ ૯૩ જેટલા કેસ નોંધાયા હતા. જ્યારે રાજકોટ અને વડોદરામાં પણ અકસ્માતના કેસોમાં વધારો થયો હતો. દાહોદ, બનાસકાંઠા, ખેડા અને ભરૂચ જિલ્લામાં સૌથી વધારે કેસ આવ્યા હતા. ૩૪૮૫ જેટલા ઇમર્જન્સી કેસોમાંથી રોડ અકસ્માતના ૭૧૫, મારામારીના ૩૧૫ અને પડી જવાના ૨૦૯ કેસો નોંધાયા હતા.

હોળી અને ધુળેટીના દિવસે બનેલી તમામ દુર્ઘટનાઓની વાત કરીએ તો, રાજકોટમાં એટલાન્ટિસ બિલ્ડિંગમાં સર્જાયેલા અગ્નિકાંડમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. વડોદરામાં પાવાગઢથી દર્શન કરીને પરત ફરતાં સુરતના પરિવારની કારના ચાલકે કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે ટકરાઈ હતી અને તેમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં. નડિયાદમાં હીટ એન્ડ રનના બે બનાવમાં બે લોકોનાં મૃત્યુ નીપજ્યાં હતાં.

જામનગરમાં કાલાવડ-જીવાપર રોડ પર કપાસ ભરેલા ટ્રક પર બેઠેલા પાંચ મજૂરોને હાઈ વોલ્ટેજ વીજ લાઈનનો કરંટ લાગ્યો હતો તેમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં. ધોળકા-બગોદરા હાઈવે પર રાજકોટથી દાહોદ જઈ રહેલા આઈશરનું ટાયર ફાટતાં બે લોકોનાં મોત નીપજ્યાં હતાં. જામનગરમાં મોરકંડા ગામે સામાન્ય બોલાચાલીમાં ત્રણ સગાભાઈઓ પર હુમલો થતાં એકનું મોત નીપજ્યું હતું. અમરેલીના લાઠીમાં પતિએ પત્નીને રહેંસી નાખી હતી. ઊંઝા હાઈવે પર પણ હીટ એન્ડ રનના બનાવમાં બાઈકસવાર યુવાનનું મૃત્યુ નીપજ્યું હતું. ઊંઝામાં એક અકસ્માતમાં અજાણ્યા વાહનની ટક્કરથી વૃદ્ધનું મોત થયું હતું.

સુરતના માંડવીના અરેઠ ગામમાં ટ્રેક્ટરના અકસ્માતમાં ડ્રાઈવરનું મોત નીપજ્યું હતું. બોટાદના ગઢડા નજીક કાળુભાર નદીમાં નહાવા પડેલા બે યુવકોનાં ડૂબી જતાં મોત નીપજ્યાં હતાં. થરાદમાં નર્મદાની કેનાલમાંથી એક યુવતીનો મૃતદેહ મળ્યો હતો. યુવતીએ આપઘાત કર્યાનું બહાર આવ્યું હતું. માંડવીના કરંજમાં યુવતીએ પંખા સાથે લટકીને આપઘાત કર્યો હતો. બારડોલીમાં પરિણીતાએ ઘરેલુ હિંસાથી કંટાળીને આપઘાત કર્યો હતો. ■

### બિહારમાં કાયદો અને વ્યવસ્થા કથળ્યા

## બે દિવસમાં બે પોલીસ અધિકારીની હત્યા





પટણા : ત્રણ દિવસ પહેલાં અરરિયામાં ટોળાએ એએસઆઈને મારી નાખ્યો હતો અને હવે મુંગેરમાં વધુ એક એએસઆઈની હત્યા કરવામાં આવી છે.

આ મુદ્દે આરજેડીએ નીતીશ સરકાર પર સવાલો કર્યા છે તો ભાજપને આમાં વિરોધ પક્ષનું કાવતરું નજરે પડે છે. સવાલ એ છે કે આ ખૂની ખેલ ક્યારે અટકશે. ક્યા સુધી સત્તારૂઢ નેતાઓ માટે ગુના એ ફક્ત આંકડાકીય મહત્ત્વ ધરાવશે. આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. આવામાં દરેક ક્રાઈમ નીતીશ સરકાર માટે માથાનો દુખાવો બનતો જાય છે.

નવો મામલો મુંગેરનો છે. અહીં પોલીસના એએસઆઈ બે પક્ષો વચ્ચેનો ઝઘડો નિપટાવવા જાય છે. ત્યાં તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો થાય છે. હુમલામાં એએસઆઈ ગંભીર રીતે ઘાયલ થઈને છેલ્લા શ્વાસ લે છે. ત્રણ દિવસ પહેલાં આવી ઘટના બની હતી, પરંતુ સ્થળ અલગ હતું. મુંગેર જેવો કાંડ અરરિયામાં પણ ૧૨મી માર્ચે થયો. એએસઆઈ ટીમ લઈને એક ગુનેગારને પકડવા જાય છે. જોકે ગ્રામવાસીઓએ હુમલો કરીને એએસઆઈની હત્યા કરી નાખી.

મુંગેરની એએસઆઈની હત્યા ચોંકાવનારી છે. એએસઆઈ સંતોષ કુમાર બે પક્ષોના વિવાદને ઉકેલવા ગયા. જોકે એક પક્ષના લોકોએ તેમના પર હુમલો કર્યો. હુમલાખોરોએ રોડ પર તેમના પર અનેક પ્રહારો કર્યા અને તેમને ઘાયલ હાલતમાં ઘટનાસ્થળથી ૪૦ મીટર ઘસડીને બીજાના દરવાજા પર ફેંકીને પલાયન થઈ ગયા.

હુમલામાં ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ મુખ્ય આરોપી રણબીર યાદવ ફરાર છે. સવાલ એ છે કે હાલના દિવસોમાં અપરાધી નિરંકુશ કેમ છે. ફરજ પર રહેલા અધિકારી સુરક્ષિત નથી તો બિહારની જનતા કઈ રીતે સત્તા અને તંત્ર પર ભરોસો રાખે.

મુંગેરની ઘટના બાદ બિહારના નાયબ મુખ્ય પ્રધાન વિજય સિંહાએ કહ્યું હતું કે બનાવ દુઃખદ છે અને સરકાર કાર્યવાહી કરાશે. સુશાસન માટે અમે સત્તામાં છીએ. એક્શન લઈશું. અપરાધ ઓછા કરવા સરકાર કાર્યવાહી કરી રહી છે. પ્રશાસન પર કોઈ હુમલો ન કરી શકે. લોકોને આ વાત સમજાવીશું

(જુઓ પાનું ૨) ▸▸

## હિમાચલ પ્રદેશમાં હિમપ્રપાતનું ઍલર્ટ જારી

સિમલાઃ હિમાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારમાં આવનારાં ૨૪ કલાક દરમિયાન ભેખડો ધસી પડવાની ઘટના બને તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને હવામાન ખાતાએ શનિવારે ઍલર્ટ જારી કર્યું હતું.

મંગળવારને છોડીને આવતા ગુરુવાર સુધી વરસાદ પડવાની પણ આગાહી કરવામાં આવી છે.

ચમ્બા, કુલુ, કિન્નોર તેમ જ લાહૌલ ને સ્પિટી જિલ્લામાં આવનારાં ૨૪ કલાક દરમિયાન ભેખડો ધસી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને ધ ડિફેન્સ જીઓઈન્ફોર્મેટિક્સ રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટ (ચંડીગઢ)એ શનિવારે ઑરેન્જ ઍલર્ટ જારી કર્યું હતું.

શુક્રવાર સાંજથી રાજ્યના અમુક હિસ્સામાં હળવી હિમવર્ષા નોંધાઈ હતી. ગોંદલામાં આઠ સે.મી., કુકુમસેરીમાં ૪.૨ સે.મી અને કાલ્પામાં બે સે.મી. હિમવર્ષા નોંધાઈ હતી.

ચમ્બા જિલ્લામાં પાન્ગી વેલી આદિવાસી વિસ્તારમાં ૨૬ ફેબ્રુઆરીથી થઈ રહેલી હિમવર્ષાએ જનજીવન મુશ્કેલ બનાવ્યું છે. વાહનવ્યવહાર માટે રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હોવાને કારણે બીમાર વ્યક્તિને પાલખીની મદદથી હૉસ્પિટલ સુધી લઈ જવાની ગામવાસીઓને ફરજ પડી રહી છે.

પૂન્ટો ગામના રહેવાસી અને દરદી શામ સિંહને શુક્રવારે પાલખીમાં હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

અગાઉ હૂડાન પંચાયતના બે દરદી શેરસિંહ અને હીરાલાલને પીઠ પર બેસાડીને નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. છૂટક છૂટક પડતા વરસાદને કારણે પણ રાજ્યના અનેક જિલ્લા પ્રભાવિત થયા છે.

કોટખાઈમાં (૧૬.૧ મિ.મી.), રોહરુમાં (૧૫ મિ.મી.), સલોનીમાં (૧૪.૨ મિ.મી.), થીઓગ અને કૂફરી પ્રત્યેકમાં (૧૨ મિ.મી.), કાસૌલીમાં (૧૧ મિ.મી.), કાલ્પામાં (૧૦.૬ મિ.મી.), સિઓબાગમાં (૧૦ મિ.મી.), મનાલીમાં (૮.૦ મિ.મી.), ભૂન્તારમાં (૭.૬ મિ.મી.), સોલાનમાં (૭.૦ મિ.મી.), સિમલામાં (૬.૨ મિમી.) અને ચમ્બામાં (૫.૦ મિ.મી.) વરસાદ નોંધાયો હતો.

ભૂન્તાર, જોટ અને પાલમપુરમાં ગડગડાટ સાથે વરસાદ થયો હતો તો કૂફ્રીમાં વરસાદની હેલી જોવા મળી હતી.

કુકુમસેરીમાં માઈનસ ૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

પ્રિ-મોનસૂન સિઝન (૧થી ૧૫ માર્ચ) દરમિયાન હિમાચલ પ્રદેશમાં સામાન્ય કરતાં છ ટકા વધુ એટલે કે ૬૦.૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. (એજન્સી)■

## નવ મહિના પછી સુનીતા વિલિયમ્સ પૃથ્વી પર પાછી ફરે એવી આશા જાગી

કેપ કેનવેરલ (અમેરિકા): અમેરિકાની અંતરિક્ષ માટેની સંસ્થા નેશનલ એરોનોટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના અવકાશમાંના બે અવકાશયાત્રી - સુનીતા વિલિયમ્સ અને બુચ વિલમોરને પાછા ધરતી પર લાવવાના હેતુસર સ્પેસએક્સે શુક્રવારે રાતે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ખાતેનું મિશન હાથ ધર્યું હતું.

સુનીતા વિલિયમ્સ અને બુચ વિલમોર છેલ્લાં નવ મહિનાથી અંતરિક્ષમાં છે. આ બે અવકાશયાત્રી સ્પેસ સ્ટેશનમાંથી નીકળે તે માટે તેઓની બદલીમાં બીજા અવકાશયાત્રીઓની ટીમની જરૂર છે. જો હવામાન અને અન્ય પરિસ્થિતિ અનુકૂળ રહેશે તો આ બે અવકાશયાત્રી ફ્લોરિડાના કાંઠા વિસ્તારમાં આગામી સપ્તાહે ઉતરાણ કરે એવી આશા રખાય છે.

નેશનલ એરોનોટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશનના કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી અંતરિક્ષમાં મોકલાયેલી અવકાશયાત્રીઓની ટીમમાં એન મેકક્લેન, નિકોલ એયર્સ, ટાકુયા ઓનિશી અને કિરિલ પેસ્કોવનો સમાવેશ થાય છે. 'નાસા'ના જ એન મેકક્લેન અને નિકોલ

(જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ ઇન્ડિયન્સનું બીજું ટાઇટલ, કૅપિટલ્સ માટે દિલ્હી હજીયે દૂર

મુંબઈઃ અહીં ગઈ કાલે બ્રેબર્ન સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ વિમેન ટીમે દિલ્હી કૅપિટલ્સ વિમેનને અત્યંત રોમાંચક ફાઇનલમાં આઠ રનથી હરાવીને વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)નું ટાઇટલ ત્રણ વર્ષમાં બીજી વાર જીતી લીધું હતું.

મુંબઈએ બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં સાત વિકેટે ફક્ત ૧૪૯ રન બનાવ્યા હતા. દિલ્હીની ટીમ ૧૫૦ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યા પછી પણ ભારે રસાકસી વચ્ચે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૧ રન બનાવી શકી હતી. મુંબઈની નબળી ફીલ્ડિંગ વચ્ચે દિલ્હીની જેમાઇમા રૉડ્રિગ્સ (૩૦ રન, ૨૧ બૉલ, ચાર ફોર)એ બહુ સારી લડત આપી હતી, પણ ૧૧મી ઓવરમાં સ્પિનર ઍમેલી કેરે પોતાના જ બૉલમાં તેનો અફલાતૂન ડાઇવિંગ કૅચ પકડીને બાજી ફેરવી નાખી હતી. ત્યાર બાદ સાઉથ આફ્રિકાની ૩૫ વર્ષીય મૅરિઝેન કૅપે (૪૦ રન, ૨૬ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) જીવતદાનો વચ્ચે ફટકાબાજી ચાલુ રાખી હતી. જોકે મુંબઈની નૅટ સિવર-બ્રન્ટે કુલ ત્રણ વિકેટ લઈને મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું હતું. ઑસ્ટ્રેલિયાની મેગ લેનિંગના સુકાનમાં દિલ્હીની ટીમ ફાઇનલની હૅટ-ટ્રિક કર્યા પછી પણ પહેલીવાર આ સ્પર્ધાની ટ્રોફી જીતવામાં નિષ્ફળ રહી હતી. એ પહેલાં, હરમનપ્રીત કૌર (૪૪ બૉલમાં ૬૬ રન)ની હાફ સેન્ચુરી તથા નૅટ સિવર-બ્રન્ટના ૩૦ રન સિવાય બીજી કોઈ બૅટર ૧૫ રન પણ નહોતી બનાવી શકી અને મુંબઈએ ૧૪૯ રન બનાવ્યા હતા. ■

## સોનિપતમાં ભાજપના નેતાને ઠાર મરાયા

ચંડીગઢ : હરિયાણાના સોનિપત જિલ્લામાં જમીનના વિવાદમાં ભાજપના સ્થાનિક નેતાને ગોળી મારીને ઠાર મરાયા હતા, એવી માહિતી પોલીસે શનિવારે આપી હતી.

મૃતકને ભાજપના સોનિપતના મુંડલાના મંડળના પ્રમુખ સુરેન્દ્ર જવાહર તરીકે ઓળખવામાં આવ્યા છે. તેઓ ગામના સરપંચ એટલે કે નામબરદાર તરીકે પણ કામ કર્યું છે. સરપંચ જમીન મહેસૂલીની આવક ભેગી કરે છે અને જમીનના રેકોર્ડ જાળવે છે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. પોલીસના કહેવા પ્રમાણે જવાહરની હત્યા

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં વાવાઝોડુંઃ આગ અને અકસ્માતને કારણે ૧૬નાં મોત

વૉશિંગ્ટનઃ અમેરિકામાં વાવાઝોડાંને કારણે બનેલી આગ ને અકસ્માતની ઘટનામાં ઓછામાં ઓછા ૧૬ જણનાં મોત થયાં હતાં. ટૉર્નેડોને કારણે મિસૌરીમાં ૧૦નાં મોત થયાં હોવા ઉપરાંત અનેક લોકો ઘાયલ થયાં હોવાનું પોલીસે કહ્યું હતું.

આરકાન્સાસના અધિકારીઓના જણાવ્યાનુસાર શનિવારે આવેલાં વાવાઝોડાંમાં ત્રણ જણનાં મોત થયાં હતાં અને અન્ય આઠ કાઉન્ટીમાં ૨૯ જણ ઘાયલ થયા હતા.

ટૅક્સાસના અમારિલ્લોમાં ધૂળની ડમરીને કારણે થયેલા કાર અકસ્માતમાં ત્રણ જણનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ધૂળની ડમરીઓ અને ધુમાડાને કારણે વાહનચાલકો માટે વાહન ચલાવવાનું મુશ્કેલ અને જોખમી બનતાં પશ્ચિમ કાન્સાસમાં ૧૯૦ કિ.મી. જેટલો આંતરરાજ્ય માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. ભારે પવનને કારણે અંદાજે ૨,૨૦,૦૦૦ ઘરનો વીજપુરવઠો ખંડિત થઈ ગયો હતો. મિસૌરીમા ઓછામાં ઓછા પાંચ ટૉર્નેડો ત્રાટક્યા હતા. મિસિસિપી વેલી તેમ જ દક્ષિણના

(જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધવિરામની સૂચિત મંત્રણા વચ્ચે રશિયા અને યુક્રેનના હવાઈ હુમલા

કિવ : રશિયા અને યુક્રેને શનિવારે રાત્રે એકમેક પર હવાઈ હુમલા કર્યા હતા. બન્ને દેશોએ તેમના ક્ષેત્રમાં દુશ્મનના ૧૦૦ ડ્રોન આવ્યાં હોવાનો દાવો કર્યો હતો.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અમેરિકાના એલચી સ્ટિવ વિટકોફને મળ્યા એના ૨૪ કલાકની અંદર આ હુમલા થયા હતા. પુતિન અને સ્ટિવે યુક્રેન સાથેના યુદ્ધમાં ૩૦ દિવસનો વિરામ રાખવાની અમેરિકાની દરખાસ્ત પર વાતચીત કરી હતી.

વોલ્ગોગાર્ડ રિજનલ ગર્વનર એન્ડ્રી બોચારોવે એ વાતને સમર્થન આપ્યું હતું કે લુકોઈલ તેલ રિફાઈનરીની નજીકના શહેર ક્રેસ્નોઅર્મેસ્કીમાં ડ્રોન હુમલાને લીધે આગ લાગી હતી. નજીકના હવાઈમથકોએ ફ્લાઈટ અટકાવી દીધી હતી. કોઈ જાનહાનિ થયાના અહેવાલ નથી મોસ્કોએ ત્રણ વર્ષથી વધારે સમય પહેલાં યુક્રેન પર આક્રમણ કર્યું ત્યારથી યુક્રેનના સુરક્ષા દળો વોલ્ગોગ્રાડને લક્ષ્ય બનાવી રહ્યા છે. તાજેતરમાં ૧૫ ફેબ્રુઆરીએ આ રીફઈનરી પર હુમલો કરવામાં આવ્યો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે અમે યુક્રેનના ૧૨૬ ડ્રોનને તોડી પાડ્યાં હતાં. ૬૪ વોલ્ગોગાડ વિસ્તારમાં તોડી પડાયા હતા. બાકીના ડ્રોન વોરોનઝેહ, બેલગોરોડ, બ્રાયન્સ્ક, રોસ્તોવ અને કુર્સ્ક વિસ્તારમાં તોડી પડાયા હતા. દરમિયાન યુક્રેનના હવાઈ દળે શનિવારે કહ્યું હતું કે રશિયાએ ૧૭૮ ડ્રોન વડે અમારી સીમામાં હુમલો કર્યો હતો. (એજન્સી)■

## ઉત્તર પ્રદેશમાં બૉટ ઊંધી વળતાં ત્રણનાં મોત

**બચાવ કામગીરીઃ** ઉત્તર પ્રદેશના સીતાપુરમાં તંબોરે ખાતે શારદા નદીમાં હોડી ઊંધી વળી ગઇ તે પછી ચાલતી બચાવ કામગીરી. (પીટીઆઇ)



સીતાપુર (ઉ.પ્ર.): ઉત્તર પ્રદેશના સીતાપુરના રતનગંજ ગામ નજીક આવેલી શારદા નદીમાં શનિવારે ૧૬ પ્રવાસીને લઈ જતી એક બૉટ ઊંધી વળતાં ઓછામાં ઓછા ત્રણનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

મૃતકોને સંજય (૩૨), ખુશ્બુ (૩૦) અને કુમકુમ (૧૩) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા, એમ પોલીસે કહ્યું હતું. બાકીના પ્રવાસીઓને ઉગારી લેવામાં આવ્યા હતા અને તેમને તામ્બોરસ્થિત કમ્યુનિટી હૅલ્થ સેન્ટરમાં મોકલી આપવામાં આવ્યા હતા, એમ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ બિસ્વા મનિષકુમારે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. શુક્રવારે હોળીની ઉજવણી દરમિયાન આ જ નદીમાં ડૂબી જવાને કારણે જેનું મૃત્યુ થયું હતું તે બાવીસ વર્ષના દિનેશ ગુપ્તાના અંતિમસંસ્કારમાં ભાગ લેવા આ લોકો જઈ રહ્યા હતા તે સમયે આ ઘટના બની હોવાનું સ્થાનિકોએ કહ્યું હતું. (એજન્સી)■

## ભારતીય મૂળની બે મહિલાના હાથમાં કૅનેડાનાં આરોગ્ય, ઉદ્યોગ, વિજ્ઞાન મંત્રાલય

ઓટાવાઃ ભારતની બે મહિલા - ૫૮ વર્ષીય અનીતા આનંદ અને દિલ્હીમાં જન્મેલી ૩૬ વર્ષીય કમલ ખેડાને કેનેડાના નવા વડા પ્રધાન માર્ક કાર્નીના પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું છે.

અનીતા આનંદ ઇનોવેશન (શોધ), વિજ્ઞાન અને ઉદ્યોગ વિભાગનાં પ્રધાન બન્યાં છે, જ્યારે કમલ ખેડા આરોગ્ય પ્રધાન બન્યાં છે.

કમલ ખેડા કેનેડાના સંસદમાં ચૂંટાયેલી સૌથી યુવાન મહિલા છે.

લિબર્ટી પાર્ટીના માર્ક કાર્નીએ શુક્રવારે પોતાના પ્રધાનમંડળની સાથે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા.

દિલ્હીમાં જન્મેલાં કમલ ખેડા શાળામાં ભણતી હતી ત્યારે તેમનો પરિવાર કેનેડા ગયો હતો. તેણે ટોરન્ટોની યોર્ક યુનિવર્સિટીમાંથી બેચલર ઑફ સાયન્સની ડિગ્રી મેળવી હતી. તેણે નર્સ અને સ્વયંસેવક તરીકે પણ કામ કર્યું હતું.

કમલ ખેડાએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે હું નર્સ તરીકે હંમેશાં દરદીના આરોગ્યને પ્રાધાન્ય આપું છું. હું મને સોંપાયેલું કામ નિષ્ઠાથી કરતી રહીશ. કમલ ખેડાએ ટોરન્ટોના સેન્ટ જોસેફ

(જુઓ પાનું ૨) ▸▸

KNB TOURS
Khojeste Noshir Bharucha
9987289154 / 8454041176/9967846353
JAPAN 13 DAYS | 23 MAY 4 JUN 2025 | INR 480000/-
ALL INCLUSIVE
TOKYO
• Tokyo Sky Tree • 3D Team Lab • Asakusa Temple • Nakamise Shopping Street • Sumida River Cruise • Ginza Shopping Area • Visit Odaiba • Shibuya Crossing Drive By • Tokyo Orientation Tour
KOBE
• Earthquake Museum • Todaiji Temple • Nara Deer Park • Kasuga Taisha Shrine • Akashi Kaiko Bridge • Visit Dotombori Street
GIFU
• Shirakawago Village Tour - Unesco • Ukai Boat Ride
MT FUJI AND HAKONE
• Mt Fuji - 5th Station (Weather Permitted) • Hakone Ropeway • Lake Ashi Cruise (Togendai to Hakone Machi) • Oshino Hakkai Village
TOYOMA - ALPINE ROUTE
• Ougisawa - Kurubo Dam by Tunnel Trolley Bus • Kurobe Lake Kurobe Dam by Cable Car • Kurobe Dairadaikan by Ropeway • Daikan Bou Murodo by Trolley Bus • Murudo Bijodaira by Highland Local Bus • (Snow Valley) • Bijodaira Tateyama by Cable Car
OSAKA
• Osaka Castle (Photostop) • Osaka Aquarium
HIROSHIMA
• Osaka - Hiroshima - Bullet Train • Atomic Bomb Dome • Peace Memorial Park • Miyajima Island • Itsukushima Shrine
KYOTO
• Arashiyama Bamboo Forest • Kiyomizudera • Giesha District • Kinkaku Ji Temple • Visit Kawaramachi Street • Fushimi Inari Taisha Shrine
NAGOYA
• SC Maglev and Railway Parl • Toyota Kikan Museum • Nabana No Sato

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

## તા. ૧૬-૩-૨૦૨૫ થી તા. ૨૨-૩-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સમગ્ર સપ્તાહમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મંદ ગતિએ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી બુધ મિશ્ર ગતિએ મીન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી ગુરુ વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી શુક્ર સમગતિએ મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૧૭મીએ તુલામાં, તા. ૧૯મીએ વૃશ્ચિકમાં, તા. ૨૨મીએ ધનુમાં આવે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચના વેપારમાં ઉત્સાહનો અભાવ રહેશે. નોકરી માટે સપ્તાહના ગોચરફળ શુભ છે. તા. ૧૮, ૧૯, ૨૨ના નોકરીના નિર્ણયો સફળ પુરવાર થશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વેપારમાં નવાં આવકનાં સાધનો મેળવશો. કુટુંબના સભ્યોનો સહયોગ મહિલાઓને પ્રાપ્ત થાય. તા. ૧૬, ૧૭ના પ્રાસંગિક કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સફળ તકો પ્રાપ્ત થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સફળ રહેશો. નોકરી માટે તા. ૧૮, ૧૯ શુભ જણાય છે. ધાર્યા મુજબના ઉઘરાણીના કામકાજ પૂર્ણ થઈ શકશે. કુટુંબના સભ્યો સાથેનાં નાણાં વ્યવહાર પણ સંપન્ન થશે. કાર્યક્ષેત્રે પ્રગતિ જળવાશે. ગૃહિણીઓને કુટુંબના પ્રસંગો અને જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને નિત્ય અભ્યાસ માટે સરળતાની અનુભૂતિ થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સ્વપ્રયત્ને અનુભવે વેપાર સફળ બનાવી શકશો. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૨ શુભ જણાય છે. નિર્ણયો લેવા માટે આ સપ્તાહ સાનુકૂળ બની રહેશે. કુટુંબના સભ્યોની પ્રગતિ જળવાશે. કારોબારમાં વિકાસના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વિભાગીય પરીક્ષામાં સફળતા જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. નોકરીના સ્થળમાં બદલી શક્ય છે. તા. ૧૬, ૨૧, ૨૨ ધાર્યા મુજબનો પરિવારના કારોબારનો નિર્ણય સફળ થતો દર્શાવે છે. વેપારની નાણાં આવકની વસૂલી શક્ય બની રહેશે. મહિલાઓના આ સપ્તાહના પારિવારિક જવાબદારીના કામકાજ સફળ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૨૨ અનુકૂળ જણાય છે. નોકરીમાં સહકાર્યકરોમાં સંપ જળવાશે. કાર્યક્ષેત્રે અકારણ નાણાં વ્યય ટાળી શકશો. ભાગીદારીના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ આવશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી મહિલાઓને નોકરીમાં ઉત્સાહ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો સફળ બનતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તા. ૧૯, ૨૦, ૨૧ના નોકરીના નિર્ણયો શુભ ફળદાયી જણાશે. કુટુંબના કારોબારમાં પ્રગતિ જણાય છે. અર્થવ્યવસ્થા વધુ સબળ બનશે. વ્યાપારના મિત્રોથી કામકાજમાં વધુ પ્રગતિ થાય. મહિલાઓને નોકરીમાં સાનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. સ્વતંત્ર કારોબારમાં મહિલાઓનો આત્મવિશ્વાસ દૃઢ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં મહેનતનાં પરિણામોની પ્રાપ્તિ થતી જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું રોકાણ શક્ય છે. નોકરીમાં પ્રગતિ જળવાશે. નોકરીની પ્રવૃત્તિઓ માટે તા. ૧૮, ૧૯, ૨૨ શુભ જણાય છે. કુટુંબના સભ્યોમાં નાણાં વ્યવહાર સંપન્ન થશે. ભાગીદારીનો સુખદ અનુભવ થાય. મિલકત-વાહન ઈત્યાદિની ખરીદીમાં સફળતા જણાશે. મહિલાઓને પરિવાર માટે જરૂરી સાધન મેળવવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પ્રવાસ દ્વારા શૈક્ષણિક કામકાજ પૂર્ણ થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા લાંબા સમયના રોકાણ માટે અનુકૂળતા જણાશે. નોકરીમાં યશ મેળવશો. તા. ૨૦, ૨૧ નોકરી માટે સફળતાસૂચક છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. કોર્ટ-કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સાનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે તથા વડીલોનો સહયોગ પણ મેળવી શકશો.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું કામકાજ શુભ ફળદાયી જણાશે. નવા રોકાણના નિર્ણયનો અમલ થશે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. સાહસિકતાથી નવા કારોબારનો પ્રારંભ થઈ શકશે. નાણાંની પ્રવાહિતા જળવાશે. કુટુંબ માટે આ સપ્તાહમાં મહિલાઓને ઉપયોગી કાર્યો પૂર્ણ કરવામાં સફળતા જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિ માટે પ્રવાસ સફળ થતો જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. નોકરીમાં તા. ૧૭, ૧૮, ૧૯ શુભ જણાય છે. નાણાં સંચય અને રોકાણ માટે આ સપ્તાહ ધ્યાનાકર્ષક જણાય છે. વેપાર વધશે. નાણાં આવક વધશે. કામકાજનો વ્યાપ વધશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી મહિલાઓનો નોકરીમાં ઉત્સાહ જળવાઈ રહેશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પ્રગતિ જાળવવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને મિત્રોનો સુખદ અનુભવ થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર લાભદાયી જણાશે. નોકરીમાં જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. ભાઈ-બહેનો સાથેના નાણાં વ્યવહાર પૂર્ણ થશે. મિલકતની ખરીદી શક્ય જણાય છે. કુટુંબના સભ્યોમાં સંપ જળવાશે. પરિવારનો વેપાર વધશે. વેપારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જણાશે. નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યોનો સાથ-સહકાર પ્રાપ્ત થાય.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સફળતા જણાશે. ધગશ, મહેનત, કાર્યક્ષમતા, અનુભવ અને જ્ઞાનનો પૂર્ણ ઉપયોગ કરી શૅરબજારના કામકાજમાં સફળતા મેળવી શકશે. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૦ શુભ ફળદાયી જણાય છે. કાર્યક્ષેત્રે આર્થિક નિર્ણયો સફળ બનતા જણાશે. નાણાં વ્યવસ્થા સફળ બનતી જણાશે. વેપારમાં નવા મિત્રોનો ઉમેરો થશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબજીવનનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓ અભ્યાસ માટે નવાં સાધનો સામગ્રી પ્રાપ્ત કરશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૧૬-૩-૨૦૨૫, સંત તુકારામ બીજ, ભદ્રા પ્રારંભ

ભારતીય દિનાંક ૨૫, માહે ફાગણ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૨
પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી ફસલી ગાથા-૧ અહુનવદ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
નક્ષત્ર હસ્ત સવારે ક. ૧૧-૪૪ સુધી, પછી ચિત્રા.
ચંદ્ર કન્યામાં મધ્યરાત્રે ક. ૨૫-૧૪ સુધી, પછી તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૦, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક. ૧૩-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૩ (તા. ૧૭)
ઓટઃ સવારે ક. ૦૭-૦૯, રાત્રે ક. ૧૯-૧૭

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - દ્વિતીયા. સંત તુકારામ બીજ, અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૪. શુભ દિવસ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન,ખાત મુહૂર્ત, નવા વસ્રો, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સૂર્ય-ચંદ્ર-મંગળ પૂજા, બિલીનું વૃક્ષ વાવવું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ પરદેશનું પસ્તાનું, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ,સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ધજા, કળશ-પતાકા ચઢાવવી, પશુ લે-વેંચ, ઘર-ખેતર, જમીન મકાન, સ્થાવર મિલકત લેવડદેવડ, હજામત, પ્રથમ વાહન, નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, નૌકા બાંધવી, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, નવી નોકરી, નિત્ય થતા દસ્તાવેજ, દુકાન-વેપારના કામકાજ.
આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અશાંત સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ,
ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૬-૩-૨૦૨૫ થી તા. ૨૨-૩-૨૦૨૫

રવિવાર, ફાગણ વદ-૨, વિ. સં. ૨૦૮૧, તા. ૧૬મી માર્ચ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર હસ્ત સવારે ક. ૧૧-૪૪ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં મધ્યરાત્રે ક. ૨૫-૧૪ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. સંત તુકારામ બીજ, અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૪. શુભ દિવસ.
સોમવાર, ફાગણ વદ-૩, તા. ૧૭મી નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૪-૪૬ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. કલ્પાદિ, છત્રપતિ શિવાજી મહારાજ જયંતી (તિથિ પ્રમાણે) સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૧-૧૯, ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૯-૩૩, સૂર્ય ઉત્તરા ભાદ્રપદામાં ક. ૨૭-૧૩. શુભ દિવસ.
મંગળવાર, ફાગણ વદ-૪, તા. ૧૮થી, નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૧૭-૫૧ સુધી, પછી વિશાખા . ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. બુધ પશ્ચિમમાં અસ્ત, માર્ગી થઈને હર્ષલ વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૮ (તા. ૧૯). શુભ કાર્ય વર્જ્ય છે.
બુધવાર, ફાગણ વદ-૫, તા. ૧૯મી, નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૦-૪૯ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં બપોરે ક.૧૪-૦૬ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. રંગ પંચમી, શ્રી જયંતી, બીજોય ગોવિંદ હલદંકર (મણિપુર), શુક્ર પશ્ચિમાં અસ્ત, વિંછુડો પ્રારંભ બપોરે ક. ૧૪-૦૬. અમૃતસિદ્ધિયોગ રાત્રે ક. ૨૦-૫૦થી સૂર્યાસ્ત. સામાન્ય દિવસ.
ગુરુવાર, ફાગણ વદ-૬, તા. ૨૦મી, નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૩-૩૧ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. સંતશ્રી એકનાથ ષષ્ઠી, સૂર્ય સાયન મેષમાં બપોરે ક. ૧૪-૩૨. ઉત્તર ગોળારંભ, વિષુવદિન, વિંછુડો, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૬ (તા. ૨૧). શુભ દિવસ.
શુક્રવાર, ફાગણ વદ-૭, તા. ૨૧મી, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૫ (તા. ૨૧મી) સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૫ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. જમશેદી નવરોઝ (પારસી), ભદ્રા સમાપ્તિ ક. ૧૫-૩૭, વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રે ક. ૨૫-૪૫. બપોરે ક. ૧૫-૩૭ સુધી શુભ.
શનિવાર, ફાગણ વદ-૮, તા. ૨૨મી, નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૩ સુધી (તા. ૨૩મી), પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, ભારતીય ચૈત્ર માસારંભ, ભારતીય નવું વર્ષ ૧૯૪૭ પ્રારંભ, શુભ કાર્ય વર્જ્ય છે.

# ચીની વિદ્યાર્થીઓને સ્ટૂડન્ટ વિઝા આપવા પર પ્રતિબંધની માગણી કરતો ખરડો અમેરિકાની સૅનેટમાં રજૂ કરાયો

વૉશિંગ્ટનઃ અમેરિકાની સ્કૂલોમાં ચીની વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા પર પ્રતિબંધ મૂકવાની માગણી કરતો ખરડો અમુક રિપબ્લિકન સૅનેટરોએ શુક્રવારે સૅનેટમાં રજૂ કર્યો હતો.

રાષ્ટ્રીય સુરક્ષાને મામલે ચીનને નિશાન બનાવી અમુક સૅનેટરોએ ઉપરોક્ત કાયદો લાવવાની માગણી કરી હતી.

આ ખરડો ચીની વિદ્યાર્થીઓને સ્ટૂડન્ટ વિઝા તેમ જ અમેરિકા આવી એક્સચેન્જ વિઝિટર પ્રોગ્રામમાં ભાગ લેવા પરવાનગી આપવાનું નકારે છે.

ચીની નાગરિકોને આ વિઝા આપીને અમેરિકા તેમને અમેરિકાના સૈન્ય પર જાસૂસી કરવા, દેશની બૌદ્ધિક પ્રતિભાને ચોરવા આમંત્રે છે અને રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ ઊભું કરવાની તક પૂરી પાડે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ચીની વિદ્યાર્થીઓને સ્ટૂડન્ટ વિઝા આપવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવાનો સમય આવી ગયો છે, એમ તેમણે કહ્યું હતું.

નિષ્ણાતોએ આ પ્રસ્તાવિત ખરડાની એમ કહીને ટીકા કરી હતી કે આ પ્રકારની નીતિ અમેરિકાના હિતોને નુકસાન કરે તેવી શક્યતા છે.

વિદ્યાર્થીની રાષ્ટ્રીયતાને આધારે તેને વ્યક્તિગત રીતે નિશાન બનાવતી કોઈ પણ નીતિ અમલમાં ન મુકાવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

અમેરિકાસ્થિત ચીનની એલચીકચેરીના પ્રવક્તા લી પૅન્ગ્યુએ અમેરિકાની પ્રસ્તાવિત નીતિ અંગે ચિંતા વ્યક્ત કરી તેનો વિરોધ કર્યો હતો.

શિક્ષણ અને સહકારના આદાનપ્રદાને બંને દેશના સંબંધો સ્થિર કરવામાં પાયાની ભૂમિકા ભજવી છે, એમ તેમણે કહ્યું હતું. જોકે આ ખરડાને મંજૂરી મળે તેવી શક્યતા નહિવત છે.

વર્ષ ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં અમેરિકાની સ્કૂલો અને યુનિવર્સિટીઓમાં ૨.૭૭ લાખ કરતાં પણ વધુ ચીની વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. (એજન્સી)

# કાશ્મીરનો વિવાદાસ્પદ ઉલ્લેખ કરનારા પાકની ઝાટકણી કાઢતું ભારત

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુએન)ની મહાસભામાં જમ્મુ અને કાશ્મીર અંગે કરેલા વિવાદાસ્પદ નિવેદનને ભારતે વખોડી કાઢ્યું હતું અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન અવારનવાર જમ્મુ અને કાશ્મીરનો આંતરરાષ્ટ્રીય સ્તરે ઉલ્લેખ કરીને વિવાદ ઊભો કરે છે, પરંતુ તેનાથી તેનો ભારતના આ વિસ્તાર પરનો અધિકાર સાબિત નથી થતો અને ઇસ્લામાબાદ સરહદ પારથી ભારતમાં ત્રાસવાદ ફેલાવતું હોવાની વાતને નકારી નથી શકાતી. સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના ભારતના કાયમી પ્રતિનિધિ રાજદ્વારી પી. હરીશે જણાવ્યું હતું કે પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ સચિવે આજે ભારતના જમ્મુ અને કાશ્મીરનો અયોગ્ય રીતે ઉલ્લેખ કર્યો હતો અને આમ કરવાથી પાકિસ્તાનનો આ ભારતીય પ્રદેશ પરનો કોઇ દાવો પુરવાર નથી થતો. તેમણે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અવિભાજ્ય ભાગ હતું, છે અને રહેશે. પાકિસ્તાન દ્વારા ધર્માંધતા અને ત્રાસવાદ ફેલાવાતો હોવાની વાત જગજાહેર છે. પાકિસ્તાનનાં ભૂતપૂર્વ વિદેશ સચિવ તહેમિના જાનજુઆએ એક અનૌપચારિક બેઠકમાં જમ્મુ અને કાશ્મીર અંગે કરેલા વિવાદાસ્પદ નિવેદનનો સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના ભારતના કાયમી પ્રતિનિધિએ જડબાતોડ જવાબ આપ્યો હતો. (એજન્સી)

# દુનિયાનો સૌથી ખતરનાક આતંકવાદી ઠારઃ ઈરાક અને અમેરિકી સેનાનું સંયુક્ત ઓપરેશન

વોશિંગ્ટનઃ અમેરિકાના મિસાઈલ હુમલામાં આઇએસઆઇએસ ગ્લોબલ ઓપરેશન હેડ અબ્દુલ્લા મક્કી મુસ્લીહ અલ-રિફાઈના મૃત્યુના સમાચાર સામે આવી રહ્યા છે. અલ રિહાઈને અમેરિકાએ ઈરાકી ખાનગી અને સુરક્ષા દળોની સાથે મળીને ઠાર માર્યો છે. અબ્દુલ્લા મક્કી મુસ્લીહ અલ-રિફાઈ, જેને અબુ ખાદીજાના નામથી પણ ઓળખવામાં આવે છે. અબુ ખાદીજા તથાકથિત ઈસ્લામિક સ્ટેટ માટે ગ્લોબલ ઓપરેશન હેડ તરીકે કામ કરી રહ્યો હતો. અમેરિકાના આ હુમલામાં આઈએસઆઈએસ ઘણા અન્ય આતંકવાદી પણ માર્યા ગયા છે. આ હુમલાને લઈને અમેરિકી સૈન્ય અધિકારીઓએ જણાવ્યું કે અબુ ખદીજાએ દુનિયાભરમાં આતંકવાદી જૂથની લોજિસ્ટિક્સ, યોજના અને નાણાકીય મેનેજમેન્ટની સારસંભાળ કરી.

હવાઈ હુમલા બાદ યુએસ સેન્ટ્રલ કમાન્ડ અને ઈરાકી સેનાઓ ઘટનાસ્થળે પહોંચી અને અબુ ખદીજા અને બીજા આઈએસઆઈએસ ફાઈટરના મોતની પુષ્ટિ કરી. ‘સેન્ટકોમ’ અનુસાર બંને વ્યક્તિએ બ્લાસ્ટ થયા વિનાના આત્મઘાતી જેકેટ પહેરેલા હતા અને તેમની પાસે ઘણા હથિયાર હતાં. અબુ ખદીજાની ઓળખની પુષ્ટિ પહેલા જ દરોડાથી એકત્ર કરવામાં આવેલા સેમ્પલનો ઉપયોગ કરીને ડીએનએના માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં તે માંડ-માંડ બચી ગયો હતો.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર જનરલ માઈકલ એરિક કુરિલ્લાએ કહ્યું કે ‘અબુ ખદીજા સમગ્ર વૈશ્વિક આઈએસઆઈએસ સંગઠનમાં સૌથી મહત્ત્વપૂર્ણ સભ્યોમાંથી એક હતો. અમે આતંકવાદીઓને મારવા અને તેમના સંગઠનોને નષ્ટ કરવાનું ચાલુ રાખીશું જે અમારા દેશ અને વિસ્તાર અને તેનાથી પર અમેરિકા, સહયોગી અને ભાગીદાર કર્મચારીઓ માટે જોખમ છે.’

ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ આ ઓપરેશનની પ્રશંસા કરતાં અબુ ખદીજાને ઈરાક અને વિશ્વના સૌથી જોખમી આતંકવાદીઓમાંથી એક ગણાવ્યા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં અલ-સુદાનીએ પુષ્ટિ કરી કે આ ઓપરેશન અમેરિકાના નેતૃત્વવાળા ગઠબંધનના સમર્થનથી કરવામાં આવ્યું હતું.

# અમેરિકામાં ‘હમાસ’ને ટેકો આપનારી ભારતીય વિદ્યાર્થિનીના વિઝા રદ કરાયા

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ પેલેસ્ટાઇનના મુસલમાનોના સંગઠન ‘હમાસ’ને ટેકો આપનારી ભારતીય વિદ્યાર્થિની રંજની શ્રીનિવાસન પર ‘હિંસા અને ત્રાસવાદ’ની તરફેણ કરવાનો આરોપ મૂકીને તેના વિઝા અમેરિકાએ રદ કર્યા હતા. આ વિદ્યાર્થિની જાતે જ અમેરિકા છોડી ગઇ હોવાનું કહેવાય છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ હોમલૅન્ડ સિક્યોરિટીએ શુક્રવારે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે રંજની શ્રીનિવાસન ભારતની નાગરિક છે. તે વિદ્યાર્થી માટેના અમેરિકાના ‘એફ-૧’ વિઝા મેળવીને કોલમ્બિયા યુનિવર્સિટીમાં ‘શહેરી આયોજન’નું ભણવા આવી હતી. તે ત્રાસવાદી સંગઠન ‘હમાસ’ને ટેકો આપતી પ્રવૃત્તિ કરતી હતી.

અમેરિકાના વિદેશ મંત્રાલયે પાંચ માર્ચે રંજની શ્રીનિવાસનના વિઝા રદ કર્યા હતા. ડિપાર્ટમેન્ટ ઑફ હોમલૅન્ડ સિક્યોરિટીએ જણાવ્યું હતું કે રંજની શ્રીનિવાસને કસ્ટમ્સ ઍન્ડ બોર્ડર પ્રોટેક્શન હોમ એપની મદદથી ૧૧ માર્ચે જાતે જ દેશનિકાલ થઇ હતી.

હોમલૅન્ડ સિક્યોરિટીનાં પ્રધાન ક્રિસ્ટી નોએમે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકાને પોતાને ત્યાં ભણવા વિદેશી વિદ્યાર્થીઓને ભણવા માટે વિઝા આપવાનું ગમે છે, પરંતુ હિંસા અને ત્રાસવાદની તરફેણ કરશો, તો તમારા વિઝા રદ કરાશે અને તમને અમેરિકામાં વધારે દિવસ રહેવા નહિ દઇએ. દરમિયાન, પેલેસ્ટાઇનના લેકા કોર્ડિયા નામની વિદ્યાર્થિનીનાં વિદ્યાર્થી તરીકેના ‘એફ-૧ વિઝા’ની મુદત પૂરી થઇ ગઇ હોવા છતાં તે અમેરિકામાં રહેતી હોવાથી તેને નેવાર્કમાં પકડવામાં આવી હતી. (એજન્સી)

# વાયવ્ય પાકિસ્તાનમાં આતંકવાદીઓના બે ઠેકાણા પર લશ્કરનો હુમલો

## બે જવાન, નવ આતંકવાદી ઠાર

પેશાવરઃ પાકિસ્તાનના સુરક્ષા દળોએ અશાંત વાયવ્ય પાકિસ્તાનમાં આતંકવાદીઓના બે ગુપ્ત સ્થાનો પર હુમલો કરતાં અથડામણ થઈ હતી. આ અથડામણમાં બે સૈનિક અને નવ આતંકવાદીના મોત થયા હતા. લશ્કરે અફઘાનિસ્તાન સરહદની નજીકના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મોહમંદ અને દેરા ઈસ્માઈલ જિલ્લામાં ઓપરેશન કર્યુ હતું. સ્થાનિક પોલીસના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બંડખોરો પાકિસ્તાનના તાલિબનના હતા જે તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન કે ટીટીપી તરીકે ઓળખાય છે.

પ્રતિબંધિત ટીટીપી એ અલગ જૂથ છે, પરંતુ તે અફઘાન તાલિબાનનું સહયોગી છે. અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષના યુદ્ધ પછી અમેરિકા અને નાટોના દળો વતન જવાના અંતિમ તબક્કામાં હતા ત્યારે અફઘાન તાલિબાને સત્તા હાંસલ કરી હતી.

ટીટીપીના અનેક નેતાઓ અને લડવૈયાઓને અફઘાનિસ્તાનમાં આશ્રય મળે છે અને તાલિબાને સત્તા હસ્તગત કરી ત્યાર બાદ ખુલ્લેઆમ અફઘાનિસ્તાનમાં રહે છે. અફઘાનિસ્તાન પાકિસ્તાન તાલિબાનને પ્રોત્સાહન આપે છે.

શનિવારે બંડખોરોએ પાકિસ્તાનના કુરમ જિલ્લામાં પાકિસ્તાનના સુરક્ષા દળો પર છાપો માર્યો હતો. જોકે સત્તાવાળાઓએ હજી સુધી કોઇ જવાનનું આમાં મરણ થયું હતું કે નહીં એ વાતની જાણકારી આપી નથી.

# રાન્યા રાવ હાઈ-પ્રોફાઈલ કેસમાં બહાર આવ્યું તરુણ રાજનું નામ

બેંગલૂરુઃ સોનાની તસ્કરી કરવા મામલે રાન્યા રાવની ધરપકડ કરવામાં આવી હતી, હવે આ કેસમાં મોટી વિગતો પ્રકાશમાં આવી છે. આ કેસમાં એક મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. થોડા સમય પહેલા રાન્યા રાવની એરપોર્ટથી ૧૪ કિલો સોના સાથે ધરપકડ કરવામાં આવી હતી.

આ કેસમાં ડીઆરઆઈ દ્વારા તપાસ કરવામાં આવી હતી. કેસમાં રાન્યા રાવના મિત્ર અને ટોલિવુડ અભિનેતા તરુણ રાજ ઉર્ફે વિરાટ કોંડુરુ રાજની સંડોવણી હોવાનું તપાસ અધિકારીઓને લાગી રહ્યું છે, જેથી આ દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

ડીઆરઆઇને એવી શંકા છે કે, રાન્યા રાવ જે રીતે સોનાની તસ્કરી કરતી હતી તે નેટવર્કમાં તરુણ રાજનો પણ ભાગ હોઈ શકે છે. જેથી ડીઆરઆઇની ટીમે તરુણ રાજને પૂછપરછ માટે બોલાવ્યો છે, જેથી હકીકત બહાર આવી શકે અને રેકેટનો પર્દાફાશ થઈ શકે.

જો કે, ડીઆરઆઇના અધિકારીઓને એવી પણ શંકા છે કે, આ રેકેટમાં ફિલ્મ ઉદ્યોગના અન્ય લોકો પણ સામેલ હોઈ શકે છે. કારણ કે, આ કોઈ એક કે બે વ્યક્તિનું કામ નથી. જેથી દરેક દિશામાં તપાસ થવી અનિવાર્ય છે. અત્યારે તો અભિનેતા તરુણ રાજની અટકાયત કરી લેવામાં આવી છે. આ સમગ્ર કેસમાં ડીઆરઆઇ ટીમ અન્ય ફિલ્મ હસ્તીઓ સાથેના સંભવિત સંબંધોની તપાસ કરી રહી છે.

રાન્યા રાવ સાથે ફિલ્મ ઉદ્યોગના લોકો સાથે અધિકારીઓ પણ સામેલ હોય તેવી પણ શંકાઓ થઈ રહીં છે. જેથી આગામી દિવસોમાં આ હાઇ-પ્રોફાઇલ કેસમાં વધુ મોટા ખુલાસા થઈ શકે છે. આ કેસ અત્યારે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે, કારણ કે, હાઈ-પ્રોફાઈલ છે, હજી તો આ કેસમાં અન્ય ઘણાં નામો સામે આવી શકે છે. અત્યારે જેની અટકાયત કરવામાં આવી છે. અભિનેતા તરુણ રાજે ૨૦૧૮ માં આવેલી તેલુગુ ફિલ્મ પરિચયમથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ફિલ્મ ઉદ્યોગમાં આવતા પહેલા પોતાનું નામ બદલીને વિરાટ કોંડુરુ રાજ રાખ્યું હતું.

ચર્ચાઓ એવી પણ છે કે, અભિનેતા તરુણ રાન્યા રાવની ખૂબ નજીક હતો, અને બંને વચ્ચે લાંબા સમયથી મિત્રતા હતી. જેથી ડીઆઇઆરના અધિકારીઓનું માનવું છે કે, આ કેસમાં તરુણનો મોટો હિસ્સો હોઈ શકે છે, એટલા માટે તેની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે. ડીઆરઆઇ અધિકારીઓએ આ દિશામાં પણ તપાસ શરૂ કરી છે કે શું ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા અન્ય લોકો પણ આ રેકેટમાં સામેલ છે?

## પહેલા પાનાનું ચાલુ

### બે દિવસમાં બે પોલીસ

અને ગુનેગારોને તેમની ભાષામાં સમજાવીશું. એન્કાઉન્ટરની જરૂર પડે તો એન્કાઉન્ટર કરીશું. બિહારના કૉંગ્રેસના સાંસદ તારીક અનવરે કહ્યું હતું કે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે. આ માટે ભાજપ અને એનડીએ જવાબદાર છે. ભાજપવાળા દરેક બાબતમાં પોતાનો રાજકીય ફાયદો જુએ છે. ભાજપ તહેવારના સમયે માહોલ બગાડવાનો પ્રયાસ કરે છે.

### નવ મહિના પછી

એયર્સ લશ્કરના પાઇલટ છે, જ્યારે જાપાનના ટાકુયા ઓનિશી અને રશિયાના કિરિલ પેસ્કોવ ઍરલાઇનના ભૂતપૂર્વ પાઇલટ છે. તેઓ સુનીતા વિલિયમ્સ અને બુચ વિલમોરને પાછા ધરતી પર મોકલીને આગામી છ મહિના આ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં રહેશે. (એજન્સી)

### સોનિપતમાં ભાજપના

જમીન માટે ચાલતા ઝઘડાને લીધે થઈ હતી. હુમલાખોરને મોનું તરીકે ઓળખવામાં આવ્યો છે. મોનુએ શુક્રવારે રાત્રે હુમલો કર્યો હતો. સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે જવાહર તેનો પીછો કરી રહેલા હત્યારાથી બચવા દુકાનમાં પ્રવેશ્યા હતા. હુમલાખોરોએ તેમનો પીછો કરીને તેમના પર ગોળી છોડી હતી અને આમાં જવાહરનું મૃત્યુ થયું હતું.

પોલીસના આસિસ્ટન્ટ કમિશનર રિશિ કાંતે કહ્યું હતું કે જવાહરે મોનુના કાકા અને કાકી પાસેથી જમીન ખરીદી હતી. આ અંગે વિવાદ થતાં જવાહરની હત્યા કરાઈ હતી. (એજન્સી)

### અમેરિકામાં વાવાઝોડું

અંતરિયાળ વિસ્તારમાં શનિવારે રાત્રે વધુ તીવ્રતા ધરાવતા ટૉર્નેડો ત્રાટકશે એવો ભય સેવાઈ રહ્યો છે.

હવામાન વિભાગે દેશના મોટાભાગના વિસ્તારમાં અતિ ખરાબ હવામાનની ચેતવણી આપી છે. આ જીવલેણ પરિસ્થિતિ છે અને લોકોએ સુરક્ષિત સ્થળે આશરો લેવો જોઈએ.

દસ કરોડ કરતા પણ વધુ લોકો આ કારણે પ્રભાવિત થાય એવી શક્યતા છે. કેનેડાની સરહદથી મૅક્સિકોની દિશામાં પ્રતિકલાક ૧૩૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે એવી ચેતવણી પણ આપવામાં આવી છે.

માર્ચમાં વાવાઝોડાં આવે એ સામાન્ય બાબત છે, પરંતુ આ વાવાઝોડું તેનાં કદ અને તીવ્રતાને કારણે અલગ પડે છે. (એજન્સી)

### ભારતીય મૂળની

હેલ્થ સેન્ટરના કેન્સરના વિભાગમાં નર્સ તરીકે કામ કર્યું હતું. તેણે કોવિડ-૧૯ના રોગચાળા વખતે પણ નર્સ તરીકે અનેક દરદીની સારવાર કરી હતી. અગાઉ, અનીતા આનંદ ટ્રુડોના સ્થાને કેનેડાનાં વડાં પ્રધાન બનવાની સ્પર્ધામાં હતી. (પીટીઆઇ)

सत्यमेव जयते
ગુજરાત સરકાર

GUVNL



## પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના

અંતર્ગત

# મોડલ સોલાર વિલેજ સ્પર્ધા

## સ્પર્ધાનો સમયગાળો

## ૧ એપ્રિલ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫

- **યોગ્યતા :** રેવન્યુ ગામ કે જેની વસતી **૫૦૦૦ થી વધુ** હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) તે તમામ આ સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા ધરાવે છે.
- ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત મંત્રાલય (MNRE)ની મોડલ સોલાર વિલેજની ગાઈડલાઈન મુજબ રેવન્યુ ગામની હદમાં સ્થાપિત સોલાર રૂફટોપ, PM KUSUM યોજના અંતર્ગત સ્થાપિત ગ્રાઉન્ડ માઉન્ટેડ સ્મોલ સ્કેલ RE પ્લાન્ટ અથવા એક જ સ્થળે સ્થાપિત 10MWથી ઓછી ક્ષમતાના RE પ્લાન્ટ આ તમામ દ્વારા સ્થાપિત વિતરિત પુનઃપ્રાપ્ય ઊર્જા (Distributed RE)ની સૌથી વધુ ક્ષમતા સ્થાપિત કરનાર ગામને મોડલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે.
- સંબંધિત ગામના નિયત સત્તાધિકારીએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સમિતિને અરજી કરવાની રહેશે.
- MNRE, ભારત સરકાર તરફથી **જિલ્લા દીઠ એક** મોડલ સોલાર વિલેજને સેન્ટ્રલ ફાઇનાન્સ આસિસ્ટન્સ (CFA) તરીકે **₹ ૧ કરોડ**ની રકમ મળવાપાત્ર રહેશે.

**યોજના ની વધુ વિગત માટે www.guvnl.com વિઝીટ કરો**

ફક્ત 1 વર્ષના ટૂંકાગાળામાં

**2.75+ લાખ**થી

વધુ લોકો દ્વારા

**1000 મેગાવોટથી વધુની**

સોલાર સિસ્ટમનું સ્થાપન

રહેણાંક ક્ષેત્ર માટે નાણાંકીય સહાય

**₹ 78,000*** સુધીની મર્યાદામાં

| | |
|---|---|
| ૧ KW → | ₹ 30,000 |
| ૨ KW → | ₹ 60,000 |
| 3 KW કે તેથી વધુ → | ₹ 78,000 |

માન. વડાપ્રધાનશ્રીના
માર્ગદર્શન અને
માન. મુખ્યમંત્રીશ્રીના
નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામો હવે
**મોડલ સોલાર વિલેજ**
બની દેશના અનેક ગામો માટે બનશે
**રોલ મોડલ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી - નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
ગુજરાત સરકાર

જો તમે પણ તમારી છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા ઈચ્છુક હોવ તો આજે જ
**https://pmsuryaghar.gov.in** વિઝીટ કરો

# ગુજરાતી સાહિત્યના મેધાવી સર્જક રજનીકુમાર પંડ્યાનું અવસાન

મુંબઈઃ ગુજરાતી પત્રકાર, વાર્તાકાર, નવલકથાકાર અને ચરિત્રનિબંધોના લેખક રજનીકુમાર પંડ્યાનું ટૂંકી માંદગી બાદ ગઈ કાલે રાત્રે અવસાન થયું હતું.

૬ જુલાઈ ૧૯૩૮એ જન્મેલા જેતપુરમાં જન્મેલા રજનીકુમાર પંડ્યાએ લેખનની શરૂઆત ૧૯૫૯થી કરી હતી. ૧૯૭૭માં પ્રથમ વાર્તાસંગ્રહ ‘ખલેલ’ પ્રકાશિત થયો. ૧૯૮૦થી તેમણે કટારલેખનની શરૂઆત કરી. ‘ઝબકાર’ શ્રેણીનાં પ્રસંગ આલેખનો, ઉપરાંત દૈનિકપત્રોમાં પ્રગટ થયેલ લેખોએ તેમને ખાસ્સા લોકપ્રિય બનાવ્યા. ‘મનબિલોરી’ તથા રેખાચિત્રોની ‘ગુલમહોર’ વગેરે લોકપ્રિય કટારો તેમણે આપી હતી. તેમણે ૧૯૮૫માં નવલકથા-લેખનક્ષેત્રે પ્રવેશ કર્યો. તેમની નવલકથાઓ ‘કોઈ પૂછે તો કહેજો’ , ‘ચંદ્રદાહ’ , ‘પરભવના પિતરાઈ’નો સમાવેશ થાય છે ‘પરભવના પિતરાઈ’ ઉપરથી ટેલી ફિલ્મ બની હતી. તેમની નવલકથા ‘કુંતી’એ એમને અપાર યશ અને કીર્તિ અપાવ્યા. તેના ઉપરથી રાષ્ટ્રીય દૂરદર્શન ઉપર હિંદીમાં ટીવી સીરીયલો બની. નવલકથા ‘અવતાર’ (૧૯૯૨) નોંધપાત્ર સર્જન ગણાય છે.

તેમના ‘ખલેલ’ તથા ‘ચંદ્રદાહ’ વાર્તાસંગ્રહો ‘કુંતી’ (ભાગ ૧-૨) નવલકથા, ‘ઝબકાર’ (ભાગ ૫) ચરિત્રગ્રંથ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરાયા હતા.

# શિવસેના ઠાકરે જૂથે ‘તે’ પોસ્ટની ગંભીર નોંધ લીધીઃ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર કેટલાક પેજ દ્વારા શિવસેના ઠાકરે જૂથ અને પાર્ટીના મુખ્ય નેતાઓ વિરુદ્ધ વિવાદાસ્પદ ટીકા ચાલી રહી છે. હવે શિવસેના (યુબીટી)એ આ બાબતની ગંભીર નોંધ લીધી છે. શિવસેના (યુબીટી)ના સચિવ સાઈનાથ દુર્ગેએ સાયબર ક્રાઈમ બ્રાન્ચના વરિષ્ઠ પોલીસ નિરીક્ષકને મળીને આ અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે. ‘આવી બદનક્ષીભરી અને ખોટી માહિતી ફેલાવતા આ સોશ્યલ મીડિયા પેજ પર પ્રતિબંધ મૂકવો જોઈએ અને પેજ ચલાવનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ,’ એમ તેમણે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે. આ અંગેની માહિતી પાર્ટી દ્વારા ટ્વિટર પર આપવામાં આવી છે.

ઈવીએમ દ્વારા મહારાષ્ટ્રમાં ભારે બહુમતી મેળવવા છતાં, સત્તામાં બેઠેલા લોકોની ફરિયાદ ઓછી થઈ રહી નથી. જાહેર હિતની સેવા કરવાને બદલે શિવસેના (યુબીટી) વિશે ખોટી માહિતી ફેલાવવાનો અને સોશ્યલ મીડિયા દ્વારા પક્ષની વિચારધારાને ખરાબ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર ‘ફશીવ સેના’ પેજ પાર્ટીના નેતાઓના ફોટા અને વીડિયોને મોર્ફ કરીને સમાજમાં ધાર્મિક વિભાજન પેદા કરતી માહિતી શેર કરી રહ્યું છે. આજે શિવસેના (યુબીટી)ના સચિવ સાઈનાથ દુર્ગેએ સાયબર ક્રાઈમ બ્રાન્ચના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટરને મળ્યા અને આ વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી. ફરિયાદમાં એવી માગણી કરવામાં આવી છે કે આવી બદનક્ષીભરી અને ખોટી માહિતી ફેલાવતા આ સોશ્યલ મીડિયા પેજ પર પ્રતિબંધ મૂકવામાં આવે અને પેજ ચલાવનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે.’

# શિંદે-અજિત પવારને સીએમપદની ઓફર મજાક માત્રઃ નાના પટોલેનો યુ-ટર્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ નાના પટોલેના નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં રાજકીય ભૂકંપ આવ્યો હતો. જોકે, નાના પટોલેએ હવે બંને નાયબ મુખ્યપ્રધાનોને આપવામાં આવેલી ઓફર અંગે યુ-ટર્ન લઈને નવો આંચકો આપ્યો છે. શુક્રવારે હોળીનો દિવસ હતો, ધુળેટીનો દિવસ અને આ તહેવારનું આપણી સંસ્કૃતિમાં વિશેષ મહત્ત્વ છે. આપણે બધાએ આપણા બધા મતભેદો ભૂલીને રાજ્યના લોકોને ન્યાય અપાવવો જોઈએ. તેથી, રાજ્યમાં ચાલી રહેલા રાજકીય વિકાસને કારણે, મેં શરૂઆતમાં જ કહ્યું હતું કે બૂરા ન માનો, હોલી હૈ.. અને તેથી મેં આ વિષયને રમૂજી રીતે લીધો છે. કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અને વિધાનસભ્ય નાના પટોલેએ તેમના નિવેદન પર યુ-ટર્ન લેતા શનિવારે ભંડારામાં કહ્યું હતું કે, ‘જો કેટલાક લોકો તેને ગંભીરતાથી લીધું હોય છે, તો તેમણે ખરેખર ગંભીર થવાની જરૂર છે.’

અમારા માટે ખરેખર મહત્વનો મુદ્દો ખેડૂતોનો છે. ખેડૂતોને સાદા ઇલેક્ટ્રિક પંપ નથી મળી રહ્યા, અને સરકાર સૌર ઊર્જાથી ચાલતા પંપ પણ પૂરા પાડી રહી નથી, જે તે આપવાની યોજના બનાવી રહી હતી. ગામડાઓમાં જંગલી પ્રાણીઓ ફરી રહ્યા છે. વાઘ ફરતા હોય છે, નાના છોકરાઓ પાસે કોઈ કામ નથી, મોંઘવારી આસમાને પહોંચી રહી છે. રાજ્યનું દેવું વધ્યું છે. જો રાજ્યમાં કોઈ સૌથી ઊંચો પર્વત હોય, તો તે રાજ્ય પર રહેલા દેવાનો પર્વત છે. સામાન્ય લોકો માટે જીવવું મુશ્કેલ બની ગયું છે.

નાના પટોલેએ એમ પણ કહ્યું હતું કે, આ કોંગ્રેસની ચિંતાનો વિષય છે. કોંગ્રેસ પક્ષના નેતાઓ તરીકે, અમને ચિંતા છે કે લોકોના મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ. શુક્રવારે મજાકનો દિવસ હતો, હવે મજાકનો અંત આવ્યો છે.

નાના પટોલેએ એમ પણ કહ્યું હતું કે, સરકારે હવે તે મુદ્દાઓને ગંભીરતાથી લેવા જોઈએ અને મીડિયાએ પણ આ જ પ્રશ્નો સાથે આગળ આવવું જોઈએ. એક રીતે, એવું લાગે છે કે પટોલેએ શુક્રવારના પોતાના નિવેદનથી યુ-ટર્ન લીધો છે. નાના પટોલેએ કહ્યું હતું કે રાજ્યના બંને નાયબ મુખ્યપ્રધાનોએ મહા વિકાસ આઘાડી સાથે આવવું જોઈએ અને અમે તેમને મુખ્યમંત્રી બનાવીશું. જોકે, તેઓએ યુ-ટર્ન લઈને કહ્યું છે કે, ‘હવે બૂરા ન માનો, હોલી હૈ..’

# ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ‘સ્વચ્છતા ઝુંબેશ’

મુંબઈઃ લાંબા સમયથી મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં સ્વચ્છતા ઝુંબેશ અમલમાં મૂકનારી મુંબઈ મહાનગરપાલિકા હવે ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે માટે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાની છે, જેમાં રાતના ૧૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી હાઈવેની સાથે જ તેને લાગીને આવેલા રસ્તાઓની સાથે જ બસ સ્ટોપ અને ફૂટપાથની પણ સફાઈ કરવામાં આવવાની છે.

પાલિકા દ્વારા મુંબઈમાં નાના-મોટા રસ્તા, ગલીઓમાં ડિવાઈડર, બૅરિકેડ્સ, જુદા જુદા ચોકની સ્વચ્છતા તથા સુશોભીકરણના કામની સાથે સરકારી, પાલિકા તથા ખાનગી હૉસ્પિટલોના પરિસરમાં તબક્કાવાર સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. હવે પાલિકાએ ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અમલમાં મૂકવાની છે. સોમવાર, રાતના ૧૭ માર્ચ, ૨૦૨૫થી શનિવાર, ૨૨ માર્ચ, ૨૦૨૫ આ છ દિવસ દરમ્યાન દરરોજ રાતના ૧૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી આ ઝુંબેશ અમલમાં મુકાશે. બંને હાઈવેને જોડનારા મહત્ત્વના રસ્તાઓની સફાઈ બાબતે ડેપ્યુટી કમિશનર કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તેમ તેને જોડનારા રસ્તાઓ પર સોમવારથી રાતના સમયે આ સ્વચ્છતા ઝુંબેશ ચાલુ કરવામાં આવશે. આ ઝુંબેશ રાતના સમયમાં અમલમાં મૂકવામાં આવવાની હોવાથી ટ્રાફિકને કોઈ અસર થશે નહીં અને સ્વચ્છતા કામ પણ ઝડપથી અને સારી રીતે કરી શકાશે. ટ્રાફિક પોલીસ પણ આ ઝુંબેશમાં જોડાશે. રસ્તાઓની સફાઈનું કામ નિર્ધારિત સમયમાં પાર પડે તેની જવાબદારી વોર્ડ સ્તરે સોપવામાં આવી છે. હાઈવેના ઠેકાણે સબ-વે, સર્વિસ રોડ, રૅમ્પ અને બહાર પડવાના રસ્તા વગેરે વિસ્તારમાં રહેલો કાટમાળ વગેરે પણ હટાવવામાં આવશે. તેમ જ ધૂળને હટાવવા માટે મેકૅનિકલ સ્પીકિંગ મશીન વાપરવામાં આવશે. હાઈવેની સફાઈ જેટિંગ પ્રેશર વોશર મશીનથી કરવામાં આવશે.

## છેલ્લા પાનાનું ચાલુ

### દેખતા હૂં તુઝે

ત્યાંથી દૂર જતી રહી હતી અને ટેરેસ પરના પાણીપુરીના સ્ટૉલ પાસે સંતાઈ ગઈ હતી.

અભિનેત્રીનો શોધતો આરોપી પાણીપુરીના સ્ટૉલ સુધી પહોંચ્યો હતો. ‘મૈં તુઝસે પ્યાર કરતા હૂં ઔર દેખતા હૂં તુઝે કૌન બચાતા હૈ’ કહીને રંગ લગાવવાને બહાને આરોપીએ ફરિયાદીને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. ડરી ગયેલી અભિનેત્રીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ ફ્રેન્ડ્સને કરી હતી. આવી હરકત બાબતે પૂછનારા અભિનેત્રીના ફ્રેન્ડ સાથે પણ આરોપીએ ઉદ્ધત વર્તન કર્યું હતું. આખરે અભિનેત્રીએ પોલીસનો સંપર્ક સાધી આરોપી વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

### હિન્દુ નેતા

ઔરંગઝેબની કબર દૂર કરવા માટે ખુલાતાબાદ આવી રહ્યા છે. ફિલ્મ છાવાની રિલીઝ પછી ઔરંગઝેબની કબર પર ઘણા લોકોના મંતવ્યો ઉગ્ર બની ગયા છે, જેને સોશિયલ મીડિયના પોસ્ટ્સના માધ્યમથી જોઇ શકાય છે, એવું જિલ્લા વહીવટી તંત્રના આદેશમાં કહેવામાં આવ્યું હતું. રાજ્યમાં કોઇ પણ પ્રકારની કોમી તંગદિલી ન ફેલાય એ કારણથી એકબોટેને અહીં આવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### ૧૨ કરોડ

ઉચાપત કરાયેલી રકમમાંના ૧૨ કરોડ રૂપિયા કપિલ દેઢિયાના ખાતામાં જમા થયા હતા. દેઢિયાને આ રકમ ડેવલપર ધર્મેશ પૌન, વેપારી ઉન્નનાથન અરુણચલમ ઉર્ફે અરુણભાઇ અને બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર તથા અકાઉન્ટ્સ હૅડ હિતેશ મહેતા પાસેથી મળી હતી, એવું તપાસમાં જણાયું હતું.

આ કેસની તપાસમાં દેઢિયાનું નામ સામે આવ્યા બાદ પોલીસ તેની શોધ ચલાવી રહી હતી. દેઢિયા પોલીસથી બચવા કચ્છ, જયપુર અને વડોદરામાં કેટલાક દિવસ રહ્યો હતો. જોકે પોલીસે શુક્રવારે વડોદરાથી તેને પકડી પાડ્યો હતો. દેઢિયાની ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા હવે પાંચ થઇ છે.

આ કેસમાં બૅંકના ભૂતપૂર્વ ચેરમેન હિરેન ભાનુ, તેની પત્ની અને બૅંકની ભૂતપૂર્વ વાઇસ-ચેરમેન ગૌરી તથા વેપારી અરુણાચલમને પોલીસ શોધી રહી છે. અરુણાચલમના પુત્ર મનોહરની આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. પિતા અરુણાચલમને ભગાડવામાં મદદ કરવાનો મનોહર પર આરોપ છે.

ઉલ્લેખનીય છે કે ન્યૂ ઇન્ડિયા બૅંકની પ્રભાદેવી અને ગોરેગામની બ્રાન્ચમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત સામે આવ્યા બાદ બૅંકના એક્ટિંગ એક્ઝિક્યુટિવ ઓફિસર દેવર્ષી ઘોષે ફરિયાદ નોંધાવી હતી. દાદર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરાયા બાદ તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી. પોલીસે આ કેસમાં હિતેશ જૈન, ધર્મેશ પૌન અને બૅંકના ભૂતપૂર્વ સીઇઓ અભિમન્યુ ભૌનની ધરપકડ કરી હતી.

# હિન્દુ મરણ

દિલીપભાઇ રાઘવજી વલ્લભદાસ કાપડીયા (ઉં. વ. ૯૦) તે સ્વ. નિર્મળાબેન રાઘવજી કાપડીયાનાં પુત્ર. તે દમયંતીબેન કાપડીયાના પતિ. તે દિપક, રોશની, હેમંતના પિતા. તે સ્વ. અરવિંદભાઇ, સ્વ. બીપીનભાઇ, લલિતભાઇ, સ્વ. ભરતભાઇ, સ્વ. હરિશભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. જયોત્સના, જયશ્રી અને ગીતાનાં ભાઇ. તે આશા, વર્ષા, હિમાંશુના સસરા. તે યુવરાજ, દીપ, પિયાનાં દાદા. તે સ્વ. ગંગાબેન ગોરધનદાસ પંચમતિયા (માંઢાવાળા)ના જમાઇ. તા. ૧૪-૩-૨૫ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૩-૨૫ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. પાટીદાર સમાજ હોલ, ફ્રેંચ બ્રીજ, સુખસાગર.

**દશા મોઢ માંડલીયા વણિક**

સનખડા નિવાસી હાલ મલાડ કાંતિલાલ વલ્લભદાસ સોલંકી (શાહ) (ઉં. વ. ૮૩) તા. ૧૨-૩-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિજયાલક્ષ્મીના પતિ. તે સ્વ. નટવરલાલભાઇ, સ્વ. જશવંતભાઇ, સ્વ. ધીરજલાલ, સ્વ. ગં. સ્વ. ઉર્મિલાબેન, સ્વ. પ્રવીણભાઇના ભાઇ. તે જાગૃતિ, હેતલ, પીયૂષના પિતાશ્રી. તે મયંક, ભાવેશના સસરા. તે પાર્થ, અદીતી, આયુષીના નાનાજી. સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

ડૉ. દોલત (દિનેશ) મોહનભાઈ દેસાઈ ગામઃ ઉંટડી, હાલ મુંબઈ, તે સુધાબેનના પતિ. તે ડૉ. દેવાંશુના પિતા. તે ડૉ. અમીતાના સસરા. તે વરુણના દાદા શુક્રવાર, તા. ૧૪-૩-૨૫ના દેવલોક પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગામ-પોરબંદર, હાલ-નાલાસોપારા સ્વ. ભરતભાઈ કરશનદાસ ચંદારાણા (ઉં.વ. ૬૪) સ્વ. કરશનદાસ અને સ્વ. શાંતાબેનના પુત્ર. નીતાબેનના પતિ. રિદ્ધિ, પૂર્વી, આસ્થાના પિતા. કિરિટભાઈના નાના ભાઈ. પિયરનું બેસણું સાથે રાખેલ છે. સોમવાર, તા. ૧૭-૩-૨૫ના ૪.૦૦થી ૬.૦૦ સાંજે નાલાસોપારા ખાતે પ્રાર્થના સ્થળઃ ગુરુકૃપા હોલ, રેલવે ટિકિટબારીની પાછળ, નાલાસોપારા (ઈ).

**દશા સોરઠિયા વણિક**

સ્વ. નર્મદાબેન તારાચંદ દોશીના પુત્ર કિશોરચંદ તારાચંદ દોશી (ઉં.વ. ૮૩) ગુરુવાર, તા. ૧૩-૩-૨૫ (ભાયાવદર નિવાસી) હાલ ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામેલ છે. સ્વ. હીરાબેનના પતિ. તે ભાવેશ, જગદીશ, અ.સૌ. ભારતીબેન, અ.સૌ. રક્ષાબેનના પિતાશ્રી. તે પ્રવિણભાઈ, સ્વ. અશોકભાઈ, તરલાબેન સૂર્યકાંત શ્રીમાંકર, સ્વ. પુષ્પાબેન શશિકાંત સાંગાણી અને ઈલાબેન ભરતકુમાર માંડાણીના ભાઈ. તે પરાગશેઠ અને ડૉ. ભરત રાજકોટિયા, અ.સૌ. રાજલ દોશીના સસરા. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

મહુવા નિવાસી હાલ કાંદિવલી લલિતકુમાર જેશંકર ઠાકર (ઉં. વ. ૬૮) ગુરુવાર તા. ૧૩-૩-૨૫ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. મુક્તાબેન જેશંકર ઠાકરના સુપુત્ર. સ્વ. શાંતાબેન ભાયશંકર ઓઝાના જમાઇ. નયનાબેનના પતિ. સ્વ. ચંદ્રકાંતભાઇ, દિલીપભાઇ, હિરાબેન તથા પ્રવીણાબેનના ભાઇ. સ્વ. મિહિર, અમિ વૈભવ ઓઝાના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫ રવિવારના ૩થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ગ્રાઉન્ડ ફ્લોર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે, ક્રિયા તીર્થ સ્થાને રાખેલ છે.

**કપોળ**

ચિતવાળા સ્વ. રમાબેન મનસુખલાલ ઓધવજી મહેતાના પુત્ર પ્રકાશ (ઉં. વ. ૭૪) તે મીનાના પતિ. તેજસ, જીગરના પિતાશ્રી. અશોક, વિજય, હરેશનાભાઇ. તેજલ, સિદ્ધિના સસરા. જીયાંગ, જીલમીલના દાદા. સ્વ. નાગેશ્રીવાળા રતિલાલ ચકુભાઇ મહેતાના જમાઇ. તા. ૧૧-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રા. સ. તા. ૧૬-૩-૨૫ના ૪થી ૬. ઠે. ૬ પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**પેટલાદી વડનગરા નાગર બ્રાહ્મણ**

પેટલાદ નિવાસી હાલ સાંતાક્રુઝ દિલીપ કમળાકાન્ત ત્રિવેદી (ઉં. વ. ૯૨) રવિવાર, તા. ૯-૩-૨૫ના અવસાન પામ્યા છે. તે પંકજ ત્રિવેદીના પતિ. લવંગિકા ત્રિવેદીના જેઠ. દિગંત, તપનના પિતા. સંગીતા, નિર્મીના સસરા. આદિત્ય, તન્મયના દાદા. ઉઠમણું સોમવાર, તા. ૧૭ના ૫થી ૭. ઠે. વિશ્વેશ્વર ભવન પહેલે માળે, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (પ.).

**શ્રીમાળી સોની**

મુ. વ. વઢવાણ નિવાસી હાલ દિલ્હી, જસુમતી લાભચંદ્ર આદેશરા (ઉં. વ. ૧૦૨) તા. ૧૩-૩-૨૫ના મુંબઇ ખાતે મૂર્તિનિવાસી થયા છે. તે સ્વ. હસમુખભાઇ, નવીનભાઇ, સ્વ. કલ્પલતા, સૌ. સુધા અને જયેશભાઇના માતુશ્રી. તે સ્વ. પુષ્પા, સૌ. સુરભી અને સૌ. પલ્લવિકાના સાસુ. અનુ, રાહુલ અને ગીતાંજલિના દાદી. સોનાલી, મોનાલીના નાની. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

પ્રદ્યુમન સંપટ તે કિરણ હરગોવિંદાસ તથા સ્વ. ભાનુબેન સંપટના પુત્ર. તે પારુલબેનના પતિ. સ્વ. દીપાબેન અને સ્વ. વિજયસિંહ ચાતુભૂજના જમાઇ. મનન અને હાર્દિકના પિતા. સૌ. મેઘાના સસરા. ચી. નિર્મિતના દાદા. તે સરોજબેન અને ત્રંબકલાલ પારેખના વેવાઇ તા. ૧૪-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા નાગર વણિક**

નાગર વાણિયા ડો. રાજન મનુભાઇ ડોક્ટર (ઉં. વ. ૭૭) વાલકેશ્વર ગુરુવાર, તા. ૧૩-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ડો. વિશાખાબેનના પતિ. ડો. જેસન-ડો. બીજલ ડોક્ટરના પિતાશ્રી. શિશિરભાઇ, ચારુબેન, સ્વ. ડો. નૈષધભાઇ, સ્વ. આઇલીસબેનના ભાઇ. આયુષી અને આઇશાલીના દાદા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૭-૩-૨૫ના ૫થી ૬. ઠે. ફેલોશિપ ઓફ ધ ફિઝીક્લી હેન્ડિકેપ્ડ, લાલા લજપતરાય રોડ, વરલી, મુંબઇ-૪૦૦૦૩૪. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

સિહોર નિવાસી હાલ બોરીવલી અ. સૌ. ઉષાબેન તે નવનીતલાલ નાથાલાલ જગડ (ખત્રી)ના ધર્મપત્ની (ઉં. વ. ૭૦) રજનીકાંત, પરેશભાઇ તથા રમીલાબેન રમણીકલાલ, ભારતીબેન ગુણવંતરાય, ક્રિષ્ણાબેન રાજેશકુમાર, કુમુદબેન રજનીકાંતના ભાભી. ભાવેશભાઇ તથા માધુરીબેન બંકિમકુમાર વૈદના માતુશ્રી. હરગોવિંદદાસ વીરજી બગરીયાના દીકરી. રમેશભાઇ, સ્વ. હેમંતભાઇ, સ્વ. રેખાબેન રજનીકાંત, નીલાબેન વિજયભાઇના બેન. તા. ૧૪-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ઠે. નવનીતલાલ નાથાલાલ જગડ (ખત્રી), ૬૦૧, ન્યુ ગોપાલ બિલ્ડિંગ, બાભઇ નાકા, એલ. ટી. રોડ, મલબાર ગોલ્ડ શો રૂમ પાસે, બોરીવલી (વેસ્ટ).

**પટેલ જ્ઞાતિ**

તારાપુર ગુજરાત નિવાસી ચરોતરના પટેલ હાલ ગોરેગાંવ સ્વ. હીરાબેન ચંદુલાલ પટેલના દીકરા. સ્વ. શૈલેષ પટેલના મોટાભાઇ. બ્રહ્માકુમારી શોભાબેન પટેલના ભાઇ સુનિલ પટેલ (ઉં. વ. ૬૪) તા. ૧૪-૩-૨૫ના પરલોક નિવાસ પામ્યા છે. શોકાકુલ સુધીર નરભેરામ પટેલ, જનકરાજ વકીલ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૬-૩-૨૫ના ૫થી ૭. ઠે. ગોરેગાંવ એડ્યુકેશન સોસાયટી, ૨૨૦ જવાહર નગર, રોડ નં.૧૪, ગોરેગાંવ (વેસ્ટ).

**ઔદિચ્ય બ્રાહ્મણ**

મૂળ ઉનાવા (ઊંઝા) મહેસાણાના સ્વ. મનુભાઇ ગોવિંદલાલ રાવલ અને સ્વ. ઇન્દિરાબેન મનુભાઇ રાવલના પુત્ર પીયૂષ (ઉં. વ.૬૧) તે સ્વ. હરકાંતભાઇ તુળજારામ વ્યાસ અને સ્વ. ઉષાબેન હરકાંતભાઇ વ્યાસના જમાઇ. તે સંગીતાબેન રાવલના પતિ. નિનાદના પિતા. નિધિના સસરા. ગં. સ્વ. સુનંદા શેનોયના વેવાઇ ગુરુવાર, તા. ૧૩-૩-૨૫ના નાયગાંવ, મુંબઇ નિવાસે અવસાન પામ્યા છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ મસ્કા હાલ મુલુંડ સ્વ. તારાબેન રામજીભાઇ આડઠક્કરના સુપુત્ર જગદીશભાઇ (ઉં.વ. ૬૪) તા. ૧૩-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દિવ્યાબેનના પતિ. મિતેશ, નમ્રતા પિયુષભાઇના ઠક્કરના પિતા. રેખાબેન હરીશભાઇ, કોકિલાબેન રમેશભાઇ, જયશ્રીબેન દિપકભાઇના નાનાભાઇ. ઘાટકોપર નિવાસી સ્વ. કાન્તાબેન મેઘજી ખટાઉ અનમ, ગામ (લાખણિયા) વાળાના જમાઇ. દર્શીલ, વીર, વિવાનના નાના. આરતી, જીતેન, મયંક, પ્રિયંકા, પુનિત, કેયુરના મામા. નેહા પાર્થના ફૂઆ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫ના રવિવારે સાંજે ૫.૩૦થી ૭. ઠે. મુક્તેશ્વર મહાદેવ મંદિર, ડો. આર. પી. રોડ, સ્મશાન ભૂમિની બાજુમાં, મુલુંડ. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**લોહાણા**

મૂળ ધરાઇના વતની હાલ ડોમ્બિવલીના દિનેશભાઈ લક્ષ્મીદાસભાઈ વસાણી (ઉં. વ. ૬૮) તા.૧૩/૦૩/૨૫ના શ્રીજી ચરણ પામેલ છે. તે રેખાબહેનના પતિ. કલ્પેશભાઈ, વિજયભાઈ તથા શીતલબહેનના પિતા. સાગરકુમાર મુકુંદભાઈ દીક્ષિતના સસરા. પંકજભાઈ, રાજુભાઈ, નીતિનભાઇ તથા ભરતભાઈના ભાઈ. તે મગનલાલ વલ્લભદાસ સિરોદરીયાના જમાઈ. તથા ધ્રુવ કલ્પેશભાઈ વસાણીના દાદા. તેમની પ્રાર્થના સભા તથા સ્વરસુરપક્ષ ની સાદડી તા ૧૭/૦૩/૨૫ સોમવાર ના રોજ ૪ થી ૫ દરમિયાન લોહાણા મહાજન વાડી, સુખ સાગર ડેરી ની બાજુમાં શિવ મંદિર રોડ, જય શિવમ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ડોમ્બિવલી ઇસ્ટ. ખાતે રાખેલ છે.

**શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ**

જામનગર નિવાસી હાલ કાંદિવલી કિશોરભાઈ પાર્વતીપ્રસાદ ત્રિવેદીના ધર્મપત્ની અ.સૌ. પ્રફુલાબેન ત્રિવેદી (ઉં. વ. ૭૯) તે ૧૩/૩/૨૫ના અવસાન પામેલ છે. તે સંદીપ તથા અલ્પા હિતેષભાઇ યાજ્ઞિકના માતુશ્રી. કવિતા તથા હિતેષભાઇના સાસુ. ધનિષા, જીવિકાના દાદી. પિયરપક્ષે ભાવનગર ઘોઘા નિવાસી સ્વ. કાંતિલાલ ભોગીલાલ વ્યાસ ના દીકરી, દિલીપભાઈ (ડી કે વ્યાસ)ના બહેન. તેમની પ્રાર્થનાસભા ૧૭/૩/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ કાંદિવલી સ્વ. નાનાલાલ જેચંદ વાઘાણીના પુત્રવધૂ તથા ગીરીશભાઈના ધર્મપત્ની અ.સૌ જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૬) તે ૧૩/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નીરજ-દીપલી તથા દિપાલી નિશિત પારેખના માતુશ્રી. સ્વ. મોહનલાલ ખેતશી સંઘાણીના દીકરી, સ્વ. શાંતિભાઈ, સ્વ. કંચનબેન પ્રફુલચંદ્ર ધાબળિયા, ધીરજલાલ, સ્વ. રજનીકાંત,સૂર્યકાન્ત, નરેશભાઈ, સતિષભાઈના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૧૭/૩/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે શ્રી વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**સુરતી કંસારા**

સ્વ. સોભાગચંદ્ર નટવરલાલ કંસારા (ઉં. વ. ૭૭) જેઓ ૧૦-૦૩-૨૦૨૫ ના રોજ એમના નિવાસ સ્થાને એ-૫૦૪ મહાલક્ષ્મી પ્રસાદ આર. એમ. ભટ્ટાડ રોડ ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ) ખાતે શ્રીચરણ પામ્યા છે. તેઓ સ્વ. નટવરલાલ કંસારા અને ગં. સ્વ. ઉમિયાબેનના પુત્ર. દિલીપકુમાર નટવરલાલ કંસારના મોટા ભાઇ. અમોલી તેમજ રાધિકાના મોટાપપ્પા થાય.

**સુરતી દશા પોરવાડ વણિક જ્ઞાતિ**

સ્વ. શિરીષભાઈ અને લતાબેન વકીલના સુપુત્ર દેવલ (ઉં. વ. ૫૮) મૌસુમીના પતિ. જય અને વૃંદાના પિતા ૧૨/૩/૨૫ રોજ શ્રીચરણ પામ્યા છે. તે સ્વ પ્રશાંત અને બેલાના ભાઈ. સ્વ મુકુંદભાઈ અને સ્વ મીનાબેન રાંદેરિયાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા ૧૬/૩/૨૫ એ સાંજે ૫ થી ૭ રાખેલ છે. લાયબ્રેરી, બેસન્ટ સ્ટ્રીટ સાન્તાક્રુઝ વેસ્ટ.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

કોળીયાક નિવાસી હાલ ભાયંદરના સ્વ. જયાબેન ભાયદાસ મહેતાના પુત્ર મહેન્દ્રભાઈ મહેતા (ઉં. વ. ૮૦) તે ૧૧/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે કંચનબેનના પતિ. સોનલના પિતા. મુકેશભાઈ વલ્લભભાઈ શાહના સસરા, સ્વ. દેવીન્દ્રાબેન પ્રતાપરાય મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ડબલ ટૉલ

ફાસ્ટેગની મૂંઝવણ ટાળવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) દ્વારા નિર્ધારિત નીતિઓ અને રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના નિર્દેશો અનુસાર છે. જોકે એમએસઆરડીસીએ દહિસર, મુલુંડ પશ્ચિમ, મુલુંડ પૂર્વ, ઐરોલી અને વાશીમાં હળવાં વાહનો, રાજ્ય પરિવહન બસો અને સ્કૂલ બસોને ટોલ ચૂકવવાથી મુક્તિ આપી છે. આ ઉપરાંત, એમએસઆડીસી હેઠળનાં અન્ય ટોલ સેન્ટરો, જેમ કે બાંદ્રા-વરલી સી લિંક, મુંબઈ-પુણે એક્સપ્રેસવે, ઓલ્ડ મુંબઈ-પુણે હાઇવે, મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે, નાગપુર ઇન્ટિગ્રેટેડ રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, સોલાપુર ઇન્ટિગ્રેટેડ રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, છત્રપતિ સંભાજી નગર ઇન્ટિગ્રેટેડ રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, કાટોલ બાયપાસ અને ચિમુર-વરોરા-વાની હાઇવે, એ પણ પહેલી એપ્રિલથી આ ફાસ્ટેગ દ્વારા ચૂકવણી કરવી પડશે.

# જૈન મરણ

**રાધનપુર જૈન**

રાધનપુર તીર્થ નિવાસી સ્વ. વર્ષાબેન જગદીશભાઈ દલાલના સુપુત્ર વિરલભાઈ (ઉં.વ. ૪૩) તે પુજાના પતિ. ત્રિશાના પિતાશ્રી. ભાવિની પ્રણવકુમાર જોશીના ભાઈ. રાશી, કનીશ્કાના મામા. તરુણાબેન પંકજભાઈ દોશીના જમાઈ તા. ૧૦-૩-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫, રવિવારના ૩થી ૫. સ્થાનકવાસી હોલ, શંકર મંદિરની સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વે.).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજીનિવાસી હાલ કાંદિવલી સ્વ. ચીમનલાલ મણીલાલ દેસાઈના ધર્મપત્ની મુક્તાબેન (ઉં.વ. ૯૦) ગુરુવાર, તા. ૧૩-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દીપક, શૈલેષ, ચેતના વસાના માતુશ્રી. માધવી મિનલ તથા હિતેન વસાના સાસુ. નિશીત, સનમ, કરણ, રિદ્ધી, તન્વી, નિકિતા, માયરાના દાદી-નાની. હરજીવનદાસ જાદવજી દોશીના દીકરી. સ્વ. હરસુખભાઈ, સ્વ. પ્રતાપભાઈ, કાંતિભાઈ, કિશોરભાઈ, સ્વ. સવિતાબેન, સ્વ. શારદાબેનના બેન. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ થાણા વિજય રમણલાલ શાહ (ઉં.વ.૬૬) મંગળવાર, તા. ૧૧-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિરંજના અને સ્વ. રમણલાલ ભગવાનદાસ શાહના પુત્ર. નિશાના પતિ. સિદ્ધાર્થના પિતા. તે કિશોર, હંસા, કૈલાશ, પ્રકાશના ભાઇ. તે હર્ષા કિશોર શાહના દીયર. તે સ્વ. લીલાવંતીબેન અને સ્વ. દશરથભાઇ બ્રહ્મભટ્ટના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ભાયંદર યશવંતરાય રવાસા (ઉં. વ. ૭૯) તે સ્વ. વિમળાબેન શાંતિભાઇ રવાસાના સુપુત્ર. અને સ્વ. ઇલાબેનના પતિ. રાજન અને સિદ્ધાર્થના પિતાશ્રી. સ્વ. રમેશભાઇ, પ્રવીણભાઇ, જીતુભાઇ, નરેન્દ્રભાઇ, ભાનુબેન, પન્નાબેનના ભાઇ. કિંજલ અને પાયલના સસરા. રંઘોળાના નાગરચંદ વચ્છરાજ શાહના જમાઇ ગુરુવાર તા. ૧૩-૩-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સિહોર નિવાસી હાલ બોરીવલી સ્વ. કંચનબેન પ્રેમચંદભાઇના સુપુત્ર વિરેન્દ્રભાઇ તા. ૧૪-૩-૨૫ના અવસાન પામેલ છે. તે નયનાબેનના પતિ. તે સ્વ. હર્ષદભાઇ તથા સ્વ. ચંદ્રકાંતભાઇના ભાઇ. સ્વ. રસીલાબેન તથા સ્વ. રંજનબેનના દીયર. તે શીતલબેન સુરેશકુમાર, પાયલબેન રાજેશકુમારના પિતાશ્રી. તે વર્ષાબેન પ્રદીપકુમાર, રાજેશભાઇ તથા મનીષભાઇના કાકા. તે શ્વસુર પક્ષે ધીરજલાલ દુર્લભદાસના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ખોડી (રૂગનાથ) નિવાસી હાલ બોરીવલી સ્વ. લાભુબેન કપૂરચંદભાઇ દેસાઇના સુપુત્ર ચીમનભાઇ (ઉં. વ. ૭૯) તે સ્વ. પદમાબેનના પતિ. ચેતનભાઇ તથા નીતાબેનના પિતાશ્રી. કેતનભાઇ ઝાટકીયા તથા રૂપલબેનના સસરા. તે ચંદુભાઇ, સ્વ. કિશોરભાઇ, કૈલાસબેન હસમુખરાય ખારાના મોટાભાઇ. તે સ્વ. શાંતાબેન મોહનલાલ ઢૂંઢીયાના જમાઇ. તે ધ્રુવીન તથા અર્ની જીજ્ઞેશભાઇ ગાંધીના દાદા. તા. ૧૪-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫ના રવિવારે ૧૦થી ૧૨. ઠે. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**૪૭ જ્ઞાતિ જૈન**

ખરોડ નિવાસી હાલ મલાડ સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહના સુપુત્ર. હરેશભાઇ તે મીનાબેનના પતિ. નિકિતા મિહિલ ઝવેરી, સ્નેહલ આર્યન શુકલાના પિતા-સસરા. મીનાબેન, રેણુકાબેન, બેલાબેન, મુકેશભાઇ, કમલેશભાઇના ભાઇ. સ્વ. રમણલાલ સ્વરૂપચંદ શાહ ખરવડાના જમાઇ તા. ૧૪-૩-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫ રવિવારના ૪થી ૬. ઠે. વૈષ્ણવી હોલ, પારેખ લેન, કાંદીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના અનિલ રવજી શાહ/નાગડા (ઉં. વ. ૬૪) તા. ૧૧.૩.૨૦૨૫ના અવસાન પામ્યા છે. રતનબેન રવજી શામજીના સુપુત્ર. હીનાના પતિ. મીતના પિતાશ્રી. ધીરજલાલ, ચુનીલાલ, વાડીલાલ, વાંકીના લક્ષ્મીબેન લક્ષ્મીચંદ ગાંગજી, બિદડાના જવેરબેન દામજી કોરશી, કોડાયના રમીલા કાંતિલાલ ગાંગજી, કુંદરોડીના કલા દિનેશ ગાંગજીના ભાઈ. શેરડીના કેસરબેન કેશવજી નાગજી વીરાના જમાઈ. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. અનીલ રવજી શાહ : બી/૨/૫૦૪, અંબર એન્કલેવ, ન્યુ કલ્યાણ રોડ, લક્ષ્મી પાર્કની પાસે, ઠાકુર્લી.

પુનડીના પ્રવિણ છેડા (ઉં. વ. ૭૦) ૧૫/૩/૨૫ના અવસાન પામ્યા છે. હીરબાઈ ગાંગજી મુરજીના પુત્ર. તરૂણાના પતિ. પુનમ, હીતુલ, હાર્દિકના પિતા. પોપટ, મણી, હરખચંદ, ભારતી, સરોજ ના ભાઈ. શેરડી લીલબાઇ લીલાધર લખમશી ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણ છેડા, પ્રેમ સંબંધ સોસાયટી, અશોકનગર, ભાંડુપ-ઇ, મું. ૪૨.

સાડાઉના શ્રી પ્રવીણ નાગજી ગાલા (ઉં. વ. ૭૨) (મીના સોપ વર્કસ) તા. ૧૩-૦૩-૨૫ ના દેવગતિ પામ્યા છે. દિવાળીબેન નાગજી ગાલાના સુપુત્ર. સ્મિતા (ભાનુ) ના પતિ. કુંજલ, કોમલ, કુણાલના પિતા. શાંતા, મણિ, ચંદુલાલ, વસંત, નિલેશ, નિલમ ના ભાઈ. મોટી ખાખરના લક્ષ્મીબેન દામજી વેલજી ગંગરના જમાઈ. પ્રા. શ્રી લખમશી નપ્પુ હોલ, માટુંગા, ટા. ૩થી ૪:૩૦.નિ. : કુણાલ ગાલા, ૧૪૮/૫, વસંત બિલ્ડીંગ, વડાલા, મું-૩૧.

રામાણીયાના ચંચળબેન ગાંગજી રાંભીયાના જમાઇ મુંબઇના ગજાનન ઘાડીગાંવકર (ઉં. વ. ૭૩) તા. ૧૨/૩/૨૫ના મુંબઇમાં અવસાન પામેલ છે. તે સરસ્વતી બાળા ઘાડીગાંવકરના સુપુત્ર. રેખાના પતિ. પંકજ, તુષારના પપ્પા. પ્રાર્થના રાખેલ નથી. નિ. રેખાબેન જી. ઘાડીગાંવકર યોગ મીલન બીલ્ડીંગ, ફ્લેટ નં. ૧૦૧, ફોરજેટ હીલ, મુંબઇ-૪૦૦૦૦૭.

મોટા આસંબીયાના મણીલાલ છેડા (ઉં. વ. ૭૬) તા. ૧૪/૦૩ના અવસાન પામેલ છે. ગાંગબાઇ દામજીના પુત્ર. સ્વ. લક્ષ્મી (વિણા)ના પતિ. તલવાણા બીના રાહુલ, નાની ખાખર રૂપલ સંજય, બેરાજા જીનલ નયન, માંડવી અમિષા મુકેશના પિતા. લક્ષ્મીચંદ, ભાઇલાલ, અશ્વિનના ભાઇ. ગઢસીસા જેતબાઇ ચના કચરા, ફરાદી વસંતબેન ભવાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દે લેવી નહીં. નિ. મણીલાલ છેડા, બી-૧૬-૪૦૧, વિનય નગર, પ્લેઝન્ટ પાર્ક, મીરા-ભાયંદર રોડ, મીરારોડ થાના.

# પારસી મરણ

ફ્રેની જંગુ લથ તે મરહુમ જંગુના ધનિયાની. તે મરહુમો સીલ્લામાય બરજોર જોખીના દીકરી. તે બુરઝીન ને એરીકના માતાજી. તે થ્રીતિ ને મેહરનાઝના સાસુજી. તે રુસ્તમ, વીરા, ડોલી, યઝદી તથા મરહુમો જાલ, બોમી, ખુશરુના બહેન. તે અનીશા, અઇશા ને ઝીનીયાના બપઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૫/૧૦, પંથકી બાગ, એચ. સેનેટોરિયમ લેન, અંધેરી (ઇ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૩-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

એદલ જહાંગીરજી કલવચયા તે મરહુમો માનેકબાઇ જહાંગીરજી કલવચયાના દીકરા. તે ફ્રેની પી. કરાઇ તથા મરહુમો મીનુ, બજી, રતન, ડોસામાય, નરગીસમાયના ભાઇ. તે શેહરુ, રોશની, નરગીશ, કેશમીરા, માહારુખ, બેહરોઝ, સાઇરસના કાકા. તે સોલી, પરવેઝ, વીરાફ, યાસમીન, ઝરીન, ફરાનહ તથા મરહુમ અસપીના મામા. તે મરહુમ ધનના કાકા. (ઉં. વ. ૮૯) રે. ઠે. જી-૧૦/૦૩, ગોદરેજ હીલ સાઇડ, પીરોજશા નગર, વીખરોલી, મુંબઇ-૪૦૦૦૭૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૩-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડીયા બંગલીમાં છે.

---

રામાણીયાના મુલચંદ સાવલા (ઉં. વ. ૭૭) તા. ૧૪/૩/૨૫ ના મુંબઈમાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કાનજી કરમશીના પુત્ર. પ્રભાના પતિ. ફાલ્ગુની, ચિંતકના પિતા. કસ્તુરબેન (લાછબાઈ), કેશવજીના ભાઈ. ગેલડાના દેમુબેન રવજી કેશવજી વોરાના જમાઈ. પ્રા. વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ સંચાલિત શ્રી કરસન લધુભાઈ નિસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫:૩૦.

કોડાયના પુષ્પાબેન પ્રવિણચંદ્ર નંદુ (ઉં. વ. ૮૧) તા. ૧૨.૩.૨૫ ના દેહપરિવર્તન આદરેલ છે. પ્રવિણચંદ્ર નાનજીના ધર્મપત્ની. સુંદરબાઈ નાનજી દેવરાજના પુત્રવધૂ. શૈલેષ, અનીલ, ભાવનાના માતુશ્રી. દેશલપુર-કંઠીના વેલબાઈ વિજપાર શીવજી દેઢિયાના સુપુત્રી. કુંવરજી, કોરશી (છગન), લક્ષ્મીચંદ, નાના ભાડિયાના મણીબેન ધનજી, રૂક્ષ્મણી ગુલાબચંદ, બાડાના હસુમતી વસંતના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

બગડાના ચંચલબેન છેડા (ઉં. વ. ૮૨) તા.૧૩/૩/૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હાંસબાઈ માલશી કાનજી છેડાના પુત્રવધૂ. સ્વ. ધનજીના પત્ની. કારાઘોઘાના સ્વ. લક્ષ્મીબેન હરશી શિવજીની પુત્રી. સ્વ ચેતના રાજેશ હિતેશના માતૃશ્રી. ભુજપુરના રૂક્ષ્મણી કલ્યાણજી, રાપરના કેસરબેન મણીલાલ, શાંતીલાલ, પ્રાગપુરના લીલાવંતી ગાંગજી, બિદડાના સરલા સુરેશ, મુન્દ્રાના હેમલતા મગનલાલ, પ્રવિણ, જયંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધનજી છેડા, ૧૦૨ શીતલ બી ઓવરીપાડા દહીંસર (ઇ) ૬૮.

છસરાના શાંતિલાલ નાનજી ગાલા (ઉં. વ. ૮૬) તા. ૧૩.૩.૨૫ ના અવસાન પામ્યા છે. લીલાબેન નાનજી શીવજીના સુપુત્ર. નિર્મળાબેનના પતિ. સંગીતા, જયેશ, બીંદુના પિતાશ્રી. પોપટ, મનસુખ, પત્રી વિમળા હરીલાલ, લુણી ચંચળ/રતન ખીમજી, પ્રાગપુર કાંતા ધારસી, ગુંદાલા ગુણવંતી કાંતિલાલ, છસરા ઉર્મિલા શાંતિલાલના ભાઈ. વાંકી ગોમીબાઈ રામજી ભુલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉમેશ નંદુઃ ૩૦૧, કિંજલ, આંબેડકર રોડ, મુલુંડ-વે, મું-૮૦.

બિદડા (ઓતરો) ફરીયોના ડો.દેવકાબેન દામજી શાહ (ફુરીયા) (ઉં. વ. ૮૯) તા.૧૨-૩-૨૦૨૫, અવસાન પામેલ છે. માતુશ્રી મુરીમા ડો. કરમશી મુરજી શાહ (ફુરીયા) ના પુત્રવધુ. ટુંડાના માતુશ્રી મમીબાઈ શામજી લખમશી દેઢિયાના પુત્રી. ડો.દામજી કરમશી શાહ (કુરિયા) ના ધર્મપત્ની. સ્વ.ડો.મુકેશ, રજનીના માતા. પ્રાર્થના રાખેલ નથી. નિ.રજની અલીખાન, એ-૩૦૩, ઈન્ફીનીટી ટાવર, મઝગામ, મુંબઈ-૪૦૦૦૧૦.

ડુમરાના લક્ષ્મીચંદ દેવજી શાહનંદ (એલ.ડી. શાહ) (ઉં. વ. ૯૨) તા.૧૨-૦૩-૨૫ના કચ્છ બીદડા મધ્યે અવસાન પામેલ છે. ભાણબાઈ દેવજી લખમશીના સુપુત્ર. સાકરબેનના પતિ. સુમનના પિતાશ્રી. વેરશી, મંજલ રેલડીયાના હીરબાઈ ખીંયશી, ચાંગડાઈના સુંદરબાઈ મુલજી, ચીયાસરના પુરબાઈ રવજીના ભાઈ. પુરબાઈ/કેશરબાઈ લાલજી જાદવજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. વર્તમાન સંજોગો ને અનુલક્ષીને ઘરે આવવાની તકલીફ ન લેવા નમ્ર વિનંતી. નિવાસઃ સુમન લક્ષ્મીચંદ શાહ, લક્ષ્મી નિવાસ, ૧૭ મે માળે, ૨૨૮-સર ભાલચંદ્ર રોડ, રૂઈયા કોલેજની પાછળ, માટુંગા (સે.રે.).

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ વિલે પાર્લા (વેસ્ટ), રાજીવ પોપટલાલ શાહ, ગં. સ્વ. કૈલાશબેન પોપટલાલ શાહના સુપુત્ર, ભાવનાબેનના પતિ, આકાશના પિતા. જયશ્રીબેન રાજેશભાઇ અજમેરા, જીજ્ઞાબેન નયનભાઈ શેઠ, અવની કેતનભાઈ ભણસાલીના ભાઈ. પાણશીણા નિવાસી સ્વ. ભોગીલાલ કેશવલાલ શાહના જમાઈ, શોભનાબેન સુરેશભાઈ, ભરતભાઈ રેખાબેન, ભુપેનભાઈ સેજલબેનના સાળા તા ૧૫/૦૩/૨૫ ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ

**દશા શ્રીમાળી બેતાલીસી જૈન**

માંકણજ નિવાસી, હાલ કાંદીવલી, કિર્તીભાઈ સકરચંદ શાહ, (ઉં. વ. ૬૭) નિલાબેનના પતિ. જૂર્વી અમીતકુમાર શાહ અને રીમા સૌરીનકુમાર શાહના પિતાશ્રી. નક્ષ અને કિયાંશના નાના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, સોમવાર, તાઃ ૧૭/૩/૨૫ ના રોજ, સમયઃ ૫થી ૭. ઠે. ૪ થે માળે, સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં, શંકરના મંદિરની સામે, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ, મુંબઈ - ૬૭.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ. રાજીબેન લાલજીભાઈ દેશર ગડા (ઉં. વ. ૮૫) તા. ૧૩.૩.૨૫ના રોજ અવસાન પામેલ છે. સ્વ. સોનાબેન સુરા રીણા ગડાના પૌત્રવધૂ. સ્વ. કરમાબેન દેશરના પુત્રવધૂ. મીના, રતન, નિર્મળા, પ્રવિણના માતુશ્રી. ધનજી ફરીયા,હીરજી છાડવા, ચુનીલાલ છાડવા, છાયાના સાસુ, સ્નેહા, સિધ્ધીના દાદી. સ્વ. કોરઈબેન વાલજીના પુત્રી. પ્રાર્થના સભા સોમવાર તા.૧૭.૦૩.૨૫ના સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ શ્રી કરશન લધુ નિસર, હોલ, દાદર-વેસ્ટ.

**વેરાવળ દશા શ્રીમાળી જૈન**

વેરાવળ નિવાસી હાલ મુંબઈ રંજનબેન કિશોરચંદ્ર શાહ (ઉં. વ. ૮૬) તે સ્વ. કિશોરચંદ્ર ગુલાબચંદ શાહના ધર્મપત્ની. નીતા, ફાલ્ગુની, તેજસના માતુશ્રી. સ્વ. કુમારભાઈ, ભરતભાઈ, ભાવેનભાઈના સાસુ. પોરબંદર નિવાસી ચુનીલાલ પ્રાગજીભાઈ શાહના દીકરી. ઉમંગ, કૌશલ, ઇશિતા, ફોરમ, ધાર્મિકના નાની.તે ૧૩/૩/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી બહેન યોજનાને લીધે મારા વિભાગને ૭,૦૦૦ કરોડ રૂપિયાનો ફટકોઃ શિરસાટ

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તાજેતરમાં જ બજેટ રજૂ કર્યુ હતું. બજેટમાં અજિત પવારે પોતાના પ્રધાનોને લહાણી કરી હોવાનું કહેવાઈ રહ્યું હતું અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પ્રધાનોના ભંડોળમાં કાપ મુકાયો હતો, એવી અટકળો પણ વહેતી થઇ હતી. હવે શિંદેસેનાના નેતા સંજય શિરસાટે બજેટ અંગે જાહેરમાં નારાજગી વ્યક્ત કરી છે.

સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે કહ્યું હતું કે લાડકી બહીણ યોજના સારી છે. તે માટે પૈસા આપવા જોઇએ. મારો આક્ષેપ છે કે સામાજિક ન્યાય તથા આદિવાસી ખાતાને જે પૈસા આપવા પડે છે તેમાં કાપ મૂકાવા લાગતો નથી. લાડકી બહીણ માટે ચાર હજાર કરોડ રૂપિયા, પ્રધાનમંત્રી આવાસ યોજના માટે ૧૫૦૦ કરોડ રૂપિયા, ઊર્જા વિભાગ માટે ૧૪૦૦ કરોડ રૂપિયા, એમ કુલ સાત હજાર કરોડ રૂપિયાનો ફટકો મારા વિભાગને પડ્યો છે. મારો વિભાગ પછાત વર્ગને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કરે છે. તેના ભંડોળમાં જ કાપ મૂકવાથી કેવી રીતે થશે. સામાજિક ન્યાય વિભાગ એ સામાન્ય લોકો, દલિત, વંચિતો માટેનો વિભાગ છે. આ વિભાગના ભંડોળમાં જ કાપ મૂકવાથી વિકાસ કેવી રીતે થશે, એવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો. સામાજિક ન્યાય વિભાગના ભંડોળમાં કાપ ન મૂકવા માટે વિનંતી કરતો પત્ર મુખ્ય પ્રધાન તથા નાણાં પ્રધાનને કરીશું. મારા વિભાગના ભંડોળમાં કાપ મૂકવા પહેલા સંમતી લેવાની જરૂર હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# મુંબઈ કરતા માથેરાન ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં શુક્રવારે ધુળેટીની રજાની સાથે જ શનિ-રવિ એમ એકી સાથે જ ત્રણ દિવસની રજા મળવાને કારણે મુંબઈગરા નજીકના હિલ સ્ટેશન પર ઉપડી ગયા છે. જોકે મુંબઈની સૌથી નજીકના હિલ સ્ટેશન ગણાતા માથેરાનમાં મુંબઈ કરતા પણ વધુ ગરમી પડી રહી છે. શનિવારે માથેરાનમાં મહત્તમ તાપમાનનો પારો ૩૫.૨ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો. મુંબઈમાં ગયા અઠવાડિયે ગરમીનું મોજું ફરી વળ્યું હતું અને તાપમાનનો પારો ૩૯.૨ ડિગ્રી સુધી ઊંચો નોંધાયો હતો. જોકે હવે તાપમાનનો પારો નીચે ઉતર્યો છે અને ગરમીમાં ઘટાડો થયો છે. શનિવારે મુંબઈમાં હિલ સ્ટેશન માથેરાન કરતા પણ ઓછું તાપમાન નોંધાયું હતું. દિવસના માથેરાનમાં મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી સામે મુંબઈમાં ૩૫.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈમાં ગયું આખું અઠવાડિયું હીટ વેવની અસર હેઠળ તાપમાનનો પારો ઊંચો નોંધાયો હતો. જોકે ધીમે ધીમે પારો નીચે ઉતરી રહ્યો છે. શનિવારે મુંબઈમાં સાંતાક્રુઝમાં ૩૫.૧ ડિગ્રી અને લઘુતમ ૨૩.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી નોંધાયું હતું. આ દરમ્યાન રાજ્યમાં ઉનાળાની અસર જણાઈ રહી છે. વિદર્ભમાં આકરો ઉનાળો ચાલુ થઈ ગયો છે. મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૩૯ ડિગ્રીથી ૪૨ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન ચંદ્રપુરમાં ૪૨.૦ ડિગ્રી જ્યાકે મહાબળેશ્વરમાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. ■


ઘૂંટણની સમસ્યા અને સમાધાન

## રોબોટિક Knee રિપ્લેસમેન્ટ વિશેષ શું જાણશો?



ડૉ. આશીત શાહ રોબૉટ મશીન સાથે
MS, MCH orth, FRCS orth (London),
ROBOTIC KNEE REPLACEMENT SURGEON

★ મેં સન ૨૦૧૨માં આપની પાસે એક ઘૂંટણનું Knee Replacement ઑપરેશન કરાવ્યું છે જે સરસ Recover થઈ ગયું છે. હવે બીજા ઘૂંટણનું ઑપરેશન કરાવવું છે-તો આપ રોબોટિક Knee Replacement ઑપરેશન કરો છો તો તેનો મને શું ફાયદો થશે?

- ક્રિષ્ણાકાન્ત પટેલ (ઉંમર ૬૫ વર્ષ)

૧૩ વર્ષની પીડામુક્ત અને આનંદદાયક જિંદગી માટે આપને અભિનંદન.

હું છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી રોબોટિક Knee Replacement ઑપરેશન પણ કરું છું. (મુંબઈમાં છેલ્લા કેટલાક સમયથી રોબોટની મદદ વડે ઑપરેશન થાય છે.) અહીં એ ગેરમાન્યતા દૂર કરવી રહે કે રોબોટિક Knee Replacement ઑપરેશનમાં સર્જન જ ઑપરેશન કરે છે અને ઑપરેશન સમયે અમુક મહત્ત્વની ગણતરી વખતે Robotની મદદ લેવામાં આવે છે.

**રોબોટની મદદથી ઑપરેશન કરતી વખતેના ફાયદા...**

- ઑપરેશન પૂર્વે અતિ ચોકસાઈપૂર્વકનું પ્લાનિંગ.
- ઘૂંટણની ઘસાયેલી ઢાંકણીની સચોટ કાપકૂપ (૧ મિ.મિ.થી પણ ઓછી માત્રાની ચોકસાઈ)
- ઢાંકણીની કાપકૂપ દરમિયાન આજુબાજુના લિગામેન્ટસ, ટિસ્યુમાં બિલકુલ ફેરફાર નહીં.
- ઘૂંટણની શસ્ત્રક્રિયા દરમિયાન આખો પગ જે અર્ધગોળાકારમાં વળી ગયો હોય તેનું સીધું કરવું. રોબોટિક Knee Replacement ઑપરેશનના આ બધા ફાયદાને લીધે દર્દીની રિકવરી ઘણી જ ઝડપી થાય છે.

★ મારી ઉંમર ૭૪ વર્ષની છે અને મને ઘૂંટણના Knee Replacement ઑપરેશનની સલાહ મળી છે તો શું મારા માટે Robotic Knee Replacement ઑપરેશન શક્ય છે?

-શ્રીમતી શીતલ બ્રહ્મભટ્ટ

રોબોટિક Knee Replacement માટે ઉંમરનો કોઈ પણ બાધ નથી, જેને ઘૂંટણના Knee Replacement ઑપરેશનની સલાહ મળી હોય તે બધા જ દર્દીઓમાં રોબોટિક Knee Replacement શક્ય છે. રોબોટ વડે Knee Replacement કરવું એ એક પદ્ધતિ છે.

ઝડપી રિકવરી, નોર્મલ પદ્ધતિ કરતાં ઓછો દુઃખાવો, સચોટ જોડાણ (ઘૂંટણના હાડકા સાથે) લોહીનો બહુ જ ઓછો વ્યય - આ બધા કારણોને લીધે ઑપરેશનના થોડા કલાકોમાં જ દર્દી ચાલવા લાગે છે અને ૨૪-૪૮ કલાકમાં નિત્યકર્મ કરવા લાગે છે.

★ ૬૬ વર્ષની ઉંમરે હું બહુ જ Active જિંદગી જીવું છું, જેમ કે કસરત, સ્વિમિંગ, સાઈકલિંગ વિ... મને બન્ને ઘૂંટણમાં Knee Replacementની જરૂર છે.- શું રોબોટની મદદ વડે બન્ને પગના ઑપરેશન એક સાથે શક્ય છે?

-રમણ શશીકાંત ગોર

Robotની મદદ વડે બન્ને ઘૂંટણના ઑપરેશન એકસાથે કરવા સલાહભર્યું છે. Robotના ઉપયોગ વડે ઢાંકણી અને પગનું Alignment (અંદરનું બેલેન્સ) અતિ ચોકસાઈપૂર્વક થાય છે.

**બન્ને ઘૂંટણનું ઑપરેશન એક સાથે જ કરવાથી અનેક ફાયદા છે જેમ કે...**

- બન્ને ઘૂંટણની રિકવરી એક જ સમયે ઝડપથી થઈ જાય છે.
- બન્ને પગની લંબાઈ એક સરખી જ રહે છે જેથી રિકવરી દરમિયાન ચાલવામાં હાલકડોલક થતું નથી.
- જો શારીરિક બીજી કોઈ બીમારી ન હોય તો એક સાથે બન્ને ઑપરેશન કરવાથી "ઉચ્ચત્તમ ટૅક્નોલોજી અને એક જ વારની રિકવરી" (Best of Both World) બન્નેનો સુભગ સમન્વય કહેવાય.

■ TechKNEEque® Clinics
■ Malad (W) : 9819707319
■ Andheri (W) : 8591307319

સંપર્કઃ
■ www.robotickneereplacementmumbai.com
■ www.drashitshah.com


# એકનાથ શિંદે ભૂતકાળમાં કોંગ્રેસમાં જોડાવા માગતા હતાઃ સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકીય પટલ પર નવો ખળભળાટ મચાવતા શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેના નજીકના સાથી સંજય રાઉતે એવો દાવો કર્યો હતો કે એકનાથ શિંદે એક સમયે કોંગ્રેસમાં જોડાવાના હતા. રાજ્યસભાના સભ્ય અને પાર્ટીના મુખ્ય પ્રવક્તા રાઉતે જોકે સમયમર્યાદાનો ઉલ્લેખ કર્યો નહોતો.

તેમણે એવો દાવો કર્યો હતો કે શિંદે ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સચિવ દિવંગત કોંગ્રેસી નેતા અહમદ પટેલના સંપર્કમાં હતા.

અહીં ઉલ્લેખનીય છે કે અહમદ પટેલનું પચીસ નવેમ્બર, ૨૦૨૦માં નિધન થઈ ગયું હતું.

'મને ખબર મળી હતી કે શું ચાલી રહ્યું હતું. અહમદ પટેલ હવે હયાત નથી અને તેથી હું વધુ કંઈ કહેવા માંગતો નથી કારણ કે તેઓ આ વાતને પુષ્ટિ આપવા માટે હાજર નથી,' એમ રાઉતે પત્રકારોને જણાવ્યું.'(કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન) પૃથ્વીરાજ ચવાણને આ વિશે પૂછી શકો છો તેમને જાણકારી હશે. શિંદે અહમદ પટેલના સંપર્કમાં હતા,' એવો દાવો તેમણે કર્યો હતો.

જોકે, પૃથ્વીરાજ ચવાણે રાઉતના દાવાઓ પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

આ મુદ્દે શિંદેની પ્રતિક્રિયા મળી શકી નહોતી, પરંતુ તેમના નજીકના સહાયક અને થાણેના સાંસદ નરેશ મ્હસ્કેને જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે આ દાવાને નકારી કાઢ્યો હતો. 'રાઉત ભાંગના પ્રભાવ હેઠળ હોય તેવું લાગે છે,' એમ તેમણે કહ્યું હતું.

મહારાષ્ટ્ર કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ નાના પટોલેએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને (એનસીપીના) અજિત પવારને 'મુખ્ય પ્રધાનપદના' વચન સાથે વિપક્ષી ગઠબંધનમાં જવાની 'ઓફર' આપીને ખળભળાટ મચાવ્યો હતો. તેમણે હોળીની ઉજવણી દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી. ■


સૉલ ઑફ ટૂર

## શા માટે મસ્ટ વિઝિટ સ્થળ બની ગયું છે અઝરબૈજાન (બાકુ) ?



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

છેલ્લાં કેટલાક સમયથી અઝરબૈજાન અને બાકુ એ વિશ્વભરનાં ટ્રાવેલર્સમાં ફેવરેટ ડેસ્ટિનેશન બની ગયું છે. લેન્ડ ઑફ ફાયર, એટલે કે અગ્નિની ભૂમિ તરીકે ઓળખાતું અઝરબૈજાન એક મોહક સ્થળ છે જે અદ્ભુત લેન્ડસ્કેપ્સ, સમૃદ્ધ સાંસ્કૃતિક ઇતિહાસ અને આધુનિક સમયની અજાયબીઓનું મિશ્રણ છે. યુરોપ અને એશિયાના ક્રોસરોડ્સ પર સ્થિત, આ વૈવિધ્યસભર દેશમાં પ્રાચીન પુરાતત્ત્વીય સ્થળો અને લીલાછમ પર્વતોથી લઈને ભવિષ્યવાદી સ્થાપત્ય અને એક ધમધમતા કેપિટલ સિટી સુધી બધું જ છે. તમને ઈતિહાસ પસંદ હોય, પ્રકૃતિ પ્રેમી હો, કે ભોજનપ્રેમી હો, અઝરબૈજાન તેની હૂંફભરી આતિથ્ય ભાવના તેમજ પ્રાચીન-અર્વાચીનનાં સંપૂર્ણ મિશ્રણ સાથે એક અનોખો અને અવિસ્મરણીય અનુભવ આપે છે. ચાલો આ સ્થળ વિશે વધુ માહિતી લઈએ ઑરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી.





★ **ધવલભાઈ, અઝરબૈજાનનું ફેમસ ક્વિઝિન અને અહીંની ખાણી-પીણી કેવી છે?**

અઝરબૈજાની ભોજન તમારી ઈન્દ્રીઓ માટે એક તહેવાર સમાન છે, જે તેની વિવિધ સંસ્કૃતિઓ અને ભૌગોલિક સ્થાનથી પ્રભાવિત છે.

જ્યારે ખોરાકની વાત આવે છે - અઝરબૈજાન વૈવિધ્યસભર અને સ્વાદિષ્ટ શ્રેણી સાથે સંપૂર્ણ છે. સ્થાનિક ભોજનનો સ્વાદ માણવાનું ચૂકશો નહીં, પરંતુ અમે હજુ પણ ભારતીય ભોજન માટે અમારા ટ્રાવેલર્સની ઝંખના જોઈ છે તેથી અમે ભારતીય મહારાજ સાથે પ્રવાસ કરીએ છીએ જેથી અમારા ટ્રાવેલર્સને ભારતીય શાકાહારી ભોજન પ્રવાસ દરમિયાન મળી રહે. સ્થાનિક ભોજન અજમાવવા માટે સૌથી લોકપ્રિય સ્થળ - બાકુમાં નિઝામી સ્ટ્રીટ છે. આ ગલીઓ તેના સ્વાદિષ્ટ ભોજન માટેનાં ફ્લેક્સિબલ સમય અને વિવિધ મળી રહેતા વિકલ્પો માટે પ્રખ્યાત છે. અહીં સ્થાનિક ચીજોથી લઈને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સની પહેલી નકલ અને સ્થાનિક હસ્તકલા મળી જશે. સાથે જ સુવિનીયરર્સ ખરીદવાનું ભૂલશો નહીં; તમને આ બધું અઝરબૈજાનના ધમધમતા બજારો અને મોલમાં મળશે.

★ **અઝરબૈજાનમાં મુલાકાત લેવા માટે શ્રેષ્ઠ સ્થળો કયા છે અને ક્યાં રહેવું?**

અઝરબૈજાનમાં એક્સપ્લોર કરવા માટે વિવિધ સુંદર સ્થળો છે. રાજધાની બાકુ, આધુનિક સ્થાપત્ય અને ઐતિહાસિક સીમાચિહ્નોનું અદ્ભુત મિશ્રણ છે. કેસ્પિયન સમુદ્રના કિનારે લક્ઝરી હોટલોમાં રહો અને શહેરના પ્રતીક સમા ફ્લેમ ટાવર્સનું અન્વેષણ કરો, જેમાં તેમના મંત્રમુગ્ધ કરનારા પ્રકાશ પ્રદર્શનો છે. બાકુમાં અન્ય મસ્ટ વિઝિટ સ્થળોમાં બાકુ આઈ જે એક વિશાળ ફેરિસ વ્હીલ છે જે શહેરના મનોહર દૃશ્યો પ્રદાન કરે છે, અને ગોબુસ્તાન પેટ્રોગ્લિફ્સ, જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. એ પ્રાચીન પથ્થરની કોતરણી દર્શાવે છે. શાંતતા જોઈતી હોય તો, ગાબાલા તરફ જાઓ, જે એક મનોહર પર્વતીય શહેર છે જે હાઇકિંગ, નેચર વોક અને કેબલ કાર સવારી માટે યોગ્ય છે. તુફાન્ડાગ કેબલ કાર આસપાસના પર્વતોના આકર્ષક દૃશ્યો પ્રદાન કરે છે. જો તમે એડવેન્ચર લવર હો તો શાહદાગ તરફ જાઓ, જ્યાં તમે સ્કીઇંગનો આનંદ માણી શકો છો અને બરફીલા લેન્ડસ્કેપ્સ માટે શાહદાગ કેબલ કારનો આનંદ માણી શકો છો. આ શહેર કેસ્પિયન સમુદ્રના અદ્ભુત દૃશ્યો માટે એક મનોરંજક ફ્યુનિક્યુલર રાઈડ પણ પ્રદાન કરે છે.

★ **અઝરબૈજાનમાં શ્રેષ્ઠ પર્યટન સ્થળો કયા છે?**

અઝરબૈજાન વિવિધ પ્રકારના અદ્ભુત પર્યટન સ્થળોનું ઘર છે જે તેની કુદરતી સુંદરતા, સમૃદ્ધ સંસ્કૃતિ અને આધુનિક સ્થાપત્યનું પ્રદર્શન કરે છે. બાકુમાં ફ્લેમ ટાવર્સ જોવાલાયક છે, જે રાત્રે તેમની અદ્ભુત રોશનીથી શહેરનાં ક્ષિતિજને પ્રકાશિત કરે છે. આકર્ષક દૃશ્યો માટે, ગાબાલામાં તુફાન્ડાગ કેબલ કાર અથવા બાકુ આઈ પર સવારી કરો, એક વિશાળ ફેરિસ વ્હીલ જે શહેર અને કેસ્પિયન સમુદ્રના મનોહર દૃશ્યો પ્રદાન કરે છે. હિસ્ટરી પસંદ હોય એવા લોકોએ ગોબુસ્તાન પેટ્રોગ્લિફ્સની મુલાકાત અવશ્ય લેવી જોઈએ, જે ઐતિહાસિક પથ્થરની કોતરણીવાળું એક પ્રાચીન યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળ છે. બાકુમાં, ફ્યુનિક્યુલર રાઈડ ટુ અપલેન્ડ પાર્ક શહેરના મનોહર દૃશ્યો પ્રદાન કરે છે, અને રાત થતા જ બાકુ શહેરની પ્રકાશિત સ્કાઈલાઈનનો એક મોહક અનુભવ આપે છે. એક અલગ દુનિયાના અનુભવ માટે, મડ વોલ્કેનો, યાનાર્ડાગ, બર્નિંગ માઉન્ટેન અને અતેશગાહ, ફાયર ટેમ્પલ એક્સપ્લોર કરો. નિઝામી સ્ટ્રીટ બાકુના શોપિંગ અને સાંસ્કૃતિક હૃદયમાં ફરવા માટે યોગ્ય છે, જ્યારે કાર્પેટ મ્યુઝિયમ અઝરબૈજાનની કાર્પેટ વણાટની સમૃદ્ધ પરંપરા દર્શાવે છે. આ આકર્ષણો અઝરબૈજાનને ખરેખર અનોખું અને વૈવિધ્યસભર સ્થળ બનાવે છે.

અહીંનાં વ્યુ ખરેખર ખૂબ રોચક છે. શહદાગમાં, તમે સ્કીઇંગ, સ્નોબોર્ડિંગ અને સ્નોશૂઇંગ સહિત શિયાળાની એક્ટિવિટીઓનો અનુભવ કરી શકો છો. શહદાગ કેબલ કાર મનોહર બરફથી ઢંકાયેલા પર્વતોનો ઉન્નત અનુભવ પ્રદાન કરે છે. આ સ્થાનોની સમૃદ્ધ સંસ્કૃતિ, ભોજન અને વેલકમિંગ વાતાવરણ એક્સપ્લોર કરવાની તક ચૂકશો નહીં.

★ **અઝરબૈજાનમાં સાંસ્કૃતિક અને સ્થાનિક અનુભવો માટે શું કરવું?**

અઝરબૈજાનની સમૃદ્ધ સંસ્કૃતિ તેના પ્રાચીન જોડાણોને કારણે તુર્કીથી પ્રભાવિત છે - એશિયા અને યુરોપના ક્રોસરોડ્સ પર તેની અનોખી ભૂસ્તરશાસ્ત્રીય સ્થિતિ રિવાજો અને પરંપરાઓનું આકર્ષક મિશ્રણ રજૂ કરે છે. બાકુના જૂના શહેરની શેરીઓમાં ફરો જે એક યુનેસ્કો સાઇટ છે. સ્થાનિક બજારો સુવિનીયર, કાપડ અને પરંપરાગત હસ્તકલા વેચતી દુકાનોથી ભરેલા છે. અને ભાવ-તાલ કરવાનું ભૂલશો નહીં - આ બધું મજાનો એક ભાગ છે! સ્થાનિક લોકો સાથે ચેટ કરીને તેમની જીવનશૈલી જાણી શકો છો જે તમારી સફરને યાદગાર બનાવે છે.

અઝરબૈજાન એક એવી જગ્યા છે જ્યાં સમૃદ્ધ ઇતિહાસ, વૈવિધ્યસભર લેન્ડસ્કેપ્સ અને જીવંત સંસ્કૃતિ એક અવિસ્મરણીય પ્રવાસન અનુભવ બનાવવા માટે ભેગા થાય છે. ભલે તમે સ્થાનિક વાનગીઓનો સ્વાદ માણી રહ્યા હો, પ્રાચીન સ્થળોની શોધખોળ કરી રહ્યા હોવ, અથવા બહારના એડવેન્ચરનો આનંદ માણી રહ્યા હોવ, અઝરબૈજાન તમને કાયમ માટેના યાદગાર અનુભવો આપશે.

દરેક પ્રકારના પ્રવાસી માટે તેના સમૃદ્ધ અનુભવો સાથે, અઝરબૈજાન (બાકુ) શ્રેષ્ઠ પ્રવાસ સ્થળ છે. જેમને ઓછા સમયમાં ખરેખર કંઈક ખાસ એક્સપ્લોર કરવું હોય એવા પ્રવાસીઓ માટે મુલાકાત લેવા આ દેશ બની રહ્યો છે. ભલે તમે સાહસ, સ્વાદિષ્ટ ખોરાક અથવા અનોખો સાંસ્કૃતિક અનુભવ ઇચ્છતા હોવ, તમારી પાસે અઝરબૈજાનનો અવિસ્મરણીય પ્રવાસ ચોક્કસ હશે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com


# વિરારમાં સૂટકેસમાંથી માથું મળવાનો કેસ: ગુનો પોલીસે જ્વેલરી શૉપના પાઉચથી ઉકેલ્યો

## કૌટુંબિક કંકાસથી કંટાળી પત્નીનું ગળું દબાવીને હત્યા કર્યા પછી માથું વાઢી નાખનારા પતિની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિરારમાં સૂટકેસમાંથી મહિલાનું માથું મળી આવ્યા પછી પોલીસે જ્વેલરી શૉપના એક પાઉચ પરથી ૨૪ કલાકમાં કેસ ઉકેલી મહિલાના પતિની ધરપકડ કરી હતી. કૌટુંબિક કંકાસથી કંટાળીને પતિએ ગળું દબાવી પત્નીની હત્યા કર્યા પછી માથું ધડથી અલગ કરી નાખ્યું હતું. ધડ બીજી સૂટકેસમાં ભરી અન્ય ઠેકાણે ફેંક્યું હોવાની કબૂલાત આરોપીએ કરી હતી. મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસના ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ હરીશ બરવરાજ હિપ્પરગી (૪૯) તરીકે થઈ હતી. કર્ણાટકનો વતની હરીશ હાલમાં નાલાસોપારા પૂર્વના રેહમત નગરમાં રહે છે અને ઈમિટેશન જ્વેલરીનો વ્યવસાય ધરાવે છે. પોલીસના જણાવ્યા મુજબ વિરારના પિરકુંડા દર્ગા નજીકના જંગલ પરિસરમાંથી ગુરુવારની સાંજે છ વાગ્યાની આસપાસ એક સૂટકેસ મળી આવી હતી. સૂટકેસમાં પ્લાસ્ટિકની ગૂણીમાં બાંધેલું મહિલાનું કોહવાયેલું માથું મળી આવ્યું હતું. આ પ્રકરણે માંડવી પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.તપાસ દરમિયાન પોલીસને સૂટકેસ નજીકથી એક જ્વેલર્સનું પાઉચ મળી આવ્યું હતું. પોલીસે સંબંધિત જ્વેલર્સના ગ્રાહકો અંગે પૂછપરછ કરતાં મુંબઈમાં રહેતી મહિલાની માહિતી મળી હતી. મહિલા જ્યાં રહેતી હતી ત્યાં પોલીસ પહોંચી ત્યારે જાણવા મળ્યું હતું કે દંપતીએ રહેઠાણ બદલી નાખ્યું હતું. પોલીસને મહિલાના પશ્ચિમ બંગાળમાં રહેતા સગાનો નંબર મળ્યો, જેને આધારે ઓળખ ઉત્પલા (૫૧) તરીકે થઈ હતી. ■

# મુંબઈ કોસ્ટલ રોડ પર સાઉન્ડ બેરિયર્સ બેસાડોઃ ટ્રાફિક પોલીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બ્રીચ કેન્ડી, નેપિયન્સી રોડ સહિતના સ્થાનિક રહેવાસીઓની વિનંતીને પગલે મુંબઈ ટ્રાફિક પોલીસે મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ ઓથોરિટીને કોસ્ટલ રોડ પર સાઉન્ડ બેરિયર્સ બેસાડવાની માગણી કરતો પત્ર લખ્યો છે. સાઉન્ડ બેરિયર્સને કારણે રાતના સ્પીડથી વાહનો દોડવાને કારણે થતા અવાજથી સ્થાનિકોને આંશિક રાહત મળી શકશે. સ્થાનિકોની માગણી વચ્ચે મુંબઈ ટ્રાફિક પોલીસે કોસ્ટલ રોડ પર સ્પીડ લિમિટથી વધુ ગતિએ વાહન ચલાવવા બદ ૩,૨૬૦ વ્યક્તિઓ સામે પગલાં લીધાં છે. આ દરમ્યાન સોશ્યલ એક્ટિવિસ્ટે સાઉન્ડ બેરિયર્સ બેસાડવા કરતા કોસ્ટલ રોડ વધુ માત્રામાં વૃક્ષોનું વાવેતર કરવાની માગણી કરી છે.

કોસ્ટલ રોડના ખુલ્લા વિસ્તારમાં વાહન માટે સ્પીડ લિમિટ પ્રતિકલાકની ૮૦ કિલોમીટરની રાખવામાં આવી છે, તો ટનલની અંદર તે ૬૦ કિલોમીટર પ્રતિકલાકની રાખવામાં આવી છે. છતાં કોસ્ટલ રોડ પર રાતના સમયે લોકો બેફામ સ્પીડે વાહનો ચલાવતા હોય છે. તેથી બ્રીચ કેન્ડી, નેપિયન્સી રોડ અને વરલીના સ્થાનિક રહેવાસીઓ કોસ્ટલ રોડ પર વાહનોની સ્પીડને લઈને અનેક વખત પાલિકા સહિત ટ્રાફિક પોલીસને ફરિયાદ કરી ચૂક્યા છે. તારદેવના ટ્રાફિક વિભાગના પોલીસ અધિકારીએ મુંબઈ કોસ્ટલ રોડના ચીફ એન્જિનિયરને પત્ર લખીને જણાવ્યું હતું કે રાતના કોસ્ટલ રોડ પર રેસિંગ કારને કારણે નજીકના રહેણાંક વિસ્તારના રહેવાસીઓને થતા અવાજને કારણે ખલેલ થતી હોવાની ફરિયાદ મળી છે. કોસ્ટલ રોડ પર સ્પીડે ચલાવનારા અત્યાર સુધી ૩,૨૬૦ વાહનો સામે પગલાં લેવામાં આવ્યાં છે. કોસ્ટલ રોડને અડીને રહેણાંક વિસ્તારની સાથે જ હૉસ્પિટલ પણ આવેલી છે. રાતના સમયે લોકો સ્પીડે વાહન ચલાવતા હોય છે. તેથી અહીં કોસ્ટલ રોડ પર સાઉન્ડ બેરિયર્સ બેસાડવા આવશ્યક થઈ ગયા છે. તેથી પાલિકા આ બાબતે ઘટતી કાર્યવાહી કરે.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ આ બાબતે જણાવ્યું હતું કે આ બાબતે હજી સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ બાબતે બેઠકો ચાલી રહી છે ત્યારબાદ ચોક્કસ નિર્ણય લેવામાં આવશે.

મરીન ડ્રાઈવથી બાન્દ્રા-વરલી સી લિંક સુધીના કોસ્ટલ રોડ પરના વાહનવ્યવહાર પર તેમ જ વાહનો પર નજર રાખવા માટે પાલિકાએ ટનલની અંદર ૧૫૪ કેમેરા બેસાડયા છે. તેમ જ આ રૂટ પર ૨૮ સ્પીડ ડીટેક્શન કેમેરા બેસાડવા માટે આઠ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તેમ જ વાહનોની સુરક્ષા માટે કોસ્ટલ રોડ પર ત્રણ સ્થળોને ઓળખી કાઢવામાં આવ્યા છે જ્યા ટ્રાફિક ચોકીઓ અને પોલીસ સ્ટેશન ઊભા કરાશે.

આ દરમ્યાન સોશ્યલ એક્ટિવિસ્ટ ઝોરુ ભાઠેનાએ સાઉન્ડ બેરિયર્સ બેસાડવા કરતા અહીં વધુમાં વધુ વૃક્ષોની રોપણી કરવાની માગણી કરી હતી અને કહ્યું હતું કે ઝાડ અવાજને પણ રોકી શકશે તેમ જ ગરમી અને ધૂળને પણ રોકી શકશે. તેથી કોસ્ટલ રોડ વધુમાં વધુ વૃક્ષોના રોપણી પર ધ્યાન આપવું જોઈએ. ■

# નવી મુંબઈમાં સગીર વિદ્યાર્થિની સાથે દુષ્કર્મઃ સ્કૂલ વૅનનો ડ્રાઈવર પકડાયો

થાણેઃ નવી મુંબઈમાં પંદર વર્ષની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરવા પ્રકરણે સ્કૂલ વૅનના ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પનવેલ વિસ્તારમાં ત્રીજી માર્ચના રોજ આ ઘટના બની હતી અને આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે ગુરુવારે આરોપી ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પીડિત વિદ્યાર્થિની ઘટનાને દિવસે સ્કૂલ જઇ રહી હતી ત્યારે તેની પડોશમાં રહેતા આરોપીએ તેને સ્કૂલ બસમાં બેસાડી હતી.

આરોપી બાદમાં વિદ્યાર્થિનીને ચિંચવલી-શિવારા ખાતેના નિર્જન સ્થળે લઇ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

દરમિયાન વિદ્યાર્થિનીએ ગુરુવારે ઘટનાની જાણ પરિવારજનોને કરી હતી, જેને પગલે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરીને આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીને કોર્ટમાં હાજર કરાતાં તેને ૧૮ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ) ■

# બીડમાં શિક્ષકની આત્મહત્યાઃ મરતા પહેલા ફેસબુક પર નામ આપ્યાં

બીડઃ છેલ્લા કેટલાક સમયથી વિવિધ ઘટનાને કારણે બીડ ચર્ચામાં છે. હવે બીડમાં એક શિક્ષકે ગળેફાંસો લઇને જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. બીડના સ્વરાજ નગર ભાગમાં એક શિક્ષકે ગળેફાંસો લઇને આત્મહત્યા કરી છે. ફેસબુક પોસ્ટ પર કરેલી સુસાઈડ નોટના આધારે પોલીસ તપાસ કરી રહી છે. સ્વરાજ નગરમાં કૃષ્ણ અર્બન કો-ઓપરેટિવ બેંક લિ.ની બહાર શિક્ષક ધનંજય નાગરગોજેએ એસીના ઍંગલને દોરી બાંધી ફાંસી લીધી હતી. આશ્રમ શાળાની નોકરી સંબંધે તેમને આત્મહત્યા કરી હોવાનું કહેવાઇ રહ્યું છે.

કોળગાવ ખાતેની આશ્રમ શાળા માટે ૨૦૧૯માં રાજ્ય સરકારે વીસ ટકા અનુદાન જાહેર કર્યું હતું, પરંતુ અત્યાર સુધી તેને અમલમાં મૂકવામાં આવ્યું નથી. શિક્ષકે ફેસબુક પર કેટલાકના નામ પણ જણાવ્યા હતા તેના આધારે પોલીસ તપાસ કરી રહી છે. ■






# પનવેલમાં ટેન્કર સાથે સ્કૂટર ટકરાતાં પતિ-પત્ની, ૧૦ વર્ષના પુત્રનાં મોત

નવી મુંબઈઃ પનવેલના કોનગાંવમાં ટેન્કર સાથે સ્કૂટર ટકરાતાં પતિ-પત્ની અને તેમના ૧૦ વર્ષના પુત્રનાં મોત થયાં હતાં. અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થયેલા ટેન્કરચાલક વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેયની ઓળખ શોભિત સતીષ સલુજા (૪૧), તેની પત્ની શૈલજા સલુજા (૩૩) અને પુત્ર અયાન (૧૦) તરીકે થઇ હતી. આ પરિવાર કામોઠેના સેક્ટર-૧૦માં રહેતો હતો અને આ વિસ્તારમાં તેમની દુકાન આવેલી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધુળેટી નિમિત્તે શોભિત સલુજા શુક્રવારે બપોરે તેની પત્ની અને પુત્ર સાથે સ્કૂટર પર ખોપોલી જવા રવાના થયો હતો. રાતે ૧૦ વાગ્યે તેઓ ઘરે આવવા માટે નીકળ્યા હતાં. તેઓ મુંબઈ-પુણે હાઇવે પર કોનગાંવમાં બાર નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે અચાનક ટેન્કરે યુ-ટર્ન લેતાં તેમનું સ્કૂટર તેની સાથે ભટકાયું હતું.

આ અકસ્માતમાં ત્રણેય જણ ગંભીર રીતે ઘવાયાં હતાં. ત્રણેયને તાત્કાલિક સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં તેમનાં મૃત્યુ થયાં હતાં.

અકસ્માત બાદ ટેન્કરચાલક ગહીનાથ કુંડલિક ગજરે (૪૪) ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. જોકે પનવેલ શહેર પોલીસે તેને બાદમાં શોધી કાઢ્યો હતો. ટેન્કરચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

**''ગુજરાતી''**

અમેરિકા સ્થિત 1986, Dr. (PhD Medi-cal) કન્યા માટે યોગ્ય ગુજરાતી (ફ્રેશ/ કુંવારા) IIM, Dr., IIT, CA, B.Tech, Engineer) યુવકના વડીલો. સંપર્કઃ 9324031686. (દહેજ નહીં). (૧૫૬૬૦-એ)

**જીવનસાથી પસંદગી સંમેલન**
**શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ**
**રવિવાર, તા. ૬ એપ્રીલ ૨૦૨૫**
**HIGHLY QUALIFIED BOYS & GIRLS**
**માંથી વિશાળ પસંદગી**
**યુવક માટે રૂા. ૫૦૦/–**
**યુવતી માટે નિઃશુલ્ક**
**ફોર્મ મેળવવા માટે સંપર્ક**
**સમાજ ભવન : 9137407959**
**ઈલાબેન : 9821918605**
**ફોર્મ ભરવાની આખરી તા. ૧૭-૦૩-૨૫**

(દહેજ નહીં) (૧૫૬૮૯-એફ)

## ૯. લગ્ન સંબંધી

■ સુંદર ગરીબ મરાઠી કન્યા, ઉંમર-27, ઉંચાઈ - 5'.3" શિક્ષણ 12મી, મહેંદી - પાર્લર કલાસીસ લે છે. 15,000/-, છોકરીના વડીલ નથી, કાકા કાકી સાથે રહે છે. અપેક્ષા નિર્વ્યસની સમજુ, ખેડૂત ચાલશે, જાતી બાધ - ઉંમર બાધ નથી તુરંત લગ્ન - 7517590524. (દહેજ નહીં.) (બી-૧૫૬૮૦)

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૭૦૮/એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**રંગીલું રાજસ્થાન**

**જેસલમેર રણની રંગત, જોધપુર, જયપુર, બિકાનેર દિવસઃ 9, પ્રસ્થાન, 20/4, 26/4 ગ્લોબલ ટૂર્સ - 9967894750. (બી-૧૫૬૮૪)**

**રજવાડી કાશ્મીર**

**રસોડા સાથે / વગર સ્વતંત્ર વાહન અનુકૂળ તારીખે આપની / ગ્રુપની સંખ્યા (મીનીમમ બે) માટે પેકેજ ગ્લોબલ ટૂર્સ - 9967894750. (બી-૧૫૬૮૫)**

## ૧૪. નોકરી ખાલી છે

**"COMPUTER OPERATOR"...**

Required Fresher Female for Full Time - Vileparle (East) - 9869009892, 9869481310. (B-15649)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૭૮)

**ગોરેગાવ વેસ્ટ**

કલ્પતરુ રેડીયેન્સ, બ્રાન્ડ ન્યૂ ફ્લેટ, 2 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ પુલ, જીમ, બધુંજ કોમ્પ્લેક્સમાંજ. મેટ્રો, સ્ટેશન, સ્કૂલ, માર્કેટ નજીક. ઓસી સાથે રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૭૯)

**ખાર (વેસ્ટ)**

તદ્દન નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોનઃ ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)

**SKY CITY**

By Oberoi બોરીવલી ઇસ્ટ 3 બેડરૂમ વેચાણથી 5 કરોડ 4 બેડરૂમ વેચાણથી 7 કરોડ- ભાડેથી 3 બેડરૂમ 95000/- ભાડેથી 4 બેડરૂમ 1.50 લાખ ઇન્વેસ્ટરોના ફ્લેટો લેવા 9619193345. (જેપી/૪૯૭૬-એ)

**જુહુ**

મોડલ ટાઉન સોસાયટીમાં લેવીશ ૪ બેડરૂમ ભાડેથી અને ડી.એલ.એચ. રીજેન્સી બિલ્ડિંગમાં ૩ બેડરૂમ ભાડેથી મળશે. સંપર્કઃ ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૫૭-એ)

**ઘાટકોપર- વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૬૯૬/એ)

**2 બેડરૂમ**

વેચાણથી કાંદીવલી વેસ્ટ એમ જી રોડ Aprox 875' કાર્પેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, ગુજરાતી જૈન વૈષ્ણવ સોસાયટી, 2.59 કરોડ નીગોસીએબલ રેડી પજેસનથી લેવા 9820344084. (જેપી/૪૯૬૯-જી)

**READY DUPLEX**

5 બેડરૂમ, ડુપ્લેક્સમાં personal Lift, કાંદીવલી વેસ્ટ, ઓપન વ્યુ, હાયર ફ્લોર, વાસ્તુ પ્રમાણે, જૈન વૈષ્ણવ ફેમિલી માટે ખાસ, માર્કેટ દેરાસર હવેલી નજીક 3 પાર્કિંગ સંપર્ક. 9820344084 (જેપી/૪૯૬૯ એચ)

**જાજરમાન ફ્લેટ**

બાલ્કની સાથે, કાંદીવલી (વેસ્ટ) 14' હાઈટ્સ, 6 બેડરૂમ 3900' કાર્પેટ - 4 બેડરૂમ 2400' કારપેટ, લક્ઝરીયસ એમિનીટીઝ સંપર્ક 9820344084. (જેપી/૪૯૭૨-બી)

**વિશાળ ફ્લેટ્સ**

બાલ્કની સાથે કાંદીવલી (વેસ્ટ)- 3.5 બેડરૂમ 1450' કાર્પેટ - 4 બેડરૂમ 1600' કારપેટ - 6 બેડરૂમ 2900' કારપેટ - 11' ફૂટ હાઈટ, લક્ઝરિયસ એમિનીટીઝ સંપર્ક 9820344084. (જેપી/૪૯૭૨-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ, 736 કારપેટ, 3 બેડ 934 કારપેટ અંડર કન્સ્ટ્રક્શન, પઝેશન 12 મહિનામાં જીમ, રૂફ ટોપ ગાર્ડન વેચાણથી. 9136663063. (૧૫૫૬૨-એ)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**'હિરાપન્ના'**

હાજીઅલી - મોટો ૧ BHK - ૨ બાથરૂમ સાથે, ભાડુ ૯૦,૦૦૦/-, રેડી કબજો, 'અમર રૂપાણી' 9820372950/ 'રીતેષ' 9619775855 એજન્ટ. (૧૫૩૩૨-એ)

**'હાજીઅલી'**

૧ રૂમ, કિચન, ભાડેથી, ભાડુ ૬૦,૦૦૦/=, ફક્ત વેજીટેરીયન માટે 'અમરભાઈ' 9820372950 / 'રીતેષ' 9619775855 - એજન્ટ. (૧૫૩૩૨-બી)

**ઘાટકોપર (ઈસ્ટ) ''નિલકંઠ વેલી'' ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટ ભાડેથી આપવાનાં છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૭૧૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**૧,૨,૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટ ભાડેથી આપવાનાં છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૭૧૩-બી)**

**કાંદિવલી (વેસ્ટ)**

પ્રાઈમ લોકેશન, જૈન મંદિર ચાલતા અંતરે, 1 BHK 489', નવું બિલ્ડીંગ, ''દિશા એસ્ટેટ'' ડિંકેશ ગડા- 9930010989. (જેપી/૪૯૭૬-ડી)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**

**ટીપીએસ 3 બેડરૂમ સેમી ફર્નિશ્ડ ભાડે આપવાનો છે. અંકિતા એસ્ટેટ 9867015566. (૧૫૭૦૯/એ)**

**મુલુંડ (વેસ્ટ)**

2 BHK, 705' અને 3 BHK, 951' વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456. (P51800055546) (૧૫૭૧૦-એ)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**

સરસ્વતી કોલોની 2 BHK, 780 કાર્પેટ, 1 કવર્ડ પાર્કિંગ, લિફ્ટ, 3.75 Cr. Pankaj Parmar 9821026788. (૧૫૩૩૦-બી)

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**

સ્ટેશન નજીક 3 BHK, 940 કાર્પેટ, 1 કવર્ડ પાર્કિંગ, લિફ્ટ, 4 Cr. Pankaj Parmar 9821026788. (૧૫૩૩૦-એ)

**લોનાવાલા – ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૬૭૫)

**રાજસ્થાન એસ્ટેટ એજન્સી**

**નેપયન્સી, પેડર, વાલ્કેશ્વર, બ્રીચકેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો કોમર્શીયલ જગ્યા સાથે લીવ લાયસન્સથી લેવા વેચવા Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994. મુકેશભાઈ મહેતા 9967502537. ઓફિસઃ ભવન્સ કોલેજ (ભારત જ્યુસ સેન્ટર) ભારતીય વિદ્યા ભવન ગીરગાવ ચોપાટી. (૨૫૮)**

**અંધેરી (વેસ્ટ)**

1 BHK એસ.વી. રોડ, 1.80 કરોડ તેમજ ૧થી ૪ BHK અંધેરી, પાર્લે વેસ્ટ, જુહુ, ઓનરશિપ/લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433/9821069632. (૧૫૬૭૫-એ)

**બોરીવલી (વેસ્ટમાં) રીડેવલપમેન્ટનો ફાયદો**

**Investors માટે 3 બેડરૂમ 750' કાર્પેટ (1.59 All Inclusive) સાઈબાબા નગર, પ્રાઈમ લોકેશન, હાઈરાઈઝ ટાવરમાં (36મે માળે Alloted) Owner. 76666 44727. (૧૫૬૯૭/સી)**

**જુહુ**

**સી-ફેસિંગ રો હાઉસ તથા 3/૪ બેડરૂમ ફ્લેટના વેચવાના/ લિવલાઈસન્સથી આપવાના છે. નીતી ઠક્કર 9757235535. (એસડીબી-૨૫૦૧)**

**વડાલા**

બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ સવા બે કરોડ. વિનોદ : 9892980593. (બી-૧૫૬૬૬)

**માટુંગા**

બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ ત્રણ થી ચાર કરોડ. વિનોદ : 9892980593. (બી-૧૫૬૬૭)

**ઘાટકોપર ઈસ્ટ**

2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, Contact : 9820788049. (૧૫૬૭૬/એ)

**DADAR WEST,**

**3 Min from Station Tallest Tower Launch All Amenities, Nr Jain Mandir, 2 Bed 3.75 Cr + 3, 4 Bed 7.40 Cr + Xclusive Offers on Visit 9819016316, 8655739820. (B-15432)**

**MATUNGA E,**

**Main Road 2 BHK 920 Cpt Bldg with Pool, Gym, 4.95 Cr ++ Genuine Seller 4 BHK 1400 + Cpt 6.99 Cr + Tax +91 98192 27923, +91 86559 29524. (B-15433)**

**RENTAL MALAD WEST**

2 Bedroom, Higher Floor, Marve Road Facing, Close to Jain & Laxminarayan Temple. 9821933375. (15672/A)

**TANNA HEIGHTS**

**OC Received. Parekh gally, Opposite Jain Derasar, Kandivali (West). Sale-3 Bed-room (1179'), 2 Bedroom (725'). Owner 9821049249. (15704/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**વિલેપાર્લા (વેસ્ટ)**

અથવા જુહુસ્કીમમાં ભાડેથી બે બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ અરજન્ટ જોઈએ છે. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૯૧-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**મહાવીર નગર કાંદિવલીમાં**

**કલાસીસ ઓફિસ માટે 300' + 300' (LOFT) total: 600'. (વેચાણથી 1.49) (ભાડેથીઃ 65,000/=) ઓનરઃ 76666 44727. (૧૫૬૯૭/એ)**

■ ઝવેરી બજારમાં ઓનરશીપથી વેચાણ માટે તૈયાર ઓફિસ ઓમ ગોલ્ડન સોસાયટી 37 શેખ મેમણ સ્ટ્રીટ પર 231 sq ft રજિસ્ટર્ડ સોસાયટી, તાત્કાલિક કબજો. હવા ઉજાસવાળી, સોના, હીરા દાગીના કારખાના માટે અનુકૂળ એસી ઈલેક્ટ્રિસિટી પાણીની વ્યવસ્થા સાથે 14 ફૂટની 2 મોટી કાચની બારી શેખ મેમણ સ્ટ્રીટ ફેસિંગ સંપર્કઃ હરકિશન ઝવેરી 9821401638/ 9223242268. (બી-૧૫૬૦૯)

**માટુંગા પશ્ચિમ**

માટુંગા પશ્ચિમમાં 600 sqft + 400 sqft મેઝેનાઈન ઓફિસ/વર્કશોપ ભાડે ઉપલબ્ધ છે કૉલ 9820557620. (બી-૧૫૬૫૩)

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2493)

**SNACKS MANUFACTURING**

Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC,Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2500)

## ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**

સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૯૪/એ)

**''હર્ષ શાહ...''**

'Live...' લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૬૬૨)

**''બજેટ મુજબ''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

## ૩૨. જમીન - મિલકત

**શાહાપુર આજા પર્વત**

પર ફુલ્લી ડેવલપ પ્રીમિયમ N.A. પ્લોટ તેમજ ફાર્મહાઉસ પ્લોટ લેવા- 9869108628. (જેપી/૪૯૭૬-બી)

**રાજકોટમાં જોઈએ**

**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

**જમીન વેચાણ**

હાઈવે રોડ ટચ, પ્રાઈમ લોકેશન, મોટી જમીન, ખેતી - રહેણાક પ્લોટીંગ - ઈન્ડસ્ટ્રીયલ પાર્ક - સોલાર પાર્ક માટે, અમદાવાદ, હિમ્મત નગર, બેચરાજી, વિરમગામ, કડી, ધોલેરા. - 8140008685. (સમય 10 થી 6). (બી-૧૫૬૭૭)

## ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૬૦૬-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૬૦)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૬૯૫/એ)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**KITCHEN SPECIALIST**

1st Modular Kitchen. Design Free. (Budget 20,000/= થી.) 8652762577. (15703-A)

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૬૭૬)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# લોકશાહીમાં સંતુલન જરૂરી છેઃ પક્ષ પલટાની ઓફર પર કૉંગ્રેસના વિધાનસભ્યનો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાતુરના એનસીપીના વિધાનસભ્યે કોંગ્રેસના વિધાનસભ્ય અમિત દેશમુખને પ્રધાન તરીકે જિલ્લામાં પોતાના કામ ચાલુ રાખવા માટે પક્ષ બદલવાની વિનંતી કરી હતી, જેના જવાબમાં તેમણે કહ્યું કે લોકશાહી વ્યવસ્થામાં સંતુલન જરૂરી છે.

દેશમુખ શુક્રવારે સાંજે ચાર દિવસના લાતુર આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન વિલાસરાવ દેશમુખ ફાઉન્ડેશન દ્વારા પુણે ફિલ્મ ફાઉન્ડેશન અને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન અજિત પવારની આગેવાની હેઠળના પક્ષના વિધાનસભ્ય વિક્રમ કાળેએ હળવાશથી દેશમુખને સત્તાધારી પક્ષમાં જોડાઈ જવા અને પ્રધાન તરીકેના તેમના કામોને ચાલુ રાખવાની વિનંતી કરી હતી.

કોંગ્રેસના નેતાએ જવાબ આપતાં કહ્યું હતું કે, 'જો દરેક વ્યક્તિ શાસક પક્ષમાં જોડાઈ જશે, તો લોકશાહી વ્યવસ્થા સંતુલન ગુમાવી દેશે. અને તે એવી વસ્તુ છે જે આપણામાંથી કોઈને પરવડી શકે તેમ નથી. તેથી, આપણે જ્યાં છીએ ત્યાં જ રહીશું અને વિરોધ પક્ષમાં આપણી ભૂમિકા ભજવતા રહીશું. જો ઘણા લોકો માને છે કે શાસક પક્ષ મજબૂત થઈ રહ્યો છે, તો તેઓ પક્ષ બદલી શકે છે, પરંતુ અમે અમારું વલણ જાળવી રાખવા અને સિદ્ધાંતો પ્રત્યે જોડાઈ રહેવા માટે તૈયાર છીએ.'

આ પ્રસંગે બોલતાં રાજ્યના પ્રધાન બાબાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે લાતુરમાં વિકાસની ગતિને ટકાવી રાખવાની સાથે, રાજકીય જોડાણોને બાજુ પર રાખીને, જિલ્લાના અનુકરણીય સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રમતગમતના વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. રાજ્યના સહકારખાતાના પ્રધાને કહ્યું હતું કે, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખ અને અન્ય અગ્રણી નેતાઓના વારસાએ લાતુરને પ્રગતિના માર્ગ પર રાખ્યું છે.

તેમણે કહ્યું હતું કે, ભૂતપૂર્વ પ્રધાન અને વિધાનસભ્ય અમિત દેશમુખ તેમના પિતાના વારસાને ખૂબ જ કાર્યક્ષમતા સાથે આગળ ધપાવી રહ્યા છે અને વિવિધ યોજનાઓ અને કાર્યોનો અમલ કરવાનું ચાલુ રાખ્યું છે. રાજ્યના પ્રધાન તરીકે, પાટીલે રાજકીય મતભેદોને બાજુ પર રાખીને, તેમના સંપૂર્ણ સમર્થન અને સહકારની ખાતરી આપી.

# કોલકતામાં ૫૦ લાખની ઠગાઈના કેસમાં ત્રણ આરોપી નાલાસોપારામાં પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોલકતાના ડૉક્ટરને છેતરીને ૫૦ લાખ રૂપિયાની કથિત ઠગાઈ કરવાના કેસમાં સંડોવાયેલા ત્રણ આરોપીને નાલાસોપારાથી પકડી પાડવામાં આવ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ સૈયદ રિયાઝ કાઝી (૩૬), વકપ મોહમ્મદ જાવેદ ચાંદીવાલા (૨૮) અને સચિન મનોહર પ્રસાદ આર્યભટ (૩૨) તરીકે થઈ હતી. વધુ તપાસ માટે આરોપીને કોલકતા પોલીસના તાબામાં સોંપાયા હતા.

કોલકતાના સિલીગુડી ખાતે રહેતા ડૉ. અગ્રવાલને આરોપીએ વ્હૉટ્સઍપ કૉલ કર્યો હતો. ફરિયાદીના પિતાના પરિચિત સેન્ચ્યુરી પ્લાયના માલિક ભજનકા બોલી રહ્યો હોવાનું જુઠ્ઠાણું આરોપી ચલાવ્યું હતું. વાતોમાં ફોસલાવી આરોપીએ ફરિયાદી પાસેથી પચાસ લાખ રૂપિયા પડાવ્યા હતા. પોતે છેતરાયા હોવાની જાણ થતાં ડૉક્ટરે કોલકતાની પાર્ક સ્ટ્રીટ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

તપાસ દરમિયાન આ કેસમાં સંડોવાયેલા આરોપી નાલાસોપારા પરિસરમાં રહેતા હોવાની માહિતી કોલકતા પોલીસને મળી હતી. માહિતીને આધારે એન્ટી રાવડી સેક્શન ડિટેક્ટિવ ડિપાર્ટમેન્ટના અધિકારી નાલાસોપારા આવ્યા હતા અને ડીસીપી અવિનાશ અંબુરેને મળ્યા હતા.

ડીસીપીના આદેશથી ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના સિનિયર ઈન્સ્પેક્ટર શાહુરાજ રણવરેની ટીમે તપા કરી ત્રણેય આરોપીને નાલાસોપારામાં પકડી પાડ્યા હતા.

# કાયદા અધિકારીઓમાં 30 ટકા મહિલાઓ હોવી જોઇએઃ જસ્ટિસ નાગરત્ના

મુંબઈઃ ગ્રામ પંચાયતમાં મહિલાઓને આપવામાં આવેલા અનામતની પ્રશંસા કરતા સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ બી. વી. નાગરત્નાએ શનિવારે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારનું પ્રતિનિધિ કરતા ઓછોમાં ઓછા ૩૦ ટકા કાયદા અધિકારીઓ મહિલા હોવા જોઇએ.

જસ્ટિસ નાગરત્નાએ હાઇ કોર્ટના જજમાં મહિલાઓનો વધારો કરવાની પણ ભલામણ કરી હતી. મુંબઈ યુનિવર્સિટીમાં યોજાયેલા 'બ્રેક્રિંગ ગ્લાસ સીલિંગઃ વિમેન હુ મેડ ઇટ સેમિનાર'ને સંબોધતા તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જો હાઇ કોર્ટમાં ૪૫ વર્ષથી ઓછી ઉંમરના વકીલોની નિમણૂક કરી શકાય છે તો મહિલા સમકક્ષો સાથે એવું કેમ કરાતું નથી.

સફળતાપૂર્વક અસમાનતાના અંત માટે આપણે આવતીકાલની છોકરીઓ અને મહિલાઓને બાંધી રાખવી જોઇએ નહીં. સફળતા માટે એવો ગુણ નથી જે પુરુષો માટે અલગ હોય અને મહિલાઓ માટે અલગ હોય, એમ તેમણે જણાવતા ઉમેર્યુ હતું કે યુવાન સ્ત્રીઓ માટે કાયદાના વ્યવસાયમાં સફળ થવા માટે પ્રેરણા, પ્રોત્સાહન અને મદદ કરવા માટે રોલ મૉડેલ અને માર્ગદર્શકોનો અભાવ છે.

આપણે એવી મહિલાઓનું મહત્ત્વ સમજવું જોઇએ જેમણે પોતાની રીતે સફળ થવા ગ્લાસ સીલિંગ તોડી નાખી અને તેમના માર્ગે ચાલવું જોઇએ. તે જ સમયે આપણે એવી મહિલાઓને પણ યાદ રાખવી જોઇએ જેમણે હાઇ પ્રોફાઇલ સિદ્ધિઓ મેળવીને હેડલાઇન્સ ન બનાવી હોય, પરંતુ તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ હોય છે અને તે આસપાસના લોકો પર અલગ છાપ છોડી દે છે, એમ નાગરત્નાએ વધુમાં જણાવ્યું હતું.

# જો હો મુશ્કેલીમાં તો આંગળી કરો ઊંચી....

## સોલાપુરની ગ્રામસભાએ અસામાજિક તત્ત્વથી લઇને કોઇ પણ કટોકટીમાં ફસાયેલા લોકોની મદદ માટે કરી અનોખી પહેલ

મુંબઈઃ અસામાજિક તત્ત્વો અને કટોકટીમાં ફસાયેલા લોકો જેઓ મૌન સાધીને બેઠા છે તેઓ માટે સોલાપુર જિલ્લાની એક ગ્રામસભાએ અનોખી પહેલ હાથ ધરી છે. સભામાં એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે તમને આવી કોઇ મુશ્કેલી હોય તો તમારી આંગળી ઉપર કરો. આઠમી માર્ચના રોજ મહિલા દિને કરમાલા તાલુકાના પોથ્રે નિલજ ગામની ગ્રામસભા દ્વારા આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, જેમાં લોકોએ કોઇ પણ ધાકધમકીથી ડરવાની જરૂર નથી. ગ્રામજનોમાં ભય દૂર કરવાનો અને ગામમાં સંવાદિતા તેમ જ ભાઈચારો પુનઃસ્થાપિત કરવાનું ઠરાવમાં જણાવાયું છે.

# ચાર અધિકારી સામે ગુનો

મુંબઈઃ મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં આવેલી દારૂગોળાની ફેક્ટરીમાં ૨૪મી જાન્યુઆરીએ થયેલા વિસ્ફોટમાં મશીનો અને સમારકામમાં કથિત રીતે બેદરકારીનો સમાવેશ થતો હતો, એવું એક અધિકારીએ જણાવ્યું હતું. જવાહર નગર પોલીસે આઠમી માર્ચે નોંધાયેલા ગુનામાં સંરક્ષણ ઉત્પાદનના એકમના ચાર અધિકારીઓનાં નામ આપવામાં આવ્યાં છે, જ્યાં તાલીમાર્થીઓને અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં કામ કરાવવામાં આવતું હતું.

# મુંબઈમાં પ્રદૂષણને રોકવા પ્રિ-કાસ્ટ મટિરિયલનો ઉપયોગ બિલ્ડરોએ કરવો પડશે: સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં વધતા વાયુ પ્રદૂષણના સ્તરને રોકવા માટે રાજ્ય સરકાર બાંધકામમાં પ્રિ-કાસ્ટ ઘટકોના ઉપયોગને પ્રોત્સાહન આપવાની યોજના ધરાવે છે. રાજ્યનાં પર્યાવરણ મંત્રી પંકજા મુંડેએ જણાવ્યું હતું કે સરકાર એક નીતિ બનાવી રહી છે જે હેઠળ રિયલ એસ્ટેટ કંપનીઓ અને કોન્ટ્રાક્ટરોને બાંધકામનાં સ્થળે કામ કરવાને બદલે પ્રિ-કાસ્ટ બાંધકામ તરફ વળી જવા માટે પ્રોત્સાહન અપાશે.

પંકજા મુંડેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રી-કાસ્ટ બિલ્ડિંગ ઘટકોનું ઉત્પાદન મુંબઈની બહાર કરવામાં આવશે. અમે પ્રદૂષણ નિયંત્રણને ધ્યાનમાં રાખીને હાલમાં ચાલી રહેલા બાંધકામો સામે કાર્યવાહી કરી છે. પ્રી-કાસ્ટ બાંધકામ વિકાસકર્તાઓને આબોહવાને અસર કર્યા વિના કામ ચાલુ રાખવામાં મદદ કરશે. આ તેમના માટે ફાયદાની વાત હશે અને વાયુ પ્રદૂષણમાં ભારે ઘટાડો કરશે. તેમણે કહ્યું કે આ નીતિ ખાનગી અને જાહેર બાંધકામ પ્રોજેક્ટ્સ બંનેને લાગુ પડશે.

પ્રીફેબ્રિકેટેડ બાંધકામ કાર્બન ઉત્સર્જન ઘટાડે છે કારણ કે પ્રી-કાસ્ટ કોંક્રીટ ઘટકો નિયંત્રિત વાતાવરણમાં સ્થળની બહાર બનાવવામાં આવે છે. પરંપરાગત સ્થળ પર બાંધકામ પદ્ધતિઓમાં ઘણી વાર વ્યાપક કામગીરીનો સમાવેશ થાય છે જે વાયુ પ્રદૂષણ, ઉચ્ચ ઉર્જા વપરાશ અને ઉચ્ચ ગ્રીનહાઉસ ઉત્સર્જન તરફ દોરી જાય છે. ■

# જળાશયોમાં ઘટી રહી છે પાણીની સપાટી: હાલ ફક્ત ૪૨ ટકા જ જથ્થો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ:મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ફેબ્રુઆરી મહિનાથી શરૂ થઈ ગયેલા ઉનાળાને કારણે પાણીનો વપરાશ તો વધ્યો છે પણ સાથે જ ગરમીને કારણે જળાશયોમાં પણ પાણીનું બાષ્પીભવન થઈ રહ્યું છે. તેથી મુંબઈને પાણીપુરવઠો પુરો પાડનારાં જળાશયોમાં પણ પાણીની સપાટીમાં ઝડપભેર ઘટાડો થઈ રહ્યો છે. હાલ સાતેય જળાશયોમાં કુલ ૪૨ ટકા પાણીનો સ્ટોક બચ્યો છે.

ચોમાસાને હજી ત્રણ મહિનાનો સમય બાકી છે. તેથી જળાશયોમાં રહેલા પાણીને જ સંભાળીને વાપરવાનું છે. મુંબઈને મોડક સાગર, તાનસા, મિડલ વૈતરણા, વિહાર, તુલસી અને રાજ્ય સરકારના અપર વૈતરણા અને ભાતસા આ સાત જળાશયમાંથી પાણીપુરવઠો થાય છે. સાતેય જળાશયોની પાણીની સમાવવાની ક્ષમતા ૧૪,૪૭,૩૭૮ મિલ્યન લિટરની છે. મુંબઈને પ્રતિદિન ૩,૮૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે.

ઉનાળાના આગમનની સાથે જ પાણીનો વપરાશ વધવાને કારણે તેમ જ બાષ્પીભવનને કારણે જળાશયોમાં પાણીની સપાટીમાં ઘટાડો થઈ રહ્યો છે. હજી ૨૪ ફેબ્રુઆરીએ જળાશયોમાં ૫૧.૧૨ ટકા પાણી હતું. તો ૧૫ માર્ચ, શનિવારના સાતેય જળાશયોમાં ૪૨.૧૩ ટકા જેટલો પાણીનો સ્ટોક હતો. માત્ર ૧૯ દિવસમાં જળાશયોમાં નવ ટકાનો ઘટાડો થયો છે, જેમાં પાણીના વપરાશની સાથે જ પાણીનું બાષ્પીભવન થતા પાણીનું ગળતર અને પાણીની ચોરીનો પણ સમાવેશ થાય છે. તેથી જળાશયોની ઘટતી સપાટીએ ચિંતા વધારી દીધી છે. ■

### ૧૫૦ દિવસ વાંધો નહીં આવે

પાણીપુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાણીની સપાટીમાં ચોક્કસ ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ ચિંતાનું કારણ નથી. વરસાદ જો થોડો પણ મોડો પડે તો પણ પાલિકાએ પાણીપુરવઠો જુલાઈ સુધી ચાલી રહે તે પ્રમાણેનું આયોજન કરી રાખ્યું છે. હાલ જળાશયોમાં લગભગ ૧૫૦ દિવસ ચાલે એટલું પાણી છે. એ સિવાય જો વરસાદ મોડો પડ્યો અને પાણીની ગંભીર સમસ્યા નિર્માણ થઈ તો રાજ્ય સરકારની માલિકીના અપર વૈતરણા તેમ જ ભાતસામાં રહેલા રિઝર્વ સ્ટોક વાપરવાની મંજૂરી રાજ્ય સરકાર આપી શકે છે. આ બંને જળાશયોના રિઝર્વ સ્ટોકમાંથી ૭૫,૦૦૦ મિલ્યન લિટર પાણીનો સ્ટોક ઉપલબ્ધ છે. ■

# અમરાવતીમાં બૅન્કમાં આગ: દસ્તાવેજો સાથે રોકડ પણ સળગીને ખાક

મુંબઈ: એક રાષ્ટ્રીયકૃત બૅન્કની અમરાવતીમાં ચાંદુર રેલવે શાખામાં અચાનક આગ લાગતાં સાધનસામગ્રી અને દસ્તાવેજો સાથે રોકડ પણ સળગીને ખાક થઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.

પોલીસ અનુસાર અમરાવતી જિલ્લાના ચાંદુર રેલવે ખાતેની બૅન્કની શાખામાં શનિવારે બપોરે આગ લાગી હતી. શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનો પ્રાથમિક અંદાજ છે.

આગ લાગતાં જ કર્મચારીઓ જીવ બચાવવા બૅન્કની બહાર દોડ્યા હતા. સમયસર બધા કર્મચારી બહાર નીકળી જતાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

જોકે આગને કારણે ભારે આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે. બૅન્કમાંની રોકડ પણ સળગી ગઈ હોવાનું કહેવાય છે. સ્થાનિક ફાયર બ્રિગેડની મદદથી આગ પર તાત્કાલિક કાબૂ મેળવી શકાયો ન હોવાથી ધામણગાંવ અને તિવસા ખાતેથી પણ ફાયર બ્રિગેડને બોલાવાઈ હતી.

બૅન્કમાં આગની માહિતી ફેલાતાં ખાતાધારકો સહિત મોટી સંખ્યામાં નાગરિકો દોડી આવ્યા હતા. પરિણામે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ■

# ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સહયોગથી શ્રી મુંબઇ વિદ્વત્ત પરિષદે યોજી કર્મકાંડ પરિષદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શ્રી મુંબઈ વિદ્વત્ત પરિષદ દ્વારા શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સહયોગથી ત્રણ દિવસીય કર્મકાંડ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મકાંડ ક્ષેત્રે કાર્યરત એવા બ્રાહ્મણોના ઉત્કર્ષ માટે, જ્ઞાનની વૃદ્ધિ થાય અને નિષ્ઠાપૂર્વક તથા શાસ્ત્ર પદ્ધતિથી શુદ્ધ કર્મ થાય એવા હેતુથી છેલ્લા ૧૪ વર્ષથી આ કાર્ય કરી રહી છે. આ વર્ષે પણ ૧૦થી ૧૨ માર્ચ દરમિયાન આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણોના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રના એક એક શબ્દની ઝીણવટથી વિચારણા કરીને બ્રાહ્મણોને પ્રાયોગિક સ્તર પર તમામ તાલીમ આપવામાં આવી હતી. પંદરમી કર્મકાંડ કાર્યશાળા ષટ્ કર્મ, બલ્યન્ત વાસ્તુ અને જીવત્ શ્રાદ્ધ કર્મ આ વિષયો પર ચર્ચા અને ડો. ગૌતમ જોષી-મુંબઈ, પૂ. ડો. ઘનશ્યામ ગોર-નડિયાદ, પરંત પંડિત-સિદ્ધપુર, કમલેશ શુક્લ-સિદ્ધપુર વગેરે મુર્ધન્ય પંડિતોની ઉપસ્થિતિમાં પાર પાડવામાં આવી હતી.

ધનંજય વ્યાસના પ્રયાસોથી અને અનેક વિદ્વાનોના સહયોગથી આ પ્રવૃત્તિનો પ્રારંભ થયો. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના વર્તમાન પ્રમુખ




જ્યોતીન્દ્ર દવેના કહેવા મુજબ ખરા અર્થમાં બ્રાહ્મણને શોભે અને સમાજને મદદરૂપ થાય એવી પ્રવૃત્તિ દ્વારા સમાજની જગ્યા પવિત્ર થાય છે. મુંબઈની જેમ હવે વડોદરા, સુરત, કચ્છ, અમદાવાદ અને સિદ્ધપુરમાં પણ આવી પ્રવૃત્તિઓ થઇ રહી છે. બ્રાહ્મણો આત્મનિર્ભર બને એ માટે આવી સેવાઓ કરવામાં આવે છે અને આવી કાર્યશાળાનું આયોજન કરવા માટે શ્રી મુંબઈ વિદ્વત્ત પરિષદના વર્તમાન પ્રમુખ શાસ્ત્રીશ્રી હરવદન દવે તત્પર રહે છે. ■



Deepak Somaiya



Deepak Somaiya



Deepak Somaiya



Deepak Somaiya

# ખેડૂતોની આત્મહત્યા ચિંતાનો વિષય, કેન્દ્ર પગલાં લે: શરદ પવાર

બારામતી: મરાઠવાડા, વિદર્ભમાં ખેડૂતોની આત્મહત્યાની વધતી ઘટના પર શનિવારે એનસીપી-એસપીના પ્રમુખ શરદ પવારે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ખેડૂતોની રાહત માટે નીતિઓ ઘડવી જોઇએ.

મહારાષ્ટ્રમાં ૨૦૨૪માં ૨,૬૩૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી એવા રાજ્ય રાહત અને પુનર્વસન વિભાગ દ્વારા રજૂ કરાયેલા આંકડાને ધ્યાનમાં રાખીને શરદ પવારે ઉક્ત નિવેદન આપ્યું હતું.

મરાઠવાડા અને વિદર્ભમાંથી જે આંકડા આવી રહ્યા છે તે ચિંતાજનક છે. અમે વિવિધ વિસ્તારોના ચોક્કસ આંકડા ભેગા કરીશું. કેન્દ્ર સરકારે ખેડૂતોને મદદ કરવા માટે યોગ્ય નીતિઓ બનાવવી જોઇએ, એમ શરદ પવારે બારામતીમાં જણાવ્યું હતું.

એનસીપી-એસપીના નેતા જયંત પાટીલ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપીમાં જોડાઇ રહ્યા છે એવી અટકળો અંગે પૂછતા તેમણે કહ્યું હતું કે જયંત પાટીલે મીડિયાને પહેલાથી પોતાનું નિવેદન આપી દીધું છે.

જયંત પાટીલે અગાઉ કહ્યું હતું કે તેમના વિશે કંઇ ચોક્કસ નથી. તેમના આવા નિવેદન બાદ તેઓ અજિતદાદાની એનસીપીમાં જોડાય એવી અટકળો વહેતી થઇ હતી.

આ દરમિયાન પાટીલ શુક્રવારે શરદ પવારને મળ્યા હતા અને ત્યાર બાદ કહ્યું હતું કે તેઓ નારાજ નથી અને તેમના નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવી રહ્યો છે. ■

### શરદ પવારે શું કામ લખ્યો નરેન્દ્ર મોદીને પત્ર?

મુંબઈ: એનસીપી-એસપીના પ્રમુખ શરદ પવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તેમનો આભાર માન્યો છે. ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનમાં મોદી હાજર રહ્યા હતા. તે નિમિત્તે તેમને પત્ર લખ્યો હતો. પ્રથમ બાજીરાવ પેશવા, મહાદજી શિંદે અને સુબેદાર મલ્હારરાવ હોળકરની પ્રતિમા સ્થાપવા માટે જરૂરી પરવાનગીઓ આપવાની વિનંતી તેમને પત્ર દ્વારા કરી છે.

તાલકટોરા સ્ટેડિયમ નવી દિલ્હી મહાનગરપાલિકા (એનડીએમસી)ના અખત્યાર હેઠળ આવે છે. પૂતળા બનાવવા માટે જરૂરી પરવાનગીઓ આપવા દિલ્હી સરકાર અને એનડીએમસીને નિર્દેશ કરવામાં આવે એવી વિનંતી હું કરું છું, એમ શરદ પવારે પત્રમાં વધુમાં જણાવ્યું હતું.■

# જ્યારે મરાઠી અભિનેત્રીને લોકલમાં થયો ખરાબ અનુભવ

મુંબઈ: હાલમાં મહિલાઓ કેટલી સુરક્ષિત છે એવો સવાલ ઊભો થાય છે. ફક્ત સામાન્ય મહિલાઓ જ નહીં, પરંતુ સેલિબ્રિટી મહિલાઓને પણ ખરાબ અનુભવ થતો હોય છે. ઘણી મોટી અભિનેત્રીઓને આ પ્રકારના ખરાબ અનુભવ થયા છે.

હાલમાં બોલીવૂડ અને હોલીવૂડમાં પોતાની ભૂમિકા માટે જાણીતી પ્રિયંકા ચોપ્રાએ તેના સાથે બનેલો એક આશ્ચર્યજનક પ્રસંગ શૅર કર્યો હતો. એવી જ રીતે મરાઠી ફિલ્મજગત સહિત ઓટીટી પર લોકપ્રિય થયેલી અભિનેત્રીએ પણ પોતાની સાથે થયેલી બાબત શેર કરી હતી. એ અભિનેત્રી છે અદિતી પોહનકર.

રિતેશ દેશમુખના લય ભારીથી ઘરઘરમાં પહોંચેલી અને ઓટીટી પર આશ્રમ વેબસીરીઝથી લોકપ્રિય બનેલી અદિતીએ કહ્યું હતું કે દાદર સ્ટેશનથી એક વખત લોકલમાં પ્રવાસ કરતી વખતે ફર્સ્ટક્લાસ ડબ્બામાં ચઢી. આ ડબ્બામાં સ્કૂલના છોકરાઓ ચઢ્યા. હું ત્યારે અગિયારમાં ધોરણમાં ભણતી હતી. મારી સામે એક છોકરો ઊભો હતો. દાદરથી ટ્રેન નીકળી કે તેણે મારા છાતી પર હાથ લગાવ્યો, એમ અદિતીએ જણાવ્યું હતું. ■

# ચંદ્રપુરમાં પાંચનાં ડૂબવાથી મોત

મુંબઈ: ચંદ્રપુર જિલ્લાના નાગભીડ તાલુકામાં આવેલા ઘોડાઝરી તળાવમાં પાંચ જણનાં ડૂબી જવાને કારણે મોત થયાં હતાં. ઉનાળાની ગરમીમાં વધારો થઇ રહ્યો હોવાથી બપોરે ઘોડાઝરી તળાવમાં નાહવા માટે અનેક યુવાનો ઊતર્યા હતા. પ્રાથમિક માહિતી પ્રમાણે અનેક યુવાનો ડૂબી ગયા હતા. ડૂબેલા યુવાનો બહાર કાઢવા માટે પોલીસ અને સ્થાનિક રહેવાસીઓની મદદ સેલામાં આવી હતી. જોકે સૂત્રો પાસેથી જાણવા મળેલી માહિતી અનુસાર તળાવમાં હજી અનેક યુવાનો ફસાયેલા હોવાનો અંદાજ છે.તળાવમાં ડૂબી ગયેલા યુવાનોની ઓળખ જનક ગાવંડે, યશ ગાવંડે, અનિકેત ગાવંડે, તેજસ ગાવંડે અને તેજસ ઠાકરે તરીકે કરવામાં આવી છે. પાંચેય યુવાનો ચિમુર તાલુકાના સાથગાંવ કોલારીના રહેવાસી છે.■

# શહેરી નક્સલવાદ વિરોધી કાયદો અંગ્રેજ કાળના કાનૂન જેવો જુલમી: સુપ્રિયા સુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળેએ મહારાષ્ટ્રમાં શહેરી નક્સલવાદ વિરુદ્ધ પ્રસ્તાવિત કાયદાને અંગ્રેજોના સમયમાં લાવવામાં આવેલા રોલેટ એક્ટ સાથે સરખાવ્યો છે અને તેમણે આરોપ લગાવ્યો છે કે આ કાયદાનો સરકારના ટીકા કરતા વ્યક્તિઓ અથવા સંગઠનો સામે દુરુપયોગ થઈ શકે છે, જેનાથી રાજ્યમાં પોલીસ રાજ સર્જાઈ શકે છે.

સુળેએ એવી માગણી કરી હતી કે સરકાર બિલના ડ્રાફ્ટની સમીક્ષા કરે અને સુનિશ્ચિત કરે કે બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન ન થાય.


'મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા બિલ, ૨૦૨૪' ખરડો, જે રાજ્યમાં નક્સલવાદનો સામનો કરવા માટેનો પ્રથમ કાયદો બનશે, તેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે લડવા માટે સરકાર અને પોલીસ તંત્રને અનેક સત્તાઓ આપવાનો પ્રસ્તાવ છે. આ કાયદા હેઠળ નોંધાયેલા તમામ ગુનાઓ સંજ્ઞાનપાત્ર અને બિન-જામીનપાત્ર હશે.

ગયા ડિસેમ્બરમાં રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન બિલ ફરીથી રજૂ કરતી વખતે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આ કાયદો શહેરી નક્સલીઓના અડ્ડાઓ બંધ કરવાનો છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રસ્તાવિત કાયદો વાસ્તવિક અસંમતિ ધરાવતા અવાજોને દબાવવા વિરુદ્ધ નથી.સુળેએ શનિવારે એવો દાવો કર્યો હતો કે આ બિલ નાગરિકોના મૂળભૂત અધિકારોને નબળા પાડશે.

'આ બિલ દ્વારા, સામાન્ય લોકોના સરકાર વિરુદ્ધ બોલવાના અધિકારો છીનવી લેવામાં આવશે. ખરેખર સ્વસ્થ લોકશાહીમાં, અસંમતિ ધરાવતા મંતવ્યોનું સન્માન કરવામાં આવવું જોઈએ.' ■




શ્રી કૃષ્ણાય નમ:



ડૉ. રાજન મનુભાઈ ડૉક્ટર

11-6-1947 થી 13-3-2025

શોકાતુર પરિવાર

સ્વ. ડૉ. વિશાખા રાજન ડૉક્ટર,
ડૉ. જેસન - ડૉ. બીજલ ડૉક્ટર,
આયુષી અને આઇશાલી
શિશિરભાઈ - ચારૂબેન ડૉક્ટર,
સ્વ. ડૉ. નૈષધભાઈ
સ્વ. આઇલીસબેન ડૉક્ટર
અને પરિવાર

પ્રાર્થના સભા

સમય: સોમવાર, 17 માર્ચ 2025ના સાંજે 5 થી 7
ફેલોશીપ ઓફ ફિઝિકલી હેન્ડીકેપડ (FPH બિલ્ડિંગ), લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ 34.

નોંધ: લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

Theatrix

સ્વર્ગારોહણ ઉત્સવ



૨૪.૧૨.૧૯૫૩ ૧૪.૦૩.૨૦૨૫

હસમુખ કાંતિલાલ ગજ્જર

મિત્રો તથા સ્નેહીજનો,

હસમુખ ભાઈના હસમુખા સ્વભાવ તથા પ્રેમાળ જીવનને લક્ષ માં રાખીને પરિવારજનોએ શબ્દ, સ્વર તથા સંગીતમય ઉત્સવનું આયોજન કરેલ છે.

પ્રસાદ લેવા વિનંતી, શ્વેત વસ્ત્ર નિષેધ છે.

સમય: સોમવાર, તા. ૧૭.૦૩.૨૦૨૫ ના રોજ સાંજે પથી ૭

સ્થળ: 'ધ કલબ' કોલોનિયલ હોલ, ડી. એન. નગર, અંધેરી (વેસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૫૩

લી. ગજ્જર પરિવાર

# ગુજરાત જાયન્ટ્સની કાશ્વી ગૌતમ છે હાર્દિકની બિગ ફૅન, બૅટ પર ‘એચપી૩૩’ લખાવ્યું છે

મુંબઈ: વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે જાણીતી મહિલાઓની આઇપીએલમાં ગુરુવારે ફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહેલી ગુજરાત જાયન્ટ્સ ટીમની પેસ બોલર કાશ્વી ગૌતમ મુંબઈ ઇન્ડિયન્સના કૅપ્ટન હાર્દિક પંડ્યાની બિગ ફૅન છે અને એનો પુરાવો કાશ્વીએ બે દિવસ પહેલાં ખુદ હાર્દિકને તેની સાથેની વાતચીત દરમ્યાન કરાવ્યો હતો. હાર્દિક પંડ્યા (એચપી)નો જર્સી નંબર ૩૩ છે અને કાશ્વીએ પોતાના બૅટ પર ‘એચપી૩૩’ એટલે કે ‘હાર્દિક પંડ્યા ૩૩’ લખાવ્યું છે જેની વાત ખુદ કાશ્વીએ હાર્દિકને કરી હતી.

ગુરુવારે ચર્ચગેટ ખાતેના બ્રેબર્ન સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટ્સની મુંબઈ ઇન્ડિયન્સ સામે એલિમિનેટર મૅચ રમાઈ હતી જેમાં મુંબઈની ટીમ જીતી જતાં ફાઇનલમાં પહોંચી ગઈ હતી અને ગુજરાતની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. જોકે એ મૅચ પછી હાર્દિક મેદાન પર મહિલાઓની મુંબઈ ઇન્ડિયન્સ ટીમની ખેલાડીઓને મળવા આવ્યો હતો અને ગુજરાત જાયન્ટ્સ ટીમની મહિલા ખેલાડીઓને પણ મળ્યો હતો. હાર્દિક જ્યારે ગુજરાત જાયન્ટ્સની કાશ્વીને મળ્યો ત્યારે કાશ્વી તેના આ હીરોને મળીને બેહદ ખુશ થઈ ગઈ હતી.

કાશ્વીએ મુંબઈ સામેની ગુરુવારની મૅચમાં ૭૭ રન બનાવનાર મુંબઈની હૅલી મૅથ્યૂઝની મહત્ત્વની વિકેટ લીધી હતી.

મેદાન પરની મુલાકાત દરમ્યાન કાશ્વીએ હાર્દિકને કહ્યું, ‘સર, હું તમારી બિગ ફૅન છું.’



હાર્દિકે તેને પૂછ્યું, ‘સબ બઢિયા?’ કાશ્વીએ જવાબમાં કહ્યું, ‘જી હાં, બહુત બઢિયા.’

હાર્દિકે તેને પૂછ્યું, ‘ડબ્લ્યૂપીએલ કા સીઝન કૈસા રહા?’ કાશ્વીએ જવાબમાં કહ્યું, ‘બહુત અચ્છા રહા.’

દરમ્યાન, ગુજરાત જાયન્ટ્સની જ ભારતીય ખેલાડી હરલીન દેઓલ ત્યાં આવી હતી અને ભારતના અને મુંબઈ ઇન્ડિયન્સના સ્ટાર ઑલરાઉન્ડર હાર્દિકને શુભેચ્છા આપી હતી. દેઓલે પણ હાર્દિકને કહ્યું હતું કે ‘સર, આ કાશ્વી તમારી બિગ ફૅન છે અને તમારી જ નકલ કરતી રહેતી હોય છે.’

હાર્દિકે કાશ્વીને પૂછ્યું, ‘તુમ બૅટિંગ ભી કરતી હો?’ કાશ્વીએ જવાબમાં કહ્યું, ‘હાં, બૅટિંગ ભી કરતી હૂં.’

દેઓલ વચ્ચે પડીને બધાને હસાવતાં બોલી, ‘ઇસને (કાશ્વીને) બૅટ પે એચપી૩૩ લિખવાયા હૈ.’

હાર્દિકે કાશ્વીને પૂછ્યું, ‘કૌન સે વેઇટવાલા બૅટ યુઝ કરતી હો?’ કાશ્વીએ કહ્યું, ‘૧૧૦૦.’ હાર્દિકે તેને કહ્યું, ‘તને મળીને ખૂબ આનંદ થયો. ગુડ લક.’

હાર્દિકને મળીને કાશ્વી ખૂબ રોમાંચિત થઈ હતી અને આનંદના અતિરેકમાં સાથી ખેલાડીઓને ભેટી હતી.

# વિરાટે મજાકમાં ને મજાકમાં કહી દીધું, ‘મારે ૨૦૨૮ની ઑલિમ્પિક્સમાં ક્રિકેટનો ગોલ્ડ મેડલ જીતવો છે’


## નિવૃત્તિની અટકળો વિશે પણ કિંગ કોહલીએ ચોખવટ કરી દીધી

બેન્ગલૂરુ: ૨૦૦થી વધુ દેશોના ખેલાડીઓ-ઍથ્લીટોના સમાવેશ સાથે દર ચાર વર્ષે યોજાતા વિશ્વના સૌથી મોટા રમતોત્સવ ઑલિમ્પિક્સમાં ક્રિકેટની રમત ૨૦૨૮ની સાલમાં ૧૨૮ વર્ષે કમબૅક કરશે અને એમાં પોતે ભારત માટે ક્રિકેટનો ગોલ્ડ મેડલ જીતવા માગે છે એવું વિરાટ કોહલીએ ગઈ કાલે અહીં એક કાર્યક્રમ દરમ્યાન મજાકમાં કહ્યું હતું. ૨૦૨૮માં વિરાટ ૪૦ વર્ષનો થઈ ગયો હશે એટલે ત્યારે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતો હશે કે કેમ એમાં શંકા છે, પણ તેની સ્ફૂર્તિ, ક્ષમતા અને કાબેલિયત જોતાં તે હજી ત્રણ વર્ષ સુધી રમે પણ ખરો.

ઑલિમ્પિક્સમાં ક્રિકેટની રમત અગાઉ ૧૯૦૦ની સાલમાં પૅરિસ ઑલિમ્પિક ગેમ્સમાં હતી. ૨૦૨૮નો આ મેગા રમતોત્સવ અમેરિકાના લૉસ ઍન્જલસમાં યોજાવાનો છે.

પીટીઆઇના અહેવાલ મુજબ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ના મુખ્ય બૅટર વિરાટે બાવીસમી માર્ચે શરૂ થનારી આઇપીએલ નિમિત્તે બેન્ગલૂરુમાં આયોજિત ‘આરસીબી ઇનૉવેશન લૅબ ટૉક’ શૉમાં કહ્યું હતું કે ‘ક્રિકેટને ફરી ઑલિમ્પિક ગેમ્સમાં સામેલ કરવામાં આવી એ બદલ હું ખૂબ જ રોમાંચિત છું. આઇપીએલે ક્રિકેટની રમતને ખેલજગતના આ સૌથી મોટા રમતોત્સવમાં સામેલ કરાવવામાં મોટી ભૂમિકા ભજવી છે.’

વિરાટે સૌનું ધ્યાન ખેંચે એવા ખરા વિધાનો હવે કહ્યા હતા. તેણે ઇંગ્લૅન્ડની ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર ઇસા ગુહા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ‘ઑલિમ્પિક ચૅમ્પિયન બનવાથી હૃદયમાં અપ્રતિમ ભાવ ઉત્પન્ન થાય. ક્રિકેટની રમતને આ મહા રમતોત્સવમાં ફરી સ્થાન મળ્યું છે.



એ જોતાં આપણા કેટલાક ખેલાડીઓને એમાં મેડલ જીતવાની મહાન તક મળી એમ કહી શકાય. આપણા ઍથ્લીટો (ખેલાડીઓ) આ સૌથી મોટા રમતોત્સવમાં ભાગ લેવાનો અને મેડલ જીતવાનો અવસર માણશે. મને ખાતરી છે કે અમે (ભારતીયો) મેડલ મેળવીશું જ. એ રમતોત્સવમાં પુરુષ અને મહિલા, બન્ને વર્ગના ક્રિકેટરો મેડલ માટેની હરીફાઈમાં જોવા મળશે.’

વિરાટને પૂછવામાં આવ્યું કે ‘તમે ૨૦૨૮ની ઑલિમ્પિક્સમાં ક્રિકેટનો મેડલ જીતવા રોમાંચિત છો?’ એના જવાબમાં વિરાટે થોડું ગંભીરતાથી અને થોડું મજાકમાં કહ્યું, ‘હું? ઑલિમ્પિક્સમાં? અત્યારે કંઈ જ ન કહી શકું. હા, અમારી ગોલ્ડ મેડલ માટેની મૅચ હશે તો હું એ એક મૅચ માટે રમીશ, મેડલ જીતીશ અને ઘરે (સ્વદેશ) પાછો આવી જઈશ. એકંદરે, ક્રિકેટનો ઑલિમ્પિક્સમાં ફરી સમાવેશ થવો એ ખેલજગત માટે જ બહુ મોટી વાત છે.’

વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)એ ભારતની મહિલા ક્રિકેટમાં બહુ મોટું પરિવર્તન લાવી દીધું હોવાનું પણ વિરાટે કહ્યું હતું.

### હમણાં નિવૃત્ત થવાનો મારો કોઈ વિચાર નથીઃ કોહલી

વિરાટ કોહલીએ ગઈ કાલે બેન્ગલૂરુમાં આરસીબીના એક શૉમાં ભારપૂર્વક કહ્યું હતું કે ‘હાલમાં રિટાયરમેન્ટ લેવા વિશે હું કંઈ જ વિચારતો નથી, કારણકે હું હજી પણ ક્રિકેટ ઘણી એન્જૉય કરી રહ્યો છું. મારામાં બધાએ જે સ્પર્ધાત્મક શક્તિ જોઈ છે એ હજી પણ અકબંધ છે.’

ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ચૂકેલા કોહલીએ તાજેતરમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનને પરાજય ચખાડવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી.

કોહલીએ પોતાના ચાહકો માટે કહ્યું હતું કે ‘નર્વસ થવાની કોઈ જરૂર નથી. હું રિટાયરમેન્ટની કોઈ જાહેરાત નથી કરવાનો. હમણાં તો મારી દૃષ્ટિએ બધુ ઠીક જઈ રહ્યું છે. મને હજી પણ રમવું ખૂબ ગમે છે. સિદ્ધિઓ અને કીર્તિમાનો મેળવવાની મારી કોઈ મહેચ્છા નથી. મને હજી રમવું ખૂબ ગમે છે એટલે જ રમતો રહ્યો છું. જ્યાં સુધી એન્જૉય કરતો રહીશ ત્યાં સુધી રમતો રહીશ.’

# અજિંક્ય રહાણે આઇપીએલમાં પહેલા જ દિવસે નવો ઇતિહાસ રચી દેશે, જાણો કેવી રીતે...

કોલકાતા: આઇપીએલની ૧૮મી સીઝન આગામી બાવીસમી માર્ચે શરૂ થશે અને એ પહેલા જ દિવસે અજિંક્ય રહાણે નવો ઇતિહાસ રચી દેશે. રહાણે ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)નો નવો કૅપ્ટન નિયુક્ત થયો છે અને બાવીસમીએ ઈડન ગાર્ડન્સમાં પ્રથમ મૅચ કેકેઆર તથા રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) વચ્ચે રમાશે.

કેકેઆરમાં ફક્ત ૧.૫૦ કરોડ રૂપિયાની બેઝ પ્રાઇઝમાં જોડાયેલો રહાણે આ પહેલાં રાજસ્થાન રૉયલ્સ અને રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ્સની કૅપ્ટન્સી સંભાળી ચૂક્યો છે. તે બાવીસમીએ કેકેઆરનું સુકાન સંભાળશે એ સાથે તે આઇપીએલમાં ત્રણ ટીમની કૅપ્ટન્સી સંભાળનાર પ્રથમ ભારતીય પ્લેયર બની જશે.

દિલ્હી તેમ જ ચેન્નઈ વતી પણ રમી ચૂકેલા રહાણે સામે કેકેઆરનો કૅપ્ટન બનવાની બાબતમાં વેન્કટેશ ઐયર પણ દાવેદાર હતો, પરંતુ રહાણે પર કળશ ઢોળવામાં આવ્યો છે.

રહાણે પછી પચીસમી માર્ચે શ્રેયસ ઐયર ત્રણ આઇપીએલ ટીમનું સુકાન સંભાળનાર બીજો ભારતીય પ્લેયર બનશે. ઐયરે ૨૦૧૮માં દિલ્હીની કૅપ્ટન્સી સંભાળી હતી અને ૨૦૨૪માં તેના સુકાનમાં કેકેઆર ચૅમ્પિયન બન્યું હતું. ઐયર હવે પંજાબનો કૅપ્ટન છે જેની પ્રથમ મૅચ પચીસમી માર્ચે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામે રમાશે.

# ગાવસકર પણ રમ્યા ધુળેટી





રાયપુરમાં સુનીલ ગાવસકરે શુક્રવારે ઇન્ટરનૅશનલ માસ્ટર્સ લીગની ઇન્ડિયા માસ્ટર્સ ટીમના કૅપ્ટન સચિન તેમ જ અન્ય ખેલાડીઓ સાથે ધુળેટીની મોજ માણી હતી. આ લીગની ભારતીય ટીમમાં યુસુફ પઠાણ, ઇરફાન પઠાણ, પવન નેગી પણ છે અને ધુળેટીની ઉજવણીમાં રાહુલ શર્મા, શાહબાઝ નદીમ, સૌરભ તિવારી તથા ધવલ કુલકર્ણી પણ જોડાયા હતા. આ ટૂર્નામેન્ટની આજે સાંજે ૭.30 વાગ્યાથી ઇન્ડિયા માસ્ટર્સ અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ફાઇનલ રમાશે.

# ટી-૨૦ અને વન-ડેના ચૅમ્પિયન કૅપ્ટન રોહિતને ટેસ્ટમાં મળ્યું જીવતદાન

## જૂનમાં ઇંગ્લૅન્ડના ટેસ્ટ પ્રવાસમાં હિટમૅનને જ કૅપ્ટન બનાવશે એવી સંભાવનાઃ બીસીસીઆઇ નિર્ણય લેશે

મુંબઈ: ગયા વર્ષે ભારતને ટી-૨૦ વર્લ્ડ કપ જિતાડી આપ્યા પછી હવે વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી અપાવનાર રોહિત શર્માની ટેસ્ટ કરીઅર હાલકડોલક છે, પણ તેના માટે અને તેના કરોડો ચાહકો માટે બીસીસીઆઈ તરફથી શુભ સંકેતો મળી રહ્યા છે. સારા સમાચાર એ છે કે ‘હિટમૅન’ રોહિતને ટેસ્ટ ક્રિકેટમાં હાલપૂરતું જીવતદાન મળ્યું છે.

જોકે ટેસ્ટમાં રોહિતના આ ‘નવજીવન’ વિશેનો આખરી નિર્ણય બીસીસીઆઇ દ્વારા (ખાસ કરીને સિલેક્ટર્સ દ્વારા) આઇપીએલની મધ્યમાં (શક્યતઃ એપ્રિલમાં) લેવામાં આવશે.

ખરેખર તો ગયા વર્ષે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં ૦-૩થી થયેલા પરાજય અને ત્યાર બાદ ઑસ્ટ્રેલિયામાં ૧-૪થી પહેલી હારને પગલે રોહિત શર્માની આંતરરાષ્ટ્રીય કરીઅર જ જોખમમાં મુકાઈ ગઈ હતી. જોકે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ લઈ ચૂકેલા રોહિતે ગયા રવિવારે દુબઈની ફાઇનલમાં બૅટિંગમાં સારું પર્ફૉર્મ કરવા ઉપરાંત કૅપ્ટન તરીકે ભારતને વિક્રમજનક ચૅમ્પિયન્સ ટ્રોફી અપાવી એ સાથે હવે તેની ટેસ્ટ કારકિર્દી પણ સચવાઈ ગઈ છે એવું બીસીસીઆઈના સંકેતો પરથી સ્પષ્ટ થાય છે.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ ખુદ રોહિત ટેસ્ટની કારકિર્દી ચાલુ રાખવા માગે છે અને ક્રિકેટ બોર્ડ પણ ઈચ્છે છે કે આઈપીએલ પછી પાંચ ટેસ્ટ માટે ભારતની જે ટીમ ઇંગ્લૅન્ડના પ્રવાસે જાય એનું નેતૃત્વ પણ રોહિત જ સંભાળે.

બીસીસીઆઈ સાથે સંકળાયેલા એક સૂત્રએ આ દૈનિકને જણાવ્યું હતું કે રોહિત શર્માએ બતાવી આપ્યું છે કે પોતાનામાં હજી પણ બૅટર તરીકે તેમ જ કેપ્ટન તરીકે કેટલી ક્ષમતા છે. ક્રિકેટ બોર્ડ પણ ઈચ્છે છે કે ઇંગ્લૅન્ડ ખાતેના જૂન મહિનાના પ્રવાસમાં ભારતની ટેસ્ટ ટીમનું સુકાન સંભાળી શકે એ માટે રોહિત જ સૌથી યોગ્ય દાવેદાર છે.

એવું કહેવાય છે કે અજિત આગરકર અને તેના અધ્યક્ષસ્થાન હેઠળની સિલેક્શન કમિટી પણ હવે પછી ટેસ્ટ કેપ્ટનની પસંદગી કરવાનો સમય આવે ત્યારે રોહિતનું જ નામ આગળ કરશે.

જસપ્રીત બુમરાહ ટેસ્ટ કેપ્ટન તરીકે બહુ સારો દાવેદાર છે, પણ તેની ફિટનેસ સતત સારી ન રહેતી હોવાથી ક્રિકેટ બોર્ડ હવે તેના પર કેપ્ટન્સીનો પણ બોજ નાખવા નથી ઈચ્છતું એવું મનાય છે.

કેએલ રાહુલ વન-ડેની ચેમ્પિયન્સ ટ્રોફીમાં સારું રમ્યો એટલે આગામી ટેસ્ટ કેપ્ટન તરીકે તેનું નામ આગળ આવી શકે એમ છતાં હાલમાં એવા કોઈ સંકેતો નથી જણાતા અને રોહિત શર્માને જ ટેસ્ટના કેપ્ટનપદે જાળવી રાખવામાં આવશે એવું સંભળાય છે.

# ઇન્ઝમામે ફરી ઝેર ઓક્યું, આઇપીએલનો બહિષ્કાર કરવા તમામ દેશોને વણમાગી સલાહ આપી

મુંબઈ/કરાચી: પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ ૨૦૦૮માં મુંબઈ પર હુમલો કર્યો ત્યાર પછી (૧૭ વર્ષથી) ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ટી-૨૦ ટૂર્નામેન્ટ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં પાકિસ્તાનના ખેલાડીઓને ભારત સરકાર અને બીસીસીઆઇ દ્વારા રમવાની પરવાનગી નથી મળી રહી અને હવે આ વખતે તો ઇંગ્લૅન્ડની ‘ધ હન્ડ્રેડ’ નામની ૧૦૦-૧૦૦ બૉલવાળી લીગ ટૂર્નામેન્ટમાં પણ પાકિસ્તાનના ૫૦માંથી એક પણ ખેલાડીને જગ્યા નથી મળી એટલે ભૂતપૂર્વ પાકિસ્તાની કેપ્ટન ઇન્ઝમામ-ઉલ-હકનો પિત્તો ગયો છે. ઇન્ઝીએ ક્રિકેટ રમતા તમામ દેશોના ક્રિકેટ બોર્ડને સલાહ આપી છે કે તમારે તમારા ખેલાડીઓને ભારતની આઇપીએલમાં રમવા જતા રોકવા જોઈએ.

૧૮ વર્ષથી આઇપીએલમાં દુનિયાભરના ખેલાડીઓને રમીને પોતાની કરીઅર ચમકાવવાનો મોકો મળતો હોય છે. જોકે પાકિસ્તાન ઉપરાંત હવે તો એમાંથી બાંગ્લાદેશના ખેલાડીઓની પણ બાદબાકી થઈ રહી છે. ‘ધ હન્ડ્રેડ’ની કેટલીક ટીમ આઇપીએલના ફ્રૅન્ચાઇઝીઓના માલિકોએ ખરીદી હોવાથી એ બ્રિટિશ લીગમાં પણ પાકિસ્તાની ખેલાડીઓને પ્રવેશ નથી મળ્યો.

પાકિસ્તાનની ક્રિકેટ ટીમનો તાજેતરમાં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પરાજય થયો હતો. આ ટૂર્નામેન્ટનું મુખ્ય યજમાન પાકિસ્તાન હોવા છતાં એની ટીમ નૉકઆઉટમાં નહોતી પહોંચી તેમ જ એની ધરતી પર (લાહોરમાં) ફાઇનલ રમાવાને બદલે (ભારત ફાઇનલમાં હોવાથી) દુબઈમાં રમાઈ હતી. પાકિસ્તાન ક્રિકેટ હાલમાં ગંભીર કટોકટીમાં છે.

ઇન્ઝમામના મતે મુખ્ય મુદ્દો એ છે કે ભારત પોતાના વર્તમાન પુરુષ ખેલાડીઓને અન્ય દેશની ક્રિકેટ લીગમાં રમવા નથી મોકલતું. એને ધ્યાનમાં રાખીને તમામ દેશોએ આઇપીએલનો બૉયકૉટ કરવો જોઈએ. જો કોઈ દેશ (ભારત) પોતાના ખેલાડીઓને અન્ય દેશોની લીગ ટૂર્નામેન્ટમાં રમવા ન મોકલે તો શું અન્ય દેશોના ક્રિકેટ બોર્ડે પણ એ દેશ (ભારત) સામે એવું જ આકરું વલણ ન અપનાવવું જોઈએ?’

ભારતીય ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લે ત્યાર પછી જ તેમને વિદેશી લીગ ટૂર્નામેન્ટમાં રમવા માટે ભારતીય બોર્ડ તરફથી પરવાનગી મળે છે. દિનેશ કાર્તિક ગયા વર્ષે રિટાયરમેન્ટ લીધું ત્યાર બાદ તે સાઉથ આફ્રિકાની એસએ૨૦ લીગમાં પાર્લ રૉયલ્સ વતી રમ્યો. યુવરાજ સિંહ તથા ઇરફાન પઠાણ જેવા ખેલાડીઓએ કૅનેડાની તથા શ્રીલંકાની ટૂર્નામેન્ટમાં ભાગ લીધો છે.

# શાહિદ આફ્રિદી મને વારંવાર કહેતો કે ઇસ્લામ ધર્મ અપનાવી લેઃ દાનિશ કનેરિયા

## પાકિસ્તાન વતી રમનાર ગુજરાતી-વૈષ્ણવ સમાજના ક્રિકેટરે પાકિસ્તાન ક્રિકેટમાં ભેદભાવ થયો હોવાનો આક્ષેપ પણ કર્યો

વૉશિંગ્ટનઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ ગુજરાતી-વૈષ્ણવ સમાજના લેગ-સ્પિનર દાનિશ કનેરિયાએ કહ્યું છે કે ભૂતકાળમાં તેના સાથી ખેલાડી શાહિદ આફ્રિદીએ તેને ઇસ્લામ ધર્મ અપનાવી લેવા ઘણી વાર સલાહ આપી હતી, પણ તે ટસનો મસ ન થયો અને આ દબાણ તેમ જ અન્ય પ્રકારના ભેદભાવને કારણે છેવટે તે અમેરિકામાં સ્થાયી થયો છે.

દાનિશ કનેરિયા ૪૪ વર્ષનો છે. તે ૨૦૦૦થી ૨૦૧૦ દરમ્યાન પાકિસ્તાન વતી ૬૧ ટેસ્ટ તથા ૧૮ વન-ડે રમ્યો હતો અને તેણે કુલ મળીને ૨૭૬ વિકેટ લીધી હતી.

એએનઆઇના અહેવાલ મુજબ કનેરિયાએ વૉશિંગ્ટનમાં એક મહાસભાને સંબોધતા એવું કહ્યું હતું કે ‘પાકિસ્તાનમાં આપણા બધાની સાથે જે પ્રકારનો વ્યવહાર થયો હતો એ શૅર કરવા માટે આપણે સૌ અહીં એકત્રિત થયા છીએ. આપણી સાથે કોઈને કોઈ રીતે ભેદભાવ થયો અને આપણે એની સામે અવાજ પણ ઉઠાવ્યો છે.’

પાકિસ્તાન વતી ક્રિકેટ રમનાર દાનિશ કનેરિયા બીજો હિન્દુ ખેલાડી છે. તેણે સભામાં ઉપસ્થિત મહેમાનોને સંબોધતા કહ્યું હતું કે ‘હું જે સમ્માન અને માન્યતાનો હકદાર હતો એ મને કદી નહોતા મળ્યા. પાકિસ્તાન વતી હું સારું રમી રહ્યો હતો અને મારી કરીઅર પણ સારી જઈ રહી હતી. ઇન્ઝમામ-ઉલ-હકનો મને સારો સપોર્ટ હતો.

શોએબ અખ્તરનો પણ ટેકો હતો, પણ શાહિદ આફ્રિદી અને બીજા ઘણા ખેલાડીઓ મને ખૂબ પરેશાન કરતા હતા. તેઓ મારી સાથે જમતા નહોતા. ખાસ કરીને આફ્રિદી મને ઇસ્લામ ધર્મ અંગીકાર કરી લેવાની વારંવાર સલાહ આપતો હતો. ઇન્ઝમામ-ઉલ-હકે એ રીતે મારી સાથે ક્યારેય વાત નહોતી કરી.’

# પાકિસ્તાની ક્રિકેટરે કૅપ પર નંબર ૮૦૪ લખાવ્યો એટલે ૧૪ લાખ રૂપિયાની પેનલ્ટી થઈ

કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાના ખેલાડીઓને કુલ ૩૩ લાખ રૂપિયાની પેનલ્ટી કરી છે. કારણ એ છે કે તેમણે ક્રિકેટ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલી આચારસંહિતાનો તાજેતરમાં ભંગ કર્યો હતો.

ક્રિકેટર આમેર જમાલને ૧૪ લાખ રૂપિયાની પેનલ્ટી કરવામાં આવી છે. તેમ જ સલમાન આગા, સાઈમ અયુબ તથા અબ્દુલ્લા શફીક સહિતના ખેલાડીઓને પાંચ-પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાન કેટલાક રાજકીય અને આર્થિક ગુનાઓ બદલ હાલમાં જેલમાં છે. તેને ૮૦૪નો કેદી નંબર આપવામાં આવ્યો હોવાથી તેના ચાહકો ઘણીવાર પોતાની ઇવેન્ટ દરમિયાન ઇમરાનનો ૮૦૪ નંબર બતાવીને તેના પ્રત્યેની એકતા અને સંગઠિતતાની ખાતરી બતાવતા હોય છે. ‘મેરા યાર, તેરા યાર, કેદી નંબર ૮૦૪’... એવું થોડા મહિનાઓથી પાકિસ્તાનમાં સ્થાનિક ક્રિકેટ મૅચ દરમિયાન ઇમરાન ખાનના ચાહકો સ્ટેન્ડમાંથી મોટા અવાજે બોલતા હોય છે.


આમેર જમાલે તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ વખતે પોતાની કૅપ પર ૮૦૪ નંબર લખાવ્યો હતો જે બદલ તેને ૧૪ લાખ રૂપિયાની પેનલ્ટી તો કરવામાં આવી છે એ ઉપરાંત તેને તાજેતરમાં ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમમાં નહોતો સમાવવામાં આવ્યો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનો નિયમ છે કે ક્રિકેટ મૅચ કે સિરીઝ દરમિયાન કોઈપણ ખેલાડી કોઈપણ પ્રકારનો રાજકીય કે અંગત પ્રચાર ન કરી શકે.

તાજેતરમાં સાઉથ આફ્રિકા ખાતેના પ્રવાસમાં સલમાન આગા જેને તાજેતરમાં જ નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે તે તેમ જ સાઈમ અયુબ અને અબ્દુલ્લા શફીક સિરીઝ દરમિયાન એક દિવસ હોટલ પર મોડા પહોંચ્યા એ બદલ દરેકને પાંચ-પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે સાઉથ આફ્રિકા સામેની જીત બાદ થોડી રકમ તેમને પાછી આપવામાં આવી હતી.

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com


# ત્રણ ભાષાનાં ભૂત ફરી કેમ ધૂણી રહ્યાં છે?.!

**વિદ્યાર્થીને ફરજિયાત ત્રણ ભાષા શીખવવાના મુદ્દે કેન્દ્ર સરકાર અને દક્ષિણનાં રાજ્યો - ખાસ કરીને તમિળનાડુની ડીએમકે સરકાર ઘણા સમયથી બાધી રહ્યાં છે. તાજેતરમાં આ વિખવાદ એવો ઉગ્ર બન્યો કે, તમિળનાડુની સરકારે રાષ્ટ્રીય ચલણ રૂપિયાના પ્રતીકને ખસેડીને તમિળ ભાષામાં રૂપિયાનું નવું પ્રતીક મૂકી દીધું!**

## આ ત્રણ ભાષાની નીતિ-રીતિ શું છે ?

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર વિદ્યાર્થીએ ત્રણ ભાષા શીખવી જોઈએ, જેમાંથી ઓછામાં ઓછી બે મૂળ ભારતીય ભાષાઓ હોવી જોઈએ. આ ત્રણ ભાષામાં માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, સત્તાવાર ભાષા (અંગ્રેજી સહિત) અને એક આધુનિક ભારતીય અથવા યુરોપિયન ભાષાનો સમાવેશ થાય છે. આમાં અંગ્રેજી ઉપરાંત, માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ કોરિયન, જાપાનીઝ, ફ્રેન્ચ, જર્મન અને સ્પેનિશ સહિત અન્ય વિદેશી ભાષાઓ પણ શીખી શકે છે.



ભારતમાં રાજકારણીઓ પોતાના સ્વાર્થને ખાતર સાવ નગણ્ય કહેવાય એવા મુદ્દાને પણ બહુ મોટા કરી નાખે છે. લોકો નેતાઓની ચાલને સમજ્યા વિના ભાવાવેશમાં આવીને કોઈ એક છાવણીમાં જોડાઈ જાય છે ને તેના કારણે દેશમાં જ આંતરિક વિગ્રહની સ્થિતિ પેદા થઈ જાય છે.

નરેન્દ્ર મોદી સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ફરજિયાત ત્રણ ભાષા શીખવવાના મુદ્દે ડીએમકે અને ભાજપ વચ્ચે જામેલો જંગ તેનું તાજું ઉદાહરણ છે. આ જંગ એટલો ઉગ્ર બન્યો છે કે, તમિળનાડુની ડીએમકે સરકારે દેશના ચલણ એવા રૂપિયાના પ્રતીકને પણ ફગાવીને તમિળ ભાષામાં રૂપિયાનું નવું પ્રતીક મૂકી દીધું!

એ રીતે જુઓ તો એમ.કે. સ્ટાલિન સરકારની આ ચેષ્ટા - આ પગલું આઘાતજનક છે. ભારતમાં સમવાય તંત્ર છે અને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોના અધિકારો વહેંચાયેલા છે. આ અધિકાર હેઠળ દેશનાં પ્રતીક નક્કી કરવાનો અધિકાર કેન્દ્ર સરકારને છે. કેન્દ્ર સરકારે ભારતના ચલણ રૂપિયા માટે નક્કી કરેલું પ્રતીક એ અનુસાર તમામ રાજ્યએ તે સ્વીકારવું ફરજિયાત છે, પણ સ્ટાલિનની સરકારે રૂપિયાના સત્તાવાર પ્રતીકને નકારીને અક્ષમ્ય હરકત કરી છે. રૂપિયાનું પ્રતીક વરસોથી પ્રચલિત છે ને કોઈ રાજ્યે આવી હરકત કરી નથી, જ્યારે સ્ટાલિને રૂપિયાના પ્રતીકને ભાષા સાથે જોડી દીધું છે. આમ જુઓ તો ખરેખર આ પ્રતીકને ભાષા સાથે કોઈ સ્નાન-સૂતક લેવાદેવા નથી. સ્ટાલિન સરકાર સામે મોદી સરકાર શું પગલાં લેશે એ ખબર નથી, પણ આ ચેષ્ટા માફ કરવા જેવી નથી. અહીં 'ડોસી મરી જાય તેનો ભો નથી, પણ જમડા ઘર ભાળી જાય તેનો ભો' છે. આ રીતે જો બધાં રાજ્યો વર્તવા લાગે તો દેશમાં બંધારણ જેવું કંઈ રહે જ નહીં. કાલે ઊઠીને કોઈ સ્થાનિક સરકાર પોતાના રાજ્યની સીમાના રક્ષણ અર્થે પોતાનું આર્મી બનાવવાની જાહેરાત કરી દેશે તો શું કરશો?

બીજું કોઈ રાજ્ય આવી ચેષ્ટા કરીને દેશના બંધારણને હાસ્યાસ્પદ બનાવી ના દે એ માટે મોદી સરકારે સ્ટાલિન સરકાર સામે આકરાં પગલાં ભરવાં જોઈએ. ભારતમાં આ પ્રકારની સ્થિતિ પહેલાં કદી પેદા થઈ નથી તેથી આ પગલાં શું હોઈ શકે એ માટે બંધારણીય નિષ્ણાતોનો અભિપ્રાય લેવો પડે, પણ જે કરવું પડે એ કરીને પણ મોદી સરકારે એક દાખલો બેસાડવો જરૂરી છે.

બીજી તરફ, સ્ટાલિન આવા 'તોફાન' કરી રહ્યા છે કેમ કે હિંદીના વિરોધ પર ડીએમકેની દુકાન ચાલે છે. બલકે તમિળનાડુમાં બધા રાજકીય પક્ષોનો વેપલો હિંદીના વિરોધ પર ચાલે છે. પેરિયારથી શરૂ કરીને અન્નાદુરાઈ ને કરુણાનિધિથી માંડીને સ્ટાલિન સુધીના બધા હિંદી ભાષા વિરુદ્ધ ઝેર ઓક્યા કરે છે. તેમાં તમિળનાડુમાં હિંદી વિરોધી માનસિકતા પ્રબળ બની ગઈ છે તેનો રાજકીય ફાયદો લેવા માટે સ્ટાલિન હિંદી વિરોધી વલણ અપનાવીને બેસી ગયા છે.

જોકે ભાજપ પણ દૂધે ધોયેલો નથી કેમ કે સ્ટાલિનને આ બધા ઉધામા કરવા માટે ભાજપના નેતાઓએ જ કારણ આપ્યું છે. મોદી સરકાર ૨૦૧૯માં બીજી વાર લોકસભાની ચૂંટણી જીતીને સત્તામાં આવી પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)નો મુસદ્દો જાહેર કર્યો તેમાં પહેલા ધોરણથી ફરજિયાત ત્રણ ભાષા શીખવવાની ને તેમાં પણ હિંદી તો શીખવવાની જ એવી અર્થહીન જોગવાઈ હતી તેમાંથી આખું કમઠાણ શરૂ થયું. તેની સામે દક્ષિણનાં રાજ્યોમાં પ્રચંડ વિરોધ થયો એટલે મોદી સરકારે નવો મુસદ્દો બહાર પાડીને ફરજિયાત હિંદીની જોગવાઈ રદ કરી પછી બધું શાંત કરવું પડ્યું હતું.

જોકે એ જૂની તકરાર ભૂલીને હવે ભાજપે પાછો એ જ ઉપાડો લીધો છે તેમાં મગજમારી શરૂ થઈ છે. ભાજપ સરકાર સત્તાવાર રીતે ફરજિયાત હિંદી શીખવવાની વાત નથી કરતી, પણ આડકતરી રીતે ભાજપના નેતા એ જ કહી રહ્યા છે. ભાજપના નેતા ફરજિયાતપણે ત્રણ ભાષા શીખવવા પર પણ જોર આપી રહ્યા છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને તો તમિળનાડુ ફરજિયાત ત્રણ ભાષા શીખવવાના નિર્ણયનો અમલ નહીં કરે તો ગ્રાન્ટ બંધ કરી દેવાની ચીમકી પણ આપી છે. ધર્મેન્દ્ર પ્રધાન અને ભાજપના બીજા નેતા જે વાતો કરી રહ્યા છે એ ગેરબંધારણીય છે કેમ કે શિક્ષણ એ રાજ્યોનો વિષય છે અને પોતાને ત્યાં કેવું શૈક્ષણિક માળખું રાખવું એ નક્કી કરવાનો અધિકાર રાજ્ય સરકારોને છે.

કેન્દ્ર સરકાર શિક્ષણ નીતિ બનાવી શકે, પણ તેને આંખો મીંચીને અનુસરવાનો કોઈને આદેશ ના આપી શકે. મોદી સરકાર સ્ટાલિન સરકાર પોતાની નીતિને ના અનુસરે તો ગ્રાન્ટ બંધ કરવાની ધમકી આપે છે એ પણ અક્ષમ્ય છે. ખરેખર તો મોદીએ આ પ્રકારની ભાષા બોલનારા ધર્મેન્દ્ર પ્રધાનને તગેડી મૂકવા જોઈએ કેમ કે કેન્દ્ર સરકારની તિજોરીમાં જે પૈસો આવે છે એ ધર્મેન્દ્ર પ્રધાન કે ભાજપના કોઈ નેતાની મિલકત-માલ નથી કે પોતાને ગમે તેને સહાય કરે ને પોતાને ના ગમે તેને સહાય ના કરે.

શાસક પક્ષના નેતા હિંદીનું પૂંછડું ઝાલીને બેઠા છે એ પણ હાસ્યાસ્પદ છે. હિંદી આખા દેશના લોકોની ભાષા નથી, બલકે દેશના ૫૦ ટકા લોકોની પણ માતૃભાષા નથી. હિંદી ફરજિયાત ભણાવવાની તરફેણ કરનારા હિંદીને રાષ્ટ્રભાષા ગણાવે છે, પણ તો સત્તાવાર રીતે પણ હિંદી રાષ્ટ્રભાષા નથી - હિંદી એક રાજ્યભાષાથી વિશેષ નથી. મતલબ કે, સરકારી કામકાજની સત્તાવાર ભાષા છે, પણ હિંદીની સાથે અંગ્રેજી પણ રાજ્યભાષા છે. આ સંજોગોમાં હિંદી કે અંગ્રેજી બંનેમાંથી કોઈ એક ભાષાનું જ્ઞાન હોય તો સરકારી કામ ચાલે. સ્ટાલિન અંગ્રેજીને ફરજિયાત કરવા તૈયાર છે એ જોતાં એ સાચા છે અને દેશના બંધારણને અનુસરી રહ્યા છે. ભાજપને આખા દેશમાં બધાને હિંદી ભણાવવાના અભરખા હોય તો હિંદીને રાષ્ટ્રભાષા બનાવી દો, પણ જુઓ એને અમલમાં મૂકવાની સરકારમાં તાકાત છે નહીં.

ભાજપના નેતા હિંદી ભાષાને ભારતીયતા સાથે જોડી રહ્યા છે એ સાંભળીને એમની બુદ્ધિ પર દયા આવે છે. ભારતીયતાની અસલી ભાષા સંસ્કૃત છે. હિંદુત્વનું તમામ જ્ઞાન, તત્ત્વજ્ઞાન એટલે કે ફિલોસોફી, વિચારો, અલગ અલગ શાસ્ત્રો બધું સંસ્કૃતમાં છે. ભારતીયતાને જીવંત રાખવી હોય તો બાળકોને નાની વયથી જ સંસ્કૃત ભણાવો!

બીજાની વાત છોડો, પણ ભાજપશાસિત રાજ્યો પણ પહેલાં ધોરણથી સંસ્કૃત ફરજિયાત કરવા તૈયાર નથી! આઘાતજનક વાત એ છે કે, ભાજપના નેતા ઉર્દૂને પણ ભારતીય ભાષા ગણવા તૈયાર નથી. ઉત્તર પ્રદેશમાં ઉર્દૂને ત્રીજી ભાષા બનાવવાની માગ ઊઠી તો યોગી આદિત્યનાથે વિરોધ કરીને કહ્યું કે, એ તો ઉર્દૂને કઠમુલ્લાની ભાષા ગણે. ઉર્દૂ મુસ્લિમોની ભાષા છે એને એ ભણાવીને અમારે યુપીમાં મૌલવીઓ પેદા કરવા નથી! મજાની વાત એ છે કે, ભાજપશાસિત હરિયાણામાં ત્રીજી ભાષા તરીકે સંસ્કૃત, પંજાબી અને ઉર્દૂના વિકલ્પો અપાયા છે. યોગીનું લોજિક લાગુ પાડીએ તો હરિયાણાની ભાજપ સરકાર મૌલવીઓ પેદા કરવા માગે છે!

યોગી સહિતના નેતાઓ ઉર્દૂને ઇસ્લામ સાથે જોડે છે, પણ ઉર્દૂ ભારતીય ભાષા છે. ઉર્દૂની લિપિ અરબી છે, પણ તેનું વ્યાકરણ હિંદી પ્રમાણે છે.

ભારત અને પાકિસ્તાન સિવાય બીજા ક્યા દેશના મુસલમાન ઉર્દૂ બોલે છે? કોઈ નહીં. ભાષાના ઘણા નિષ્ણોતાના મતે તો ઉર્દૂ શૌરાસેની પ્રાકૃત ભાષામાંથી આવેલી છે. આ સંજોગોમાં જે લોકો ઉર્દૂ પર ધર્મનું લેબલ લગાડે છે એ બધા કૂવાના દેડકા છે.

ભાજપ હિંદીનું પૂંછડું ઝાલીને બેઠો છે કેમ કે તેના કારણે ઉત્તર ભારતમાં મત મળશે એવી લાલચ છે. સ્ટાલિન કરતાં આ માનસિકતા કઈ રીતે અલગ પડે છે? ■




અરાઉન્ડ દ વર્લ્ડ


નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

neil@veenaworld.com


# ઈસ્તંબુલ અને કોન્સ્ટેન્ટિનોપલ વચ્ચે શું ફરક છે?

**તેના ઊંડાં મૂળિયાં ધરાવતા ઈતિહાસથી લઈને તેના ધમધમતા બજારો અને મોઢામાંથી પાણી લાવી દેનારાં ખાદ્યો સુધી, ઈસ્તંબુલ સંસ્કૃતિઓના અજોડ સંમિશ્રણ સાથે તેના મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરીને રહે છે.**









હું ગયા વર્ષે મિત્રનાં લગ્નમાં ઈસ્તંબુલ ગયો હતો અને મને કહેવા દો કે તેના જેવું કશું જ નથી! આ શહેર સંસ્કૃતિ, ઈતિહાસ અને અદભુતખાદ્યોથી ધમધમે છે. તે ટૂંક સમયમાં જ મારાં પાંચ ફેવરીટ સ્થળમાંથી એક બની ગયું છે. તે એટલી હદે કે મેં મારી 2025ની બકેટ લિસ્ટમાંતેને ઉમેરી દીધું છે, કારણ કે આ શહેરની એક વાર મુલાકાત પૂરતી નથી!

**ઈસ્તંબુલ શા માટે? તેનાં જૂજ કારણો નીચે મુજબ છે:**

1. ટ્રાન્સકોન્ટિનેન્ટલ શહેર: દુનિયામાં આ એકમાત્ર એવું શહેર છે જેના બે ખંડ છે. બોસ્ફોરસ સ્ટ્રેઈટયુરોપ અને એશિયાને વિભાજિત કરે છે.

2. ભવ્ય બજાર: દુનિયાની આ સૌથી જૂની અને વિશાળ કવર્ડ માર્કેટ્સ છે,જે ટેક્સટાઈલ્સ, જ્વેલરી, મસાલાઓ અને સેરામિક્સ વેચતા 4000થી વધુ દુકાનોનું ઘર છે.

3. યુરેશિયા ટનલ: આ ભૂજળ માર્ગ ટનલ ઈસ્તંબુલને યુરોપિયન અને એશિયન બાજુઓથી જોડે છે.

4. ઐતિહાસિક નામ ફેરબદલી: એક સમયે બાયઝેન્ટિયમ તરીકે ઓળખાતું, જે પછી કોન્સ્ટેન્ટિનોપલ અને આખરે ઈસ્તંબુલ નામકરણ થયું.

આજે હું છેલ્લા મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છું: ઈસ્તંબુલ અને કોન્સ્ટેન્ટિનોપલ વચ્ચે શું ફરક છે?

**કોન્સ્ટેન્ટિનોપલ વિ. ઈસ્તંબુલ**

એક શહેર માટે બે નામ છે, પરંતુ અલગ અલગ ઐતિહાસિક સમયગાળાનાં છે. અજોડતા અલગ અલગ સંસ્કૃતિઓ અને સમયરેખાઓ દ્વારાતેના ઉપયોગમાં રહેલી છે.

**કોન્સ્ટેન્ટિનોપલ: બાયઝેન્ટાઈનનું ઘરેણું**

કોન્સ્ટેન્ટિનોપલની સ્થાપના રોમન સામ્રાજ્યની નવી રાજધાની તરીકે રોમન સમ્રાટ કોન્સ્ટેન્ટાઈન ધ ગ્રેટ દ્વારા ઈ.સ. પછી 4થી સદીમાં થઈ હતી. તે પૂર્વીય રોમન (બાયઝેન્ટાઈન) સામ્રાજ્યની રાજધાની બની હતી અને હજારો વર્ષો સુધી સાંસ્કૃતિક, વેપાર અને ધાર્મિક કેન્દ્ર રહી હતી. "કોન્સ્ટેન્ટિનોપલ" નામનો અર્થ "સિટી ઓફ કોન્સ્ટેઈન્ટાઈન" એવો થાય છે.

આ શહેરના વ્યૂહાત્મક સ્થળે તેને બાયઝેન્ટાઈન વિશ્વનું હાર્દ બનાવી દીધું છે. તે સમ્રાટ થિયોડોસિયસ II દ્વારા નિર્મિત વ્યાપક ત્રિ-સ્તરીય દીવાલો સાથે એકદમ મજબૂત હતી. આ સંરક્ષણે તેને અનેક હુમલાઓમાં પણ અડીખમ રહીને તે સમયનાં સૌથી સુરક્ષિત શહેરમાંથી એક બનાવી દીધું હતું.

કોન્સ્ટેન્ટિનોપલ હાયા સોફિયા સહિત સ્થાપત્ય અજાયબીઓનું પણ ઘર રહ્યું છે, જે મંત્રમુગ્ધ કરનારું ચર્ચ હજારો વર્ષથી દુનિયાનાસૌથી વિશાળ કેથેડ્રલ તરીકે ઊભું છે. અન્ય મહત્ત્વપૂર્ણ સીમાચિહનોમાં હિપ્પોડ્રોમ છે, જે ચેરિયટ રેસ અને રાજકીય ઘટનાઓનું સાક્ષી રહ્યું છેઅને નૈસર્ગિક બંદર ગોલ્ડન હોર્ન વેપાર માટે મહત્ત્વપૂર્ણ છે.

ઓર્થોડોક્સ ક્રિસ્ટિનિયાટીના કેન્દ્ર તરીકે કોન્સ્ટેન્ટિનોપલે ખાસ કરીને 1054ના ગ્રેટ સિઝમ દરમિયાન ધાર્મિક વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે,જેણે ક્રિસ્ટિનિયાટીને ઈસ્ટર્ન ઓર્થોડોક્સ અને રોમન કેથોલિક શાખાઓમાં વહેંચી દીધી હતી. આ શહેરમાં વિશાળ લાઈબ્રેરીઓ,શાળાઓ અને કળાત્મક સમુદાય પણ છે, જે બાયઝેન્ટાઈનના શાસન હેઠળ હોઈ અતુલનીય મોઝેક્સ, ધાર્મિક પ્રતિકો અને લિપિઓ નિર્માણ કરે છે.

**ઈસ્તંબુલ: ધ ઓટ્ટોમન મેટ્રોપોલિસ**

1453માં કોન્સ્ટેન્ટિનોપલ મેહમદ ધ કોન્કરર તરીકે પણ ઓળખાતા સુલતાન મેહમદ II હેઠળ ઓટ્ટોમન ટર્કસના હાથે આવ્યું હતું. આ સાથે બાયઝેન્ટાઈન સામ્રાજ્યનો અંત આવ્યો અને ઓટ્ટોમન શાસન હેઠળ નવો યુગ શરૂ થયો.

શહેરનું નામ ધીમે ધીમે ઈસ્તંબુલમાં રૂપાંતર થયું, જે ગ્રીક વાક્ય "ઈસ તિન પૌલિન" (જેનો અર્થ "શહેરને") એવો થાય છે. ઓટ્ટોમન્સ હેઠળ ઈસ્તંબુલ પર્સિયન, આરબ અને બાલ્કન પરંપરાઓના પ્રભાવો સાથે સંસ્કૃતિઓનું કેન્દ્ર બની ગયું. શહેર ઓટ્ટોમન સામ્રાજ્યની રાજધાની તરીકે ફૂલવાફાલવા લાગ્યું, જ્યાં ભવ્ય મસ્જિદો, રજવાડાઓ અને ધમધમતી બજારો જોવા મળે છે.

ઓટ્ટોમન્સે કોન્સ્ટેન્ટિનોપલના ચર્ચોને મોસ્ક્સમાં પરિવર્તિત કરી દીધા, જે હાયા સોફિયા તરીકે અત્યંત પ્રસિદ્ધ છે, જે 1453માં મસ્જિદ બની ગયું હતું. અન્ય સ્થાપત્યના નમૂનાઓમાં બ્લુ મોસ્ક (મસ્જિદ), ધ સુલેમાનિયા મોસ્ક અને ઓટ્ટોમન સુલતાનોનું આલીશાન નિવાસસ્થાન ટોપકાપી પેલેસનો સમાવેશ થાય છે. નવી શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને બજારો નિર્માણ થઈ, જેણે ઈસ્તંબુલને ફૂલતાફાલતા આર્થિક અને બૌદ્ધિક કેન્દ્ર બનાવી દીધું.

ઈસ્તંબુલ 20મી સદીના આરંભમાં સામ્રાજ્યના પતન સુધી ઓટ્ટોમનની રાજધાની રહ્યું હતું. 1923માં રિપબ્લિક ઓફ ટર્કીની સ્થાપના પછી અંકારા નવી રાજધાની બની, પરંતુ ઈસ્તંબુલ દેશનું સાંસ્કૃતિક અને આર્થિક કેન્દ્ર તરીકે ચાલુ રહ્યું. "ઈસ્તંબુલ" નામ ભાષામાં સુધારણાના ભાગરૂપે લેટિન બારાખડી ટર્કી દ્વારા રજૂ કરવામાં આવી ત્યારે 1930માં વિધિસર રીતે અપનાવવામાં આવ્યું હતું.

આમ, કોન્સ્ટેન્ટિનોપલે શહેરના બાયઝેન્ટાઈન યુગનું પ્રતિનિધિત્વ કર્યું, જ્યારે ઈસ્તંબુલ તેની આધુનિક ઓળખ છે. નામ ફેરબદલી બાયઝેન્ટાઈનથી ઓટ્ટોમન શાસનમાં તેના રૂપાંતર અને આજે છે તે સ્વર્ણિમ, પચરંગી મહાનગરમાં તેની ઉત્ક્રાંતિ પ્રદર્શિત કરે છે.

**ઈસ્તંબુલમાં શું જોવા જેવું છે**

ઈસ્તંબુલ શહેરમાં ઈતિહાસનું મિલન આધુનિકતા સાથે થાય છે અને અહીં જોવા જેવું ઘણું બધું છે. અહીં અમુક અવશ્ય મુલાકાત લેવાના આકર્ષણોનીચે મુજબ છે:

1. હાયા સોફિયા (આયાસોફિયા): આ અદભુત માળખાએ બાયઝેન્ટાઈન કેથેડ્રલને ઓટ્ટોમન મસ્જિદમાં ફેરવી દીધું,જે તે સમયનું મ્યુઝિયમ હવે ફરી મસ્જિદ છે.

2. બ્લુ મોસ્ક (સુલતાન અહમદ મોસ્ક): તેની આકર્ષક બ્લુ ટાઈલ્સ અને છ મિનારાઓ માટે જાણીતું છે.

3. ટોપકાપી પેલેસ: ઓટ્ટોમન સુલતાનોનું આ મનોહર નિવાસસ્થાન ટોપકાપી ડેગર અને સ્પૂનમેકર્સ ડાયમંડ જેવો ખજાનો ધરાવે છે.

4. ગ્રાન્ડ બજાર: આ અવશ્ય મુલાકાત લેવા જેવા બજારમાં હજારો લોકો જ્વેલરી, ટેક્સટાઈલ્સ, મસાલાઓ અને ઘણું બધું ખરીદી કરે છે.

5. મસાલા બજાર (ઈજિપ્શિયન બજાર): આ ફ્રેગ્રન્ટ બજાર મસાલાઓ, મીઠાઈઓ અને ટર્કિશ પકવાનોથી ધમધમે છે.

6. બોસ્ફરસ ક્રુઝ: આ બોટ ટુર ઈસ્તંબુલની આકાશરેખા, રજવાડાઓ અને પુલોનો અદભુત નજારો પ્રદાન કરે છે.

7. ગલાટા ટાવર: આ મધ્યયુગીન ટાવર શહેરનો મનોરમ્ય નજારો પૂરો પાડે છે.

8. બેસિલિકા સિસ્ટર્ન: આ ભૂગર્ભ રિઝર્વોયરમાં આકર્ષક સ્થાપત્યો અને પ્રસિદ્ધ મોડુસા હેડ કોલમ્સ છે.

9. ડોલ્મેબાહ પેલેસ: આ આલીશાન રજવાડું યુરોપિયન સ્ટાઈલનું ઈન્ટીરિયર દર્શાવે છે.

10. ટર્કિશ બાથ્સ (હમામ): સેમ્બેરલિટાસ અથવા આયોસોફિયાહુરેમ સુલતાન હમામી જેવા ઐતિહાસિક હમામ ખાતે પારંપરિક ટર્કિશ સ્નાન અનુભવો.

11. ઈસ્તિકલ સ્ટ્રીટ અને તકસિમ સ્ક્વેર: આ સ્વર્ણિમ વિસ્તારો દુકાનો, રેસ્ટોરાંઓ અને સ્ટ્રીટ પરફોર્મર્સથી ધમધમે છે.

12. ચોરા ચર્ચ (કેરિયે મ્યુઝિયમ): દુનિયાના અમુક સુંદર બાયઝેન્ટાઈન મોઝેક્સ માટે ઘર છે.

ઈતિહાસ, સંસ્કૃતિ અને મંત્રમુગ્ધ કરનાર સ્થાપત્યોનું ઈસ્તંબુલનું ફ્યુઝન પ્રવાસીઓ માટે તેને અચૂક જોવા જેવું સ્થળ બનાવે છે.

**ઈસ્તંબુલની ખાણીપીણી**

ઈસ્તંબુલ સમૃદ્ધ ખાણીપીણી ધરાવે છે, જે મારી ટ્રિપની વધુ એક હાઈલાઈટ હતી. અહીં અમુક અવશ્ય અજમાવવા જેવી વાનગીઓ નીચે મુજબ છે:

1. મર્સિમેકકોર્બાસી (લેન્ટિલ સૂપ): લાલ અથવા લીલા લેન્ટિલ્સ સાથે બનાવવામાં આવતા આ સ્વાદિષ્ટ સૂપમાં મસાલાઓઅને લીંબુનો રસ નિચોવવામાં આવેલો હોય છે.

2. બોરેક: આ ફ્લેકી પેસ્ટ્રીમાં ચીઝ અને પાલક ભરીને ઉત્તમ રીતે બેક કરાય છે.

3. ઈમામ બાયિલ્દી: કાંદા, લસણ, ટમેટા અને મસાલા સાથે સ્ટફ કરેલા એગપ્લાન્ટ્સ એટલા સ્વાદિષ્ટ લાગે છેકે ઈમામ પણ છક થઈ ગયા હતા એવું કહેવાય છે!

4. ડોલ્મા: દ્રાક્ષનાં પાન અથવા બેલ પેપર્સમાં ભાત, હર્બ્સ અને મસાલા ભરવામાં આવે છે અને દહીં અથવા ઓલિવ ઓઈલ સાથે પીરસવામાં આવે છે.

5. બકલાવા: આ મીઠી, લેયર્ડ પેસ્ટ્રી નટ્સથી ભરેલી હોય છે અને સિરપમાં ડુબાડીને અપાય છે.

6. ટર્કિશ ડિલાઈટ (લોકમ): આ ચગળવાની કન્ફેક્શન ખાંડ, નટ્સ અને ફ્રૂટ ફ્લેવર્સ સાથે બનાવવામાં આવે છે.

7. સિમિટ: આ સીસમ ક્રસ્ટેડ બ્રેડ રિંગ મોટે ભાગે ચા સાથે માણવામાં આવે છે.

8. કે (ટર્કિશ ચા) અને ટર્કિશ કોફી: કોઈ પણ મુલાકાતી માટે મહત્ત્વપૂર્ણ બેવરેજીસ, જે મોટે ભાગે સુંદર ડિઝાઈન કરાયેલી કપમાં પીરસવામાં આવે છે.

9. કુનેફી: આ ક્રિસ્પી ડેઝર્ટ શ્રેડેડ પેસ્ટ્રી, સ્વીટ ચીઝ અને સિરપ સાથે બનાવવામાં આવે છે.

ઈસ્તંબુલ અથવા તો કોન્સ્ટેન્ટિનોપલની આ ખૂબીઓ છે! તમે તેને ગમે તે નામે બોલાવો પરંતુ એક બાબત નિશ્ચિત છે તે દુનિયામાં ઉત્તમ શહેરમાંથી એક છે. તેનો ઊંડાં મૂળિયાં ધરાવતો ઈતિહાસથી તેના ધમધમતા બજારો અને મોઢામાંથી પાણી લાવી દેનારાં ખાદ્યો સુધી ઈસ્તંબુલ સંસ્કૃતિઓના અજોડ સંમિશ્રણ સાથે તેના મુલાકાતીઓને મોહિત કરી દે છે. તમે ઈતિહાસના શોખીન હોય, ખાવાના શોખીન હોય કે સાહસ ખેડવા માગતા હોય, ઈસ્તંબુલ તમારે માટે કાંઈક ને કાંઈક ધરાવે છે. તો ફરી મળીશું. સ્થાનિકો કહે છે તેમ "Hoşca kal!" ("હોસ્કાકલ!") (ગુડબાય!).


નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.


ચાલો, વીણા વર્લ્ડ સાથે ઘણાં દિવસોથી તમારાં મનમાં રહેલું ભારતનું નોર્થઈસ્ટ જોવા... મુંબઈથી મુંબઈ ફ્લાઈટ્સ સાથે!

| | | |
|---|---|---|
| આસામ મેઘાલય<br>7 Days - April 13, 17 | ઓલ ઓફ મેઘાલય<br>8 Days - April 12, 26 | આસામ અરુણાચલ મેઘાલય<br>12 Days - April 12, 19 |
| સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક<br>7 Days - April 14 | સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક પેલીંગ (9D) April 9, 17 | વુમન્સ સ્પેશિયલ આસામ મેઘાલય (7D) May 13 |
| વુમન્સ સ્પેશિયલ આસામ અરુણાચલ મેઘાલય (12D) May 5 | વુમન્સ સ્પેશિયલ સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક પેલીંગ (9D) April 13 | સિનિયર્સ સ્પેશિયલ આસામ અરુણાચલ મેઘાલય (12D) April 02 |

*T&C Apply

Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979



1 થી 31 માર્ચ રવિવાર સહિત પર્યટકોની સુવિધા માટેવીણા વર્લ્ડની સર્વ સેલ્સ ઓફિસીસ 10AM થી 8PM ચાલુ છે

અદભૂત પ્રકૃતિ, સમૃદ્ધ સંસ્કૃતિ, વિવિધ ભાષાઓ, અનોખી જીવનશૈલી

નોર્થ ઈસ્ટ અને સિક્કિમ

ચાલો, બેગ ભરો, નીકળી પડો!

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.


મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

સાત સદીઓ પછી પણ...

# દિલ્હીની વાસંતી હવામાં ગુંજતી અમીર ખુસરોની વિરાસત

તાજેતરમાં નવી દિલ્હીમાં જહાન-એ-ખુસરો નામનો એક સુંદર કાર્યક્રમ થઇ ગયો. એ પાછો યોજાયો હતો હુમાયુના મકબરાને અડીને આવેલા ૧૬મી સદીના મુઘલ હેરિટેઝ પાર્ક 'સુંદર નર્સરી'માં (જે અગાઉ 'અઝિમ બાગ' તરીકે ઓળખાતો હતો). આ કાર્યક્રમમાં ઉપસ્થિત વડા પ્રધાને ત્યાં એક ગહન વાત કરી હતી કે ગુલામીના લાંબા કાલખંડ, છતાં આજે આપણે અતીતથી પરિચિત છીએ, તો તેમાં હજરત ખુસરોની રચનાઓની મોટી ભૂમિકા છે.





'જહાન-એ-ખુસરો' કાર્યક્રમમાં ખુસરોની વિરાસતનો જશ્ન મનાવવા માટે દુનિયાભરના કલાકરોને એક સાથે આમંત્રવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા મુજફ્ફર અલીએ કરી હતી. ૨૦૨૫માં એમની ૨૫મી વર્ષગાંઠ હતી. ખુસરો ભારતની એ સૂફી ગીત-સંગીત પરંપરાની મહત્ત્વની કડી છે, જે કોઈ એક ધર્મના વાડામાં બંધાઈને રહી નથી, બલ્કે દરેક ધર્મએ તેને સમાન રીતે અપનાવી છે.

મજાની વાત એ છે કે આ કાર્યક્રમ એ જગ્યા યોજાય છે, જ્યાંથી અમીર ખુસરોએ ૧૩મી સદીમાં કવ્વાલી સંગીતની પરંપરાની શરૂઆત કરી હતી. ખુસરોના સમયને વીતી ગયે સાત સદીઓ થઇ ગઈ હોવા છતાં, દિલ્હીની વાસંતી હવામાં એમની વિરાસત આજે પણ ગુંજતી રહી છે.

'સુંદર નર્સરી'થી નજીકમાં જ સૂફી સંત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયાની દરગાહ છે. બરાબર તેની સામે જ અમીર ખુસરોનો મકબરો છે. ખુસરો એમના શિષ્ય હતા અને એમણે જીવતે જીવ ઈચ્છા વ્યક્ત કરી હતી કે એમના ઈન્તકાલ પછી ઔલિયાની પડોશમાં જ એમને દફનાવામાં આવે.

એવું કહેવાય છે કે હઝરત નિઝામુદ્દીનને પોતાનું કોઈ સંતાન નહોતું. એટલે એ પોતાની બહેનના પુત્ર ખ્વાજા તકીઉદ્દીન નૂહને ખૂબ ચાહતા હતા. ખ્વાજા નૂહનું એક દિવસ માંદગીને કારણે મૃત્યુ થયું પછી ઔલિયા ખૂબ દુઃખી થયા હતા અને એમણે પોતાના નિવાસસ્થાન 'ચિલા-એ-ખાનકાહ' માંથી બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું. એમની આ સ્થિતિથી વ્યથિત થઈને એમના શિષ્ય અમીર ખુસરો વસંતના પીળા રંગની સાડી પહેરીને ઔલિયાના દરવાજે પહોંચ્યા હતા અને હાથમાં સરસવનું ફૂલ લઈને નાચતાં-નાચતાં રાગ બહારમાં 'સકલ ફૂલ બન રહી સરસોં' ગીત ગાયું હતું. એમની આ હરકતથી નિઝામુદ્દીન ઔલિયાના મોઢા પર એ દિવસોમાં પહેલીવાર સ્મિત ઝળક્યું હતું.

બસ, તે સમયથી અહીં વસંત પંચમીનો તહેવાર ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. ત્યારથી, હઝરત નિઝામુદ્દીન ઔલિયાની દરગાહ દર વર્ષે વસંત પંચમીના રોજ શણગારવામાં આવે છે અને એમના તમામ અનુયાયી વસંત પંચમીની ઉજવણી કરવા માટે પીળા કપડાં પહેરે છે. એ બધા સરસવનાં ફૂલો સાથે દરગાહ પર જાય છે અને કવ્વાલી ગાઈને વસંતના આગમનની ઉજવણી કરે છે. આ તહેવાર હઝરત નિઝામુદ્દીન ઔલિયાની દરગાહમાં ૮૦૦ વર્ષથી વધુ સમયથી આ રીતે ઉજવવામાં આવે છે.

મધ્ય એશિયાની લાચન જાતિના તુર્ક સૈફુદ્દીનના પુત્ર અમીર ખુસરોનો જન્મ ઇસવી સન ૧૨૫૩માં ઉત્તર પ્રદેશના એટા જિલ્લાના પટિયાલી નામના કસ્બામાં થયો હતો. એમણે કિશોર વયે કવિતા લખવાનું શરૂ કર્યું હતું અને ૨૦ વર્ષની વયે કવિ તરીકે પ્રસિદ્ધ થયા હતા.

એમનો પરિવાર ઘણી પેઢીઓ સુધી શાહી દરબાર સાથે સંકળાયેલો હતો. અમીર ખુસરોએ પોતે ૮ સુલતાનોનું શાસન જોયું હતું. અમીર ખુસરો પહેલા મુસ્લિમ કવિ હતા, જેમણે ખુલ્લેઆમ હિન્દી શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ખડી બોલીને પ્રચલિત કરવાનું શ્રેય એમને આપવામાં આવે છે. એ પોતાની ભાષા માટે હિંદવીનો ઉલ્લેખ કરનારી પ્રથમ વ્યક્તિ હતી. એ ફારસી કવિ પણ હતા. એમને દિલ્હી સલ્તનત દ્વારા આશ્રય આપવામાં આવ્યો હતો. એમણે આખું જીવન શાહી આશ્રયમાં વિતાવ્યું હતું.

શાહી દરબારમાં હોવા છતાં, ખુસરો હંમેશાં કવિ, કલાકાર, સંગીતકાર રહ્યા. કવિઓ તો તે વખતે બીજા પણ ઘણા હતા, પરંતુ અમીર ખુસરો જેવા લોકો જન્મે છે ખરા પણ ક્યારેય મરતા નથી. એમના કાલાતીત વ્યક્તિત્વ અને સર્જનાત્મકતા દ્વારા એ હંમેશાં સાહિત્યના આકાશમાં ઝળકે છે.

અમીર ખુસરોએ બે જુદી જુદી સંસ્કૃતિ- ધાર્મિક માન્યતા અને પરંપરા વચ્ચે પરસ્પર પ્રેમ, સંવાદિતા અને સંવાદિતાનું વાતાવરણ ઊભું કરવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એમની એક રચનામાં એમણે પોતાને 'તુતી-એ-હિંદ' (ભારતનો પોપટ) એટલે કે ભારતનો અવાજ) કહ્યા હતા. ભાષાકીય કુશળતા અને વિદ્વતામાં એ બેજોડ હતા. ખુસરો વાત કરવાના વિવિધ અંદાઝનું અનુકરણીય અને અપ્રતિમ ઉદાહરણ છે, જેમ કે એમની એક પ્રસિદ્ધ રચનામાં એ લખે છે;

*છાપ તિલક સબ છીની રે મોસે નૈના મિલાઇકે*
*બાત અગમ કહ દીની રે મોસે નૈના મિલાઈકે*

આ ગીત ઘણું લોકપ્રિય છે. દિગ્ગજ ગાયિકા લતા મંગેશકર, નુસરત ફતેહ અલી ખાન, આબિદા પરવીન, ઉસ્તાદ વિલાયતી ખાન, ઉસ્તાદ શુજાત ખાન, ઉસ્તાદ રાહત ફતેહ અલી ખાન અને વારસી બ્રધર્સ સહિત અનેક નામી-અનામી ગાયકોએ એ રચનાને પોતાનો અવાજ આપ્યો છે. લોકો તેના શબ્દ-સૂરને આધ્યાત્મિક માને છે. ખુસરોએ મૂળ વ્રજભાષામાં આ કવિતા લખી હતી. સૂફીમાં બહુ કવિઓ ખુદા પ્રત્યેના એમના પ્રેમને 'છોકરીઓના ઇશ્ક' તરીકે વ્યક્ત કરે છે. અમીર ખુસરો લખે છે : 'મોહે સુહાગન કીની રે, મોસે નૈના મિલાઈકે..' અર્થાત, 'આંખ મળી અને હું તારી વહુ બની ગઈ! '

અસલમાં ખુસરોનો આ કૃષ્ણ પ્રેમ છે અને એ ખુદને કૃષ્ણની પ્રેમિકા તરીકે જુવે છે : છાપ એટલે કપાળમાં લટકતું ઝૂમર. તિલક એટલે લાલ બિંદી.

*'છાપ તિલક સબ છીની રે મોસે નૈના મિલાઇકે*
*બાત અગમ કહ દીની રે મોસે નૈના મિલાઈકે..'*

મતલબ એ કે, ઈશ્વર સાથે આંખ મળી અને વહુ તરીકે પતિના ઘરમાં જે કરવાનું હતું એ કુરબાન થઇ ગયું. તેં મારી લૌકિક ઓળખ જ ઝૂંટવી લીધી.

'*બાત અગમ કહ દીની રે...*' મારી સાથે આંખ મિલાવીને તે મને અગોચર દુનિયાની એ વાત કરી કે આ દુનિયાનો મારો મોહ છૂટી ગયો.

આઠસો વર્ષ પછી આજે પણ આ કવિતા એનો જાદુ જાળવી રહી છે, જે સાબિત કરે છે કે જીવાતા જીવનમાંથી આવેલું સર્જન કાલાતીત-શાશ્વત હોય છે ને ચિરસ્થાઈ રહે છે ! ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# હજી બહુ મોટી સંખ્યામાં રોકાણકારો આવવાના બાકી છે!

## શેરબજારમાં પ્રવેશેલા અને પ્રવેશતા નવા રોકાણકારોનું ધ્યાન ક્યાં વધુ હોય છે? આ વર્ગની પસંદગી શું હોય છે અને શું હોવી જોઈએ? એની જોઈએ, એક ઝલક...

એક નાના શહેરમાં એક સાહસિક વેપારીએ ચપ્પલ બનાવવાનું કારખાનું શરૂ કરવાનું નક્કી કર્યું ત્યારે એના એક સલાહકારે તપાસ કરીને જાણ્યું કે 'એ ગામમાં તો ચપ્પલ પહેરવાનો રિવાજ જ નથી... અહીં કોઈ ચપ્પલ પહેરતું નથી માટે અહી કારખાનું નાખવાનો કોઈ અર્થ નથી... ખોટમાં જશો...!'

આ સાંભળી પેલા વેપારી કહેઃ 'હવે તો મારો નિર્ણય એકદમ પાક્કો થઈ ગયો કે અહી કારખાનું નાખવું જ રહ્યું, કારણ કે જયાં કોઈ ચપ્પલ પહેરતું નથી ત્યાં જ એક દિવસ ચપ્પલ પહેરવાનો એવો ચસકો લાગશે કે દરેક જણ ચપ્પલ પહેરશે અને સમયાંતરે નવાં-નવાં ચપ્પલ પણ પહેરતા થશે, તેથી આ શહેરમાં તો ચપ્પલની ડિમાંડ ચાલતી જ રહેશે!'

આ છે એક વેપાર સાહસિકનું વિઝન, જે ભવિષ્યને જોઈ શકે છે ને તેનો અંદાજ લગાવી આયોજન કરી શકે છે.

શેરબજારને પણ આ વાત લાગુ...


હવે આ જ વાતને શેરબજારની દૃષ્ટિએ જોઈએ. એક સમય હતો જયારે શેરબજાર એટલે સટ્ટા બજાર, કૌભાંડ, ગરબડ-ગોટાળા વગેરે માન્યતાઓ ચાલતી. બહુ મોટો વર્ગ તેનાથી દૂર જ રહેતો, ખાસ કરીને નાના બચતકારો તો કલ્પના પણ ન કરતા આ બજારમાં પ્રવેશવાની અને કોઈ પ્રવેશે તો એને એમ ન કરવાની સલાહ અપાતી. ધીમે-ધીમે લોકોમાં આ બજાર વિશેની ગેરસમજ દૂર થતી ગઈ અને સમજ વધતી ગઈ, જેમાં નિયમન તંત્ર અને સરકાર સહિત બજારે પણ લોકોમાં જાગૃતિ ફેલાવવાની ભૂમિકા ભજવી, બાકી સંજોગો કામ કરતા ગયા.

આજે શેરબજારમાં પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે કરોડો લોકો સક્રિય થયા છે અને સમય સાથે વધતા પણ રહ્યા છે. નાનામાં નાના બચતકારો પણ શેર લેતા થયા છે. આ જ બજારમાં પ્રવેશવાનો માર્ગ મ્યુચ્યુઅલ ફંડ પણ છે, જે મારફત પણ નાના રોકાણકારો આવતા ગયા છે.

કોવિડ બાદ ટર્નિંગ પોઈન્ટ

આ બજારમાં એક મોટો જબરદસ્ત ટર્નિંગ પોઈન્ટ કોરોના વાઈરસના કપરા સમયમાં આવ્યો. કોવિડને પગલે ભારતીય શેરબજારમાં રીટેલ રોકાણકારોનો બહુ મોટો પ્રવાહ આ માર્કેટમાં પ્રવેશ્યો પરિણામે ડિમેટ એકાઉન્ટ્સની સંખ્યા સતત વધતી ગઈ. મજાની વાત એ છે કે સલામતીમાં જ માનતા સીધા સાદા આ ઈન્વેસ્ટરોએ પણ જોખમ લેવાનું પસંદ કર્યું, તેથી એમના પોર્ટફોલિયોનો ૭૦ ટકાથી વધારે હિસ્સો ઈક્વિટીમાં ફાળવ્યો. તાજેતરમાં આ માહિતી એક સર્વેમાં પ્રગટ થઈ છે.

ઈક્વિટી શેરને જોખમ માનવામાં આવે છે તેમ છતાં તેના તરફ આકર્ષણ વધતું રહ્યું છે, જેમાં ૪૫ ટકા એવા યુવાનો છે, જે ૩૦થી ઓછી વયના છે. એ પોતાના મુખ્ય ઈન્વેસ્ટમેન્ટ વિકલ્પ તરીકે ઈક્વિટીને



પ્રાધાન્ય આપે છે. જોખમ ઉઠાવવાનું પસંદ કરતા આ જનરેશન-ઝેડ ઈન્વેસ્ટરો શેરબજારમાં મૂડીરોકાણમાં ત્રણ વર્ષ કરતાંય ઓછો અનુભવ ધરાવે છે તેમ છતાં એમણે પોતાના પોર્ટફોલિયોનો ૭૦ ટકાથી વધારે હિસ્સો ઈક્વિટીમાં ફાળવ્યો છે. જોકે ૪૨ ટકા ઈન્વેસ્ટરો લાંબા ગાળાના સંપત્તિ સર્જન પર એમનું ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે ૩૨ ટકા લોકો એમના ઈન્વેસ્ટમેન્ટમાંથી ધીરજ રાખીને આવક મેળવવામાં રસ ધરાવે છે.

જાગૃતિ અને શિક્ષણનું મહત્ત્વ...

નિયમન સંસ્થા 'સેબી'એ તાજેતરમાં તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે ડેરિવેટિવ્ઝ સોદાઓમાં ઊંચાં જોખમો હોય છે અને તેમાં ૯૦ ટકા જેટલા સહભાગી ટ્રેડર્સો નુકસાન કરતા હોવાનું સત્તાવાર નોંધાયું છે. આ વિષયમાં હવે 'સેબી' વધુ સક્રિય બની પગલાં લઈ રહી છે અને રોકાણકાર વર્ગમાં પણ અવેરનેસ વધી રહી છે.

શેરબજારોમાં ઈલેક્ટ્રૉનિક ટ્રેડિંગ-ઓનલાઈન મંચ વધુ ને વધુ ફેલાતો જતાં અને ટેકનોલૉજી તેમાં સતત સહાયરૂપ થતી હોવાથી રોકાણ કે ટ્રેડિંગ કરવાનું ઝડપી અને સરળ બન્યું છે, જે પણ લોકોને આકર્ષવામાં એક મહત્ત્વનું કારણ બન્યું. વધુમાં, અનેક નવા ફાઈનાન્સિયલ પ્રોડક્ટ્સ લોન્ચ કરાતાં હોવાથી વધુ ને વધુ સંખ્યામાં ઈન્વેસ્ટરો શેરબજારોમાં જોડાતા ગયા છે.

ફાઈનાન્સિયલ સાક્ષરતાની વિવિધ પહેલ મારફત ભારતીય રિઝર્વ બૅન્ક પણ ફાઈનાન્સિયલ જ્ઞાનનો ફેલાવો કરવામાં સક્રિય રહી છે. મ્યુચ્યુઅલ ફંડ ઉધોગ પણ બહુ મોટી અને મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. અલબત્ત, આ જાગૃતિનું કાર્ય આજે પણ ચાલુ છે અને તેની જરૂર પણ ખરી, કારણ કે હજી પણ લોકોમાં ગેરસમજ અથવા લાલસા અને ભ્રમ વધુ કામ કરી રહ્યા હોવાથી જાણતા-અજાણતા લોકો આ બજારમાં ખોટા માર્ગે ચાલીને ફસાય છે અને પછી પસ્તાય છે.

રોકાણકારોની નિયમિત નજર....

આ સર્વે કહે છે તે રોકાણકારોનો મોટો વર્ગ શેરોના ભાવો પર નિયમિત નજર રાખે છે. એક મોટો વર્ગ દરરોજ માર્કેટ અપડેટ્સ ચેક કરે છે અને ૨૨ ટકા લોકો મહિનામાં અમુક વાર ધ્યાન આપે છે. જોકે વ્યાપક રુચિ હોવા છતાં વાસ્તવિક ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી હજી ઘણી ઓછી ગણાય. ૩૭ ટકા ઈન્વેસ્ટરો સ્ટોક્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સને વધારે પસંદ કરે છે. ૪૧ ટકા ઈન્વેસ્ટરો એમના પ્રાથમિક બચત વિકલ્પ તરીકે હજી પણ ઓછાં જોખમવાળા અને ઓછા લાભવાળા માર્ગ – બૅન્ક ડિપોઝિટ્સ પર નિર્ભર રહેવાનું પસંદ કરે છે.

કોવિડ બાદ ભારતીયે શેરબજારોમાં રીટેલ ભાગીદારીમાં નાણાકીય વર્ષ ૨૦-૨૪માં ૨૬ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આ જ દર્શાવે છે કે રિટેલ ઈન્વેસ્ટરોનો વિશ્વાસ વધ્યો છે. અલબત્ત, હાલ બજારના બૂરા સમય અને ગ્લોબલ અનિશ્ચિતતાને લીધે રોકાણકારો માર્કેટથી દૂર થયા છે, જોકે આ એક કામચલાઉ તબક્કો છે.

માર્કેટનો અભ્યાસ જરૂરી...

વર્તમાન સમય શેરબજારમાં વોલેટિલિટી વધુ રહી છે, તાજેતરમાં ભારે કડાકા પણ જોવાયા અને મૂડીધોવાણના ગંભીર કિસ્સા પણ નોંધાયા તેમ છતાં રોકાણકારોમાં અનુભવ સાથે પરિપક્વતા વધી રહી છે. આ વાત મૂડીબજારના અને દેશના આર્થિક વિકાસ માટે પણ આશાસ્પદ છે. મૂડીબજાર સટ્ટા કરતાં ઈન્વેસ્ટમેન્ટનું સ્થાન બને તેમ જ અહીં વિશ્વાસ તથા સલામતીનું સ્તર વધે એ ઇચ્છનીય છે. આ દિશામાં સરકાર અને સેબી ઉપરાંત કૉર્પોરેટસ વર્ગે પણ સક્રિય ભૂમિકા ભજવવી રહી. બાકી રોકાણકારોના વિશાળ વર્ગે પણ અભ્યાસ સાથે જાગૃત થવું આવશ્યક છે.

અલબત્ત, અહીં એ સંકેત સમજવો જોઈએ કે ભારતીય શેરબજારમાં લાંબા ગાળાનો વિશ્વાસ રાખવો, કારણ કે અહીં હજી બહુ મોટી સંખ્યામાં રોકાણકારો પ્રવેશવાના બાકી છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વિમાનચાલકે શોધ્યો વિશ્વનો સૌથી ઊંચો અદ્ભુત ધોધ

અમેરિકન પાઇલટ જેમ્સ ક્રોફર્ડ એન્જેલ (૧ ઑગસ્ટ, ૧૮૯૯ – ૮ ડિસેમ્બર, ૧૯૫૬) ધાતુ થર શોધવાની કામગીરી માટે વેનેઝુએલાના અંતરિયાળ – વણખેડાયેલા પર્વત ઑયનટેપુઈ પરથી ઊડતા હતા. ૧૯૩૩ની ૧૬મી નવેમ્બરે ઉડ્ડયન વખતે નીચે જોઈને જેમ્સ એન્જેલે વિવિધ લાગણી અનુભવી; આશ્ચર્ય, આનંદ અને અલૌકિક સંતોષ.

એમના વિમાનની નીચે દુનિયાનો સૌથી ઊંચો ધોધ હતો જેની કોઈને જાણ નહોતી. અલબત્ત, એ સૌથી ઊંચો હતો એની માહિતી તો જેમ્સનેય નહોતી, પણ એ ધોધ ઠેર – ઠેર ફુવારાની જેમ ઊડતાં એનાં પાણીથી જેમ્સ એકદમ અભિભુત થઈ ગયા. એ દિવસે જેમ્સે ઊડતી મુલાકાતમાં અલ્પ-દર્શનથી સંતોષ માની લેવો પડ્યો. જોકે તેમણે જે કોઈને આ ધોધની વાત કહી એ કોઈએ માની નહિ કારણ કે આવો કોઈ ધોધ હતો જ ક્યાં? ટૂંકમાં હજી એ વિશ્વની જાણકારીના પરીઘની બહાર હતો.

પરંતુ શાંત કે ચૂપ બેસી રહેવાને બદલે જેમ્સ એન્જલ ફરી ત્યાં ગયા. ૧૯૩૭ની નવમી ઓક્ટોબરે પોતાના ફલેમિંગો મોનોપ્લેનમાં બીજી પત્ની મેરી, ગુસ્તાવો હેની અને હેનીનાં માળી મિગ્યુએલ ડેલ્ગાડોને લઈને ગયા. ઉતરાણ વખતે વિમાનનાં પૈડાં પોચી જમીનના કાદવમાં ખૂંપી ગયાં. માંડ માંડ સલામત ઉતરાણ થયું ને ત્રણેય બચી ગયાં પણ પછી ટેક-ઑફ શક્ય નહોતું. પછી તો રહીસહી ભોજનસામગ્રી સાથે ત્રણેયે ૧૧-૧૧ દિવસ પર્વતો ખૂંદતાં કમરાતા નામની વસાહત સુધી પહોંચ્યાં. પછી જેમ્સ એન્જેલ ઍન્ડ કંપનીનાં વર્ણન અને અનુભવ બાદ આંતરરરાષ્ટ્રીય સમૂહને વેનેઝુઆલાના એ વિસ્તારમાં રસ જાગ્યો.

હા, જેમ્સનું ખોટવાયેલું વિમાન ૩૩ વર્ષ એટલે કે ૧૯૭૦ સુધી ત્યાં જ રહ્યું. પછી એને છૂટું પાડીને વેનેઝુએલાના લશ્કરી હેલિકૉપ્ટરમાં નીચે લવાયું, પરંતુ એને ભંગારમાં વેચી દેવાની નાદાની કરવાને બદલે રિ-એસેમ્બલ કરીને સીડાડ બોલીવર ઍરપૉર્ટ ટર્મિનલ પર રખાયું અને આજેય ત્યાં જોઈ શકાય છે.

જેમ્સ એન્જેલ પરથી એ ધોધને નામ અપાયું એન્જેલ ફોલ્સ. હા, ૧૯૩૯માં વેનેઝુએલાએ સરકારી નકશામાં એ સ્થળનું નામ 'સાલ્ટો ડેલ એન્જેલ' (સ્પેનિશ નામ) જાહેર કર્યું. આજે વિશ્વનો સૌથી ઊંચો ધોધ એન્જેલ ફોલ્સ ગણાય છે. એ ઝરણું ઑયનટેપુઈ પર્વતની ૩૨૧૨ ફૂટ અર્થાત્ ૯૭૯ મીટરની ઊંચાઈથી નીચે પડે છે.

દક્ષિણ અમેરિકન દેશ વેનેઝુએલાના બોલીવર રાજ્યના ગુઆના આઈસલૅન્ડસમાં આ ઝરણું છે. તેનું ચોક્કસ સ્થળ એટલે વેનેઝુએલાની દક્ષિણ-પૂર્વ દિશા એટલે અગ્નિ ખૂણામાં કેરોની નદીની પ્રશાખા નદીના ૨૬૦ કિલોમીટરે.

યુનેસ્કોની સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન



મેળવનારા એન્જેલ ફોલનું અધધ ઊંચાઈ પરથી પાણી આસપાસના વિસ્તારોમાં ફુવારાની જેમ વરસે છે. આવા મનોહરી દશ્યને લીધે વધુને વધુ પર્યટકો આકર્ષાતાં આવે છે. રસપ્રદ બાબત એ છે કે એન્જેલ ફોલ કેનેમા નેશનલ પાર્કની વચ્ચે છે, જે બ્રાઝિલ અને ગુયાના સરહદની નજીક છે.

જેમ્સ એન્જેલને પ્રતાપે મળેલું એન્જેલ ફોલ નામ બદલવાનો એક પ્રયાસ પણ થયો હતો. ૨૦૦૯માં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ હ્યુગો આવેઝે એન્જેલનું નામ બદલવાની વાત વહેતી મૂકી હતી, પણ પછી સ્વીકાર્યું હતું કે આ પ્રાચીન એ પ્રસિદ્ધ ઝરણાનું નામ બદલી ન શકાય. કેવું સરસ ડહાપણ. કાશ, બધા રાજકારણીઓ આવા સમજદાર હોય. હા, સ્થાનિક ભાષામાં ક્યારેક એન્જેલ ફોલને 'ચુસન મેસ' તરીકે સંબોધિત કરાય છે. આનો અર્થ સરસ થાય છેઃ ગરજતો જળપ્રપાત.

આ અદ્ભુત કુદરતી સૌંદર્ય સમા સ્થળની મુલાકાત માટે મેથી ઑક્ટોબર વચ્ચેનો સમય આદર્શ ગણાય છે.

એન્જેલ ફોલ સૌ પ્રથમ જેમ્સ એન્જેલે જોયાનું આગળ જોઈ ગયા, પરંતુ ઇતિહાસમાં વધુ વિગતોય નોંધાઈ છે. ઇતિહાસ મુજબ આ ધોધને સૌપ્રથમ નિહાળનારા હતા યુરોપિયન ફર્નાન્ડો ડે બેરિયો. તેઓ ૧૬ અને ૧૭મી સદીના સ્પેનિશ સંશોધનકાર અને ગવર્નર હતા. પછી ૧૯૧૨માં વેનેઝુએલાના જ સંશોધનકર્તા અર્નેસ્ટો સાંચેઝ લા ક્રુઝે એને જોયો, પણ ક્યાંય એનાં ઢોલ ન વગાડ્યાં અંતે એ શ્રેય જેમ્સ અર્થાત્ જેમ્સ એન્જેલને મળ્યો. હા, ઇતિહાસમાં વધુ એક નામોલ્લેખ છે, સર વૉલ્ટર રેનેનો. તેમણે એક પર્વત ટેપુઈ (ટેબલ ટોપ) પર્વતનું વર્ણન કર્યું હતું. એમાં એન્જેલ ફોલ આવી જાય એવું કહેવાયું હતું, પણ અન્ય ઇતિહાસકારોએ આ દાવાને ફગાવી દીધો હતો.

છેક ૧૯૪૯માં અમેરિકન પત્રકાર રૂથ રોબર્ટસનની આગેવાની હેઠળની ટુકડીએ નેશનલ જ્યોગ્રાફિક સોસાયટી દ્વારા સર્વેક્ષણ કરીને એન્જેલ ફોલની ઊંચાઈના આંકડાને સત્તાવાર રૂપ આપ્યું હતું. ડેવિડ નોટના પુસ્તક એન્જેલ્સ ફૉર (Angles Four)માં તેમણે ઑયનટેપુઈથી લઈને એન્જેલ ફોલના ઉદ્‌ગમસ્થળ એટલે ટોચ સુધી પહોંચવાના સાહસપૂર્ણ સ્વાનુભવનું વર્ણન છે. આ ઉપરાંત એન્જેલ ફોલ્સની આસપાસ અન્ય પુસ્તકોય લખાયાં છે.

આવું અદ્ભુત સ્થળ સર્જકોને ન આકર્ષે તો જ નવાઈ. પિકસારની એનિમેટેડ ફિલ્મ 'પેરેડાઈઝ ફોલ્સ'ની પ્રેરણા એન્જેલ ફોલ્સ જ છે. અમેરિકન ફેન્ટેસી રોમાન્સ ફિલ્મ 'વ્હૉટ ડ્રિમ્સ મે કમ' (૧૯૯૮) અને 'અન્નાબોલા સ્કિયોરા'ની પાર્શ્વભૂમિ પણ એન્જેલ ફોલ્સ જ. એકશન ફિલ્મ 'પૉઈન્ટ બ્રેક (૨૦૧૫)માં પણ એન્જેલ ફોલ્સ છે. ફિલ્મ 'સેવન વન્ડર્સ ઑફ ધ વર્લ્ડ'માંય એન્જેલ ફોલ્સનો સમાવેશ થયો હતો. ૧૯૯૦ની ફિલ્મ 'આર્કનોફોબિયા'ના અડધોઅડધ ભાગમાં આ વિક્રમી ધોધ છે.

એન્જેલ ફોલ્સ જેવા કુદરતી આશીર્વાદ કે ચમત્કારનું શબ્દોમાં કરીએ એટલું વર્ણન ઓછું છે. એના માટે આપણી કલ્પનાશક્તિય કામ ન લાગે. મેળ ખાય, મન થાય તો ઉપર જણાવેલી ફિલ્મોમાં એન્જેલ ફોલ્સની સુંદરતા જોઈ શકાય અથવા ગુગલ પર ઘણાં વીડિયો મળી જ રહેવા જોઈએ અને સગી આંખે એન્જેલ ફોલ્સ જોવાનાં નસીબ હોય તો એનાથી રૂડું કશું જ નહિ. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# દિલને હરી લેતી 'દિલહર'ની ગઝલ સૃષ્ટિ


બહુ જાણીતા અને પ્રખ્યાત કવિઓનાં સંપાદનો થતાં જ રહે છે, પણ સત્ત્વશીલ હોવા છતાં બહુ નહીં ગાજેલા કવિઓની ઉત્તમ રચનાઓનાં સંપાદન કરવાં બહુ જરૂરી છે. આપણા સમર્થ ગઝલકાર ભરત વિંઝુડાએ આવું સરસ કામ કર્યું છે. એમણે તાજેતરમાં કવિ 'દિલહર' સંઘવીની ચૂંટેલી ગઝલોનું સંપાદન 'ધન્ય છે તમને' શીર્ષકથી કર્યું છે.

હરિપ્રસાદ સંઘવી 'દિલહર'ના તખલ્લુસ - ઉપનામથી સર્જન કર્યું છે. એમના પિતાજી મોહનલાલ સંઘવીનું મૂળ વતન ભાવનગરનું ઉમરાળા ગામ જ્યાં કપાસનું જિન ચલાવતા. સંજોગોવશાત્ સિહોર આવીને રહ્યા અને વધુ તક માટે મુંબઈ આવ્યા પણ નસીબ બે ડગલાં આગળ રહ્યું અને મુંબઈમાં હરિપ્રસાદના જન્મ પહેલાં અવસાન પામ્યા. આમ કવિનો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૩૨માં મુંબઈમાં થયો. પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં પણ પછી સિહોર આવીને રહ્યા. મેટ્રિક પછી મુંબઈમાં દેના બૅન્કમાં જોડાયા, પણ સ્વાસ્થ્યનાં કારણોસર સિહોર પરત આવ્યા અને સુધરાઈની નોકરીમાં સ્થિર થયા. વાંચનનો શોખ અને અભ્યાસની ધગશથી સાહિત્યનો પાસ લાગ્યો. સિહોરની ગૌતમી નદી, આજુબાજુની પર્વતમાળાઓ અને વનરાજીમાં કુદરતને ખોળે બેસીને ચિંતન કરતાં કરતાં કવિતા તરફ વળે છે. ગૌતમી પ્રદેશ પ્રેરણાસ્થળ એટલે દિલહર ઉપનામથી સર્જન કરતી વખતે લખ્યું કેઃ

**ના કદી થંભી જતું હે ગૌતમી તારું વહન**
**પ્રેરણા આપે છે મુજને નિત્ય એ રચવા કવન**

એમણે પ્રથમ ગઝલસંગ્રહ ૧૯૬૫માં પ્રગટ કર્યો ત્યારે સંગ્રહનું નામ પણ 'ગૌતમી' રાખ્યું હતું. આ સંગ્રહમાં ૭૦ ગીત, ૪૬ ગઝલ, સાત નઝમ અને ૧૨ મુક્તક છે.

કવિ ભરત વિંઝુડાએ તલસ્પર્શી અભ્યાસ કરીને કવિના કવનની યોગ્ય મુલવણી કરી છે. એમનાં કેટલાંક નિરીક્ષણો કાબિલેદાદ છે.




કવિ એમનો બીજો ગઝલસંગ્રહ 'કસ્તૂરી' ૧૯૬૮માં આપે છે જેમાં ૭૨ ગઝલ છે અને ત્રીજો સંગ્રહ 'દિશા'માં ૮૧ ગઝલ છે. એમના મિત્રોએ પ્રતિનિધિત્વ રચનાઓનો સંગ્રહ ૨૦૦૧માં 'પસંદગી' નામે પ્રગટ થાય છે. આ સંગ્રહની પ્રસ્તાવના આપણા અગ્રગણ્ય શાયર શોભિત દેસાઈએ લખી છે. પોતાના ઉછેર અને અભ્યાસ માટે માતાએ કાળી મજૂરી કરી હતી. પોતાનો સંગ્રહ 'કસ્તૂરી' સ્વર્ગસ્થ માતાને અર્પણ કરીને અંજલિ આપે છે.

**જીવતાં આપી શક્યો જો હોત તમને કસ્તૂરી**
**શક્ય છે તો ખોઈ ના બેસત તમારી હૂંફ હું**

સિહોરમાં એ સમયે સંગીતકાર અને ગાયક ચંદુભાઈ મુલાણી સાથે દિલહરને દોસ્તી થાય છે. એમના પ્રોત્સાહનના પરિપાકરૂપે ગીતે લખવાં શરૂ કરે છે. દિલહર ચંદુભાઈનાં પ્રદાન વિશે લખે છે.

'એકાદું ગીત તુંય લખને યાર' એમ વારંવાર મને કીધાં કરે અને ઘણી ઘણી મથામણને અંતે એકાદ ગીત મને આવડે એવું - હું લખી આપું. થોડી જ વારમાં એ તરજ બેસાડી દે અને મિત્રોની મહેફિલમાં ગાઈ બતાવે. આમ કરતાં કરતાં મને લગની લાગતી ગઈ. સર્જનની આ પ્રક્રિયા દરમિયાન ચંદુભાઈ તેમનો પરિચય ભાવનગરના ગઝલકાર કિસ્ત કુરેશી સાથે કરાવે છે. પછી દરેક તબક્કે દિલહરને કિસ્મતભાઈનું માર્ગદર્શન મળવા માંડે છે.

દિલહર પરંપરાના શાયર કહેવાય, પણ એમના સર્જનમાંથી પસાર થતાં લાગે છે કે એ પરંપરાથી ઊફરા ચાલ્યા છે અને આધુનિકતાનો સંસ્પર્શ કરતી અનેક ગઝલો આપી છે. આપણે એમનું એક પ્રખ્યાત મુક્તક જોઈએઃ

**હું આવી જઈને મૃત્યુની અસર**
**નીચે નથી સૂતો,**
**ચણીને ઈંટ ને ચૂનાનું ઘર,**
**નીચે નથી સૂતો,**
**સ્મરણ રૂપે રહ્યો છું જીવતો**
**હું સર્વના હૈયે,**
**મને ના શોધશો અહીં,**
**હું કબર નીચે નથી સૂતો.**

અહીં વાત સ્મરણની છે. અંતિમ સમયનો ઉલ્લેખ છે. અહીં મરણપથારી સ્મરણપથારી બની ગઈ હોવાની વાત છે. આપણે બધા સંભારણાંમાં જીવીએ છીએ. સ્મરણ ક્યારેક મૂડી બની જતું હોય છે.

આ મુક્તકમાં ભાવ અને ભાષાનો સુંદર સમન્વય છે. સર્જકનું મૃત્યુ ક્યારેય થતું નથી. એ બધાનાં સ્મરણમાં અને યાદોમાં જીવે છે. કબર ક્ષર દેહનો નિવાસ બને છે, પણ ચાહકો અને ભાવકોના હૈયામાં અક્ષરદેહ ધબકતો હોય છે.

આમ આ ગઝલકાર પાસે નૂતન દૃષ્ટિ છે અને અભિવ્યક્તિની વિશિષ્ટતા પોતીકી. વર્ણનશૈલી, તગઝ્ઝૂલ અને તસ્વવ્વુફનો ત્રિવેણી સંગામ રચાય છે એટલે આજે જીવંત લાગે છે. કવિની કાવ્યકળા બોલચાલની સરળ અને સ્વાભાવિક ભાષામાં રવાની સાથે છે ત્યારે આવા શેરનું સર્જન થાય છેઃ

**જુઓ તો આપણામાં અંતર નથી કશું**
**બે ઓરડાની વચ્ચે ઊભી દીવાલ છે.**
**'દિલહર' નથી ભરોસો મુજને તો આજનો**
**ને આવવાનું એનું બસ કાલ-કાલ છે**
***
**સુરાનો કેફ ક્યાંથી નીતરે મારા નયનમાંથી**
**વગર પીધે જ હું પાછો ફર્યો છું મયસદનમાંથી**
***
**ઘરેથી નીકળ્યો છું આજ હું એના મિલન માટે**
**કુંવારી કો'ક કન્યાને કહો આવે શુકન માટે**

કવિ રોજ-બ-રોજના વહેવારમાં પ્રયોજાતી ભાષા, કહેવત, રૂઢિપ્રયોગ અને પ્રચલિત પરંપરાનો આશરો લઈને ભાષાના પોતની માવજત કરતો હોય છે.

**હું મહેફિલમાં મારા હૃદયની વ્યથાઓ કહેવા જો**
**બેસું તો આરો ન આવે**
**કહું રાત આખી છતાંયે ન ખૂટે, બીજાઓનો**
**કહેવાનો વારો ન આવે.**
***
**જીવનની ઘણી દીર્ઘ પળ સાચવીને અમે**
**અર્ધપળના ઇશારે લૂંટાયા**
**રહી અંધકારે ને એકાંતે સાવધ અમે ધોળે દી**
**ભરબજારે લૂંટાયા.**
***
**મળે માઠા શુકન એને કે પાછા વળી જાયે**
**કપાવી નાક જે કરવા મથે છે અપશુકન અમને**
***

'દિલહર' નવા શબ્દો પ્રયોજીને પોતાની ગઝલો અને ગીતોમાં તાજગીનો અનુભવ કરાવે છે. એ સુરાલય માટે મયસદન અને સાકીની શેરી જેવા શબ્દોથી ભાષાના પોતને ભાતીગળ બનાવે છે. જુઓ શેરઃ

**'ઉઘાડો દ્વાર' કહી તમને ભલા કાં આપવી તસ્દી**
**બતાવો બંધ થાયે છે તમારું મયસદન ક્યારે?**
**અરે ઉપદેશકો! સાકીની શેરીમાં તમે ક્યાંથી?**
**બતાવો તો ખરા તમને વળી વળગ્યું વ્યસન**
**ક્યારે?**

ગઝલની નિર્માણ સામગ્રીમાં પ્રેમ પાયામાં છે, પણ પ્રેમમાં મળતી વિફળતા અને પરિણામે સર્જાતી વ્યથા શિખર સમાન હોય છે. પ્રેમ વહેવાર બની જાય ત્યારે થતી વેદનાની વાત સરળતાથી કહેવામાં આપણા આ કવિ કાબેલ છેઃ

**મળે છે માર્ગમાં કિંતુ, મિલન કહેવાય ના એને,**
**હસે છે તો હસે છે એ ફકત વ્યવહાર સમજીને**
**કદી મંદિર કે મસ્જિદમાં, શિવાલય કે**
**સુરાલયમાં,**
**ગયો છું તો ગયો છું હું તમારા દ્વાર સમજીને.**
**એથી જો બેચેન થાતું હો અગર હૃદય તારું**
**તો પછી મારે હવે સ્મરણ કરવું નથી**
* * *
**મળે તો એમને સમજાવજો કંઈ મૂલ્ય શબ્દોનું**
**કદી આપી ગયા છે જેઓ મળવાનું વચન અમને.**
* * *
**થશે એથી વધુ નારાજ ભાંગેલું હૃદય 'દિલહર'**
**જમાનાને કહો, ઢાંકે નહીં, આખું કફન અમને**
* * *
**વિરહમાં એટલું હર શ્વાસે માગતો રહ્યો**
**વહી રહેલ હવા આ ન શ્વાસ થઈ જાયે**
* * *
**લે જાતાં જાતાં આપી દઉં અહેવાલ હું આખા**
**જીવનનો**
**મહેફિલના ખૂણેથી મળતી જે મૌન નજરની દાદ**
**હતી**
* * *
**રંગોના ત્રિવેણી સંગમને જોયો મેં તમારા ચહેરા**
**પર**
**બે ગાલ ગુલાબી, ગૌર વદન ને કેશ કલાપો**
**શ્યામ હતા**
* * *
**જગતના લોક એને શાયરી કહીને નવાજે છે**
**હૃદય મારું કરે છે વાત જે તારા હૃદય સાથે.** ■

---

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જો એવા બોજ હેઠળ ન દબાઈએ તો...

ગયા રવિવારે લેખિકા વંદના શાંતુઇંદુના કૅન્સર વિષેની વાત અધૂરી રહી ગઈ હતી. હવે આગળ જાણીએ એમની કૅન્સરમાંથી ફરી ઊભાં થઈને સામાન્ય જીવન જીવવાની વાત....

નવરાત્રીના દિવસો હતા. એ દરમિયાન એક દિવસ કાંઈ ગમતું નથી એવી લાગણી અનુભવી. મારા પતિને કહ્યું પણ ખરું કે 'મને કશું ગમતું નથી, ઉદાસી લાગે છે.'

એ એના સ્વભાવ પ્રમાણે બોલ્યા, 'હમણાં તો ગીતો ગાતી હતી ને શું થયું! એકાદ કવિતા લખી નાખ જા, મજા આવી જશે.'

'હં...' એવો છણકો કરીને હું કામે ચડી ગઈ અને ભૂલી ગઈ ઉદાસી. તૈયાર થઈને ઑફિસે જવા નીકળતી હતી ને સોફા પર બેસી ગઈ દીકરા સાથે વાતો કરતી-કરતી. કેમ કે મારા પતિ હિરેનનો ફોન આવ્યો કે 'સત્યનારાયણની પ્રસાદી - શીરો લઈને આવું છું.' ને હું તો આમ પણ પરસાદિયા ભગત, બેસી પડી અને... એ જ વખતે પતિ અને દીકરાની સામે જ ખેંચાઈને બેહોશ થઈ ગઈ, પણ મારે એક વાત કહેવી છે કે મને હોશિયાર સાથે સંવેદનશીલ ડૉક્ટરો મળ્યા. રિપોર્ટ્સ પછી ખબર પડી કે બ્રેન ટ્યુમર છે, પણ મને કહે કોણ, કઈ રીતે? સ્વજનોની હિંમત ન'તી. જ્યાં દાખલ કરેલી એ ડૉ. ધવલ વૈષ્ણવને ખબર પડી કે હું લેખક-કવિ છું. એમણે બહુ જ હળવેથી પ્રેમાળ રીતે શરૂઆત કરીઃ 'ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીએથી તમને ફૂલ દીધાનું યાદ...'

ને હું બોલી પડી કે 'હું નહીં, એ તો સોનલ!'

એ હસી પડ્યા. પછી બોલ્યા,'બહેન, તમને બ્રેન ટ્યુમર છે.'

થોડીવાર હું સ્તબ્ધ થઈ ગઈ. હું મને જ ઢાળ ઊતરતી જોઈ રહી હતી!

ડૉક્ટર ફરી બોલ્યા, 'હવે આવા ટ્યુમરનું ઑપરેશન સાવ નોર્મલ છે. સારું થઈ જાય છે.'

હું સ્તબ્ધતામાંથી બહાર આવી ગઈ હતી. કહ્યું, 'થેન્ક યુ ડૉક્ટર, તમે સાબિત કર્યું કે મારે બ્રેન છે અને યથાસ્થાને છે! પગની પાની તો નહીં ચીરવી પડે!' અને રૂમમાં ઉપસ્થિત બધાંના ચહેરા પર પીડામિશ્રિત હાસ્ય રમી ગયું.

ઑપરેશન પછી શરૂ થયો રેડિયેશનનો દોર. મારા પતિ રોજ સવારે મને વડોદરાથી પાંત્રીસેક કિલોમીટર દૂર, ગોરજ લઈ જતા. આવવા-જવાના કુલ સિત્તેર કિલોમીટર થાય. મજાકમાં જેને હું મારો પ્રેમી કહું છું એ રેડિયેશન મશીનને પહેલી વાર જોયું ને નજર સામે એટમ બૉમ્બ, નાગાસાકી-હિરોશીમા આવી ગયાં.... શરીરમાંથી લખલખું પસાર થઈ ગયું. લાખોના જાન લેનાર રેડિયેશન મારી સામે જીવનરક્ષક બનીને ઊભું હતું!



વંદના શાંતુઈંદુ

મને સ્ટ્રેચર પર સૂવડાવીને, મોં પર મુશ્કેટાટ માસ્ક બંધાયો ને મને થયું કે કૅન્સરથી તો બચી જઈશ, પણ આનાથી ગૂંગળાઈને મરીશ. મમ્મી-પપ્પા યાદ આવી ગયાં. આંખ પાણી...પાણી... સ્ટ્રેચર મશીનમાં દાખલ કર્યું ને મારું પ્રિય સ્તોત્ર યાદ આવી ગયું : 'ચિદાનંદ રૂપ શિવોઽહમ...' જાણે આદિ શંકરાચાર્ય મારી સામે છે અને મને કહે છે કે બોલ, 'શિવોઽહમ' મારા સ્વભાવ પ્રમાણે મનમાં જ બોલાઈ ગયું,'પાર્વતીઽહમ...' ટેક્નિશિયન માસ્ક છોડતો હતો તેની સાથે મારી અંદરથી ઘણું છૂટી રહ્યું હતું, ખાસ તો ડર...

*** *** ***

પ્રી-ઑપરેશન અને પોસ્ટ-ઑપરેશન સમય મારી બહેનો (હિતા-પ્રજ્ઞા)એ સંભાળી લીધો હતો તો રેડિયેશનનો સમય મારાં નણંદ નિકુંજબેને સંભાળી લીધો. ત્રણ મહિના એવું અનુભવ્યું કે જાણે ત્રણ માની કાળજીમાં હતી. સાથે ફોઈની છોકરી પારૂલ, પરિવાર-મિત્ર ખીમજીભાઈ-વનિતાબેન બારડ, કવિતાબેન-વિરાફભાઈ, મિત્ર ક્રાંતિ, સપના, કમલ અને લાડસાહેબ. કોને ભૂલું ને કોને યાદ કરું! બધાંએ જુદા જુદા મોરચા સંભાળ્યા હતા. આનાથી મોટું સદ્ભાગ્ય બીજું કયું હોય?

સમગ્ર સમય સ્વજનો માટે ચિંતાનો હતો, પણ મેં તો ગીતો-કવિતાના રાગડા તાણ્યા હતા. વાતો પણ લયમાં! બાલ્યાવસ્થા જાણે ફરી પ્રાપ્ત થઈ હતી! હું નાની હતી ત્યારે ઘણી વાર, ખાસ કરીને કાંઈ માગણી મૂકવાની હોય ત્યારે ગીતરૂપે વાત કરતી. અર્ધબેભાન અવસ્થામાં આવેલી કવિતા જે હું આઈ.સી.યુ.માં હતી ત્યારે બબડતી હતી. મારા દીકરાએ એ કવિતા રેકોર્ડ કરી લીધી હતીઃ

'તમને મળી ન મળી, ને મારી અંદર પાછી વળી, જનમ - જનમથી તમે જ છો મારી અંદર, એનાથી હતી અજાણ સદંતર, તમને પામવા ડૂબવું તો પડે મારે મારી જ અંદર, એની પણ ખબર હમણાં પડી...'

ખરી કસોટી હવે શરૂ થઈ હતી. બધું જ ક્રોસમાં દેખાય, સામે ઊભેલો માણસ જાણે જનોઈવઢ ઘાએ કપાયેલો હોય તેવો દેખાય! અક્ષરો બધા ભેગા થઈ રાસ રમવા લાગે! કાંઈ વાંચી ન શકું! તકલીફ હાથની ન હતી, મગજની હતી. 'ક' કેમ લખાય એ જ ભૂલી ગઈ હતી! પાછું અક્ષરોને ઓળખું ખરી, છે ને મગજનું આશ્ચર્ય!

આંખની એકસરસાઈઝ સાથે શરૂ થયું કક્કો ઘૂંટવાનું! મારા પતિ હાથ પકડીને કક્કો ઘૂંટાવે અને... બસ, થોડા દિવસ પછી કક્કો આવડી ગયો, તે દિવસે ખૂબ રડેલી, ખુશીની મારી, જાણે કેમ્બ્રિજમાં ગોલ્ડ મેડલ ન લાવી હોઉં!

બે વરસ સ્કેન અને MRIનો દોર ચાલ્યો એ હજુ પણ દર વર્ષે ચાલુ છે. વાંચવામાં શબ્દોનો પહેલો અક્ષર આજે પણ ન દેખાય, પણ હવે ટેવ પાડી દીધી છે એ રીતે વાંચવાની.

આટલો શાર્પ યુ-ટર્ન લઈને જિંદગી ફરી સામાન્ય થઈ ગઈ છે. પેલું ફાઈટિંગ મોડ પર આવી ગયેલું મગજ ક્યારેક સ્વજનો સામે ફાઈટ આપી બેસે છે, હું તેને ધીરેથી સમજાવું છું, 'યાર, સામે તારાં પોતાનાં છે. જે યુદ્ધમાં તું સૈનિક થઈને લડી હતી એના એ સારથિ છે. શાંત, હે મન શાંત થા. દુઃસ્વપ્ન વીતી ગયું છે.'

*** *** ***

વંદનાબહેન પોતાના કૅન્સર વિષે હસતાં-હસતાં વાતો કરી શકે છે. કેટલાય કૅન્સર પેશન્ટ્સને જોયા છે, પણ બહુ ઓછા માણસો સહજ રહી શકે છે. ૨૦૧૪માં વંદનાબહેનને બ્રેન કૅન્સર થયું એ વખતે ઑપરેશન અને સારવાર પછી એ કૅન્સરમુક્ત થયાં અને એમણે પૂર્વવત્ રીતે જીવવાનું શરૂ કર્યું, પરંતુ ત્યાં વાત પૂરી ન થઈ ગઈ. ૨૦૧૬માં ફરી કૅન્સરે ઊથલો માર્યો. એ વખતે તેમને તાળવામાં કૅન્સર થયું. એ વખતે પણ મક્કમ મનોબળને કારણે એ ફરી વાર ઊભાં થયાં. એ કષ્ટદાયક સમય યાદ કરીને તેના પર હસી શકે છે. ક્યારેક તો એ એટલાં બધાં હળવાશભર્યાં સવારે પોતાના કૅન્સર વિશે અને એ પછી ભોગવેલી તકલીફોની વાત કરે કે આપણને એમ લાગે કે જાણે એ બીજી કોઈ વ્યક્તિની વાત કરી રહ્યાં છે!

થોડા સમય અગાઉ ડભોઈ નજીક તેજગઢનાં દસ હજાર વર્ષ જૂનાં ચિત્રો જોવા માટે એ પરિવાર સાથે ગયાં હતાં. એ ચિત્રો જોવા માટે પર્વતારોહણ કરવું પડે. ત્યાં પગથિયાં નથી એટલે ચઢાણ અઘરું છે, છતાં એ ઉપર સુધી ગયાં. જરૂર પડી ત્યારે લાકડી અને કુટુંબના સભ્યોનો સહારો લીધો. એમણે ચિત્રો જોયાં-માણ્યાં. એ વખતે એમણે 'ફેસબુક' પર તસવીરો પોસ્ટ કરી હતી એ જોઈને કોઈને કલ્પના પણ ન આવે કે આ વ્યક્તિ બે વખત અત્યંત ગંભીર કૅન્સર સામે લડીને ફરી પૂર્વવત્ જીવન જીવી રહી છે!

વંદનાબહેન એ વાતનો પુરાવો છે કે જીવનમાં ગમે એવી ખરાબ સ્થિતિ આવી પડે, પણ એ કપરી સ્થિતિના બોજ હેઠળ દબાઈ ન જઈએ તો એમાંથી બહાર આવવાની શક્યતા ઘણી વધી જાય અને એ સ્થિતિ પર હસી પણ શકાય.

**વંદનાબહેનના જ શબ્દો ટાંકીએ તોઃ**
**પોઈન્ટ ઑફ નો રિટર્નથી યુ-ટર્ન લેવો એટલે?**
**-એટલે જિંદગી પ્રશ્ન મટીને જવાબ બની જાય એ!** ■

---

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# વિચાર- ખયાલ - થોટ્સ...: વિશ્વાસ-વિદ્રોહ- વિધ્વંસ

**ટાઇટલ્સઃ**
***સારું વિચારવા પર હજી 'સેલ્સ ટેક્સ' નથી. (છેલવાણી)***

એક ૨૪ વર્ષનો છોકરો ટ્રેનની બારીમાંથી બહાર જોઈને બૂમ પાડી રહ્યો હતો...


'પપ્પા, જુઓ પેલા ઝાડ પાછળ જઈ રહ્યા છે! પપ્પા... જુઓ પેલો સૂરજ ને વાદળો આપણી સાથે દોડી રહ્યા છે!'

સામેની સીટ પર બેઠેલા એક જુવાનને છોકરાનું વર્તન થોડું વિચિત્ર- પાગલ જેવું લાગ્યું. જુવાને છોકરાના પપ્પાને કહ્યું :

'તમે તમારા દીકરાને સારા ડોક્ટર પાસે કેમ નથી લઈ જતા?'

છોકરાના પપ્પાએ હસીને કહ્યું :

'અમે હોસ્પિટલથી જ આવી રહ્યા છીએ. મારો દીકરો જન્મથી જ આંધળો હતો. આજે જ એને આંખો મળી છે !'



પેલા પિતાના જવાબથી જુવાન શરમાઈ ગયો કે મને બાળક વિશે આવો વિચાર જ કેમ ન આવ્યો? ખરેખર આપણે બીજાની પરિસ્થિતિનો વિચાર કરવાનો વિચાર જ નથી કરતાં. આપણે કોઈને જાણીએ એ પહેલાં જ એના વિશે એક વિચાર કે પૂર્વગ્રહ મનમાં બાંધી લઈએ છીએ. જરૂર છે માત્ર એક વિચારની... એ વિચાર, જેમાં અનુકંપા, સહાનુભૂતિ, લાગણી હોય...

યેસ...વિચાર! ખયાલ! થોટ્સ!...

યુગો પહેલાં આદિ માનવે પોતાના વધેલા નખથી ખોપરીમાં ખંજવાળવા માંડ્યું અને એક પછી એક વિચારો ફૂટવા માંડ્યાં. એક પ્રશ્ન જે અજ્ઞાનમાંથી જન્મે છે એ નવા વિચાર તરફ લઈ જાય છે અને વિચાર પછી પ્રગતિ તરફ. વિચારોને વૈજ્ઞાનિકોના રો-મટીરિયલ્સ કે કાચી સામગ્રી કહી શકાય. 'મેક્સ પ્લેન્ક' નામના સંશોધકને વિચાર આવ્યોઃ 'નવજાત લોઢું શા માટે લાલ હોય છે?' ને એની ધાતુ વિશેની શોધ શરૂ થઈ.

એક ૧૬ વર્ષના તત્ત્વજ્ઞાનીને વિચાર આવ્યોઃ 'પ્રકાશના કિરણ પર સવાર થઈને માણસ જો ઊડે તો એને શું દેખાય?' ને એણે આખું ભૌતિકશાસ્ત્ર ઊથલાવી નાખ્યું. તમારા વિચારો, તમે કયા સમાજમાં, કેવી પરિસ્થિતિમાં છો એના પર પણ આધાર રાખે છે.

**ઇન્ટરવલઃ**
***મૈં ખયાલ હૂં કિસી ઔર કા મુઝે સોચતા કોઈ ઔર હૈ. (સલીમ કૌસર)***

એક માણસે જોયું કે ૩-૪ હાથીને એક પાતળા દોરડા વડે બાંધેલા હતા. માણસને નવાઈ લાગી કે આટલા તાકાતવર હાથીઓને સાંકળથી નહીં પણ એક મામૂલી રસ્સીથી બાંધેલા છે? હાથીઓ ચાહે તો ગમે ત્યારે તોડીને ભાગી શકે તોય કેમ બંધાઈને ઊભા છે?

પેલાએ હાથીઓના મહાવતને પૂછ્યું, 'હાથીઓને આવા મામૂલી દોરડાથી બાંધીને રાખ્યા છે? એમણે ક્યારેય રસ્સી તોડીને ભાગવાનો પ્રયત્ન નથી કર્યો?'

મહાવતે કહ્યું, 'જ્યારે હાથીના બચ્ચા નાના હોય ત્યારે અમે એમને મામૂલી દોરડાથી બાંધીએ છીએ. પણ કાળક્રમે જેમ જેમ મોટા થાય, તેમ તેમ એ લોકો વિચારવા માંડે કે દોરડાને તેઓ ક્યારેય તોડી ન શકે. એટલે ભાગવાનો પ્રયાસ તો છોડો વિચાર પણ કરતા નથી.'

પેલા હાથીઓની જેમ, આપણે સૌ પણ અનેકવાર, 'આપણાથી આવું નહીં થાય', 'આમ કરશું તો લોકો શું વિચારશે?', 'કશું નવું કરતાં પહેલાં ૧૦૦ વાર વિચારવું પડે', જેવા અનેક વિચારોની અદૃશ્ય રસ્સીઓમાં બંધાયેલા છીએ ને? કારણ કે એ ભય પાછળ છેઃ 'એક વિચાર!'

એક નાનકડો ક્યૂટ છોકરો રેસ્ટોરંટમાં આવ્યો. વેઈટ્રેસે એને પૂછ્યું, 'શું આપું?'

છોકરાએ પૂછ્યું : 'આઈસક્રીમ વિથ મિલ્કશેક કેટલાની આવે?'

'૫૦ સેન્ટ!'

ભોળા છોકરાએ ખિસ્સામાંથી સિક્કાઓ કાઢીને ટેબલ પર એક પછી એક ગણવા માંડ્યા. પછી ડરીને વેઈટ્રેસને પૂછ્યું, 'ફક્ત આઈસક્રીમ કેટલાની છે?'

વેઈટ્રેસે વિચાર્યું, 'આ ટાબરિયો શું ટીપ આપવાનો?' એટલે છોકરાને તોછડાઈથી કહ્યું, 'આઈસક્રીમ ૩૫ સેન્ટ્સની ને તને એ જ પરવડશે.'

છોકરાએ ફરીથી સિક્કા ગણીને કહ્યું, 'ભલે, મને ખાલી આઈસક્રીમ જ આપોને.'

વેઈટ્રેસે આઈસક્રીમ આપી. છોકરો આઈસક્રીમ ખાઈને, બિલના પૈસા ટેબલ પર મૂકીને જતો રહ્યો. પછી વેઇટ્રેસે જોયું કે બિલના પૈસા કરતાં ૧૫ સેન્ટ્સ વધારે હતા. બિલ પર જે લખેલું તે એણે વાંચ્યું

'૧૫ સેન્ટ્સ તમારી ટીપ, મેડમ!'

વેઇટ્રેસ નિઃશબ્દ થઈ ગઈ. એક નાનકડા બાળકને બીજી વ્યક્તિ માટે કેટલો સરસ વિચાર આવી શકે છે, કારણ કે એ બાળકમાં ભીનું ભીનું ભોળપણ છે, બગડ્યા વિનાનું બાળપણ છે.

વિચારવું, ખૂબ વિચારવું, અને કશુંક નિર્માણ કરવું એ પીડા આપે છે, પણ એ પીડાનો પણ એક અજીબ આનંદ હોય છે. વ્યવસ્થિત અને અવ્યવસ્થિત વિચાર વચ્ચેની એક સ્થિતિ એવી હોય છે કે જ્યાં ક્યારેક સમાધિનો આનંદ મળી શકે. આવી સ્થિતિને ચાઈનીઝ વિચારકો 'લી' કહે છે.

દરેક સર્જકે, વિચારકે જાતને અનેક સવાલો પૂછ્યા હશે..'ઘરેડ પર રેડ' પાડવાની ઈચ્છા ધરાવતો માણસ જ નવું શોધી શકે. તમને લાગે કે તમારા ઘરના વોશબેસિનમાં ટપકતા પાણીમાં કોઈ રિધમ છે, તો તમે વિચારને પકડી પાડેલો માનજો. બાળકને પ્રશ્નો પૂછવાની આદતમાંથી નવા વિચાર મળે છે. ઘણીવાર અજાણતાં જ એક માણસ બીજાને વિચારતો મૂકી શકે. 'મેરી ઝાંસી નહીં દૂંગી' કે 'ક્વિટ ઇન્ડિયા' માત્ર વાતો નહોતા, પ્રજામાં પ્રાણ પ્રગટાવતા વિદ્રોહી વિચારો હતા જે શક્તિશાળી સામ્રાજ્યને હલાવી શકતા. ટૂંકમાં, દુશ્મન દેશના લોકોને ધ્રૂજવતા કે આપણાં જ દેશમાં ભાઈ-ભાઈને લડાવતા નારાઓ...સૂત્રો...બધું જ એક વિચારથી જન્મે છેઃ 'સોચોગે તો સમઝોગે!'

સૃષ્ટિના આરંભમાં કોઈ પ્રયોગશાળા નહોતી પણ 'એકાંત', એક માત્ર શોધશાળા હતી. જ્યારે કશું જ નહોતું ત્યારે ફક્ત વિચાર હતો. વિચાર જ ઈશ્વર હતો. ઈશ્વરે વિચારીને બધું નિર્માણ કર્યું અને હવે માણસ વિચાર કરી કરીને બધું નિર્માણ કરે છે કે ક્યારેક વિનાશ કરે છે. વિકાસ, વિનાશ કે વિદ્રોહ પાછળ પણ આખરે હોય તો છે- 'એક વિચાર'

**એંડ-ટાઇટલ્સઃ**
**આદમઃ શું વિચારે છે?**
**ઈવઃ તારા વિશે પહેલા કેમ ના વિચાર્યું એ.** ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ઈશ્વર ધ્યાન પણ રાખે ને કસોટી પણ કરે!

આપણી સંસ્કૃતિમાં દીકરી વિદાય વખતે વાતાવરણ એકદમ ઈમોશનલ, એકદમ ભારેખમ બની જતું હોય છે. દીકરી વિદાયનાં ગીતોમાં કરુણરસ છલકાતો હોય છે. કબૂલ કે હૈયાનો હાર, કાળજાનો કટકો જેવી દીકરી કાયમ માટે ઘર છોડી જવાની હોય ત્યારે ખાલીપાનો અહેસાસ થાય, હૈયું ભારે થઈ જાય. દીકરીની વિદાય વખતે આપણે શોકાતુર થઈ જઈએ છીએ. તટસ્થ ભાવ નથી રાખી શકતા. વાસ્તવિક જીવન - રિયલ લાઈફ ઉપરાંત નાટક સિનેમાની રીલ લાઈફમાં પણ મેં આ જોયું છે, અનુભવ્યું છે. મારું એવું માનવું છે કે લગ્ન સુધી દીકરી મા - બાપની છત્રછાયામાં ઉછરે છે. લગ્ન પછી એ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નિર્માણ કરવા જઈ રહી હોય છે. જીવનના એક નવા પડકારને પહોંચી વળવા એ નીકળતી હોય ત્યારે એને હસીને શુભેચ્છા આપીને વિદાય કરવી જોઈએ. એટલે મને રડવું ક્યારેય નથી ગમ્યું. ગમે એવી વિકટ પરિસ્થિતિ હોય, હું ક્યારેક ધ્રુજી ગઈ હોઈશ, પણ ક્યારેય મારી આંખોમાંથી શ્રાવણ - ભાદરવો નથી વરસી પડ્યા.

આજે પરિસ્થિતિ બદલાઈ છે, પણ ૩૦ - ૪૦ વર્ષ પહેલા દીકરી પરણીને સાસરે ગયા પછી પોતાની આગવી, અનોખી અને અલગ દુનિયા વસાવવાનાં સપનાં સેવતી હતી. નવા વાતાવરણમાં, નવા લોકો વચ્ચે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નિર્માણ કરવાના એના અરમાન રહેતા. તૈયારી માટે બહુ ઓછો સમય હોવા છતાં ઈશ્વરની કૃપાથી દીકરીનાં લગ્ન સરસ રીતે પાર પડ્યા. પ્રસંગ પૂરો થયા પછી મેં હસતા મોઢે દીકરીને વિદાય આપી સાસરે વળાવી. વૈવાહિક જીવનમાં સરસ રીતે ગોઠવાઈ જાય એ માટે આશીર્વાદ અને શુભેચ્છા પણ આપ્યા. સાંસારિક જીવનની એક જવાબદારી પૂરી થઈ. દીકરાનું કોલેજ ભણતર ચાલી રહ્યું હતું અને નાની દીકરી તો ભણતરની સાથે કામ કરી થોડી કમાણી પણ કરી રહી હતી. સરિતાબહેન જોશી સાથેના ‘દેવકી’ નાટકના શો પણ થઈ રહ્યા હતા. અંગત જીવન અને વ્યવસાયિક જીવન વચ્ચે સમતુલા જળવાઈ રહી હતી.

દેશી નાટક સમાજ છોડ્યા પછી મને મરાઠી નાટકોમાં કામ કરવાની તક મળી હતી એની વાત મેં અગાઉના હપ્તામાં કરી હતી. એમાં કામ કરવાના આર્થિક ફાયદા ઉપરાંત મરાઠી રંગભૂમિમાં મારું નામ જાણીતું બન્યું એ મોટો ફાયદો હતો. એક દિવસ મરાઠી નાટકના પ્રોડ્યુસરનો મને ફોન આવ્યો. ‘કિનારા’ નામના નાટકમાં રિપ્લેસમેન્ટનો રોલ કરવાનો હતો. નાટકની હિરોઈન અને સાઈડ હિરોઈન વચ્ચે કોઈ વાંધાવચકા પડ્યા અને એનો આપસી ઉકેલ ન આવવાથી નિર્માતાએ હિરોઈનનો રોલ મને ઓફર કર્યો. મારા નામનું વજન પડતું હતું એટલે ૨૦૦ રૂપિયા નાઈટ (એક શો કરવાનું મહેનતાણું) નક્કી થયા. મરાઠી નાટક કરવાનો એક ફાયદો એ થાય કે લગભગ દરરોજ શો હોય અને ક્યારેક તો એક જ દિવસમાં બે કે ત્રણ શોનું પણ આયોજન કરવામાં આવ્યું હોય. હું વિચાર કરવા લાગી કે ઈશ્વર કેટલું ધ્યાન રાખે છે. મોટી દીકરીનાં લગ્ન પૂરા કરી જવાબદારીમાંથી નવરાશ મળ્યા પછી જ આ નવી ઓફર આવી. લગ્નની વાત ચાલી રહી હતી ત્યારે જો આ ઓફર આવી હોત તો એ હું કોઈ કાળે સ્વીકારી ન શકી હોત.

મરાઠી નાટકના નિયમિત શોમાં હું ગૂંથાઈ ગઈ. કેટલાક મહિના પસાર થયા હશે ત્યાં ખબર પડી કે પરણીને સાસરે ગયેલી મોટી દીકરી પ્રેગ્નન્ટ છે. આપણે ત્યાં દીકરીની પ્રથમ સુવાવડ પિયરમાં કરવાનો રિવાજ છે. એટલે હું દીકરીને ઘરે લઈ આવી અને ખોળો ભરવાની વિધિ પાર પાડી. માતૃત્વ ધારણ કર્યું ત્યારે મારા માથે કેવી વીતી હતી એ હું નહોતી ભૂલી. મેં જે કંઈ વેઠ્યું હતું એનો પડછાયો પણ દીકરી પર ન પડે એની તકેદારી રાખી. દીકરીની તબિયત સારી હતી એટલે ચિંતાનું કોઈ કારણ નહોતું. ડોક્ટરે ડિલીવરીની તારીખ આપી હતી, પણ એ જ સમયે મરાઠી નાટક માટે મારે ટુરમાં જવાનું થયું. મેં દીકરી ચેરીને બધી વાત કરી તો તેણે મને હૈયાધારણ આપી કે ‘મમ્મી, તું જરાય ચિંતા નહીં કરતી. મારી તબિયત એકદમ સારી છે. કોઈ વાંધો નહીં આવે.’

દીકરીના જવાબથી મને ધરપત થઈ અને થોડી હિંમત પણ બંધાઈ. ટૂર માટે મેં બેગ તૈયાર કરી, પણ હું નીકળવાની તૈયારી કરતી હતી ત્યાં જ ચેરીને દુખાવો ઊપડ્યો. મારે એની પાસે હાજર રહેવું જરૂરી હતું, પણ છેલ્લી ઘડીએ નિર્માતાને નાટક માટે હું ના ન પાડી શકું. હોસ્પિટલમાં ચેરીને એડમિટ કરી હું પુણે જવા ઊપડી. નાટકનો શો હું પુણેમાં કરી રહી હતી, પણ મારું મન તો મુંબઈમાં દીકરી પાસે હતું. બે શો કર્યા પછી મેં નિર્માતા સમક્ષ મારી હાલતનું બયાન કર્યું અને તેઓ મારી માનસિક અવસ્થા સમજી ગયા અને મને જવાની રજા આપી. રાતના બે વાગ્યે હું મુંબઈ ઘરે પહોંચી. પહોંચતાની સાથે ખબર પડી કે હું નાની બની ગઈ છું. દીકરીને ઘરે દીકરો આવ્યો છે. મુસાફરીનો બધો જ થાક ઉતરી ગયો અને હૈયામાં હરખની હેલી ઊપડી. માનું હૈયું કાબૂમાં રહે? તરત હોસ્પિટલ પહોંચી અને મને જોઈ હોસ્પિટલના બેડ પર સૂતેલી મારી દીકરીના ચહેરા પર ચમક આવી ગઈ.

હું ફરી મારા રૂટિનમાં ગોઠવાઈ ગઈ. મરાઠી નાટક ‘કિનારા’ના શો મુંબઈમાં પણ ચાલુ હતા અને બહારગામના પણ શો કરી રહી હતી. જોકે, ઘરની જવાબદારી થોડી વધી ગઈ હતી. નાની દીકરી અને કોલેજમાં ભણતા દીકરાની સાથે હવે ચેરી અને એના દીકરાનું પણ ધ્યાન રાખવાનું હતું. નવજાત શિશુની કાળજીમાં વિશેષ ધ્યાન આપવું પડે. બાળક ઉછેરનો અનુભવ હોવાથી મને કોઈ મુશ્કેલીનો અનુભવ નહોતો થઈ રહ્યો. એ વખતે મારે નવું રેશનકાર્ડ બનાવવાનું હતું. એટલે હું માસ્તર રહેતા હતા એ જોગેશ્વરીના ઘરે ગઈ. ત્યાંથી નામ કઢાવ્યા પછી જ બોરીવલીમાં નવું રેશનકાર્ડ મળી શકે એમ હતું. જોગેશ્વરી જઈને જોયું તો મારો દીકરો શાંગ્રિલ ગલીના નાકે બેઠેલો જોયો.

હું વિચારમાં પડી ગઈ કે મારો દીકરો અહીં કરે છે શું? રોજ સવારે તો કોલેજ જાઉં છું એમ કહી નીકળતો અને કોલેજ છૂટવાના સમયે ઘરે પાછો આવી જાય. એટલે એ બીજે ક્યાંય જતો હશે એની ગંધ પણ મને ક્યાંથી આવે? ઘરમાં જઈ મેં માસ્તર સાથે રહેતા શાન્તાબહેનને પૂછ્યું કે શાંગ્રિલ અહીં કેમ આવ્યો છે? શાંત બહેને એકદમ ઉડાઉ જવાબ આપ્યો કે ‘ક્યારે આવે છે ને ક્યારે જાય છે અમને કશી ખબર નથી.’ મને આશ્ચર્ય થયું અને આઘાત પણ લાગ્યો કે મારો દીકરો અહીં વિના કારણ આવીને બેસી રહે છે એની જાણ મને કરવાની તસ્દી પણ તેમણે ન લીધી? જોકે, એમની પાસે અપેક્ષા રાખવી એ મારી જ ભૂલ છે એમ મેં મન મનાવી લીધું. દીકરાને બધી પૂછપરછ કરતા ખબર પડી કે આઠ મહિનાથી ભાઈસાહેબ કોલેજમાં જ નથી ગયા. હું હેબતાઈ ગઈ. ઈશ્વર મારી હજી કેવી અને કેટલી કસોટી કરવા માગે છે એ વિચાર મને આવી ગયો. ■



## ‘વિક્રમ અને શનિ’

પ્રેક્ષક માઈબાપને ક્યારે શું ગમી જાય એના કોઈ ગણિત નથી હોતા. કોઈ નાટક પ્રેક્ષકો વધાવી લે, એને ગળે વળગાડે તો કોઈ નાટકને એવો જાકારો આપે કે વાત ના પૂછો. પહેલા જ શો પછી સુપરફ્લોપનો અંદાજ આવી જાય. કવિ અને નાટ્યલેખક મૂળશંકર મુલાણી સાથે આવું બન્યું હતું. તેમનું નવું નાટક ‘રત્નાવલિ’ શૃંગાર અને હાસ્ય રસનું મિશ્રણ હતું, પણ પ્રેક્ષકોને પસંદ ન પડ્યું. દર્શકોને અચરજ થાય એ માટે તેમણે ટ્રીક સીન આવે એવું ‘વિક્રમ અને શનિ’ નામનું નવું નાટક લખ્યું. નાટકમાં ટ્રીક સીનની મદદથી શનિનો ગ્રહ ઉપરથી ફરતો ફરતો નીચે ઉતારવામાં આવતો હતો. આ શનિના ગ્રહમાંથી તણખા ઝરતા અને અદ્ભુત પ્રકાશ આયોજનથી પ્રેક્ષકો દિગ્મૂઢ બની જતા. કેટલાક લોકો તો આ સીન જોવા જ ફરી ફરી આવતા હતા. વિજ્ઞાનમાં ખૂબ રસ ધરાવતા મૂળશંકર ભાઈએ જ આ દશ્યના મંચનમાં રસ લીધો હતો. ‘વિક્રમ અને શનિ’ નાટકને સારી સફળતા મળી.

એક દિવસ કવિશ્રી થિયેટર પહોંચવા ઘરેથી નીકળી ટ્રામમાં ચડવા ગયા ત્યાં તેમનો પગ સરકી ગયો. પડ્યા અને ખભાનું હાડકું ભાંગી ગયું. ફરજીયાત નિવૃત્તિ લેવી પડી. ધાર્મિક વૃત્તિવાળા કવિશ્રી માનવા લાગ્યા કે શનિએ તેમને બરાબરનો પરચો બતાવ્યો અને એટલે તેમના ખભાનું હાડકું તૂટી ગયું. ત્રણ મહિના માંદગી ભોગવી સાજા થયા. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# બુદ્ધિ સીમિત ને મૂર્ખતા અંતહીન!

બર્ટ્રાન્ડ રસેલનું નામ સાંભળ્યું જ હશે. એ વિખ્યાત બ્રિટિશ વિચારક અને જાણીતા સર્જક હતા.

‘લાઈફ ઇઝ નથિંગ બટ અ કૉમ્પિટિશન ટુ બી ધ ક્રિમિનલ રાધર ધેન ધ વિક્ટિમ’ ફિલ્મ ‘એનિમલ’ને રિલીઝ થયાને મહિનાઓ વીતી ગયા પછી પણ આલ્ફા મેનના નામે રડતા રહેતા રુદાલીઓને ક્રૂર લાગે એવું સટીક સત્ય કહેનારા બર્ટ્રાન્ડ રસેલના આ જાણીતા ક્વોટનો સાદો ભાવાનુવાદ એ થાય કે ‘જિંદગી એટલે પીડિત નહિ પણ ગુનેગાર બનવાની સ્પર્ધા’.

ડાર્વિનના સિદ્ધાંતને જ માનવજાતના સંદર્ભમાં વધુ ચોકસાઈપૂર્વકના રજૂ કરનારા બર્ટ્રાન્ડ રસેલને સાહિત્યનું નોબેલ પારિતોષિક મળ્યું હતું તો શું માત્ર લેખક હતા? ના. એ માત્ર તર્કશાસ્ત્રી, ફિલસૂફ કે આજની રાઈટ-વિંગર લોબી જેને ‘બુદ્ધિજીવી’ કહીને વખોડી નાખે છે તેવા બૌદ્ધિક માણસ હતા, જેમણે આજથી એક સદી પહેલાં સુક્ષ્ફ ફિલસૂફીમાં ‘એનલિટીક ફિલસૂફી’નાં બીજ રોપ્યાં. દેખીતાં તથ્યોનું પૃથક્કરણ કરતાં એમણે શિખવાડ્યું.

જોકે, આજે અત્યારે આપણે વાત કરવી છે બર્ટ્રાન્ડ રસેલથી પણ ચડી જાય એવી એક વ્યક્તિની. એ વ્યક્તિ ‘કોણ?’ એવા સવાલનો આ છે જવાબઃ

થયું એવું કે એક વખત વિજ્ઞાનના પ્રખર હિમાયતી એવા બર્ટ્રાન્ડ રસેલે બ્રહ્માંડ-સૃષ્ટિ-દુનિયા જેવા વિષય ઉપર ગહન વ્યાખ્યાન આપ્યું. એમનું વક્તવ્ય હજુ ચાલુ હતું ત્યાં ઑડિયન્સમાંથી એક લેડી ઊભાં થયાં એ લેડી માસી કહી શકાય એવડી ઉંમરનાં હશે.



એ માસી બર્ટ્રાન્ડ રસેલને કહેઃ ‘તું ભાઈ, બહુ બકવાસ કરી રહ્યો છે. આ પૃથ્વી ખરેખર તો સીધી સપાટ ડિશ જેવી છે અને તે ડિશનો ભાર એક વિશાળ કાચબાએ ઉપાડ્યો છે.’

પીઢ અને જ્ઞાની માણસની અદામાં રસેલે સ્મિત કર્યું અને બહુ નમ્રતા સાથે હકારાત્મક અંદાજમાં પૂછ્યું કે, ‘તો લેડી, મને એ કહી શકો કે તે કાચબો ક્યાં ઊભો છે?’ પેલા માસીનો સણસણતો ઉત્તરઃ

‘તું તો બહુ બુદ્ધિશાળી છે ને કંઈ, તો એટલી ખબર નથી પડતી શું? દરેક કાચબો બીજા કાચબાની પીઠ ઉપર ઊભો હોય, ભઈલા.’

બર્ટ્રાન્ડ રસેલે ફરીથી સ્મિત કર્યું અને પોતાની હાર સ્વીકારી લીધી. બર્ટ્રાન્ડ રસેલ કરતાં પણ પેલી ચડિયાતી વ્યક્તિ એટલે આપણાં આ લેડી ઊર્ફે માસી. એ ચડિયાતી વ્યક્તિ એટલે તમારા ‘ફેસબુક’માં રહેલા ને યુવાન બનવા થનગનતા પેલા પચાસ વર્ષના ઢગા. એ વ્યક્તિ એટલે તમારા પાડોશી. એ વ્યક્તિ એટલે ફૅમિલી વૉટ્સએપ ગ્રુપમાં રાખવા પડેલા દૂરના એક સગા. એ વ્યક્તિ એટલે તમારા ઇન્સ્ટાગ્રામની દરેક સ્ટોરી ચૂપચાપ જોઈને અમારી પંચાત કરનારા તમારા નજીકના કહેવાતા હિતેચ્છુ. ભલભલો ભેજાબાજ માણસ જ્યાં હાર સ્વીકારી લે એવી અનેકાનેક અદ્ભુત ભેજાગેપ હસ્તીઓની વચ્ચે તો આપણે રહીએ છીએ.

મજાની વાત એ છે કે આ લોકોની તાદાદ દરેક વસતિ ગણતરીએ વધતી જાય છે! આવી ગણતરીમાં ફક્ત નાગરિકોની સંખ્યા જ નહીં, સેક્સ (એટલે કે જાતિ), નાત, ઉંમર, આવક, કોમ, ધર્મ, ઘરની પ્રોપર્ટી, ભાષા, શિક્ષણ ઇત્યાદિ ઇત્યાદિ વિગતોનાં ખાનાં પણ ભરાય છે. હવે ભાવિ વસતિ ગણતરી વખતે એક ખાનું ખાસ ઉમેરવું જોઈએ- મૂર્ખતાનું! એ મૂર્ખતા માપવા માટે કોઈએ ‘મૂર્ખતા મીટર’ પણ શોધવું જોઈએ.

આવી મૂર્ખતાની શરૂઆત તો ક્ષિતિજને પેલે પારથી થાય. એના માટે અનંત બ્રહ્માંડ પણ ટૂંકું પડે. નાદાની અને મૂર્ખતા વચ્ચેનું બોન્ડિંગ મજબૂત થતું જાય છે. હવે ફરક એટલો આવ્યો છે કે પહેલાં મૂર્ખતા શરમનો પાલવ ઓઢતી હવે તો અડધા બેવકૂફો દુનિયા ચલાવી રહ્યા છે!

અરે, અહીં આપણે પેલા ઇન્ફ્લ્યુઅન્સરોનેય યાદ કરી લેવા જોઈએ. છૂટાછવાયા અપવાદને બાદ કરતાં મોટા ભાગના સોશ્યલ મીડિયા ઇન્ફ્લ્યુઅન્સર એટલે જગતનો સરેરાશ આઈ.ક્યુ. નીચે લઈ જવા માટે દિવસ-રાત મચી પડતા હોશિયાર મૂઢમતિઓ! દાનથી કે ડાન્સથી, ગાળથી કે વાળથી - સતત પોતાનું ધ્યાન ખેંચવા માટે આ ઇન્ફ્લ્યુઅન્સર્સ કંઈ પણ કરી રહ્યા છે.

કૉમેડી એટલે શું એ કેટલા કૉમેડિયનોને ખબર છે એ સવાલ છે. એમાં પણ સ્ટેન્ડ-અપ કૉમેડી તો આખો અલગ જ જોનર. એ જોનરની પેટા બ્રાન્ચ એટલે વડવાઈમાંથી વટવૃક્ષ બની ગયેલું ‘રોસ્ટિંગ કલ્ચર’. એ કલ્ચરની કોઈ સીમા હોતી નથી તોપણ એક લિમિટ હોય છે. વળી એમાં કોઈ પોડકાસ્ટર પોતાની માઈનસ અક્કલનું પ્રદર્શન કૉમેડીના નામે કરે તો આપણી નામદાર સુપ્રીમ કોર્ટ સહિત અડધો દેશ એમાં સમય બગાડે.

વાત માત્ર સોશિયલ નેટવર્કના ‘ઇન્સ્ટાગ્રામ’ જેવાં પ્લેટફૉર્મ્સની નથી, વાત શીઅર સ્ટુપિડિટીની છે. ઠોઠ હોવું વાંક નથી, પણ પોતાની અક્કલહીનતાનું પ્રદર્શન બિનજામીનપાત્ર ગુનો હોવો જોઈએ. આવા ગુનેગારો અને ઉંમરને કોઈ સંબંધ નથી.

કુંભથી લઈને કામચોરી સુધીના વિષયોમાં એ કમઠાણ મચાવતાં રહે છે. અવગણી ન શકાય એવી સંખ્યામાં આ મુષક રાજ ફેલાયેલું છે, જેને સિકંદર પણ જીતી શકે એમ નથી. અત્ર-તત્ર-સર્વત્ર ફેલાયેલા આવા મહાન અબૂજ લોકો સાથે રોજ પનારો પડતો રહેશે ત્યારે પોતાની માનસિક સ્થિરતા જાળવી રાખવા શું કરવું?

છે કોઈ યુનિવર્સલ ઉપાય? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# સ્ત્રી-પુરુષ સમાનતામાં કેવી હોય છે બ્રાન્ડની ભૂમિકા?

જેન્ડર ઇક્વાલિટી અર્થાત્ લૈંગિક સમાનતાની વાતો આપણે થોડાં વર્ષોથી સાંભળી રહ્યાં છીએ. આજે આ વાત કરવાનું મન એટલા માટે થયું કારણ કે હાલમાં WPL (વુમન પ્રીમિયર લીગ) ચાલે છે. થોડા સમય પહેલાંની વાત કરીએ તો આપણને મહિલા ખેલાડીઓનાં નામ પણ નહોતાં ખબર. આજે એમને અદલોદલ પુરુષની જેમ રમતાં જોવાની મજા પણ આવે છે.

એક ડેટા અનુસાર ૨૦૨૩માં WPL ની વ્યૂઅરશીપ ૫૦ મિલિયન હતી (૧ મિલિયન = ૧૦ લાખ), જે ૨૦૨૪ માં વધીને ૧૦૩ મિલિયન થઈ અને થોડા સમયમાં આપણને આ વર્ષનો ડેટા મળશે, જે આનાથી પણ ઘણો વધુ હશે.

એક વાત હંમેશા ચર્ચામાં રહે છે પછી તે બોલિવૂડ હોય કે એડ્વર્ટાઇઝિંગ, સમાજમાં જે ચાલી રહ્યું છે એ જ તે દર્શાવે છે.

માર્કેટિંગમાં આ વાત બીજી રીતે પણ ચર્ચાય છે કે બ્રાન્ડ્સ પોતાના કેમ્પેન દ્વારા સમાજમાં બદલાવ લાવે છે કે સમાજમાં જે ચાલી રહ્યું છે તેનો અભ્યાસ કરી લોકો સમક્ષ એને દર્શાવી તે બદલાવની વાત કરે છે (આને બિહેવિઅર ચેંજના સંદર્ભમાં લેવી). દલીલો બંને તરફી છે તેથી આપણે તેમાં ન પડતાં કઈ રીતે સ્ત્રી આજે ખરીદીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને અમુક કેમ્પેન જોઈએ, જેમાં સ્ત્રી કઈ રીતે સમોવડી બની છે તે જાણીએ.

સ્ત્રીઓ આજે ખરીદીના નિર્ણયમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ વાત ફક્ત ઘરમાં વપરાતી ચીજો પૂરતી માર્યાદિત નથી. વૅકેશનમાં ક્યાં જવુંથી લઈને કયું બાઈક અથવા સ્કૂટર ખરીદવું તે પણ એ નક્કી કરે છે. આથી એડ કેમ્પેનમાં આજે સ્ત્રીઓ ફક્ત એક ખૂબસુરત મૉડેલ તરીકે નહિ, પણ પોતે ખરીદારીના નિર્ણયમાં ભાગ ભજવે છે તે બતાવવામાં આવે છે.



ઇક્વાલિટીનો બદલાવ એટલે ફક્ત સ્ત્રી ઑફિસમાં જઈ કામ કરે છે કે એ પણ કેરિયરલક્ષી છે કે પછી અમુક પ્રકારના ડ્રેસ પહેરે છે કે પછી એ પણ પુરુષની જેમ સિગારેટ અને દારૂ પીવે છે એટલા પૂરતો સીમિત ના હોવો જોઈએ, કારણ કે આ એક પ્રકારનો બાહ્ય અભિગમ છે. સમાનતાની વાત તો રોજબરોજનાં જીવનમાં આવવી જોઈએ અને તેને અમુક બ્રાન્ડસ લોકો સમક્ષ સુંદર રીતે મૂકે છે.

સ્ત્રી કે પુરુષનું શરીર અમુક પ્રકારનું પોષણ અમુક વય પછી માંગે છે. આ વાત બંને માટે સમાન છે. અમુક મલ્ટિ વિટામિન બનાવતી બ્રાન્ડે ‘અમુક વર્ષ પછી લગ્ન દિવસની ભેટમાં કેલ્શિયમની ગોળી આપવામાં આવે છે ’ એ વાત સરસ રીતે પેશ કરી છે. બીજી બ્રાન્ડે પતિપત્ની બન્ને આખો દિવસ પોતપોતાનાં કામમાં વ્યસ્ત હોય છે અને તેથી એમને અમુક પોષણની જરૂર છે તેથી એ ઘરે આવી અથવા સવારે સાથે બેસી તે પોષણ મેળવે છે.

હાલમાં એક કેમ્પેન જોઈ, જેમાં લોકોના વાસ્તવિક જીવનમાં બનેલી વાત રજૂ કરવામાં આવી છે. ત્રણ બહેન મળીને પોતાના પિતાને એક વિશાળ જમીનનો પ્લોટ ભેટમાં આપે છે. અહીં પણ સ્ત્રી આજે કઈ રીતે આગળ વધી છે અને પોતે પુત્ર જે કરે તે કરી શકે છેની વાત છે.

એક નામી ઑટોમોબાઇલની કંપનીએ પોતાના ઇલેક્ટ્રિક વેહિકલ બંને માટે છે તેને બતાવવા બંને અલગ અલગ કારમાં આવે છે તે બતાવ્યું. આની સામે આ જ વાત બીજી બ્રાન્ડે યુવાનો દ્વારા બતાવી કે ત્રણ મિત્ર, જેમાં એક યુવતી અને બે યુવાન છે એ ડ્રાઈવ કરવાનો પ્લાન બનાવે છે જેમાં ત્રણે પાસે પોતપોતાની કાર છે.

‘શેર ધ લોડ’ કેમ્પેન જે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત થયું તે એક કપડાં ધોવાના પાઉડરની બ્રાન્ડે બનાવ્યું હતું. આમાં એક પિતા પોતાની દીકરીને તેના ઘરે ઑફિસથી આવી કઈ રીતે બધું મૅનેજ કરે છે તે જુએ છે.

પિતાને લાગે છે કે દીકરી એકલી કેટલો બધો કામનો બોજ લે છે એમાં એના પતિએ મદદ કરવી જોઈએ. આ વાતે પિતાને પણ પોતાની ભૂલથી અવગત કરાવી કે પોતે પણ ક્યારેય પત્નીની મદદ નહોતી કરી. એક બીજાનો કામનો ભાર શેર કરો આ વાત હતી.

સમાજમાં એક વાત પ્રચલિત છે કે અમુક કામ સ્ત્રીઓજ કરે. આ વાતને બે બ્રાન્ડ્સે સરસ રીતે દર્શાવી છે, જેમાં સ્ત્રી પોતાના પુત્રને શીખવે છે કે ઘરનાં કામ બધાનાં હોય છે. મા ઘરે આવતી હોય છે ને ફોન પર ખબર પડે છે કે પુત્રને ભૂખ લાગી છે. તે ઘરમાં પ્રવેશ કરવાની હોય છે, છતાં એ ફોન પર દીકરાને પેલી વાનગી બનાવવાની રીત બતાવે છે અને એ જ્યારે ખાવાનું બની જાય છે પછી જ એ ઘરની અંદર આવે છે ને કહે છેઃ ભવિષ્યમાં તું એકલો હોઈશ ત્યારે આ શીખેલું કામ આવશે. તો બીજી એડમાં એક ભાઈ એની બહેનને કહે છે વૉશિંગ પાઉડર વૉશિંગ મશીનમાં નાખ. મા આ વાત સાંભળે છે અને કહે છે મને મદદ કર અને ધીરે ધીરે એની પાસે કામ કરાવે છે. અંતમાં કહે છે ઘરનાં કામ બધાનાં કેમ નહિ?

આવાં બીજાં ઘણાં ઉદાહરણ છે. આજે બ્રાન્ડ માટે જરૂરી છે કે આ બદલાવને સમજી પોતાની માર્કેટિંગ વ્યૂહરચના તૈયાર કરવાની. જો બ્રાન્ડ પોતાના કેમ્પેનો દ્વારા આવી જ વાતોને અલગ અલગ રીતે રજૂ કરશે તો એમનો તો વેપાર વધશે, પણ સાથોસાથ પુરુષ-સ્ત્રી વચ્ચે ખરા અર્થમાં કેવી સમાનતા હોવી જોઈએ તે વાત પણ લોકો સુધી પહોંચશે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




ફ્લાવરવાઝનો અવાજ સાંભળીને વોચમેન બહાદુર ધસી જઇને બારણે અટકી ગયો. એણે બારણે કાન માંડ્યા.

'યુ ચીટ...દગાખોર...ધોખેબાજ.' પ્રિયાના મોં પર ગુસ્સો તગતગી રહ્યો હતો.

'પ્રિયા, બેસ, મારી વાત સાંભળ.'

'મારે જે સાંભળવું હતું એ બધું સીમા પાસેથી સાંભળી લીધું. મારી સાથે પ્રેમનું નાટક અને લગ્ન આ વિધવા સાથે.' એણે સીમાને બતાવતા કહ્યું.

સીમાને પ્રિયાનો વિધવા શબ્દ કાળજે ઘા કરી ગયો, પણ એને ઊભે ઊભી ચીરી નાખી અભિની અસલિયતે. પ્રિયા સાથેના અભિના પ્રેમનો ખેલ ખુલ્લો પડી ગયો હતો. એ ઘડીક પ્રિયાની સામે તો ઘડીક અભિ સામે જોતી રહી.

'પ્રિયા, સીમાનું નામ વચ્ચે નહીં લાવ....પ્લીઝ.'

'શું જોયું તેં આનામાં હેં.....શું આપ્યું એણે જે મારી પાસે નથી.' સીમાએ કાન પર હાથ મૂકી દીધા.

'હું તને બધી વાત કરવાનો જ હતો.' અભિ કહેવા લાગ્યો.

'સફળતાની સીડી ચડવા તેં મારો યુઝ કર્યો..'

'પ્રિયા, હકીકત તો એ છે કે, તેં મારો યુઝ કર્યો છે કારણ કે તને મારામાં વિશ્ર્વાસ હતો કે હું એક દિવસ મોટો સ્ટાર બનીશ ને તું સ્ટારની વાઇફ બનીને એશ કરીશ.' અભિએ આખીય વાતનું વહેણ બદલી નાખ્યું.

'યુ આર એ બ્લડી લાયર....ઓપોર્ચ્યુનિસ્ટ. તું એક નંબરનો જુઠ્ઠો ને તકવાદી છો....તેં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ટોપ પર પહોંચવા તમામનો યુઝ કર્યો....અશોક ટંડન, ચૌબેજી, પિન્ટો, અકબર, ગુલાટી, શીલા, સબીના...કેટલા નામ ગણાવું તને....અને અંતે દુનિયાને બતાવવા તેં આની સાથે સંસાર માંડ્યો વાહ. સીમા, આ માણસ રસ્તામાં મળતા દરેકને પગથિયાં સમજે છે. આ એક નંબરનો લબાડ ને જુઠ્ઠો છે. તું સંભાળજે, તને રસ્તા પર ન લાવી દે.' સીમાએ એક નજર અભિ પર કરી.

'પ્રિયા, જબાન કાબૂમાં રાખ.' અભિએ પ્રિયાને તમાચો મારવા હાથ ઉપાડ્યો, પણ અટકી ગયો.

'તૂં મને મારીશ એમ. યુ બ્લડી રાસ્કલ. આઇ વિલ કિલ યુ, આઇ વિલ કિલ યુ. હું તારી કરીઅર ખતમ કરી નાખીશ. તને બરબાદ કરી દઇશ.' પ્રિયા બરાડવા લાગી.

'પ્રિયા, પ્લીઝ શાંત થા. મારી પાસે એક રસ્તો છે....જોઇએ તો હું' સીમાએ એને શાંત પાડવાની કોશિશ કરી.

'તું આ મામલાથી દૂર જ રહેજે. અભિ, આઇ વિલ કિલ યુ...પ્રિયા બહાર નીકળી ગઇ.' પ્રિયાને જોઇને ડઘાઇ ગયેલો બહાદુર પોતાની જગ્યાએ બેસી ગયો.

'પ્રિયા પ્લીઝ...હું તમારી વચ્ચેથી જતી રહીશ.' સીમા એને રોકવા પાછળ ગઇ. અભિ એની પાછળ જ હતો.

'મને તારા ફિલ્મી બલિદાનની જરૂર નથી. અભિ, હવે હું તને બતાવીશ..તારું જો હોગા વો દેખા જાયેગા.' પ્રિયાએ ગુસ્સામાં કારનું એક્સિલેટર દબાવ્યું. બહાદુરે દોડીને મેઇન ગેટ ખોલ્યો.

*************

પ્રિયાના ગયા પછી સીમા એકીટસે અભિને જોઇ રહી હતી. અભિ દારૂનો ગ્લાસ પકડીને બેઠો હતો.

'પ્રિયાની જલન, એનો ગુસ્સો ખોટો નહતો.. એ અસલામતી અનુભવી રહી છે....ઇન્સિક્યોરિટી.'

'નાટક છે આ નાટક.' અભિ બોલ્યો.

'તને નાટક લાગે છે, કારણ તેં એની સાથે પ્રેમનું નાટક કર્યું હતું.'

'મને એનો પ્રેમ નાટક લાગતું હતું....એક તકવાદી પ્રેમ.'

'અભિ, એણે તને કેટલું બધું આપ્યું છે.....પૈસા, કપડાં, મોરલ સપોર્ટ...અને કદાચ શરીર સુખ પણ'

'એટલે જ તો મેં એના તમામ અહેસાનના બદલામાં એના બનાવટી પ્રેમને પંપાળ્યો, એની અસલામતીને પોષતો રહ્યો. અને હા, એણે મને શારીરિક સુખથી દૂર રાખ્યો હતો...એણે એ ચાલાકીપૂર્વક બચાવી રાખ્યું હતું.....સુહાગરાત માટે. આ એના નાટકનો પહેલો અંક હતો.' અભિએ કહ્યું.

'તારા મત મુજબ એના નાટકનો બીજો અને છેલ્લો અંક શું હશે.? એ પાછી ફરશે તો તું એને સ્વીકારીશ.?' સીમાએ પૂછ્યું.

'પ્રિયા એક દોસ્ત તરીકે ઓલવેયઝ વેલકમ, પણ સીમા, તું આવું બધું વિચારીને તારો ને મારો મૂડ ખરાબ નહીં કર. આઇ લવ યુ, આઇ લવ યુ, આઇ લવ યુ બોલતો અભિ સીમાને માથે, કપાળે, ગાલ પર, હોઠ પર, ગળા પર, પીઠ પર ચૂમવા લાગ્યો ને સીમાને પ્રિયાનો અવાજ સંભળાવા લાગ્યો. 'આઇ વિલ કિલ યુ....આઇ વિલ કિલ યુ....આઇ વિલ કિલ યુ.'

'અભિ, પ્લીઝ નહીં... નહીં.... અહીં નહીં..... અંદર બેડરૂમમાં.'

****************

> 'સીમા, આ માણસ રસ્તામાં મળતા દરેકને પગથિયાં સમજે છે. આ એક નંબરનો લબાડ ને જુઠ્ઠો છે. તું સંભાળજે, તને રસ્તા પર ન લાવી દે.' પ્રિયા ગુસ્સામાં બોલી.

આદિલ ખાન નામના એક અદના કલાકારે બ્લેકમેઇલ કરીને બસ્તા શેઠને મઝધારે છોડી દીધા હતા. એમના માટે હબીબના મર્ડર પછી બંસીનું અપહરણ એક કોયડો બની ગયો હતો. જોરાવરે અપહરણ નથી કર્યું...પોતાનો એમાં હાથ નથી તો અપહરણ કર્યું કોણે.? બંસીનો પત્તો ક્યાંથી મેળવવો? એને ક્યાં શોધવો.? આ બધી ઝંઝટની વચ્ચે આદિલ ખાનનું બ્લેકમેઇલિંગ એને તંગ કરી રહ્યું હતું. બસ્તા શેઠની અસલિયત ભાઇને બતાવીને આદિલ ખાન એને જિંદગીના રંગમંચ પરથી આખરી એક્ઝિટ અપાવી શકે એમ હતો. બસ્તા શેઠને એનો જ ફફડાટ હતો, પણ એની પ્રાયોરિટી બંસી હતી. બસ્તા શેઠે જોરાવરને બોલાવ્યો.

'જોરાવર, તું મારા દીકરા જેવો છો...હું તને કાંઇ કહું તો તારે ખોટું નહીં લગાડવાનું.' જોરાવર પલળી ગયો. એ બસ્તા શેઠને પગે લાગ્યો.

'જોરાવર, બંસીને શોધવો છે....કોઇપણ ભોગે.'

'બંસીને શોધવાની જરૂર નથી. લો આ વાંચો.' જોરાવરે સવારનું છાપું બસ્તા શેઠના હાથમાં મૂકતા કહ્યું. બસ્તા શેઠે ઝડપભેર પાના ઊથલાવવાનું શરૂ કર્યું. એક પાને છપાયેલા સમાચાર પર એની નજર અટકી.

મહાબળેશ્ર્વરના ઘાટની નીચેથી એક લાશ મળી આવી. પોલીસને ખિસ્સામાંથી ડ્રાઇવિંગ લાઇસન્સ મળી આવ્યું....જેને આધારે મરનારનું નામ બંસીલાલ હોવાની પોલીસને જાણ થઇ. પોલીસ વધુ તપાસ કરી રહી છે. બસ્તા શેઠે જોરાવરની સામે જોયું.

'બંસીનું અપહરણ કરીને એને મોતને ઘાટ ઉતારી દીધો, બસ્તા શેઠ.'

'પણ કોણે કર્યું...શા માટે કર્યું?' બસ્તા શેઠ બોલ્યા.

'જેણે કર્યું હોય એણે, પણ પોલીસ તપાસ તમારા સુધી આવશે એ નક્કી.' જોરાવરે કહ્યું.

'નહીં આવે મારા સુધી.' બસ્તા શેઠે કહ્યું.

'મોતીબાબુ રાઝ જાણે છે.' જોરાવર બોલ્યો.

'એની એક એવી નબળી કડી શોધ કે એ ક્યારેય મોઢું ખોલી ન શકે.'

***********

સિંગાપોરમાં બેઠેલા રઝાક પર મુંબઇથી ફોન આવ્યો.

'હેલો રઝાકભાઇ મૈં.'

'હાં બોલ' રઝાકે કહ્યું.

'ભાઇ, કામ હો ગયા હૈ....પુલીસ કો ઘાટમેં સે ઉસકી લાશ મિલી.'

'ઠીક હૈ...રખતા હું' રઝાકે ફોન મૂક્યો....ને બીજી જ મિનિટે બસ્તા શેઠના ફોનની ઘંટડી વાગી.

'હેલો બસ્તા શેઠ, રઝાક બોલ રહા હું. બંસીલાલ કા કિડનેપ હુઆ....મહાબલેશ્ર્વર કે ઘાટમેં સે ઉસકી લાશ મિલી...આપને મુઝે કૂછ બતાયા નહીં.?'

'મૈં બતાનેવાલા થા....બંસી કે કિડનેપિંગ સે મૈં ખુદ હૈરાન થા....કોર્ટ સે ઉઠા કે લે ગયે ઔર બાદ મેં લાશ મિલી.'

'મતલબ કી હબીબભાઇ કા એક્સિડેન્ટ નહીં મર્ડર થા...બાદમેં બંસી કા કત્લ કર દિયા.' બસ્તા શેઠના હોંશ ઊડી ગયા.

'પુલીસ કે હિસાબ સે તો મૌત એક્સિડેન્ટ સે હુઇ હૈ.' બસ્તા શેઠે કહ્યું.

'હમ પુલીસ સે ભી ઉપર કી સોચતે હૈ. બસ્તા શેઠ.'

'હમેં હબીબભાઇ કે કાતિલ કો ઢૂઢના હૈ.' રઝાકે ફોન કટ કર્યો.

બસ્તા શેઠ સુધી પોલીસતપાસ તો પહોંચી નહીં, પણ ભાઇલોગોનું પગેરું એના સુધી પહોંચી ગયું. બસ્તા શેઠે આદિલ ખાનને ફોન લગાડ્યો.

'આદિલ, મૈં અભિ કો તુમ્હારે રાસ્તે સે હટા દુંગા, બદલે મેં તુમ કો મેરા એક કામ કરના હોગા.'

'કૌન સા કામ?' આદિલ ખાને પૂછ્યું.

'હબીબ કે મર્ડર મેં મેરા કોઇ હાથ નહીં થા એસા તુમ્હે ભાઇ કો સમજાના હોગા.'

'હો જાયેગા' આદિલ ખાને કદાચ ખાલી દિલાસો આપતા કહ્યું. ફોન મૂકીને બસ્તા શેઠ અભિનું કાસળ કાઢવાનો વિચાર કરવા લાગ્યા.

*************

ચંદનના મર્ડરનું રહસ્ય જોરાવર પાસેથી જાણી લીધા બાદ મોતીબાબુ સીમા પાસે રાઝ ખોલીને એનું દિલ જીતી લેવા બેતાબ હતો, પણ બંસીના અપહરણના કેસમાં ઉલઝાયેલો હોવાથી સીમાને મળવાનો સમય મળતો નહતો. સીમા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકવા તરસી રહેલા મોતીબાબુએ મરિયાના ટેલિફોનબૂથ પર ફોન લગાવ્યો.

'હેલો, મૈં મોતીબાબુ બોલ રહા હું. સીમા કો બુલાયેંગે, પ્લીઝ.'

મરિયા અવાજ ઓળખી ગઇ.

'મોતી, ઉસકી તો શાદી હો ગઇ. તુમકો નહીં પતા.?'

મોતીબાબુનો શ્ર્વાસ થંભી ગયો. થોડી ક્ષણો પછી માંડ પૂછી શક્યો.

'કિસ સે શાદી હુઇ.?'

'વો...ફિલ્મસ્ટાર અભિનય શ્રીવાસ્તવ સે.' મરિયાએ કહ્યું.

'મજાક કર રહી હો...ફિલ્મસ્ટાર સે શાદી.?' મોતીબાબુએ કહ્યું.

'બાય ગોડ...સચ બોલતી મૈં...મુઝે ભી વો બાદ મેં બતાઇ.'

'નહીં નહીં કૂછ ગડબડ હૈ...કહાં વો ફિલ્મસ્ટાર ઔર કહાં સીમા.'

'અરે બાબા, મૈં ઝુઠ નહીં બોલતી...તૂમ ખુદ ઇન્ક્વાયરી કર લો ના.' મરિયાએ કહ્યું. આઘાત પામી ગયેલો મોતીબાબુ ક્યાંય સુધી ફોન પકડી ઊભો રહ્યો. (ક્રમશઃ) ■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# ન્યૂ લાઈફ- ન્યૂ વિઝન

(સત્ય ઘટના પર આધારિત)



***દશે દિશાઓ ઘૂમી જાણું છું, ઊંચા આકાશને આંબી જાણું છું.***

***આ દરિયો શું ડૂબાડે મને, અગાધ દરિયાને તરી જાણું છું.***

હું, પ્રતિમા શાહ, ૭૦ વર્ષે મારી સત્યકથા કહી રહી છું. યસ, આય એમ અ કેન્સર વોરીયર, આય એમ અ કેન્સર સર્વાઈવર.

૨૦૨૦ની કોરોનાની મહામારી સામે આખું વિશ્વ ઝઝૂમી રહ્યું હતું. એના ઓથારે આપણને સહુને ભરડામાં લીધા હતા. કોવિડ-૧૯ના એ કાળસર્પે પોતાની ફેણ ચારેકોર ફેલાવી હતી, ત્યારે મારે એક મહારોગ સામે બાથ ભીડવાની હતી.

૨૦૨૧ના નવા વર્ષની ડાન્સ પાર્ટીમાં મેં કહ્યું હતુંઃ- We are entering in the NEW YEAR In a NEW DECADE with New Vision, NEW Challenge New Spirit. અને સાચે જ એક મહાન સંઘર્ષનો મારે હિંમતપૂર્વક સામનો કરવો પડ્યો.

જાન્યુઆરી-૨૦૨૧ના મારા એક મેડિકલ રિપોર્ટે મારી જિંદગી ધરમૂળથી બદલી નાખી. એક મહારોગ સામેની લડત, શારીરિક વેદના અને માનસિક ત્રસ્તતાનો સામનો કરવાનો પડકાર મારી સમક્ષ આવીને ઊભો રહ્યો. લોસ્ટ ઓફ આઈડેન્ટીટીની વેદનામાંથી પુનઃ આત્મગૌરવ અને સેલ્ફ આઈડેન્ટીટી પામવાની એક જબરી મથામણ મારે કરવી પડી.

ડાયોગ્રાઈઝ સેન્ટરમાં મારી મેમોગ્રાફી ટેસ્ટ થયા પછી સોનોગ્રાફી ટેસ્ટ કરી રહેલા ડોકટર શાહે મને ગંભીર ભાવે પૂછ્યું-

બહેન, તમને કેટલાં સંતાનો છે, ક્યાં રહે છે? સોનોગ્રાફીના સ્ક્રીન પર નજર રાખતાં તેમણે બે વાર આ પ્રશ્ન પૂછ્યો. મને નવાઈ લાગી.

પછી ડોકટરે કહ્યું- હું તમારા ફેમિલી ડોકટરને રિપોર્ટ મોકલાવું છું. હજી થોડા ટેસ્ટ કરવા પડશે.

મારા ડાબા ખભાની નીચે એક્ષલરીમાં જે ગાંઠ હતી,તેની બાયોપ્સી કરવાની સલાહ હિંદુજાના એન્કોલોજીસ્ટ ડોકટરે આપી અને હવે જ મારી ખરી કસોટીનો સમય શરૂ થયો. મારો સ્ટ્રોંગ દીકરો અજય અને પુત્રવધૂ સ્નેહા, મારા પતિશ્રી, નાની પૌત્રી નિકીતા બધા મારું વિશેષ ધ્યાન રાખવા લાગ્યાં.

આખરે નિદાન થયું કે આ ગાંઠ કેન્સરની છે અને ઓપરેશન કરવું પડશે. મારા મનમાં ભય પેઠો -કેન્સર એટલે કેન્સલ, ખેલ ખતમ.

એક તરફ કોરોનાનું વિકરાળ રૂપ, તેનો ભયાનક અદૃશ્ય ચહેરો અને બીજી તરફ આ જીવલેણ માંદગી. મને ટેન્શનમાં જોઈ અજયે કહ્યું- 'મમ્મી, જરાય ચિંતા ન કર. આપણે બેસ્ટ હોસ્પીટલમાં બેસ્ટ ડોકટર પાસે ઓપરેશન કરાવીશું. મમ્મા, વી ઓલ આર વીથ યુ.'

૨૭જાન્યુઆરી- સવારે ૭.૩૦ વાગે હું ઓપરેશન થિયેટરની બહાર સ્ટ્રેચર પર પડી હતી. દીકરાનો પ્રેમાળ ચહેરો મને હિંમત આપતો હતો. માંદગી ગંભીર હતી, પણ કોઈ અદીઠ શક્તિ મને બળ આપી રહી હતી.

આંખ બંધ કરી હું સતત પ્રભુસ્મરણ કરી રહી હતી, જેથી પેલો ભય મને વળગી ન પડે.

મને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવી. લેડી ડોકટરે મીઠું સ્મિત આપતાં કહ્યું- અમે તમારી આર્મપીટમાં થયેલી બે ગાંઠનું ઓપરેશન કરીશું. જરા ય ગભરાશો નહીં, તમને કોઈ તકલીફ પડશે નહીં.

ગોડ બ્લેસ યુ. મેં જરા હસતાં કહ્યું. ઓપરેશન થિયેટરના મશીન પરની લાઈટ હું એકીટકે જોઈ રહી પછી મનોમન બોલી- હે દિવ્ય પ્રકાશ ! મને બળ આપો.

મારું ઓપરેશન કરવાવાળા-દેવદૂત સમા એ સિનિયર ડોકટરે આવીને મને પૂછ્યું- કેમ છો?

યસ, ડોકટર આઈ એમ ગુડ. તમને ખબર છે, માય ફાધર વોઝ ફ્રીડમ ફાઈટર. સો આઈ શુડ બી સ્ટ્રોંગ.

યસ, યુ આર સ્ટ્રોંગ. ડોકટરે કહ્યું.

ડોકટર, યુ નો આય એમ અ રાયટર ઓલ્સો. હમણાં જ મેં ભારતીય સીમા પર જાનના જોખમે દેશનું સંરક્ષણ કરી રહેલા સૈનિકોની શૌર્યકથાઓ અને શહીદી કથાઓ વિશે અનુવાદિત પુસ્તક આપણું સિયાચીન પ્રગટ કર્યું છે. મેં કહ્યું.

રીયલી ઈટ્સ ગ્રેટ, યુ આર બ્રેવ રાયટર ટુ. ડોકટરે સસ્મિત કહ્યું.

(મને એનેસ્થેસિયાની અસર થઈ રહી હતી, પછી શું થયું તે ખબર ન પડી.)

ઓપરેશન પૂરું થયા પછી રીકવરી રૂમમાં હતી ત્યારે લેડી ડોકટરે કહ્યું- તમારું ઓપરેશન સરસ રીતે થયું છે. ચાર નોડ્સ (ગાંઠ) હતી, પણ અમે તમારી ચેસ્ટનો ભાગ બચાવી શક્યા છીએ.

મેં કહ્યું- થેંક્સ ડોકટર, ગોડ બ્લેસ યુ. ડોકટર, એ નોડ્સ મારે જોવી છે.

એ નોડ્સ અમારે ટેસ્ટિંગ માટે લેબોરેટરીમાં મોકલવી પડે, એટલે બતાવી ન શકાય.

મેં કહ્યુંઃ- ઈટ્સ ઓ.કે ડોકટર.

સદભાગ્યે ઓપરેશનની કોઈ સાઈડ ઈફેક્ટ થઈ ન હતી. હવે બીજો પડકાર હતો- પોસ્ટ ટ્રીટમેન્ટ ઓફ ઓપરેશન.

***ના હારેંગે, ના ઝૂકેંગે ઈસ મહારોગ સે લડેંગે***

***યે હોંસલા કભી ના છોડેંગે, અગનપથ પર ચલકર,***

***યે કેન્સર કો હરાયેંગે, ઔર હમ જીતકર દીખાયેંગે.***

હોસ્પિટલમાંથી જે મેડીસીન બોક્સ આપ્યું હતું,, તેના પર લખ્યું છે- હેપીનેસ ઈઝ ધ બેસ્ટ મેડીસન- મહારોગને નાથવા મારે આ સૂત્ર સાર્થક કરવાનું હતું.

કિમોથેરેપી ટ્રીટમેન્ટ ખરેખર પડકારરૂપ હોય છે. જેમાં શારીરિક અને માનસિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઓપરેશન અને આ બધી ટ્રીટમેન્ટ ખૂબ ખર્ચાળ પણ અત્યંત જરૂરી હોય છે. હું નસીબદાર હતી કે મારા પતિ અને દીકરાએ ફાઈનાન્સની શ્રેષ્ઠ વ્યવસ્થા કરી હતી.

કિમોથેરેપીની ટ્રીટમેન્ટની માઠી અસર તમારી ચામડીના દરેક કોષના મૂળ સુધી પહોંચે છે. પરિણામે દરદીના વાળ ઊતરી જાય, ચહેરો મહોરો બદલાઈ જાય. આ પરિસ્થિતિ દરદીની હતાશાનું કારણ બને છે. એ કપરો સમય હવે નજર સામે હતો.

શરૂઆતમાં મારા વાળ પર કોઈ અસર થઈ ન હતી. બીજો કિમો લીધો, મને અશક્તિ લાગતી હતી. મારા વાળ જથ્થા રૂપે ઉતરવા લાગ્યા. શેમ્પૂ વડે માથું ધોયું તો વાળ વધુ કડક બની ઘૂંચવાઈ ગયા.

તે સાંજે પહેલી વાર ભાવુક બની ગઈ. સ્નેહાને ખભે માથું મૂકીને રડી. આય લોસ્ટ માય હેર- બધા કહેશે ટકલી-ટકલી. હું કેવી લાગીશ?

સ્નેહાએ હિંમત બંધાવતા કહ્યું- મમ્મી, એમાં શું, આપણે વીગ બનાવીશું. મેં તરત કહ્યું હતું, ના,બેટા મારે બનાવટી વાળની વીગ નથી જોઈતી. જે પરિસ્થિતિ હોય તેને હું હસતે મુખે સહન કરી લઈશ.

વાહ મમ્મી, ધેટસ ધ સ્પીરીટ. પછી મારા માટે સુંદર એમ્બ્રોડરીવાળી સરસ કાળીટોપી સ્નેહાએ મંગાવી જે નવા વાળ ન આવ્યા ત્યાં સુધી મેં પહેરી. આજે પણ એ કેપ મેં સાચવી રાખી છે.

કિમોથેરેપી લેવા જવાની આગલી રાત્રે કોઈ અકળ ભય મને ઘેરી વળતો ત્યારે હું મારા પતિને કહેતી-ભગ ભગ કરતું કોઈ મોટું એંજિન મારા તરફ ધસી રહ્યું છે એ મને ખેંચી જશે. ત્યારે નાના બાળકની જેમ મારે માથે હાથ ફેરવતા એ હનુમાન ચાલીસા બોલતા અને હું પણ એમાં સૂર પુરાવતી.

ઓપરેશન, કિમોથેરેપી, રેડીએશન અને એક સાઈડ ઈફેક્ટ તરીકે લિમ્ફોડેમાનો પણ સામનો કરવો પડ્યો. જાન્યુઆરી૨૦૨૧થી શરૂ થયેલા આ કેન્સરયુદ્ધનો એપ્રિલ-૨૦૨૨માં અંત આવ્યો. આજે હું સંપૂર્ણ રીતે સ્વસ્થ છું. શારીરિક, માનસિક, આર્થિક રીતે પડકારરૂપ કાળમા મને સાથ આપનાર કુટુંબીજનોએ જ મારું આત્મબળ ટકાવી રાખ્યું છે. આ સંકટમાંથી મને નવજીવન આપનાર પ્રભુની કૃપાનો મને સાક્ષાત્કાર થયો. હે,પ્રભુ, તું જ મારો સારથિ- આ ન્યૂ લાઈફ વીથ ન્યૂ વિઝન માટે નતમસ્તક છું. ■

ફોકસ

સંજય શ્રીવાસ્તવ
feedback@bombaysamachar.com

## સમય આવી ગયો છે શીખવાનો

# ક્રાઉડ મૅનેજમેન્ટની દેશી ટેકનોલૉજી...!

વસ્તી વધારાને જોતા દેશમાં ભીડની સમસ્યા હંમેશાં રહેવાની જ અને ભીડ એ નાસભાગની જનની છે. દેશ દરેક ક્ષેત્રમાં ઝડપથી વિકાસ કરી રહ્યો છે. આવી સ્થિતિમાં ભીડ નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે નવી ફૂલપ્રૂફ સ્વદેશી ટેક્નોલોજી અને સિસ્ટમ વિકસાવવી જરૂરી છે. બીજાની ટેક્નિકો અને પ્રણાલીઓ આપણને મદદ કરી શકે છે પરંતુ કોઈ કામની નથી કારણ કે આપણી ભીડની પ્રકૃતિ અને પ્રવૃત્તિ બન્ને ભિન્ન છે. આ ટેક્નિકોનો ઉપયોગ કરવા માટે ટેક્નિકલ રીતે નિપુણ લોકોની પણ જરૂર છે. સવાલ એ છે કે શું સરકાર આ અંગે વિચારી રહી છે?

દેશમાં નાસભાગ કે ધરતીકંપ, વાદળ ફાટવું કે વીજળી પડવા જેવી અણધારી આફત બની ગઈ છે. તેનું મુખ્ય કારણ છે ભીડ. આઝાદી પછી અત્યાર સુધી, તે પછી કુંભ જેવું વિશાળ આયોજન હોય અથવા સ્ટેશન પર ટ્રેન પકડવા માટે રાહ જોતા મુસાફરોની ભીડ, ધાર્મિક સ્થળ અથવા પ્રસંગમાં એકઠા થયેલો ધાર્મિક મેળાવડો, ચૂંટણી પ્રચાર દરમિયાન સત્સંગ અથવા સાડીઓનું વિતરણ થઈ રહ્યું હોય. લાખોથી સેંકડોની ભીડ કાબૂ બહાર જાય ત્યારે નાસભાગ મચી જાય છે. ઉપર જણાવેલ કુદરતી આફતોની જેમ, નાસભાગ પણ સામાન્ય રીતે માનવ હસ્તક્ષેપ વિના કુદરતી રીતે બંધ થાય છે. તે પછી, પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે છે, ઘટના સ્થળની ઝડપી સફાઈ, મીડિયાને જાહેર કરવા યોગ્ય મૃતદેહોની સંખ્યા નક્કી કરવી, સંબંધિત ચેતવણીની જાહેરાત, હોસ્પિટલમાં ઘાયલોની સારવાર, વળતરની જાહેરાત, જો જરૂરી હોય તો તપાસમાં વધુ વિચારણા, જવાબદારોને નહીં બક્ષવાનું નિવેદન આપ્યા પછી, આવી ઘટનાની રાહ જોવાઇ છે. દરેક નાસભાગ પછી, તેની સાથે સંબંધિત તમામ જરૂરી કામગીરી થતી જોવામાં આવે છે,



માત્ર એક નથી દેખાતું એ છે તટસ્થ, નિષ્પક્ષ, ટેક્નિકલ આંકલન અને તેમાંથી મળેલા જવાબો. તંત્ર એ નથી જણાવતાં કે, આવા અકસ્માતો રોકવા માટે ક્યાં ફૂલપ્રૂફ પગલાં લેવામાં આવ્યાં હતાં અને આ પગલાંમાં કેટલા ટકા સફળ થયા અને જો કોઈ નિષ્ફળ ગયું તો શા માટે? તેમાં ક્યાં, કોના દ્વારા અને કયા લેવલે ભૂલ થઈ, તેને કંઈ રીતે તપાસ કરાશે, તે ઉપાયનો બદલાવ અથવા સુધાર વિશે શું વિચારવામાં આવી રહ્યું છે તે કેવી રીતે કરવામાં આવશે.

નાસભાગ ફરી ન થાય તે માટે નવા નક્કર, વૈજ્ઞાનિક અને વ્યવહારુ પગલાં ક્યારે અને કેવી રીતે અમલમાં આવશે? દેશમાં નાસભાગ દરમિયાન લોકોનાં મૃત્યુ અને ઘાયલ થવાની ઘટના દાયકાઓથી જોવા મળી રહી છે અને ઘણી વાર તો એક જ વર્ષમાં એકથી વધુ વખત આવી ઘટનાઓ બની છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર અને કુંભ મેળામાં નાસભાગ પછી, અખબારોમાં આની લાંબી સૂચિ જોવા મળી હશે, પરંતુ ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશમાં આ પ્રશ્ન ભાગ્યે જ સ્પષ્ટ થાય છે કે શું આપણે ભીડ અને તેનાથી થતી નાસભાગનો ભય દૂર કરવાના નવા ઉપાયો શોધ્યા? શું દેશ નાસભાગની ઘટનાઓના પુનરાવર્તનથી આગળ વધી શકશે? દેશે દરેક ક્ષેત્રમાં વિકાસ કર્યો છે. શક્ય છે કે આપણે સઘન પ્રયાસો કર્યા હોય, પરંતુ ભીડ અને તેના વિવિધ પ્રકારોને કારણે આપણે ૧૦૦% સફળ ન થયા હોઈએ, પરંતુ જો છેલ્લા સાત દાયકામાં આ દિશામાં કોઈ સંગઠિત કાર્ય થયું હોત તો આવી ઘટનાઓની અસર ઓછી થઈ શકી હોત, પરંતુ એવું દેખાતું નથી.

દેશમાં ભીડ એ રાજનૈતિક, સામાજિક અને બજારના દૃષ્ટિકોણથી સૌથી મહત્ત્વપૂર્ણ વિષય છે, તેમ છતાં તેને સુરક્ષિત રાખવા માટેની વિકાસની ગતિ ધીમી કેમ છે? ભીડભર્યા મોટા આયોજનની સફળતા માટે ભીડની સુરક્ષા અને કાર્યક્ષમ ભીડ નિયંત્રણ તકનીકોને લાગુ કરવી ખૂબ જ આવશ્યક છે. ભીડ પર યોગ્ય નિયંત્રણ અને તેનું બહેતર સંચાલન લોકોને સલામત અને સ્વસ્થ બનાવે છે, ઘટનાનો એકંદરે સુખદ અનુભવ આપે છે, સાથે એક સુવ્યવસ્થિત કાર્યક્રમ ભીડને આમંત્રિત કરતી સિસ્ટમની પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતામાં પણ વધારો કરે છે. દેશમાં આખા વર્ષ દરમિયાન રાજકીય, સામાજિક, ધાર્મિક કાર્યક્રમોનું વિશાળ આયોજન થતું જ રહે છે અને સમયાંતરે નાસભાગના કારણે નાના-મોટા અકસ્માતો પણ થતા રહે છે. આવી સ્થિતિમાં, શક્ય છે કે ભારતની કેટલીક ટેક્નિકલ યુનિવર્સિટીઓમાં ભીડ નિયંત્રણ અને સંચાલન કૌશલ્ય શીખવવામાં આવે, જ્યાં જણાવવામાં આવે કે ભીડના કેટલા પ્રકાર છે અને તેને કંઈ શ્રેણીમાં વહેંચી શકાય? ગતિશીલ ભીડ અને નિષ્ક્રિય ભીડ વચ્ચે શું તફાવત છે? ભીડની ગતિશીલતાના પ્રકારોને કેવી રીતે માપવા અને આકારણી કરવી જોઈએ? ભીડના પ્રવાહને કેવી રીતે સુરક્ષિત રાખવો? તેની સલામતી માટે ક્યાં પગલાં લઈ શકાય? થઈ શકે કે એવું પણ શીખવવામાં આવે કે ભીડ નિયંત્રણ અને વ્યવસ્થાપન બે અલગ વસ્તુઓ છે. સચોટ, સમયસર, ભીડ વ્યવસ્થાપનનું આયોજન કેવી રીતે કરવું? ભીડની સઘનતા, તેના પ્રવાહ અને અવરોધો અને તેના બદલાતા વર્તનની આગાહી અને અંદાજ કેવી રીતે કરવો? એ શીખવવામાં આવતું હોય કે યુવાનો, વૃદ્ધો, મહિલાઓ અથવા ભીડની અન્ય શ્રેણીઓને કેવી રીતે અલગ અગ્રતા આપવી? ભીડ સુરક્ષા અને નિયંત્રણ વ્યવસ્થાપન માટે નવી ટેક્નિકોનો ઉપયોગ કેવી રીતે કરવો? આપત્તિના તાત્કાલિક પ્રતિભાવમાં ક્યા પરિબળને પ્રાધાન્ય આપવું જોઈએ જેથી જીવ અને સંપત્તિનું ઓછામાં ઓછું નુકસાન થાય? એવું કહેવામાં આવે કે ખૂબ જ ભીડભર્યું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, ભીડ નિયંત્રણ અને વ્યવસ્થાપન પગલાંની સફળતાની સમીક્ષા ક્યા માપદંડ પર થવી જોઈએ?

ભીડ નિયંત્રણનાં જૂનાં સાધનો, પ્રણાલીઓ અને ટેક્નિકો હવે આઉટડેટેડ થઈ ગયા છે. નવા વૈજ્ઞાનિક અને ટેકનિકલ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિશેષ તાલીમ આપવી જોઈએ. વિશ્વમાં સેંકડો નાની-મોટી કંપનીઓ છે, જે ક્રાઉડ મેનેજમેન્ટ અને નિયંત્રણ માટે તેમની ટેક્નોલોજી પ્રદાન કરે છે. ભારતમાં ભીડનું નિયંત્રણ અને વ્યવસ્થાપન મુશ્કેલ છે, પરંતુ ભીડ અચાનક કાબૂ બહાર જતી રહે તેની આગાહી કરવી શક્ય નથી, એ સદંતર એક ખોટી માન્યતા છે. આજે, એઆઇ અને ફેશિયલ રેક્ગનિશનની મદદથી, ભીડમાં કેટલાક લોકોનું બદલાતું વર્તણૂક, શારીરિક હલનચલન, ભાષાને વાંચી અને પારખી શકાય છે. ક્યા રૂટ પર કેટલો લોડ છે તે જણાવવા અને સંતુલિત કરવા માટે નવા રૂટ સૂચવવા માટેના સોફ્ટવેર છે. ઝડપી અને ધીમી ચાલતી કતારોને ઓળખવા માટે મેનેજમેન્ટ સિસ્ટમ ઉપલબ્ધ છે. હીટ મેપિંગ દ્વારા કોઈપણ ભાગમાં ભીડની ગીચતાની આગાહી કરીને સર્વે કરવા અને એલર્ટ આપવા માટે ડ્રોનની સુવિધા છે. એઆઇ ટેક્નિકો ભીડ વિશ્લેષણ દ્વારા તરત જ જણાવશે કે ક્યાં અને કેટલો સ્ટાફ વધારવાની કે ઘટાડવાની જરૂર છે. ક્રાઉડ કંટ્રોલ અને મેનેજમેન્ટમાં નવી ટેક્નોલોજીની યાદી લાંબી છે પણ સવાલ એ છે કે તેનો ઉપયોગ કેટલા પ્રશિક્ષિત હાથો દ્વારા અને ક્યા સ્તરે થઈ રહ્યો છે? કુંભ દરમિયાન, જાહેર કરવામાં આવ્યું હતું કે ભીડ નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે ફેસ રેક્ગનિશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિત હજારો કેમેરા સહિત વિવિધ તક્નીકી પગલાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેમ છતાં નાસભાગ કાબૂમાં ન લાવી શક્યા અને મૃત્યુ પણ થયાં. આપણે આ અંગે ગંભીરતાથી વિચારવું પડશે. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ધમ્મમ શરણં ગચ્છામિ





મજા આવી. ૩ સપ્તાહ સુધી તમને ભગવાન બુદ્ધની ઓશોવાણીને વાચા આપતી એમના અનુયાયીની ભાષા પહોંચાડવાની બહુ મજા આવી.

**એસ ધમ્મો સનંતનો** નામની બુદ્ધ ઉપર ૧૨૦ વ્યાખ્યાનની શ્રેણી મારા હિસાબે ઓશોનું જગતને બહુ મોટું પ્રદાન છે. મને આ શ્રેણી સૂચવવા બદલ ભાવના શાહ અને મોરારીબાપુનો હું ૧૦૦% આજીવન ઋણી છું અને રહીશ. બુદ્ધ પણ કમાલના ભગવાન છે ને! માણસના મનમાંથી ભગવાનનો કન્સેપ્ટ જ કાઢી નાખ્યો. માણસ ખુદને જ ભગવાન બનવા સુધી લઈ જાય એ બુદ્ધની શીખ. જગતનાં બાકીનાં બધાં પરમાત્માસ્વરૂપોએ સુખનો માર્ગ ચીંધ્યો, બુદ્ધે દુખ નિર્મૂલનનો માર્ગ ચીંધ્યો. સ્વાસ્થ્ય જેવું ક્યાં કંઈ છે જ જગતમાં?! રોગ નિર્મૂલન પછી જે બચે એ સ્વાસ્થ્ય. અને જાગતિક ભૌતિકની વ્યર્થતાની કેવી પ્રતીતિ બુદ્ધને!? જેવી જાણ થઈ કે મોત, બુઢાપો અને દુખ છે જ જગતમાં કે તરત જ બધું છોડીને જંગલ જ જતા રહ્યા, છ વર્ષ સુધી સહેજ પણ કે આભાસી શક્યતા ધરાવતા દરેકને ગુરુ બનાવ્યા. એકે તો ચોખાના એક દાણે દહાડો કાઢવા સૂચવ્યું તો એનું પણ માન્યું. પેટ અને પીઠ ચોંટી ગયાં ત્યાં સુધી શરીર ગાળી નાખ્યું, પણ ૬ વર્ષ પછી માનવજાત માટે મહાવરદાન થઈ પાછા આવ્યા.

જીવનમાં હવેનાં વર્ષોમાં જો વાગીશ્વરી ડિકટેશન આપવાનું તય કરે તો મારે સ્ટેનોગ્રાફર બની યશોધરાના પ્રદાન માટે કશુંક અદ્‌ભુત ઉતારી ગુજરાતી ભાષાને વધુ સુંદર બનાવવી છે. જોઇએ સરસ્વતી કૃપા અને કવિ તો માત્ર યત્ન પુરતો જ... બુદ્ધ જ્યારે યુવાન ગૌતમ હતા ત્યારે દુનિયાભરના ભોગ અત્યંત સહજ હતા. અને ગૌતમે of course અજાણતા અને સભાનતામાં એ સૌથી ક્યારેય પાછી પાની નથી કરી. પણ યશોધરા? એણે તો સમગ્ર સ્ત્રી જાતીને વધુ ઉજળી બનાવે એમ માત્ર આપ્યું જ છે. ગૌતમ આ અર્પણના પ્રદાનથી જ બુદ્ધ થઇ શક્યા હોય એવું નથી લાગતું? સાહેબ! બાપ જેવો બાપ શુદ્ધોધન, રાજા શુદ્ધોધન નારાજ થાય અને રોષ વ્યકત કરે એ વિદિત છે, પણ પુત્ર જન્મની પહેલી રાતે ગૌતમ ઘર છોડીને જતા રહે. અને ૬ વર્ષે પાછા આવે ત્યારે ઇતિહાસ માત્ર એટલું જ બોલવાનો હક આપે યશોધરાને કે 'તમે જે અહીંયાથી ભાગીને મેળવ્યું, છ વર્ષ દરમિયાન અહીંયા જ રહીને ન મેળવી શક્યા હોત?!' હું બુદ્ધને પરમ આદરણીય ગણું છું, પણ આટલા પૂરતા બુદ્ધ પણ યશોધરા આગળ ઓછા પડે છે. આખી 'યશોધરા ગાથા' કે 'યશોધરા-કથા' કે 'યશોધરા-વ્યથા' ગઝલનાં છંદમાં આલેખવી છે. જોઇએ કયાં સુધી અને કયારે પહોંચાય છે....

વાત તો આજે 'ઇન્ટરનેટિયા અને વોટસેપિયા જ્ઞાનનું અદોદળાપણું'ની કરવાની હતી પણ માથે ઓશોનો હાથ છે અને મોસાળિયા બધા વાચકો છે એટલે એ વાત આગલા રવિવારે. પણ આજે ગૌતમના મહાભિનિષ્ક્રમણ કે રાત્રીગમન કે ત્યાગ ઉપર ઘાયલ સાહેબ શું ફરમાવે છે!

*મોજ સઘળી એમનાથી હેઠ છે*
*શાયરી બહુ ખૂબસૂરત વેઠ છે*

*સુખ ગણી જેને પ્રશંસે છે જગત,*
*એં અમે છાંડી દીધેલી એંઠ છે*

અને મારા પોતાના અંગત બુદ્ધ પરત્વેના લગાવ ઉપર તો મહાન 'મરીઝ'નો મહાનતમ્ શેર જ મુકાય ને!

*હા, સૌને પ્રેમ કરવાને લીધો'તો મેં જનમ*
*વચમાં તમે જરા...ક વધારે ગમી ગયા.*

આજે આટલું જ.... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ભારતનાં નિસર્ગમાં વસંતનાં વધામણાં - પ્રકૃતિનો વાસંતી વૈભવ





ધરા આળસ મરડીને કેસૂડાંનાં રંગબેરંગી લૂગડાં પહેરીને મહાલવા નીકળી પડે. ઝૂમર જેવાં તાજાં જ પીળાં વર્ણનાં ફૂલડાંઓ સાથે આરગવધ જાણે મહામૂલાં ઘરેણાની ગરજ સારે છે. જારુલનાં જાંબલી રંગોનો અસબાબ જાણે ધરાને રૂપરૂપનાં અંબાર સમી સજાવે છે. કાંચનારના મનમોહક રંગોનો દુપટ્ટો લટકાવીને આદિત્યનાં આછેરા લાલાશ પડતા રંગમાં સંધ્યાનો ઓપ સજાવે છે. ઢળતી સાંજના વસંતના ઠંડા પવનની લહેરખીઓ ઘડીભર આંબાનાં પાંદડાઓ સાથે ફ્લર્ટ કરીને કોયલને સૂર રેલાવવાનું ઇજન આપે છે તો વળી પારિજાતનાં અર્ધખુલ્લાં ધવલ પુષ્પો પાસેથી મઘમઘતી ફોરમ લઈને વસંતનાં વધામણાં આપે છે. શીમળાના કાંટાળાં વૃક્ષ માટે તો જાણે વસંત એટલે નવોઢા માફક લાલ ચટક આવરણો ધરીને જિંદગીને ચિક્કાર જીવવાની મોસમ.

ઢળતી સંધ્યાનાં સોનેરી રંગોમાં વસંતનો મિજાજ ભળે એટલે કુદરતને જાણે પોતાનાં રહેલા ચિત્રકારને બહાર લાવવાના ઓરતા જાગે. મેશ્વો, બાલારામ અને ઇન્દ્રાસી અને માઉન્ટ આબુથી લઈને છેક રાજસ્થાનનાં રણથંભોર સુધી અરવલ્લીની વિશાળ પહાડીઓમાં વસંતનો વૈભવ પૂરબહારમાં ખીલ્યો છે તો વળી ગિરનાર અને બૃહદગીરમાં આવેલ શેત્રુંજી, હિરણ આસપાસ ખેર, ખાખરા, કરંજ, ગરમાળો, કાંચનાર, શીમળો વગેરે ચિત્રકારની બેનમૂન કૃતિ સમા દીસે છે. આદિત્ય ધરણીમાં સમાય જાય કે આકાશનાં કરતબો શરૂ થાય. સરિતાનાં નિર્મળ જળની સંગીતમય લયબદ્ધ ધૂન, બુલબુલ અને કોયલનાં લાંબા છતાં મધુર સૂર, સંધ્યામાં ઓળઘોળ થતા તમસનાં રંગો અને પશ્ચિમ ક્ષિતિજમાં ચમકતા તારોડિયાઓ આ સૃષ્ટિને કુદરતી કલાકારીનું જાણે એક આગવું પ્રદર્શન સજાવે છે. વસંત એટલે મન ભરીને સૂર્યાસ્તના સૌંદર્યને માદક પીણાંનાં ઘૂંટ માફક પીવાની ઋતુ, ઠંડા વાયરાના સ્પર્શને કોઈ સ્વજનના સ્પર્શ માફક અનુભવવાની ઋતુ, રાત્રિ આકાશમાં વૃશ્ચિક સામે મીટ માંડીને આખીયે સૃષ્ટિની ભીતર થતા વૈશ્વિક નર્તનમાં ડૂબવાની ઋતુ. આ સુંદર સમયમાં કુદરતનો હાથ ઝાલીને એના અનૂઠા વિશ્વમાં મહાલીએ નહિ તો જીવનમાં જાણે ધૂળ પડી.

ભારત દેશમાં વસંતનાં વૈભવને ખરી રીતે માણવા માટે દરેક રાજ્યમાં અવનવા રંગોથી સજ્જ જંગલો, પહાડી વિસ્તારોમાં આકાશ દર્શન થઇ શકે એના માટે ડાર્ક સ્કાય રિઝર્વ, વાઘ જેવાં જંગલી પ્રાણીઓને એના અસ્સલ મિજાજ અને માહોલમાં વિહરતા જોવા માટે ટાઇગર રિઝર્વ, રંગોનાં ઉત્સવનાં માહોલને માણવા માટે વ્રજ જેવાં અસંખ્ય સ્થળોની મુલાકાત લઇ શકાય. ભારતની ચારેય દિશામાં વસંતનાં વધામણાં કુદરતી અને સાંસ્કૃતિક રીતે રસપ્રદ રીતે કરવામાં આવે છે અને એ માહોલને જેણે માણ્યો એણે વસંતને જીવી જાણી. ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, લદાખ, કાશ્મીરનાં વન-વગડાઓ અને જંગલો વસંતનાં કુદરતી માહોલ અને રંગબેરંગી દૃશ્યોનો પરિચય આપે છે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશ વસંતનો રંગોત્સવ થકી સાંસ્કૃતિક પરિચય કરાવે છે. લદાખમાં આવેલ હાન્લે વસંત દરમ્યાન આકાશગંગા અને ચમકતા સિતારાઓનાં ભંડારને આપણી સમક્ષ ખુલ્લો મૂકીને દિગ્મૂઢ કરી મૂકે છે. આપણે સહુ ઘણું બધું એક સાથે અને લક્ઝુરિયસ મેળવી લેવાની મહેચ્છામાં સામાન્ય વૈભવ તરફ ખાસ ધ્યાન આપતા નથી હોતા અને ઘણું ખરું ગુમાવી બેસીએ છીએ એનો અંદાજ ત્યારે જ આવે જ્યારે નિર્જન સ્થળ પર આવેલી કુદરતી જગ્યાને જોઈએ, જાણીએ અને માણીએ. આવાં સ્થળોનો પરિચય કોઈ પ્લાન વિના અચાનક જ થઇ જતો હોય છે અને જ્યારે તે થાય ત્યારે આપણે સ્થળથી અભિભૂત થઇ જઈએ છીએ. અરણ્ય એ જ ભારતની મૂળ સંસ્કૃતિ છે અને આપણે સહુ અરણ્યમાંથી જ આવ્યા છીએ એટલે કે પ્રકૃતિ સાથે આપણો નાતો ખૂબ જ સરળતાથી જોડાઈ જાય છે. નદીઓ, પહાડો, જંગલો, ઘાસનાં વિશાળ મેદાનો, રણપ્રદેશો અને પહાડો દરેકે દરેક જીવને આકર્ષે છે અને એ આકર્ષણ સહજ હોય છે. વર્ષભરની બધી જ મોસમનાં મિજાજને માણવાની એક પણ તક હું જતી ન કરું એમાંયે ઉનાળાની શરૂઆતની કૂમળી સવાર અને સાંજ જો પ્રકૃતિનાં ખોળે વીતે તો એનાં રંગોમાં હું સંપૂર્ણ પણે ઘોળાઈ જાઉં. વસંત ઋતુમાં કુદરતના સંપૂર્ણ પણે ખીલેલા રંગો, પંખીઓનું મધુર સંગીત અને સમીરનાં સ્પર્શની શીતળતાનો અનુભવ શબ્દોમાં વર્ણવીને કોઈ સાથે શેર કરવા કરતા વગડાની વાટે જ નીસરી જવું પડે. કુદરતનો ઉનાળુ મિજાજ એટલે કર્ણપ્રિય અને રંગબેરંગી. કુદરતનાં આવા મિજાજને માણવાવાળા વ્યક્તિનો ક્યારેય સ્ટ્રેસ સાથે ભેટો થતો જ નથી એવું હું મારા અનુભવ પરથી ચોક્કસપણે કહી શકું.

વસંતનો ખરો માહોલ ગુજરાતનાં શૂલપાણેશ્વરનાં જંગલોમાં અને મધ્ય પ્રદેશમાં વહેતી રેવા ઘાટ પર જામે. મધ્ય પ્રદેશમાં જબલપુર નજીક આવેલ ભેડાઘાટ એક અદ્‌ભુત સ્થળ છે જેને આપણે કુદરતની જીવતી જાગતી કવિતા કહી શકીએ. વહેલી સવારે ઘાટ પર જઈને સૂરજની આછેરી લાલાશ સાથે પાણીમાંથી બહાર નીકળતો જોઈને સૃષ્ટિમાં જાણે એક નવો સંચાર થતો અનુભવી શકો તો નવાઈ નહિ. ગમે તેટલી ગરમી હોય અહીં કલાકોનાં કલાકો સુધી નર્મદાનાં શીતળ નીરમાં નહાવાનો અનુભવ આહલાદક હોય છે. ભેડાઘાટમાં આવેલ ધુંઆધાર ઉપરના વિસ્તારમાં વિશાળ પટમાં સરળતાથી કોઈ પથ્થરને અઢેલીને અર્ધું શરીર વહેતા પ્રવાહમાં રહે એ રીતે બેસી જાઓ તો સદેહે સ્વર્ગનો અનુભવ આ ધરણી પર જ મેળવી લેશો. વહેલી સવારનાં સમયે અહીં વિશાળ માર્બલ પહાડીઓ વચ્ચેથી લોકલ વ્યક્તિ સાથે બોટની સફર માણતા માણતા હાથ નર્મદાનાં પ્રવાહમાં પસવારો કે નર્મદા તમારી સાથે વાત કરતી હોય એવો અનુભવ થશે ને થશે જ. બંદરકૂદ શિલા વચ્ચેથી પસાર થતા થતા કુદરતને એના આર્ટિસ્ટિક મૂડ માટે સરાહના કર્યા વિના તો રહી જ ન શકો તો વળી ઊંચી માર્બલ શિલા પર ટેસડાથી બેઠેલા શિંગવાળા વિશાળ ઘુવડને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઇ જાઓ તો નવાઈ નહિ. કુદરત પોતાનો પરિચય અલગ અલગ રૂપમાં અલગ અલગ સ્થળે કરાવતું જ હોય છે. અહીં કુદરત દરેકે દરેક તત્ત્વમાં વસે છે. નર્મદાના કિનારા વિસ્તારને ખંખોળતા ખંખોળતા મેં અહીંનું જનજીવન જોયું અને જોયું જ નહીં પણ માણ્યું. અહીંના લોકો નર્મદામય છે એવું સાંભળ્યું હતું પણ સાક્ષાત્કાર થયો. અહીંયા નાનાં બાળકો નાનપણથી જ નર્મદાના ખોળે ઉછરીને મોટાં થાય છે અને કોઈ વેગીલી કન્યાની માફક કોતરો વચ્ચેથી વહેતી નર્મદા પણ અહીંયાનાં બાળકોને સહજતાથી પોતાનામાં સમાવી લે છે જાણે એ બાળકોને એ વહાલ ના કરતી હોય! આવું અદ્‌ભુત દૃશ્ય અહીં રોજે સવાર સાંજ અચૂક જોવા મળે જ. ખરેખર અહીંયાનાં બાળકોના સાહસિક કૌશલ્યને જોઈને એટલું ચોક્કસ કહી શકાય કે બાળકોના જીવન ઘડતરમાં આ સાક્ષાત વહેતી નર્મદાની શીતળતાનો ખૂબ જ મોટો ફાળો છે. ભેડાઘાટનાં પગથિયાં ઊતરો કે ગરમીમાં રાહત આપતા વિવિધ લીંબુ શરબત, કાચી કેરી અને કેટલાક લોકલ ફળોની લિજ્જત ગ્રીષ્મની મોજનો ખરો અનુભવ કરાવે. જે વ્યક્તિ વિવિધ મોસમનાં મિજાજને ખુલીને નથી માણતો એ નિસર્ગને નથી જાણતો. સુવિધામાં જીવતી વ્યક્તિ કુદરત સાથેના જોડાણને કદાચ આ રીતે જ ખોઈ બેસે છે. ઢળતી સાંજે સ્વચ્છ આકાશમાં સૂરજની લાલાશ ધીરે ધીરે અવનીમાં ઓઝલ થતી જણાય કે રેવા તીરે બેસીને કુદરત જાણે રેવાને સોનેરી આવરણનો ઓપ આપે એ જોઈને મોઢામાંથી આશ્ચર્યનાં શબ્દો આપોઆપ હોઠ પર આવી જશે આહ કુદરત! વાહ કુદરત!

ઢળતી સાંજે પક્ષીઓએ કલરવ કરીને વાતાવરણ ગૂંજવી મૂક્યું, રેવાની વહેતી વમળોને સૂરજ જતા જતા સોનેરી ઓપ આપતો ગયો અને રેવા પણ એના મધુર રવથી મને સ્પર્શી ગઈ. વર્ષો જૂનાં વૃક્ષો જાણે ધ્યાનમગ્ન થઈને રેવાનાં આ રવને ધ્યાનસ્થ મુદ્રામાં માણી રહ્યાં હતાં, વાદળો ક્યાંક દૂર ધરતી પર વરસાદ વરસાવવા થનગની રહ્યાં હતાં અને હું ત્યાં જ સ્થિર થઇ ગયો. બધી જ વ્યથાઓને રેવા એના જળમાં વહાવીને લઇ ગઈ. રેવા જાણે કુદરતે ફુરસદમાં રચેલી ચિત્રકૃતિની જેમ નજર સમક્ષ તરવરીને હસતી રમતી કન્યાની માફક મોહિત કરી ગઈ. સાંજ ઢળ્યા પછી સૂરજ આંખ સામેથી ઓઝલ થાય અને ક્ષિતિજ પર શુક્રનો ગ્રહ આંખ પટપટાવતો ચમકવા લાગે એટલે રેવાને શ્રવણ કરવાનો સમય થાય. ગાયતી રેવા રવ મધુરમ... હર હર ઓમ ઓમ હર હર ઓમ... સાયમ પ્રાંતહ, પ્રાંતહ સાયમ હર હર ઓમ ઓમ નર્મદા - અફાટ સૌંદર્યની દેવી અને સદાય આનંદ આપનારી. અહીં આવેલી વિશાળ માર્બલ શિલા પર બેસીને બસ એના રવને સાંભળ્યો કરો, કુદરતે જાણે કેટલાંયે વાદ્યોની મહેફિલ સજાવી હોય એવું કંઈક સતત વીતતી દરેક પળે અનુભવી શકાય. શુક્લ પક્ષમાં ઢળતી સાંજે બોટ લઈને નર્મદા સફરે નીકળવાથી ચંદ્રની શીતળ ચાંદની અને આછેરી રોશનીનો પાલવ ચોતરફ ફેલાયેલ માર્બલ શિલાઓ પર એ રીતે છવાઈ જશે કે જાણે કુદરતે અવની પર વિશાળ પેઇન્ટિંગ કર્યું હોય. કૃષ્ણ પક્ષમાં તારોડિયાની વિશાળ ચાદર એ રીતે ફેલાયેલી અનુભવાશે જાણે આપણે કોઈ ઝગમગતા વિશાળ ડોમ નીચે બેઠાં હોઈએ અને નર્મદાનો રવ બેકગ્રાઉન્ડ મ્યુઝિકની કર્ણપ્રિય ધૂન સતત કર્ણપટલથી છેક હૃદયનાં તાર ઝણઝણાવતી હોય. રેવાનો સંસર્ગ ક્યારેય તમારી એક પણ પળ નકામી નથી જવા દેતો.

અહીં લોકલ લોકો મકાઈનાં લોટની દાળ બાટી પાનિયા નામની એક લિજ્જતદાર વાનગી બનાવે છે. કોઈ વૃક્ષનાં પાનમાં લપેટીને રાજસ્થાની દાળબાટી જેમ જ મકાઇ અને ઘઉંના જાડા લોટની બાટી ગાયનાં છાણામાં શેકીને દાળ, ભરપૂર ઘી, લસણ ફુદીનાની લસોટિયામાં લસોટેલી ચટણી અને દેશી વલોણાની છાશ સાથે આખું ભાણું પીરસે છે એની લિજ્જત માણવી જ રહી. જબલપુર શહેરથી માત્ર ૨૬ કિમિના અંતરે આવેલ આ સ્થળે સરળતાથી કોઈ પણ પબ્લિક ટ્રાન્સપોર્ટેશન થકી પહોંચી શકાય છે. અહીં રહેવા માટે વિવિધ બજેટની હોટેલ સરળતાથી મળી રહે છે પણ મધ્ય પ્રદેશ ટુરિઝમનો રિસોર્ટ પહેલેથી બુક કરાવ્યો હોય તો સોને પે સુહાગા..

મહેશ્વર નજીક આવેલ જલકોટી નામનું સ્થળ પણ ગ્રીષ્મ ઋતુમાં કોઈપણને વશમાં કરી શકે એવું સામર્થ્ય ધરાવે છે. એક સાથે હજારો સ્વપ્નસુંદરીઓની જેમ રેવા અલગ અલગ ધારાઓમાં વહેંચાઈને કિલ્લોલ કરતી વિશાળ પથ્થરની શિલાઓને ચીરતી મુક્તપણે વહી રહી છે અને એનો ઘૂઘવાટ કાનથી સીધો જ મનનાં પરદા સુધી પડઘાય છે. સવારે સૂરજ ઊગતાની સાથે વાદળો ભૂલકાઓની માફક દોટ લગાવીને વહેતી આ રેવાની ધારાઓને મળવા ચાલ્યા હોય એવું કંઈક દીસી રહ્યું હતું અને હું દિગ્મૂઢ થઈને આ દૃશ્ય જોઈ રહ્યો. રેવાનાં આ રૂપને માનસપટ પર સાચવીને લાવ્યો છું, રેવાનાં નીરથી ભીંજાયેલા આત્માને શુદ્ધ કરી લાવ્યો છું. આપણી સંસ્કૃતિમાં નદીઓને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રેવાનાં નીરમાં ઘડીભર ગોઠણડૂબ બેસી રહીને એના ધ્વનિને માણવું જાણે એ પણ મને સ્પર્શીને કશુંક કહી રહી હોય. આપણે સહુએ સમયાંતરે નદીમાં કૂદીને નહાવું જોઈએ, આ રીતે નહાવું એ કઈ ખાલી નહાવું નથી પણ કુદરતનાં સંસર્ગમાં આવીને જાતને નિચોવવાની વાત છે. અહીં વહેતી અસંખ્ય ધારાઓમાં કલાકો સુધી નાહીં શકાય છે અને ગ્રીષ્મનાં રંગોને રેવાનાં નીરમાં જળપ્રવાહ સાથે વહી જતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

અહીંના સંધ્યા ટાણે આકાશમાં આછેરી રતાશ પડતી લાલિમા છવાઈ જાય, વાદળાઓમાં રંગોની રંગત જામે ત્યારથી મનમાં ખૂબસૂરત રાત્રિનાં સપનાઓ રંધાવા લાગે. ધીરે ધીરે ધરણી અંધકારની ચાદર ઓઢવા લાગે, પંખીઓ શાંત થતા જણાય, તમરાઓ એમનું આગવું ગાન શરૂ કરે, ખોટો કલશોર બંધ થઇ જાય, આકાશ હજારો ચમકતાં રત્નોથી ભરાઈ જાય એટલે મારી નજર સીધી વૃશ્ચિકની પૂંછડી તરફ મંડાય. એકીટશે આકાશમાં મીટ માંડીને જોયા કરું કે તેજસ્વી ધનુ નજરે ચઢે સાથે સાથે શનિ અને ગુરુની ચમક આંખને આંજી દે. મનમાં આવતા વિચારોનું વમળ સ્પષ્ટ રીતે શાંત થતું અનુભવી શકાય. આ વખતે તો એકલો નહોતો, ખળ ખળ કરતી રેવા સાથે હતી એટલે ડરનો કોઈ અવકાશ જ નહોતો. રેવાની અસંખ્ય ધારાઓની વચ્ચે રેવા અને સમગ્ર સૃષ્ટિ જાણે રેવાને નમન કરતી હોય એવું દૃશ્ય કલ્પ્યું હતું અને એ સહુને બતાવવાનું પણ સાકાર થયું. વાદળો તારોલિયાઓ સાથે સંતાકૂકડીની રમત રમી રહ્યા હતા ને હું રેવાનાં મધુર રવને માણી રહ્યો હતો.

અહીં શબ્દો આપોઆપ પૂરા થઈ જાય છે, અભિભૂત કરવાનું કામ તો રેવા જ કરશે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# બનવું છે તમારે 'ગૂગલ મેપ' સર્વિસના એક્સપર્ટ?

## ફ્લાયઓવર કે અંડરપાસ વખતે થતી મૂંઝવણનો ઉકેલ હવે થયો સરળ. રેટિંગ પરથી કરી શકો રેસ્ટોરાંની પસંદગી



ગૂગલની સર્વિસ ઓફિસવર્કનો એક ભાગ બની ગઈ છે. ક્યારેક એક્સેલ તો ક્યારેક વર્ડ, તો ક્યારેક સર્ચ તો ક્યારેક મેપ્સનો ઉપયોગ દરેક વ્યક્તિએ પોતાના પ્રવાસ દરમિયાન કે એ પહેલા કર્યો જ હશે. કોઈએ કિલોમીટર જાણવા તો કોઈએ રૂટ જોવા. ટૂંકા કે લાંબા પ્રવાસની આખી ડાયરી હવે ડિજિટલી બનાવી શકાય એવો સમય છે.

ફ્લાઈટ રૂટ અને સી રૂટને બાદ કરતાં સરફેસ મેપ્સ તમામ પ્રકારના નાના- મોટા રસ્તાની સચોટ વિગત આપે છે. એટલું જ નહી, અંડરકસ્ટ્રક્શન કોઈ સાઈટ હશે તો એ રૂટની સાથોસાથ જ બતાવશે. ગૂગલ મેપ સર્વિસના એક લેટેસ્ટ અપડેટ અનુસાર આ એપ્લિકેશન હવે ટુરિંગ માટે 'ઓલ ઈન વન' બની રહી છે. સાઈટ મેપ બાદ હવે સ્ટ્રીટ વ્યૂ અને રિયલટાઈમ અપડેટથી એપ્લિકેશનમાં ઘણું નવું છે. જોકે, જૂનું પણ જાણવા- શીખવા જેવું છે. એનાથી પ્રવાસને આરામદાયી બનાવી શકાય.

એપ્લિકેશનમાં અઢળક રૂટ છે, પણ દરેક રૂટમાં કંઈકને કંઈક વિશેષતા છે. નેશનલ હાઈ-વે હોય કે રાજ્યનો ધોરીમાર્ગ. ધાબાની વિગત જાણવી હોય કે પેટ્રોલપંપનું અંતર. આ એપ્લિકેશનના નવા અપડેટમાં એટલા બધા ફીચર્સ છે કે, ભવિષ્યમાં ગૂગલ એપ્સ પ્રવાસપ્રેમીઓ માટે જેના વગર ન ચાલે એવી મસ્ટ એપ બની રહેશે.

તમે સાચા હો અને ચોક્કસ સ્થળ પરથી સચોટ અને સાચી વિગત બીજાને મદદરૂપ થાય એ હેતુ શેર કરવા માગતા હોવ તો એ માટે પણ ગૂગલ મેપ્સ વિકલ્પ આપે છે.

ટેકનોલોજીની આ સફરમાં શરૂ કરીએ મેપ્સની અંદર ફીચર્સની નવા- જૂની. સૌ પ્રથમ તો જે સ્થળે જવાનું છે એના દરેક રસ્તા માટે સ્ટ્રીટવ્યૂ ઓપ્શન જોઈને એરિયા કે વિસ્તારને ઓન સ્ક્રિન જોઈ શકાય છે. મર્યાદા એ છે કે, નાઈટવિઝન તે નહીં આપે. ૨૦ કિલોમીટર સુધીનો આખો એરિયા આરામથી ફરી શકશો.

મેપ્સમાં જે લોકેશનથી ડેસ્ટિનેશન નાખીએ છીએ એમાં ડિફોક્ટ ડિસ્ટન્સ ફોરવ્હીલ તરીકે રાઈડ કરતા હોવ એ ધ્યાને લઈને સૂચવે છે, પણ જો બાઈક લઈને નીકળ્યા હો ત્યારે સમયમાં વીસ-પચ્ચીસ મિનિટનો ફેર પડે છે. વ્હીકલ આઈકોન તરીકે જે એરો આવે છે એની જગ્યાએ કાર કે ટ્રકનો આઈકોન સિલેક્ટ કરી ડિજિટલી સ્ક્રિન પર ડ્રાઈવ કરતા હો એવી ફીલ લઈ શકો. મેપ ટાઈપ ઓપ્શનમાં જઈને રૂટ પર એરક્વોલિટી પણ જાણી શકશો. રૂટ પર પેટ્રોલપંપ, સારી રેસ્ટોરાં, કાફે, ધાબા, ગ્રોસરી મળતી હોય એવા નાના મોલ, બેંકના એટીએમ અને જો કોઈ જિલ્લાની કે રાજ્યની બોર્ડર શરૂ થતી હશે તો એ પણ દર્શાવાશે. આ માટે મેપ પર આપેલા સર્ચ બટનમાં જ ઓપ્શન મળી રહેશે.

એક્ઝિટ પોઈન્ટ કોઈ પણ શહેરનો હોય એ ટ્રાફિકથી ખાલી નથી જ રહેવાનો. હવે મોડી રાત્રે કે વહેલી સવારે નીકળવાનો પ્લાન હોય તો સૌથી નજીકનો રૂટ અને જે તે એક્ઝિટ પોઈન્ટ પર ટ્રાફિક કેવો અને કેટલો છે એ મેપ્સ કહેશે. ભયંકર ટ્રાફિક હશે તો રૂટની બ્લુ લાઈન ઓટોમેટિક રેડ થઈ જશે. દિશા પણ કહેશે નોર્થ કે સાઉથ અને રસ્તામાં કોઈ મેટ્રો રેલ, રેલવે સ્ટેશન કે એરપોર્ટ આવતું હશે તો એ રૂટ પર દેખાશે. એટલે કે એકથી વધુ પરિવહનના વિકલ્પો જો રસ્તામાં આવતા હશે એ પ્રમાણે મળી રહેશે. સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, મેપ્સનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો દરેક અપડેટ જે તે રૂટની મળી રહે છે.

હવે તો કોઈ અકસ્માત થયો હશે તો પણ રૂટમાં એની જાણકારી મળશે. એટલું જ નહીં, એના કારણે ક્યાં કેટલો ટ્રાફિક જામ છે એની પણ વિગત આપશે.

'ઓટોઅપડેટ મેપ્સ ટેકનોલોજી' એ ખરા અર્થમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈના મહત્ત્વના પ્રોજેક્ટનો એક ભાગ છે. સેટેલાઈટ ક્નેક્ટિવિટી સાથે આખો રૂટ જોવા મળશે. એક ટિપ્સ એ પણ જાણી લો કે, પ્રવાસ દરમિયાન વારંવાર કોઈ એપ્લિકેશનના નોટિફિકેશન આવતા હશે અને મેપ્સ ચાલું હશે તો બેટરી વધારે ખર્ચાશે. એ નિવારવાનો ઉપાય એ છે કે, સોશિયલ મીડિયાની નોટિફિકેશન પ્રવાસ દરમિયાન બંધ કરી દો.

જેમ જેમ દિવસ ઢળતો જશે અને પ્રવાસ આગળ વધતો જશે એમ પ્રવાસનો આનંદ પણ વર્તાશે અને મેપ્સની મજા પણ આવશે. મેપ્સમાં લાઈટ ઓટોમેટિક સેટ થશે. દિવસના અજવાશમાંથી અંધારૂ થશે તો ઓટોમેટિક મેપ્સમાં લાઈટ બ્લેક મોડમાં થઈ જશે. મોલ અને મલ્ટિપ્લેક્સમાં પાર્કિંગમાં કોઈ બ્લોક ચૂકાઈ ગયો હશે તો મેપ્સ મદદે આવશે. આ માટે જ્યાં વાહન પાર્ક કરો ત્યાં થોડી વાર માટે મેપ્સ ઓન કરી દો. કરંટ લોકેશનનો સ્ક્રિનશોટ લઈ લો અથવા સેવ કરી દો. પછી વિશાળ પાર્કિંગ લોટમાં તમારું વાહન કયાં છે એ શોધવાની પણ ચિંતા નહીં.! ■

### આઉટ ઓફ ધ બોક્સ

*પ્રોફેશનલ્સને ગમતી સાઈટ અને એપ્લિકેશન જેનાથી ઘણાબધાને જોબ મળી એ 'લિંક્ડઈન' નું સર્વર માઈક્રોસોફ્ટ પાસે છે. એટલું જ નહીં, એના પ્રોગ્રામિંગ કોડ પણ માઈક્રોસોફ્ટ સાચવે છે.*

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઉપાધિઃ શોક કરાવે ને આનંદ પણ આપે



શબ્દ એક અર્થ અનેક અને અર્થ એક શબ્દ અનેક જેવી પરિસ્થિતિ જ્યારે ભાષામાં જોવા મળે છે ત્યારે જ્ઞાન સાથે ગમ્મત આપે છે. કાળ એટલે વર્તમાન કાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળ એમ સમયના અર્થ જાણીતા છે. કાળ એટલે સમયનો એક હિસ્સો - દિવસ પણ માનવામાં આવે છે. આ દિવસને દિવસ અને રાતમાં વિભાજિત કરી બંનેનાં ચોઘડિયાં બનાવ્યાં છે જેમાં એક ચોઘડિયું કાળ ચોઘડિયું છે જે અશુભ માનવામાં આવે છે. આજકાલ મુંબઈમાં પડી રહેલી કાળઝાળ ગરમીમાં કાળનો અર્થ નુકસાન કે હેરાનગતિ કરનાર એવો થાય છે. **દુકાળમાં કોદરા મોંઘા - કાળમાં કોદરા વહાલા લાગે** એ કહેવત જાણીતી છે. તંગીને વખતે ખરાબ અથવા હલકી વસ્તુ પણ સારી લાગે એ એનો ભાવાર્થ છે. અહીં કાળ મુશ્કેલ સમય દર્શાવે છે. ઉપાધિ શબ્દની લાક્ષણિકતા જોઈએ. **અચાનક ઉપાધિ આવી પડતાં પરિવારની મુશ્કેલી વધી ગઈ.** અહીં ઉપાધિનો અર્થ મુસીબત થાય છે. **સંતાનને ડૉક્ટરની ઉપાધિ મળતાં માતા-પિતાના હરખનો કોઈ પાર ન રહ્યો.** અહીં ઉપાધિ એટલે પદવી-ડિગ્રી એ અર્થ છે. ભાષાની મજા કેવી છે કે ઉપાધિ આવે તો શોક અને મળે તો આનંદ. **મત** શબ્દ પણ વિવિધ અર્થ ધરાવે છે. **વાર્તા વિશે તમારો મત જણાવો.** અહીં મત એટલે અભિપ્રાય કે મંતવ્ય એ અર્થ અભિપ્રેત છે. ચૂંટણી વખતે પૂછવામાં આવતું હોય છે કે **તમારો મત કયા પક્ષને આપશો?** એમાં સમર્થન કે ટેકો એવો મતનો અર્થ છે. **ભેદ કરવો કે ભેદ રાખવો** એટલે કોઈ બે વ્યક્તિ સાથે ઓછું-વત્તું વર્તન કરવું. ભેદભાવ કરવો કે ભેદભાવ રાખવો એમ પણ કહેવાય છે. માનવ સમાજમાં જાતિલક્ષી ભેદભાવ સદીઓથી ચાલતા આવ્યા છે. **ભેદ ઉઘાડો પાડવો કે ભેદ ખોલવો** એટલે રહસ્ય છતું કરી દેવું એવો અર્થ થાય છે. સસ્પેન્સ ફિલ્મનો ભેદ ઉઘાડો પડી જાય તો એ જોવામાં રુચિ રહે નહીં. **દિવાળીના દિવસોમાં કેવી ભાત ભાતની રંગોળી જોવા મળે** છે. અહીં ભાત એટલે છાપ અથવા ડિઝાઇન એવો અર્થ છે. હવે આ જ ભાત થાળીમાં પીરસાય એટલે ખાણું બની જાય છે. **ભાત વગરનું ભોજન અધૂરું લાગે.** અહીં ભાત એટલે રાંધેલા ચોખા એ અર્થ છે. **ધન એટલે દ્રવ્ય, નાણાં, પૈસા, વિત્ત,** અર્થ પ્રચલિત છે. આ બધા સમાનાર્થી શબ્દો છે. વિદેશ વ્યાપારમાં એ સારું ધન કમાયો એમાં નાણાંનો અર્થ સમાયેલો છે. જોકે, આ શબ્દ **ધન ભાગ, ધન ઘડી** પ્રયોગમાં સારો સમય, મંગળ અવસર એવો અર્થ ધારણ કરે છે.

## ENગ્લિશ વિંGLISH — One Word Many Meanings

શબ્દ અનેક અર્થ ધરાવતો હોય ત્યારે વાપરતી વખતે ખૂબ સજાગ રહેવું અનિવાર્ય છે. અન્યથા અર્થનો અનર્થ થવાની સંભાવના ભારોભાર હોય છે. એવું બની શકે કે NEED CHANGEમાં તમે બદલાવની વાત કરતા હો અને સામેની વ્યક્તિ છૂટા પૈસા સમજી બેસે. DATEનો બહુ જ જાણીતો અર્થ છે તારીખ. What is your DATE of birth? મતલબ કે તમારી જન્મ તારીખ કઈ છે? જોકે, આ જ DATE રણ પ્રદેશમાં ફળ - ખજૂર બની જાય છે. People cherish DATES in winter. શિયાળામાં ખજૂર ખાવાનો આનંદ લેવા જેવો છે. ખજૂર ખાવામાં બહુ આનંદ આવે તો દિલમાં વસી ગયા એમ કહો ને? આજના સમયમાં DATEનો અર્થ યંગ બોય્ઝ અને ગર્લ્સની રોમેન્ટિક મુલાકાત તરીકે વધુ જાણીતો છે. Nowadays children talk to their parents about their DATE. આજકાલ છોકરા-છોકરીઓ પોતાની રોમેન્ટિક મુલાકાતની વાત પેરેન્ટ્સ સાથે શેર કરવા લાગ્યા છે. શ્લેષ અલંકાર અંગ્રેજીમાં PUN તરીકે ઓળખાય છે. અંગ્રેજી શબ્દ 'ડેટ'ના સંદર્ભમાં એક બહુ જાણીતું ઉદાહરણ છે. What does a Palm tree says to another Palm tree? How about a Date with me? અહીં ડેટ શબ્દ પર શ્લેષ કરવામાં આવ્યો હોવાથી ખજૂર અને રોમેન્ટિક મુલાકાત એ બંને અર્થ વણી લેવામાં આવ્યા છે. અલબત્ત આ જ DATE જુનવાણી પણ બની જાય છે. Not to DATE



myself, but I remember radio shows when I was young. હું જુનવાણી નથી, પણ જુવાનીમાં રેડિયો કાર્યક્રમ મને સાંભળવા બહુ ગમતા હતા. The dress you are wearing is dated. તમે પહેરેલો પોશાક જુનવાણી છે.

## રાષ્ટ્ર ભાષા — शब्द एक अर्थ अनेक

હિન્દીમાં પણ એવા અનેક શબ્દો છે જેના એકથી અધિક અર્થ એના વપરાશ અનુસાર નક્કી થતા હોય છે. **ये शब्द अनेकार्थी शब्द कहलाते है. उदाहरणार्थ 'रहिमन पानी राखिए, बिन पानी सब सून. पाणी गए न ऊबरै मोती, मानुष चून.'** અહીં પાનીના (હિન્દીમાં પાની, ગુજરાતીમાં પાણી) ત્રણ અર્થ છે. પહેલો અર્થ મનુષ્યની વિનમ્રતા વિશે છે. મનુષ્યમાં કાયમ વિનમ્રતા (પાની) હોવી જોઈએ. પાનીનો બીજો અર્થ છે આભા, તેજ કે ચમક. તેજ વિના મોતીનું કોઈ મૂલ્ય નથી. ચૂન એટલે કે લોટ પાણી વિના બંધાઈ નથી શકતો એ ઉદાહરણથી પાણી વિના લોટના અસ્તિત્વનો કોઈ અર્થ નથી એ સમજાવ્યું છે. ભાવાર્થ એવો છે કે પાણી વિના લોટનો અર્થ નથી, તેજ વિના મોતી નકામું છે એમ વિનમ્રતા વિનાના માનવીનું કોઈ મૂલ્ય નથી. બીજું ઉદાહરણ. **'चली चंचला, चंचला के घर से, रथी चंचला चमक पड़ी'** અહીં ચંચલા શબ્દ ત્રણ અલગ અલગ અર્થ ધારણ કરી ભાષાની લાક્ષણિકતા સમજાવે છે. ચલી ચંચલામાં લક્ષ્મી એવો અર્થ છે, ચંચલા કે ઘર એમાં સ્ત્રી એવો અર્થ છે અને ચંચલા ચમક પડી એમાં વીજળી એવો અર્થ છે. આખી પંક્તિમાં કહેવામાં આવ્યું છે કે લક્ષ્મી જ્યારે સ્ત્રીનું ઘર છોડીને નીકળી ત્યારે વીજળી ચમકી એવો અર્થ છે. ચોંકાવનારી કે ચમત્કારિક ઘટના બની એવો ભાવાર્થ છે.

## સગ્ગી बहिण — शब्द एक, अर्थ वेगळे

દરેક ભાષાની લાક્ષણિકતા હોય છે. ભાષામાં શબ્દનો વપરાશ કઈ રીતે કરવામાં આવ્યો છે એના પરથી અર્થ નક્કી થતો હોય છે. મરાઠી ભાષાના એવા શબ્દો જોઈએ અને સમજીએ. એક શબ્દ છે **માન** જેનો એક અર્થ થાય છે પ્રતિષ્ઠા કે આબરૂ. **समाजात आपला मान वरचा असावा असं अनेकाना वाटतां** સમાજમાં પોતાનું સ્થાન ઊંચું હોય એટલે કે આદર ધરાવતું હોય એવી ઇચ્છા અનેક લોકોની હોય છે. એનો અન્ય અર્થ થાય છે ડોક. જોકે, આ અર્થના પણ પાછા બે અર્થ કરવામાં આવે છે. **मान खाली करणे** એટલે શરમથી નીચું જોવું. બીજું વાક્ય છે **जिराफची मान खूप लांब असते** જિરાફની ડોક ખૂબ લાંબી હોય છે. સૂક્ષ્મ ભાવ અને સ્થૂળ ભાવ જેવો ફરક છે. આવો જ ફરક **ચાલ** શબ્દમાં પણ ડોકિયાં કરે છે. ચાલવાની શૈલી કે સ્ટાઈલ એ ચાલનો જાણીતો અર્થ છે. **चित्रपटात अभिनेता राजकुमार यांचा अभिनय व्यतिरिक्त त्यांची चाल लोकांना आवडायची.** રાજ કુમારની એક્ટિંગ ઉપરાંત તેમની ચાલવાની સ્ટાઈલના લોકો ફેન હતા. સંગીતના સંદર્ભમાં આ શબ્દ વપરાય ત્યારે સાવ નિરાળો અર્થ જોવા મળે છે. **आर.डी. बर्मन यांच्या अनेक गाण्यांची चाल अविस्मरणीय आहे.** સંગીતકાર રાહુલ દેવ બર્મનનાં અનેક ગીતોની ધૂન યાદગાર છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાજુ રદીને ફિલ્મમાં મળ્યો એક 'સુપરહિટ' રોલ !



**'ગિરધરલાલ, મોં મીઠું કરો.'** રાજુએ મને કાજુ કતરીના પેકેટમાંથી બે- ચાર કાજુ કતરી મારા મોઢામાં ઠુંસી દીધા. કાજુ કતરી ગળે ઉતારતા ઓતરાશ આવી ગઇ. મે ખાંસી પર ખાંસી ખાધી.

' રાજુભાઇ, શેની મીઠાઇ છે? તમે ડાળે વળગ્યા એની છે? ' રાધારાણીએ રાજુની દુખતી રગ પર હાથ મૂક્યો.

'શું તમે પણ ભાભી, લગ્ન સિવાય બીજા ઘણા કામ દુનિયામાં છે.' રાજુએ એરંડિયું પીધું હોય તેવું કટાણું મોં કરી ઉતરેલ કઢી જેવો જવાબ આપ્યો.

'રાજુ, શું વાત છે? કાજુ કતરીનું આખું પેકેટ અમને આપે છે તો તોતિંગ સરપ્રાઇઝ હશે, ખરું ને?' મેં રાજુનો ખભો થાબડી હરખ વ્યક્ત કર્યો.

'ગિરધરલાલ, આઇ એમ સો એકસાઇટેડ' મારા ઘરે આવેલા રાજુએ સોડોવોટરની જેમ લાગણીનો ઉભરો ઠાલવ્યો . મને પકડીને ગોળ ગોળ ઘુમાવ્યો. મને આવેશથી જોરદાર ભેટયો. મને લાગ્યું કે મારી એક-બે પાંસળીઓ તૂટી ગઇ હશે.

'રાજુ મને છોડ. મને વર્ટિગોની બીમારી છે. મને શ્વાસ લેવા દે.' મેં હાંફતા હાંફતા રાજુને રિકવેસ્ટ કરી.

'ગિરધરલાલ, ખબર એવી છે કે તમે હલી જશો.'

' રાજુ, જે વાત હોય એ કહી દે. વાતવાતમાં મોંણ ન ખા ' .

'ગિરધરલાલ, મારી જિંદગીનું મહાન સ્વપ્ન પૂરું થયું. હવે હું સડસડાટ પ્રગતિ કરીશ. હું પાછું વળીને જોઇશ નહીં મારી કેરિયરને પાંખ લાગી જશે. તમે ય કહેશો કે 'રાજુ, તુ તો સાલા સાબ બન ગયા.' રાજુના શબ્દે શબ્દે ઉમળકો ઊભરાતો હતો. 'રાજુ, તારી પ્રસ્તાવના સંપન્ન થઇ હોય તો મૂળ વાત કર.' મેં રાજુ સમક્ષ ધ્યાનાકર્ષક પ્રસ્તાવ રજૂ કર્યો.

'ગિરધરલાલ અને ભાભી મને હિન્દી ફિલ્મમાં મોટો રોલ મળી ગયો છે. મારી હીરોઇન કુંભમેળામાં માળા વેચીને ચર્ચાના ચાકડે ચડેલ પેલી નીલી આંખોવાળી મોનાલીસા છે. 'યશરાજ'નું બેનર છે.કિરણરાવ દિગ્દર્શક છે. જતિન લલિતનું મ્યુઝિક અને જાવેદ અખ્તરના સંવાદો છે.' દેવ આનંદની અદામાં રાજુ ઝૂલતો હતો.

હરેક વ્યક્તિનું ખ્વાબ કચકડામાં કંડારાઇને થિયેટરના પર્દે રજૂ થવાનું હોય છે. મુંબઇ માયાવી નગરી છે. સ્વપ્ન પૂર્તિ માટે ઘણા લોકો મુંબઈની વાટ પકડે છે. સ્ટ્રગલ કરે છે. નાની મોટી ભૂમિકા કરે છે. પછી ઓળખાણ વગરનો એકસ્ટ્રા કલાકાર બની રહે છે. સ્વપ્ન સેવવા એ અલગ વાત છે. સ્વપ્ન સિદ્ધિ માટે ઝઝૂમવું એ અલગ વાત છે.

રાજુ રદી કોલેજથી તખ્તા પર અભિનયના અજવાળા પાથરતો હતો. રાજુએ 'એનએફએસડી' માંથી ડિગ્રી લીધેલી. નાટકનો લાંબો અનુભવ. ઇપ્ટા અને આઇએનટીના એકાંકી કરતો હતો. અર્બન ગુજરાતી ફિલ્મોમાં પણ રોલ કરવા ઓડિશન આપતો હતો. પણ ક્યાંય ફાઇનલ સિલેકશન થતું ન હતું. તમે રણજી ટ્રોફીમાં છસો વિકેટો લો કે ત્રીસ હજાર રન કરો અને ઇન્ડિયન ક્રિકેટમાં રમવાની ડેબ્યુ કેપ ન મળે તો દિલને કેવી ચરચરાટી થાય? તેવી રાજુની સ્થિતિ હતી.

રાજુને મોટા બેનરની ફિલ્મ મળે તો મને તો આનંદ થાય જ ને? અમેય કોલર ઊંચો કરીને કહીશું કે 'મિલિનિયમ સ્ટાર આર. કુમાર અમારો યાર છે ! '

રાજુને એવો રોલ મળેલો કે ફિલ્મનો પ્રથમ શોટ એના પર ફિલ્માવવાનો હતો. રાજુ હવે લઘરવઘર કેવી રીતે રહી શકે? રાજુએ થ્રી પીસ સૂટ ઠઠાડવાનું ચાલુ કરેલ. બેન્ડ વાજાવાળાએ સૂટ પહેર્યો હોય પરંતુ, પગમાં શૂઝને બદલે હવાઇ સ્લિપર પહેરેલી હોય. રાજુએ તેના ખર્ચે ડાયરેકટરને કરગરીને તેના શૂટિંગના સમયે મને, રાધારાણી અને બખડજંતરના સર્વેસર્વા બાબુલાલને હાજર રહેવાની પરમિશન અને પાસ માગી લીધેલા.

અમે સ્ટુડિયો પહોંચી ગયા. અમારી પાસે વેલિડ પાસ હતા એટલે દરવાને સલામ ઠોકી અમને એન્ટ્રી આપી. આપણે કદી ફિલ્મોના શૂટિંગ કર્યા હોય નહીં અને શૂટિંગ જોયા હોય નહીં એટલે બાઘી નજરે ચકળવકળ દ્રષ્ટિએ બધું જોવાનું હોય. કેમેરા ટ્રોલી પર હોય કે ડિરેક્ટર ખાસ પ્લેટફોર્મમાં બેસીને ફિલ્મનું શૂટિંગ કરતા હોય તેની ખબર ન હોય. કલેપર લોડર, જે કલેપ બોર્ડ સાથે કેમેરાની સામે પહેલેથી જ હોય છે..ફિલ્મ શૂટિંગની શરૂઆતમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર પિકચર ચાલુ છે એમ મોટેથી બોલે એટલે 'સાઈલેન્સ કેમેરા..સાઉન્ડ એન્ડ એકશન'ના પોકાર ..છેલ્લે શૂટ પૂરું થાય કે ડિરેક્ટર 'કટ'નો આર્ડર આપે. એટલે શૂટિંગ પૂરું !! જરૂર જણાય તો રિ-ટેક થાય એવું એકાદ એકસ્ટ્રા કલાકારે એમને સમજાવ્યું.

અમે લાંબે લાંબે નજર દોડાવી. એક બેડ પર સફેદ કપડાંમાં લપેટાયેલી કોઇ વ્યક્તિ સૂતેલી. એના શરીર પર કેમેરો ફોકસ થયેલો. એક કલેપ બોયે કહ્યું કે ફિલ્મનો આ પહેલો સીન છે. રાજુ રદીનો દાવો સાચો હતો. આ પિકચરનો પહેલો શોટ એટલે પહેલું દૃશ્ય. મડદા તરીકે જેને સૂવડાવેલો તે ચાલુ શૂટિંગે છીંક ખાવા માંડે. મરેલો માણસ કંઇ છીંક ખાય? એટલે રિ-ટેઇક જયાં સિન પરફેકટ થાય કે બેડ પર રહેલી કીડી ચટકો ભરે. મૃતદેહનો હાથ જ્યાં કીડી કરડી હોય તે ભાગ વલૂરવા માંડે. મૃતદેહ હાઇપર થઇને હલહલ કરે તો શૂટિંગ આગળ કેવી રીતે વધે? એટલે ડિરેક્ટરે તમામ મૃતદેહને ફિલ્મમાંથી કાયમ માટે પડતા મૂક્યા, જેમાં એક આપણો રાજુ રદી પણ હતો.!

યુ મિન રાજુ રદીને ડેબ્યુ ફિલ્મમાં ડેડ બોડીનો રોલ મળેલો? શું કહ્યું રાજુ રદીને ડેડબોડીનો સોલો રોલ મળેલો નહીં. રાજુ રદી સાથે બીજી ૯,૯૯,૯૯૯ એકટરોને પણ ડેડ બોડીનો ઇન્ટ્રેસ્ટિંગ અને એકસાઇટિંગ રોલ મળેલો!

આ પછી તો અમારા રાજુ રદીને ડેડ બોડીના ઢગલાબંધ રોલ ઓફર થયા છે અને રાજુ રદી ડેડ બોડીના રોલ પણ જાનદાર કરે છે! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# બહુરૂપી કલા લોકજીવનનો મૂલ્યવાન વારસો છે

'હેલો, હું પૂર્વી બોલું છું; મુંબઈ સમાચારની કટાર લેખિકા. તમે બાબુભાઈ?' 'હા બેન, જય માતાજી!' 'બાબુભાઈ તમે અત્યારે ક્યાં છો અને શું કરો છો?' તો વળતો જવાબ આવ્યો. 'બેન આજે તો હું રેલ્વે માસ્તર બન્યો છું અને ભુજની બજારમાં ભ્રમણ કરું છું. ભલે ત્યારે, કહીને મેં ફોન મૂક્યો.'

'આજે રેલવે માસ્તર છું,' એટલે? પ્રશ્ન સ્વાભાવિક વાંચનારને થયો હશે. તો જણાવી દઉં, આજે બહુરૂપી વેશ ધારણ કરતા કલાકાર અને તેમની કલા વિશે વાત કરવાનું નિમિત બન્યું છે.

ગુજરાત અને રાજસ્થાનમાં વિકાસ પામેલી મનોરંજન માટેની એક લોકકલા 'બહુરૂપી' એટલે ઘણાં રૂપો ધારણ કરનાર. જેમાં કલાકાર પોતે અનેક પાત્રો અને વિચિત્ર વેશધારણાઓ દ્વારા પાત્ર અભિનય કરે છે. એ સમયે જ્યારે મનોરંજનના અન્ય માધ્યમો બહુ મર્યાદિત હતા, ત્યારે આ કળા વિવિધ પ્રકારના નટખટ વેશ અને હાસ્યપ્રધાન અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કરી દેતાં. આ કલાપરંપરાનો પ્રારંભ ક્યારથી થયો તે અંગે કોઈ ચોક્કસ માહિતી નથી. પણ એટલું નક્કી કે બહુરૂપી કલાને દેવોની દેણગી ગણાય છે.

બાબુભાઈ બચુભાઈ રાઠોડ, મૂળ ભાવનગરના પણ છેલ્લા સાડા ત્રણ દાયકા જેટલો સમય થયો હશે, કચ્છના વતની બનીને રહે છે. અંદાજિત ૬૦ વર્ષની ઉંમર. આ બાબુભાઈ આકર્ષક ભવાઈ તથા વેશધારી ઉત્તમ કલાકાર છે. કચ્છ આવ્યા પહેલા બે વર્ષ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ભ્રમણ કરેલું પણ સુખે ન આવતા કચ્છ સાથે લેણું બંધાવ્યું. ક્યારેક બજારમાં એમનો આંટો હોય તો ક્યાંક વળી શાળામાંથી



બાબુભાઈ બચુભાઈ રાઠોડ

છૂટતાં બાળકોને વિવિધ વેશ દ્વારા મનોરંજન પૂરું પાડતા હોય.

તેઓ કહે છે, કચ્છે તેમને ખૂબ આપ્યું છે. ધનધાન્ય તો ક્યાંક કોઈએ વેશભૂષા બક્ષિસરૂપે કળાની કદરમાં આપી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ આમેય ભવાઈવેશોની કદર ભક્તિની ભૂમિ રહી છે તેથી આ જગ્યાએ વસવાનો મને આનંદ છે અને ક્યારેય અપમાનનો સામનો કરવો પડ્યો નથી છતાંય નોબત આવે તો પ્રભુની કૃપા કલાકારોની શક્તિ અને ભક્તિરૂપે પડઘાય છે. તહેવારોની મોસમ હોય ત્યારે ભવાઈ નાટકો ભજવીએ અને એ સિવાયના દિવસોમાં સમયમાં બહુરૂપી વેશ ગાડું ચલાવવા મદદ કરે. દીકરા-દીકરી બંનેને પરણાવી દીધા એટલે નિવૃત્તિ કાળ સંપૂર્ણતઃ કલાને સમર્પિત છે. શનિવારે તે હનુમાનનો વેશ ધારણ કરે છે બાકી અન્ય દિવસોમાં ધાર્મિક સામાજિક અથવા ઐતિહાસિક પાત્રોના વેશ ધારણ કરી ભુજની લોકલ બજારોમાં ભ્રમણ કરતા હોય છે. ક્યારેક તૈયાર થવામાં કલાક તો ક્યારેક ત્રણથી વધુ કલાકનો સમય પણ નીકળી જતો હોય છે.

પહેલાના સમયમાં કલાપ્રેમી રજવાડાંઓ એમને મહિનોમાસ રોકી એમના વેશો માણતા સાથે એમને ખાધાખોરાકી ને બક્ષિસ પણ આપતા, આજ તે જવાબદારી ગ્રામ અગ્રણીઓ નિભાવે છે. બહુરૂપી કલા લોકજીવનનો મૂલ્યવાન વારસો છે. આજના આધુનિક વળગણોની વચ્ચે એકલદોકલ બચેલા આવા કલાકારો પોંખાય તે ખૂબ જરૂરી છે. આજે આ કળા લુપ્ત થવાના આરે છે તે એક કે બે પેઢી નીકળ્યા પછી સદંતર ઇતિહાસ બની જશે. તો આ માટે આપણે સૌ સાથે મળીને પ્રયાસો કરીએ અને તેમને બિરદાવીએ.

ભાવાનુવાદઃ ગુજરાત ને રાજસ્થાનમેં જેંજો વિકાસ થ્યો ઓડ઼ી મનોરંજનજી લોકકલા ઇતરે 'બહુરૂપી', અનેક રૂપો ધારણ કરીંધલ. જેમેં કલાકાર પિંઢ કિઇક વેશ ગિનીને અભિનય કરંધો વેતો. જડેં મનોરંજનજા બ્યા માધ્યમ ઓછા વા તેર હી કલા ભરાં કલાકાર નિડારા નટખટીયા વેશ કરે, અભિનયસેં મીણિકે મંત્રમુગ્ધ કિઇ ડીંધા વા. હિન કલાપરંપરાજી સરુઆત કડે થ્યો તેંજી કો પ ગત નાય પણ ઇતરો નિકી આય ક બહુરૂપી કલાકે દેવોની 'દેણગી' ગણેમેં અચેતિ.

બાબુભા બચુભા રાઠોડ, મૂર ભાવનગરજા પ છેલા સાડ઼ા ત્રે ડાયકે જિતરો સમય થ્યો હૂંધો, કચ્છજા વતની ભનીને રેંતા. લગભગ સઠ વરેંજી ઉમર. હી બાબુભા આકર્ષક ભવાઈ તીં વેશધારી ઉત્તમ કલાકાર ઐં. કચ્છ આયા તેં પેલા બો વરે ગુજરાતજે બ્યે જિલેમેં ભ્રમણ કર્યો પ સુખ ન આવ્યો સે છેલે કચ્છ ભેરો લેણાડેણી બંધાણી. કડેંક ભજારમેં ઇનીજો આંટો વે ત કિતક વરી સ્કૂલેં મિંજા રજા પે તેર બારેંકે પિંઢજે વેશસેં મનોરંજન પૂરો પાડીયે.

ઇ ચેંતા, કચ્છ ઇનીકે ગણે ડીંનોં અયોં. ધનધાન્ય ત કિતક કોક વેશભૂષા કલાજી કધર જે રુપમેં ડિની આય. સૌરાષ્ટ્ર ને કચ્છ ત હૂંઇ ભવાઈવેશોંજી કધરજી ભક્તિજી ધરા રિઇ આય ઇતરે હિત જીયણ જીએજો મૂંકે આઉગો આનંધ આય ને કડેં પ અપમાન નાય થ્યો ને અગર નોબત અચેં ત પ્રભુજી કિરપા નેં કલાકારેંઈ શક્તિ ભક્તિરૂપમેં પડઘાજેતિ. તેવાર વે તેર ભવાઈ કરીયું નેં હિન સિવા બહુરૂપી વેશસેં ગડો નિભી રે. ધી-પુતર બોંયજા વીંયા કરી વિંધે આય ઇતરે નિવૃત્તિ સજી કલાકે સમર્પિત આય. શનિવારજો હુણમાનજો વેશ નેં બ્યે ડીંમેં ધાર્મિક, સામાજિક ક ઐતિહાસિક પાત્રજા વેશ ધારણ કરે ભુજજી લોકલ ભજારેંમેં ભ્રમણ કરંધા વેતા. કડેંક તૈયાર થેમેં કલાક ત કડેંક ત્રે કનાં વધુ કલાકજો સમય પ થિઇ વિનંધો વેતો.

પેલે જે સમોમેં કલાપ્રેમી રજવાડા વટ મેણો ખન રોકાજીનેં વેશ કરંધા વા જેમેં ઇનીકે ખાધાખોરાકી ને બક્ષિસ પ જુડંધી હૂઇ, અજ હી જભાભદારી ગામજા અગ્રણીઓ નિભાઇયેંતા. બહુરૂપી કલા લોકજીયણજો મૂલ્યવાન વારસો આય. અજ્જે આધુનિક વડ઼ગણ વિચ એકલડોકલ ભચલા ઐડ઼ કલાકારેંકે પોંખણૂં ગચ જરૂરી આય. અજ઼ હી કલા લુપ્ત થેજે આરે આય ત જકાં હિકડ઼ી બો પેઢી ઐડ઼ી જ રીતેં નિકરંધી ત હી સમૂરગી ઇતિહાસ ભની વેંધી. ત હિનલા પાંકે મિણીકે ભેરા થિઇ જુકો થિઇ રયા ઐં તેંસે વધુ પ્રિયાસ કરણા પોંધા. ■

ફોકસ પ્લસ

નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

# ત્રણ વર્ષમાં ચોવીસ હજાર કુપોષિત બાળકોને ઉગાર્યાં વારાણસીના આ આઈએએસ ઑફિસરે

**વારાણસીના આઇએએસ ઑફિસર એસ. રાજાલિંગમ અને હિમાંશુ નાગપાલે સાથે મળીને ત્રણ વર્ષમાં ચોવીસ હજાર કુપોષિત બાળકોને ઉગાર્યા છે.** એના માટે તેમણે નવી આંગણવાડીની પણ શરૂઆત કરી છે. એના હેઠળ બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવામાં આવે છે.

તેમનાં આંગણવાડીમાં બે વર્ષની વર્તિકા જ્યારે આવી ત્યારે તેનો વજન માત્ર ૭.૧ કિલો હતો. તે બરાબર ચાલી પણ નહોતી શકતી. જોકે આંગણવાડીમાં તેને મળેલા આહાર અને કાળજી બાદ પંદર દિવસમાં તે ચાલી શકી હતી, તે દોડવા લાગી અને ડાન્સ પણ કરવા લાગી હતી.

થોડાં વર્ષો પહેલાં નેશનલ ફૅમિલી હેલ્થ સર્વે મુજબ વારાણસીમાં બાળકોમાં કુપોષણની સ્થિતિ ખૂબ ગંભીર હતી. જ્યાં વહેલાસર પગલાં લેવાની જરૂર હતી. એથી એસ. રાજાલિંગમ અને હિમાંશુ નાગપાલે સત્વરે



આ સ્થિતિમાંથી બાળકોને બહાર કાઢવાની યોજના ઘડી કાઢી હતી. તેમણે એ વાતની ખાતરી લીધી કે આંગણવાડીઓ સમયસર શરૂ થાય અને બાળકો દરરોજ એમાં આવતા થાય. તેમણે ૨,૨૦૦ આંગણવાડીનું પુનર્નિર્માણ કરાવ્યું અને ૬૦૦ નવા કેન્દ્રો શરૂ કર્યાં. હિમાંશુ નાગપાલે જોયું કે કુપોષણને નાથવા માટે પ્રશાસન તો બનતા બધા પ્રયાસ કરે છે, પરંતુ આંગણવાડીમાં આવતા બાળકોમાં હજી પણ કુપોષણ હતું. બાળકોને આયર્ન અને મલ્ટિવિટામિનની સપ્લિમેન્ટ્સ આપવા માંડ્યા. એની સાથે જ મિલેટ અને પ્લાન્ટ આધારિત ભોજન માતા અને બાળકો બન્નેને મળે એવી જોગવાઈ કરી હતી.

કુપોષિત બાળકોને મિલેટ બાર્સ અને રાગીના લાડુ આપવામાં આવતા હતા. એને કારણે બાળકોમાં એકાગ્રતામાં સુધારો થયો. સાથે જ આવા બાળકોનાં પરિવારને રેડી-ટૂ-ઇટ ખોરાક જેવા કે બરફી અને દલિયા આપવામાં આવતા હતા.

આંગણવાડી કાર્યકર્તા કહે છે, અમે પરિવારને રાશન આપીએ છીએ, જેમાં દાળ, દલિયા, રિફાઇન્ડ તેલ, સફરજન, સંતરા અને કેળાનો સમાવેશ છે. સાથે જ બાળકોને દરરોજ મિલેટના લાડુ આપીએ છીએ. '


હિમાંશુ કહે છે, 'આ પહેલ માત્ર ખોરાક અને પોષણ પૂરતી જ નથી. આ તો ભવિષ્યની દિશામાં આગળ માંડવાનું એક પગલું છે કે જેમાં દરેક બાળકને ખીલવાનો અધિકાર છે.'

તેમણે કરેલી અથાક મહેનતને કારણે જ ૨૦૨૧થી ૨૦૨૪ સુધીમાં કુપોષિત બાળકોનો આંકડો ૨૪,૮૨૦ હતો તે હવે ૩૧૬ છે. ■

# એક નજર ઈધર ભી...

## કોણ કહે છે કેક હેલ્ધી નથી

# એકવાર શ્વેતા મુતરેજા અગરવાલની કેક ખાઈ તો જુઓ





એક સમયે બર્થ ડે પાર્ટી કે કોઈ મોટા સેલિબ્રેશન સમયે એક ખાસ વર્ગ કેક ઑર્ડર કરતો, પરંતુ આજે ઘરમાં નાનું સેલિબ્રેશન હોય કે પછી પાંચ ફ્રેન્ડ્સને સાથે મળી કેક ખાવાનું મન થઈ જાય તો ફટાક કરતાં ઑર્ડર કરી દે છે, કેક ખાવા માટે હવે સેલિબ્રેશનની રાહ નથી જોવી પડતી, પણ એક સમસ્યા આવે છે અને તે છે હેલ્થ. લોકો ખાતાં પહેલાં પોતાના આરોગ્ય વિશે સો વાર વિચાર કરે છે અને તેથી હેલ્થ કૉન્શિયસ લોકોએ કેક કે બેકરી આઈટમ્સ પોતાના મેનૂ કાર્ડમાંથી લગભગ કાઢી જ નાખી છે, પણ તમારે હવે કેકનો ટુકડો મોઢામાં મૂકતાં પહેલાં વિચાર નહીં કરવો પડે કારણ કે કુકી કેક ક્રમ્બલ તમને હેલ્ધી કેક અને બેકરી આઈટમ્સનાં ઘણાં ઑપ્શન્સ ઑફર થાય એમ છે.

જો તમને એમ હોય કે હેલ્ધી તો ખરી, પણ પ્યોર વેજીટેરિયન એગલેસ કેક ખાવી છે તો પણ સરનામું આ જ છે. આ બ્રાન્ડ જેમણે પોતાની મહેનત અને લગનથી ઊભી કરી છે તે શ્વેતા મુતરેજા અગરવાલ કહે છે કે મારી પાસે કૅન્સર પેશન્ટ્સ પણ આવે છે અને ડાયાબિટિક પણ. આ સાથે માતા-પિતા પણ ઇચ્છે છે કે તેમનાં બાળકો પણ હેલ્ધી બેકરી પ્રોડ્ક્ટસ જ ખાય. આ બધાને ધ્યાનમાં લઈ અમે મેંદો નહીં પણ મિલેટ્સનો ઉપયોગ કરીએ છીએ, એટીથ્રીએલ કે મોન્ક ફ્રૂટ જેવા નેચરલ સ્વીટનર્સનો ઉપયોગ કરીએ છીએ, સામગ્રીમાં કે બનાવટની ગુણવત્તામાં કોઈ સમાધાન કરતાં નથી. એટલું જ નહીં જે વિગન છે તેમની માટે અમારી પાસે આલ્મન્ડ મિલ્ક કે કોકોનટ મિલ્ક સહિતની કેકના પણ ઑપ્શન છે.

પીઆરના ક્ષેત્રમાં વર્ષો કાઢ્યાં બાદ આ ક્ષેત્રમાં આવવા વિશે શ્વેતા કહે છે કે મમ્મી-પપ્પા સારાં કૂક હતાં અને પપ્પા ખૂબ સરસ સિંધી ભોજન બનાવતા તેથી રસોઈ કરવાનો અને અવનવી વાનગીઓ બનાવવાનો શોખ મને પહેલેથી, પણ ક્યારેય વિચાર્યું ન હતું કે આગળ જતાં આ કરિયર બની જશે. કોરોનાકાળમાં લોકડાઉન દરમિયાન જ્યારે ઘણાએ બિઝનેસ બંધ કર્યા ત્યારે શ્વેતાએ શરૂ કર્યો. એક ફ્રેન્ડ માટે હેલ્ધી કેક બનાવી તેના પોઝિટિવ ફિડબેક મળ્યા અને પછી તો આ રોજનું કામ બની ગયું.

શ્વેતા પોતાના ઘરે જ સ્પેશિયલ કિચનથી કામ મૅનેજ કરે છે. શ્વેતા પાસે નાનો પણ તાલીમબદ્ધ સ્ટાફ છે. તે ઑર્ડર લે છે અને લોકોની પસંદગી પ્રમાણેની કેક બનાવે છે. મારે શું આપવું છે શું નહીં, જેમને ખાવું છે તેમની શું ઇચ્છા છે તે જાણી કસ્ટમાઈઝ્ડ કેક બનાવવામાં શ્વેતા એક્સપર્ટ છે. શ્વેતાએ આ માટે ખાસ તાલીમ લીધી છે. તે ૨૦થી ૨૫ લોકો માટેના ફૂડ કેટરિંગના ઑર્ડર પણ લે છે. શ્વેતા માત્ર કેક જ નહીં, પણ યુરોપિયન, ઈટલી, શ્રીલંકન, કાશ્મીરી સાથેનાં ઘણાં ક્વીઝીન જે તે દેશ કે શહેરમાં જઈ શીખે છે અને તેના ઑથેન્ટિક ટેસ્ટ સાથેનાં ભોજન તમને પીરસે છે. તમને બેક્ડ્ બિસ્કોફ ચીઝકેક, કસ્ટમાઈઝ્ડ ચોકલેટ કેક, ગ્રનોલા, ખાઉસોય કોટેજ ચીઝ, સલાડ્સ ખાવાની ઇચ્છા હોય તોપણ શ્વેતાનું કુકી કેક ક્રમ્બલ તમારી માટે બેસ્ટ છે, પણ શ્વેતાની હીરો પ્રૉડેક્ટ છે ચોકલેટ ચીપ ટી-કેક. આ કેક જે ખાય છે તે વારંવાર આવે છે અને માત્ર મુંબઈ નહીં આખા દેશમાં અને વિદેશોમાં મોકલવા પણ લોકો લઈ જાય છે.

સંતાનો મોટા થઈ જતાં અને ઘર-પરિવારનો સંપૂર્ણ સાથ હોવાથી શ્વેતા એક એક પગથિયું ઉપર ચડી રહી છે. શ્વેતાની ઇચ્છા ઑથેન્ટિક સિંધી ક્વીઝીનનો રેસ્ટોરાં મુંબઈમાં ખોલી મુંબઈગરાઓને અવનવી સિંધી વાનગીઓનો સ્વાદ ચખાડવાની છે, જેના પર તેની માસ્ટરી છે, પણ શ્વેતા તે ખોલે તે પહેલાં તમે પણ તેની હેલ્ધી કેક અને બીજી વાનગીઓનો સ્વાદ માણવાનું ન ચૂકતાં.

શ્વેતા મુતરેજા અગરવાલની હેલ્ધી કેક ઓર્ડર કરવા માટે કોન્ટેક્ટ નંબર છે 98198 44013 અને ઈન્સ્ટા આઈડી kookiecakecrumble

## ડિજિટલ આર્ટ

# ઝડપથી વિકસતી ઈન્ટરનેશનલ કરિયર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com



આવનારા દિવસોમાં જે રીતે ભારતની એઆઇ હબ તરીકે ઉભરવાની સંભાવના છે, તે જોતાં, ભારતમાં ડિજિટલ આર્ટના ક્ષેત્રમાં કારકિર્દીની જબરદસ્ત શક્યતાઓ પણ ઊભરી આવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ડિજિટલ આર્ટમાં કારકિર્દી ઝડપથી ઊભરી રહી છે, ખાસ કરીને ભારત જેવા દેશમાં જ્યાં એનિમેશન, ગેમિંગ, ફિલ્મ, જાહેરાત અને સોશિયલ મીડિયા ઉદ્યોગોમાં માગ સતત વધી રહી છે. એઆઇ (આર્ટિ ફિશિયલ ઇન્ટેલિજન્સ) અને વીઆર (વર્ચ્યુઅલ રિયાલિટી)ના વિકાસ સાથે, ડિજિટલ આર્ટ ભવિષ્ય માટે એક પ્રોમિસિંગ ક્ષેત્ર તરીકે ઊભરી આવ્યું છે.

**રોજગારની સંભાવનાઓ**

જો આપણે વર્ષ ૨૦૨૫ થી ૨૦૩૦ વચ્ચેનો અંદાજ લગાવીએ તો એકલા ભારતમાં જ ગેમિંગ ઇન્ડસ્ટ્રી ૧૦ થી ૧૨ બિલિયન ડૉલરનો આંકડો પાર કરી ગઇ હશે. વર્ષ ૨૦૨૪ સુધીમાં તેણે રૂ.૩ અબજ ટર્નઓવરનો વાર્ષિક આંકડો પાર કરી લીધો હતો. ગેમિંગ ઇન્ડસ્ટ્રી મોટા પાયે ડિજિટલ કલાકારોને રોજગારી આપે છે, જોકે એનિમેશન અને વીએફએક્સની માગ પણ સતત વધી રહી છે. જેના કારણો છે ઓટીટી પ્લેટફોર્મ, એડવર્ટાઈઝિંગ ઇન્ડસ્ટ્રી અને ફિલ્મો જે એકદમ વાસ્તવિક અનુભવ આપે છે.

એ જ રીતે, ડિજિટલ આર્ટ દ્વારા મેટાવર્સ પ્રોજેક્ટ્સમાં પણ કમાણીની જબરદસ્ત તકો ઊભી થઈ છે અને જો આપણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સોશિયલ મીડિયાના બિઝનેસના વિસ્તરણ પર નજર કરીએ, તો આપણે સમજી શકીએ છીએ કે ઇન્સ્ટાગ્રામ, યુટ્યૂબ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મમાં ડિજિટલ કલાકારોની કેટલી માગ છે. એકવાર ડિજિટલ આર્ટિસ્ટ માટે બ્રાંડિંગ અને વ્યક્તિગત પ્રોજેક્ટ્સના લક્ષ્યો પ્રાપ્ત થઈ જાય, પછી આ ક્ષેત્રમાં ફ્રીલાન્સ માટે સારી તકો છે.

**અભ્યાસક્રમો અને ઇન્સ્ટિટ્યૂટ**

આ ક્ષેત્રમાં પ્રોમિસિંગ કરિયર હાંસલ કરવા માટે કેટલાક ડિગ્રી અભ્યાસક્રમો અને ઇન્સ્ટિટ્યૂટ શ્રેષ્ઠ છે, જે નીચે મુજબ છે.

* ડિજિટલ ડિઝાઇન અને વર્ચ્યુઅલ આર્ટનો શ્રેષ્ઠ અભ્યાસક્રમ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન, અમદાવાદમાં ઉપલબ્ધ છે. આ ડિગ્રી કોર્સ કર્યા પછી દરેક જગ્યાએ નોકરીની તકો મળશે.

* સી-ડેક, આ ઇન્સ્ટિટ્યૂટમાંથી મલ્ટીમીડિયા અને ડિઝાઈન ટેક્નોલોજીને લગતા ઘણા સર્ટિફિકેટ કોર્સ કરી શકાય છે, જેના પછી ડિજિટલ આર્ટમાં કારકિર્દીની શક્યતાઓ વધી જાય છે.

* આયઆયટી બોમ્બે, અહીંની આઇડીસી સ્કૂલ ઑફ ડિઝાઇનમાં ઇન્ટરએક્શન ડિઝાઇન અને ડિજિટલ આર્ટમાં ઉત્તમ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે અને આ પછી નોકરીમાં પણ પ્રાથમિકતા મળે છે.

* માયા એકેડેમી ઓફ એડવાન્સ્ડ સિનેમેટિક્સમાંથી એનિમેશન અને વીએફએક્સ પર કેન્દ્રિત અભ્યાસક્રમો કરી શકાય છે. જેની શાખાઓ દેશના અનેક મોટા શહેરોમાં છે.

*દિલ્હી/મુંબઈની પર્લ એકેડેમીમાંથી ડિજિટલ આર્ટ અને ડિઝાઇનિંગમાં ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ કરીને ડિજિટલ આર્ટ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકાય છે.

**વિદેશી શૈક્ષણિક ઇન્સ્ટિટ્યૂટ**

* યુએસ સ્થિત રોડ આઇલેન્ડ સ્કૂલ ઑફ ડિઝાઇન, ડિજિટલ મીડિયા વિઝ્યુઅલ આર્ટ્સમાં વિશ્વ-વર્ગની સંસ્થા છે. અમેરિકામાં સેવંથ કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઇન એનિમેશન અને ગેમ આર્ટ માટે ફેમસ છે.

* જો તમારે ફ્રાન્સમાં અભ્યાસ કરવો હોય તો વીએફએક્સ અને ડિજિટલ એનિમેશનમાં વિશ્વ કક્ષાની સંસ્થા છે, જેનું નામ છે ગોબલિન્સ એલ ઇકોડ ડી લા ઇમેજ.

* કેનેડામાં વંકુવર સ્થિત ફિલ્મ સ્કૂલ પણ ફિલ્મ ગેમિંગ અને એનિમેશન કારકિર્દી માટે એક શ્રેષ્ઠ ઇન્સ્ટિટ્યૂટ છે.

* એ જ રીતે, યુનિવર્સીટી ઓફ આર્ટ્સ, લંડનમાંથી ડિજિટલ આર્ટ, ગ્રાફિક ડીઝાઈન અને થ્રી ડી આર્ટમાં સ્પેશિયલાઇઝેશન કરી શકાય છે.

**ક્યાં મળશે નોકરી**

* યુવી સોફ્ટ, રોક સ્ટાર ગેમ્સ, ઈએ સ્પોર્ટ્સ, ઝિંગા અને નઝારા ટેકનોલોજી જેવી ગેમિંગ કંપનીઓ વિવિધ પ્રકારની નોકરીઓ ઓફર કરે છે.

* એ જ રીતે, ફિલ્મ અને વીએફએક્સ ઇન્ડસ્ટ્રીમાં રેડ ચિલીઝ વીએફએક્સ, એમટીસી, ડીએનજીઇ, પ્રાઇમ ફોકસ અને ફ્રેમ સ્ટોર જેવી કંપનીઓ નોકરીઓ પ્રદાન કરવામાં આગળ છે.

* ઘણી મીડિયા એડવર્ટાઈઝિંગ એજન્સીઓ જેમ કે ઓગેલિગ, વન્ડરમેન, થોમસન, લિયોવર્નેટ વગેરે જેવી એડ એજન્સીઓ ઘણી નોકરીઓ પૂરી પાડે છે.

* એઆઇ અને સ્ટાર્ટઅપ સેક્ટરમાં પણ, ટીસીએસ, ઇન્ફોસીસ, વિપ્રો, ઝોહો જેવી કંપનીઓ યુએક્સ/યુઆઇ ડિઝાઇન માટે મોટા પાયે ડિજિટલ આર્ટિસ્ટને હાયર કરે છે. આ સિવાય ઓપન સી, રેરિબલ જેવા પ્લેટફોર્મ પર એનએફટી વેચીને કમાણી કરી શકાય છે.

**પ્રારંભિક કારકિર્દીની શરૂઆત આ રીતે કરો**

સૌપ્રથમ સ્કિલ શીખો, ફોટો શોપ, ઇલસ્ટ્રેટર, બ્લેન્ડર, પ્રો-ક્રિએટ, યુનિટી, અનરિયલ એન્જીન જેવા ટુલ્સમાં માસ્ટર હાંસલ કરો, તમારો પોર્ટફોલિયો બનાવો, ઇન્ટર્નશિપ કરો. ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ લો અને નેટવર્ક બનાવો. પ્રારંભિક કારકિર્દીની શરૂઆત માટે તમામ ઉપાયો ફાયદાકારક છે. જ્યાં સુધી આ ક્ષેત્રમાં શરૂઆતના પગારની વાત છે, ફ્રેશર ૪ થી ૮ લાખ રૂપિયાનું પેકેજ સરળતાથી મેળવી શકે છે. જો તમારી પાસે ૩ થી ૭ વર્ષનો અનુભવ છે તો તમે ૮ થી ૨૦ લાખ રૂપિયાનું પેકેજ સરળતાથી મેળવી શકો છો.૮ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા વરિષ્ઠ ડિજિટલ આર્ટિસ્ટ માટે ૨૦ થી ૫૦ લાખ રૂપિયા સુધીના પેકેજ બજારમાં સરળતાથી ઉપલબ્ધ છે, જ્યારે ફ્રીલાન્સ અને એનએફટી વેચાણ દ્વારા પણ સારી કમાણી કરી શકાય છે. સામાન્ય રીતે લોકો એક વર્ષમાં ૧૦ લાખ રૂપિયા સુધીની કમાણી સરળતાથી કરી લે છે. એકવાર નામ સ્થાપિત થઈ જાય અને કામ વધુ સારું થઈ જાય તો વાર્ષિક ૧૫ થી ૨૦ લાખ રૂપિયા પણ કમાઈ શકાય છે.

ભારતમાં ડિજિટલ આર્ટમાં કારકિર્દી ઝડપથી વધી રહી છે અને કારકિર્દી સલાહકારો માને છે કે તે ૨૦૨૫ થી ૨૦૩૦ ની વચ્ચે ઘણો વિકાસ કરશે. તેથી, ડિજિટલ આર્ટ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી સમજદારી છે. પરંતુ આ માટે સારા ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરીને લાંબા ગાળાની વ્યૂહરચના બનાવવી જરૂરી છે.■

# ૨૧મી સદીમાં માથાનો દુખાવો બન્યા ગેરકાયદે વસાહતી

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com




છેલ્લા થોડા દિવસો પહેલાં અમેરિકામાં સંપન્ન પ્રમુખપદની ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બન્યો હતો અમેરિકામાં રહેનારા ગેરકાયદે વસાહતી. હવે આ મુદ્દો દુનિયામાં ચર્ચાનો વિષય બન્યો છે. ભારતની ગલી-ગલીમાં આ વાતચીત અને વાદવિવાદનો ભાગ બની ગયો છે. અમેરિકામાં ૭,૨૫,૦૦૦ ગેરકાયદે ભારતીય વસાહતી છે. આમાંથી ૧૮,૦૦૦ ગેરકાયદે વસાહતીને આગામી દિવસોમાં ભારત મોકલવામાં આવશે. ૧૦૪ ગેરકાયદે વસાહતીના પહેલા બેચને અતિશય અપમાનજનક સ્થિતિમાં ભારત મોકલવામાં આવ્યો. આખા દેશે અમૃતસર હવાઈમથકે તેમને હાથમાં હાથકડી અને પગમાં બેડી પહેરેલી સ્થિતિમાં ઊતરતા જોયા. આ દશ્યે ગેરકાયદે વસાહતીઓને ગંભીર વિષય બનાવી દીધો. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઑફ માઈગ્રેશન (આઈઓએમ)ના જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૨૦માં દુનિયામાં કુલ ૨૫,૧૦,૦૦,૦૦૦ વસાહતી હતા જે દુનિયાની વસતીના ૩.૬ ટકા જેટલા છે. આજે એક અંદાજ પ્રમાણે આશરે ૩૨થી ૩૫ કરોડ વસાહતી વિવિધ દેશોમાં રહે છે. આમાંથી પાંચથી દસ ટકા ગેરકાયદે એટલે કે પોણા બે કરોડથી સાડાત્રણ કરોડ વસાહતી છે. આમાં સૌથી મોટી સંખ્યા એટલે કે ૧,૦૩,૦૦,૦૦૦ વસાહતી અમેરિકામાં છે.

વસાહતી માટે અંગેજીમાં માઈગ્રન્ટ શબ્દ છે જે લેટિન ભાષાના માઈગ્રે શબ્દ પરથી આવ્યો છે. આ શબ્દનો અર્થ થાય છે એક જગ્યાથી બીજી જગ્યાએ જવું. દુનિયામાં એક સ્થાનથી બીજા સ્થાન પર જવું એ માનવીની હાલની પ્રવૃત્તિ નથી. માનવી આદી કાળથી ફરવાની વૃત્તિવાળો રહ્યો છે અને પ્રવાસ માટે એક જગ્યાથી બીજી જગ્યા ફરતો રહ્યો છે. સત્ય તો એ છે જાણીતા ઈતિહાસકાર યુવાલ નોવા હરારીના જણાવ્યા મુજબ માનવીના વિકાસનું કારણ સ્થળાંતર રહ્યું છે. આથી જ લોકો એક જગ્યાથી બીજી જગ્યા પર જાય છે. દુનિયામાં આ સમયે જે ૩૨થી ૩૫ કરોડ વસાહતી છે જેમાંથી ૧૫ ટકા વીસ વર્ષથી પણ નાની વયના છે, જ્યારે ૧૨ ટકા ૬૫ વર્ષથી વધારે વયના છે. આથી એમ કહી શકાય કે જે વસાહતી છે એમાં ૭૩ ટકા વર્કફોર્સ કે કાર્યબળનો ભાગ છે. એક રીતે જોવા જઈએ તો જે લોકો ઉત્પાદન અને સેવાની વિસ્તૃત કડી છે એમાં મોટી હિસ્સેદારી આ પ્રવાસીઓની રહી છે. એ પણ વાસ્તવિક વાત છે કે હાલમાં સમયમાં ટુરીઝમ તો ઠીક છે, પરંતુ ગેરકાયદે વસાહતીઓ આખી દુનિયામાં માથાનો દુખાવો બન્યા છે.

ગેરકાયદે વસાહતી એ લોકો છે જે યોગ્ય દસ્તાવેજો વગર કોઈ પણ દેશમાં પહોંચી જાય છે. આ ગેરકાયદે જવાના રૂટને 'ડંકી રૂટ' કહેવામાં આવે છે. આશરે પોણા બે કરોડથી માંડીને સાડાત્રણ કરોડ લોકો વિવિધ દેશોમાં ડંકી રૂટની મદદથી પહોંચ્યા છે. આ લોકો ચિંતાનો વિષય બની ગયા છે. ખાસ કરીને પશ્ચિમના દેશો માટે કારણ કે તેઓએ જે વિકાસ, રોજગારની તક. સુરક્ષા અને સુવિધા દેશવાસીઓ માટે ભેગી કરી હોય એમાં ગેરકાયદે વસાહતી ભાગ પડાવે છે. અમેરિકાના હાલના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આને ચૂંટણીનો મુદ્દો બનાવ્યો હતો અને પરિણામ પછી હવે એ કહેવાની જરૂર નથી કે અમેરિકાના લોકોએ ટ્રમ્પને જોરદાર ટેકો આપ્યો હતો. ફક્ત અમેરિકા નહીં, યુરોપના વિકસિત દેશ જેવા કે જર્મની, ફ્રાન્સ , ઈંગ્લેન્ડમાં ગેરકાયદે વસાહતી એ વિસ્ફોટક રાજકીય મુદ્દો બન્યો છે. કારણ કે આ વિકસિત દેશોમાં મિડલ ઈસ્ટના મુસ્લિમ દેશોના ૫૦ લાખ વસાહતી આવ્યા છે. આ દેશોમાં કતલેઆમ અને આતંકવાદના ભયથી આ લોકો યુરોપમાં આવી ગયા છે. આને લીધે યુરોપના દેશમાં અસુરક્ષા ઊભી થઈ છે અને ગુનાખોરી વધી છે. તથા રોજગાર અને બીજી નાગરિક સુવિધા પર દબાણ આવ્યું છે. ફ્રાન્સ, જર્મની અને ઈંગ્લૅન્ડમાં તાજેતરના વર્ષમાં લોકો વસાહતી વિરુદ્ધ દેખાવો કરવા સડક પર ઉતર્યા છે. આંદોલનકારની માગણી છે કે આ ગેરકાયદે વસાહતીઓને બને એટલા વહેલા દેશમાંથી હાંકી કઢાય

અમરિકામાં હાલમાં ગેરકાયદે પ્રવાસી મુખ્ય મુદ્દો હતો. જોકે યુરોપમાં તો તમામ વસાહતીઓને બહાર કાઢવાની માગણી થઈ રહી છે. દુનિયામાં વિકસિત દેશોમાંથી જે રીતે વસાહતીઓ નાણાં કમાઈને પોતાના મૂળ દેશમાં મોકલે છે એનાથી વિકસિત દેશોના લોકોમાં આક્રોશ, ગુસ્સો અને ચિંતા વધતા જાય છે. આને લીધે એ કહેવું આવશ્યક બની ગયું છે કે દુનિયાએ વસાહતીઓના મુદ્દા પર વિચારવિમર્શ કરીને એક વૈશ્વિક નીતિ ઘડવી જોઈએ. જો ભારતની વાત કરીએ તો દુનિયામાં વસાહતીમાં ભારતીયોની સંખ્યા વધારે છે. લગભગ ત્રણ કરોડ ભારતીયો વિદેશમાં રહે છે. બીજી બાજુ બાંગ્લાદેશ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બર્મા અને નેપાળના વસાહતી મોટી સંખ્યામાં રહે છે. દેખીતી રીતે ભારતમાં આ ચિંતાનો વિષય છે. ભારતમાં મહાનગરી મુંબઈ સૌથી વધારે કાયદેસર અને ગેરકાયદેસર વસાહતીના બોજાથી દબાયેલી છે. આ જ કારણથી મુંબઈમાં માળખાકીય સુવિધાઓ પર જબરદસ્ત સંકટ આવે છે. સ્વાસ્થ્ય, દેખભાળ, શિક્ષણ, જળ આપૂર્તિ અને જાહેર સુવિધાના મુદ્દે સ્થાનિક રહેવાસીઓ સંકટની સ્થિતિમાં રહે છે. ૧૯૬૧માં મુંબઈની ઝુંપડપટ્ટીમાં હિન્દુઓની વસતિ ૮૮ ટકા હતી. જોકે વર્ષ ૨૦૧૧ની જનગણના પ્રમાણે હિન્દુઓની વસતિ ૬૬ ટકા થઈ ગઈ અને મુસ્લિમ વસતી આઠ ટકાથી વધીને ૨૧ ટકા થઈ ગઈ આમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશનો અને મ્યાનમારના રોહિંગ્યાનો સમાવેશ થયા છે. એક સર્વે પ્રમાણે મુબઈની ઝુંપડપટ્ટીની જનસુવિધા પર ગેરક્યાદે વસાહતીનો બોજો વધ્યો છે. મુંબઈથી બાંગ્લાદેશમાં દર મહિના ૧૦થી ૧૨ કરોડ રૂપિયા મોકલવામાં આવે છે. તદ્ઉપરાંત મુંબઈમાં ઊભી થયેલી કાયદો અને વ્યવસ્થાની સમસ્યાનું કારણ ગેરકાયદે વસાહતી છે. આને દુનિયાના પરિપ્રેક્ષ્યમાં તો કહી શકાય કે જે દેશોમાં વધારે વસાહતીઓ રહે છે એ દેશના મૂળ લોકોમાં ગુસ્સો અને તનાવ છે. આનું કારણ એ છે કે વસાહતીઓ સુવિધા અને સગવડોમાં હિસ્સેદારી કરે છે અને અપરાધો તથા અસુરક્ષાની પીડા આપે છે.

સવાલ એ છે કે આ ગ્લોબલ પ્રોબ્લેમને કેવી રીતે ઉકેલવો. આખી દુનિયામાં આના પર વિચાર થઈ રહ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે ઈમિગ્રેશનના કાયદાને કડક બનાવવાની જ દર છે જેથી ગેરક્યાદે વસાહતીઓને રોકી શકાય. આ માટે વિઝા પ્રોસેસ કડક બનાવવાની જરૂર છે. વસાહતીઓ વિઝા લઈને પ્રવેશે છે પરંતુ મુદત પતે એટલે પાછા જતા નથી અને સંતાય જાય છે.

નિષ્ણાતોનો મત છે કે ગેરકાયદે વસાહતીની સમસ્યાનો સામનો કરવા ઓવરસ્ટે ટ્રેકિંગને કડક અને ફુલપ્રૂફ બનાવવું જોઈએ. બાયોમેટ્રિક સિસ્ટમ અને ડિજિટલ ટ્રેકિંગ પર ચાંપતી નજર રાખવી જોઈએ. નાગરિકત્વ અને શ્રમ સુધાર કાયદાઓ દેશના નાગરિકોને અનુકૂળ હોય એવા બનાવવા જોઈએ. અનેક દેશો પોતાના નાગરિકોને સારા વેતન આપે છે, પરંતુ વસાહતીઓને ઓછું વેતન આપે છે. આથી નાગરિકને બદલે વસાહતીઓને નોકરી મળે છે. આ દેશની સરકારે ઓછા વેતન આપતા ઉદ્યોગપતિઓ અને કારોબારીઓ સામે સખત કાર્યવાહી કરવી જોઈએ. જો વસાહતીઓને નાગરિકો જેટલું વેતન દેવું પડે તો કારોબારીઓ વસાહતીઓને નોકરીમાં નહીં રાખે. એક્સપર્ટની સલાહ છે કે ડ્રોન, બાયોમેટ્રિક્સ અને એઆઈની મદદથી ચોકીપહેરો સઘન બનાવવો જોઈએ. ટૂંકમાં કહીએ તો ૨૧મી સદીની મુખ્ય સમસ્યાનો ઈમાનદારીથી સામનો કરવો જોઈએ. જો આ સમસ્યાનો ઉકેલ નહીં શોધાય તો એ આખી દુનિયામાં ઊથલપાથલ મચી જશે અને ગુનાખોરી વધી જશે. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સરકાર એર ઈન્ડિયાની પેટા કંપનીઓમાંથી પોતાનો હિસ્સો વેચવાની પ્રક્રિયા શરૂ કરશે

મુંબઇ: કેન્દ્ર સરકાર એર ઇન્ડિયાની ભૂતપૂર્વ પેટાકંપનીઓમાં પોતાનો હિસ્સો વેચવાની યોજના બનાવી રહી છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, સરકાર મે મહિનાથી ભારત, સિંગાપોર અને યુરોપમાં રોડ શો યોજશે જેથી એર ઈન્ડિયા એર ટ્રાન્સપોર્ટ સર્વિસીસ, એરલાઈન એલાયડ સર્વિસીસ અથવા એલાયન્સ એર, એઆઇ એરપોર્ટ સર્વિસીસ લિમિટેડ, એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીસ અને હોટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં સંભવિત હિસ્સાના વેચાણ માટે રસ ધરાવનારા રોકાણકારોની આ એંગની ઇચ્છા અંગે માહિતી ચકાસી શકાય.

એક ખાનગી પોર્ટલના અહેવાલમાં એક વરિષ્ઠ સરકારી અધિકારીને ટાંકીને જણાવાયું કે સરકારે નાણાકીય વર્ષ ૨૬માં તેના વિનિવેશ લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે આ કંપનીઓમાં હિસ્સાના વેચાણને પ્રાથમિકતા તરીકે ઓળખી કાઢ્યું છે, તેમણે જણાવ્યું હતું કે, આ કંપનીઓ હાલમાં એર ઇન્ડિયા એસેટ્સ હોલ્ડિંગ લિમિટેડ પાસે છે, જે ૨૦૧૯માં એર ઇન્ડિયાની નોન-કોર એસેટ્સ અને દેવાને જાળવી રાખવા માટે સ્થાપિત એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (એસપીવી) છે.

ગયા વર્ષે, કેન્દ્ર સરકારે દેશની સૌથી મોટી જાળવણી, સમારકામ અને ઓવરહોલ (એમઆરઓ) કંપની એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીસના વિનિવેશ માટે મુંબઈમાં રોડ શોનું આયોજન કર્યું હતું અને કંપની માટે વિનિવેશ પ્રક્રિયા શરૂ કરવા માટે સંબંધિત મંત્રીઓના જૂથ (જીઓએમ)ની મંજૂરી મેળવી હતી.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, સરકાર ઓગસ્ટ સુધીમાં એર ટ્રાન્સપોર્ટ સર્વિસીસ, એઆઇ એરપોર્ટ સર્વિસીસ લિમિટેડ અને એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીસ માટે રસ ધરાવતા બિડર્સ પાસેથી રસના અભિવ્યક્તિઓ (ઇઓઆઇ) આમંત્રિત કરવાની યોજના ધરાવે છે, જેથી હિસ્સાના વેચાણની પ્રક્રિયા ૨૦૨૫ના અંત સુધીમાં પૂર્ણ કરવાની ખાતરી કરી શકાય. અંહી એ વાત નોંધવી રહી કે જ્યારે સરકાર એર ઈન્ડિયાની માલિકી ધરાવતી હતી, ત્યારે આ કંપનીઓ ૨૦૨૧ સુધી તેની પેટાકંપનીઓ હતી. એર ઇન્ડિયાને ટાટા ગ્રુપને વેચ્યા પછી, સરકારે તેમાંનો પોતાનો હિસ્સો અલગથી વેચવાનો નિર્ણય લીધો હતો.

એર ટ્રાન્સપોર્ટ સર્વિસીસ, એરલાઈન એલાયડ સર્વિસીસ અથવા એલાયન્સ એર, એઆઇ એરપોર્ટ સર્વિસીસ લિમિટેડ, એર ઈન્ડિયા એન્જિનિયરિંગ સર્વિસીસ અને હોટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડિસઇન્વેસ્ટમેન્ટને ૨૦૧૭માં એર ઇન્ડિયાના ડાઇવેસ્ટમેન્ટ સાથે કેબિનેટની મંજૂરી મળી હતી. આ એન્જિનિયરિંગ અને ગ્રાઉન્ડ હેન્ડલિંગ કંપનીઓના વેચાણથી લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયા એકત્ર થવાની અપેક્ષા હતી. ■

# ટેલિકોમ ક્ષેત્રે પગપેસારાની મસ્કની યોજના સામે અવરોધ

નવી દિલ્હી: એલોન મસ્કની સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા સ્ટારલિંકને ભારતમાં મંજૂરી મળી ગઈ છે, પરંતુ મસ્કના માર્ગમાં ચોક્કસપણે અવરોધો આવ્યા છે. એરટેલ અને જિયો સાથેના તાજેતરના સોદાઓએ સ્ટારલિંક માટે ભારતમાં પ્રવેશવાનો માર્ગ કંઈક અંશે સાફ કરી દીધો છે, પરંતુ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઇ) સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવા માટે લાયસન્સ સમયગાળો પાંચ વર્ષ સુધી મર્યાદિત કરવાની યોજના બનાવી છે. આ નિર્ણય એલોન મસ્કની કંપની સ્ટારલિંક માટે મોટો ફટકો હોઈ શકે છે, કારણ કે કંપનીએ ૨૦ વર્ષનું લાઇસન્સ માંગ્યું હતું.

ભારતમાં સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવાઓ માટે સ્પેક્ટ્રમ ફાળવણી અંગે મોટો વિવાદ થયો હતો. મસ્કની સ્ટારલિંક ૨૦ વર્ષ માટે સ્પેક્ટ્રમ મેળવવા માંગતી હતી જેથી તે લાંબા ગાળાનું આયોજન કરી શકે અને સસ્તી સેવાઓ પૂરી પાડી શકે. બીજી તરફ, મુકેશ અંબાણીની રિલાયન્સ અને ભારતી એરટેલ ઇચ્છતા હતા કે આ સમયગાળો ૩ થી ૫ વર્ષ સુધી મર્યાદિત રહે, જેથી ભારત સરકાર સમયાંતરે બજારનું મૂલ્યાંકન કરી શકે. હવે ટ્રાઇએ અંબાણી અને એરટેલના સૂચનને સ્વીકારવાનો નિર્ણય લીધો છે અને ૫ વર્ષની સમય મર્યાદા નક્કી કરી છે.

એલોન મસ્કની સ્ટારલિંકે તાજેતરમાં ભારતમાં તેની સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવાઓનો વિસ્તાર કરવા માટે રિલાયન્સ અને એરટેલ સાથે ડિસ્ટ્રીબ્યુશ ડીલ કરી છે. જોકે, આ બિઝનેસ મોડેલને સફળ બનાવવા માટે કંપનીને લાંબા ગાળાના લાયસન્સની જરૂર હતી. ટ્રાઈના આ નિર્ણયથી સ્ટારલિંકને ભારતમાં લાંબા ગાળાના રોકાણ અને કિંમત નિર્ધારણમાં મુશ્કેલી પડી શકે છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત પહેલા સેટેલાઇટ બ્રોડબેન્ડ બજારનું પરીક્ષણ કરવા માંગે છે, જેથી યોગ્ય સ્પેક્ટ્રમ કિંમત નક્કી કરી શકાય. હાલમાં, પરંપરાગત ટેલિકોમ કંપનીઓને હરાજી દ્વારા ૨૦ વર્ષ માટે સ્પેક્ટ્રમ મળે છે, પરંતુ સેટેલાઇટ સેવાઓ માટે, સ્પેક્ટ્રમ સસ્તા દરે અને મર્યાદિત સમયગાળા માટે ફાળવવામાં આવશે. ■

# સોલાર એનર્જી: ભારતે ૨૦૨૪માં ૨૫ ગીગાવોટ સૌર ઊર્જા ક્ષમતાનો ઉમેરો કરી નવો વિક્રમ નોંધાવ્યો

નવી દિલ્હી: સોલાર સેકટરના ડેવલપર્સ વર્ગે વિલંબિત પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે ઝડપ વધારી હોવાથી વર્ષ ૨૦૨૪માં સૌર ઊર્જા ક્ષમતા બમણાથી વધુ વૃદ્ધિ સાથે ૨૫.૨ ગીગાવોટ (જીવી)ને આંબી ગઇ હોવાનું અમેરિકન રિસર્ચ કંપની મેરકોમ કેપિટલે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું. યુએસ સ્થિત આ કંપનીએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું હતું કે, ૨૦૨૩ દરમિયાન દેશમાં ૮.૩ ગીગાવોટ જેટલી સૌર ક્ષમતાનો ઉમેરો થયો હતો.

અગાઉ વિલંબિત રહેલા પ્રોજેક્ટ્સની નોંધપાત્ર ક્ષમતા શરૂ થવાથી ૨૦૨૪માં ક્ષમતામાં વધારો થયો હોવાનું મેરકોમ ઇન્ડિયા સોલાર માર્કેટ અપડેટ રિપોર્ટમાં જણાવાયું છે. રિપોર્ટ અનુસાર, લાર્જ સ્કેલ સૌર પ્રોજેક્ટ્સ (સોલાર ઓપન એક્સેસ સહિત), કુલ ક્ષમતા વધારામાં ૮૭ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

જ્યારે રૂફટોપ સોલારનો ફાળો લગભગ ૧૩ ટકા છે. ઓપન એક્સેસ મૉડેલ હેઠળના સ્થાપનોમાં મોટા પાયે સૌર ક્ષમતા વધારામાં ૩૧ ટકાથી વધુનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૪માં લાર્જ સ્કેલ સૌર પ્રોજેક્ટ્સમાં રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર અગ્રણી રાજ્ય રહ્યાં હતા, જેમણે સોલર એનર્જીની ક્ષમતામાં અનુક્રમે ૩૨ ટકા, ૨૭ ટકા અને આઠ ટકા જેટલો વધારો નોંધાવ્યો હતો.

ભારતના સોલર એનર્જી સેગમેન્ટમાં ૨૦૨૪ દરમિયાન રેકોર્ડબ્રેક પ્રોજેક્ટસ જોવા મળ્યા હતા, પરંતુ ટ્રાન્સમિશન સમસ્યાઓ અને સપ્લાય ચેઇન વિલંબ ન હોત તો આ સંખ્યા નોંધપાત્ર રીતે વધુ હોત, એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

કંરનીના પ્રવકતાએ રિપોર્ટમાં પોતાનો અંદાજ જાહેર કરતા કહ્યું કે આયાત ડ્યુટી અને મોંઘા સ્થાનિક મોડ્યુલોને કારણે વધતા ખર્ચ ઉદ્યોગ માટે ચિંતાનો વિષય છે. ૨૦૩૦ના લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ૩૫ ગીગાવોટથી વધુ વાર્ષિક સૌર ઉમેરાઓની જરૂર હોવાથી, ઉદ્યોગને સ્પષ્ટ, સ્થિર નીતિઓની જરૂર છે જે સ્થાનિક ઉત્પાદનને સીમલેસ પ્રોજેક્ટ વિકાસ સાથે સંતુલિત કરે. ■

# જીડીપીમાં મહિલાઓનો ફાળો

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

મેકેન્ઝી ગ્લોબલ ઇન્સ્ટિટયૂટના વૈશ્વિક અર્થવ્યવસ્થામાં નારીના રોલ અંગે જે રિપોર્ટ છે તેમાં જાણવા મળે છે કે સાઉથ એશિયામાં અને વિશ્વમાં નારીનો રોલ શું છે. શું હોવો જોઇએ અને તેનાથી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં શું ફરક પડી શકે છે.

હોલિવૂડની મહાન કોમેડિયન મહિલા જોન રિવર્સ જે સપ્ટેમ્બર ૨૦૧૪માં લગભગ ૮૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામી તે હંમેશાં કહેતી હતી કે જો તેણે તેણી જાતને ઘરના કામકાજમાં કે જે ડોમેસ્ટિક મેડ કરી શકે તેમાં જ ગુજારી હોત તો તે આજે સફળ કોમેડિયન, ટીવી હોસ્ટ, ટીવી એંકર, રાઇટર અને પ્રોડ્યુસર ના હોતે.

મેકેન્ઝી તેના રિપોર્ટમાં જણાવે છે કે સાઉથ એશિયામાં ૯૦ ટકા નારીઓની જિંદગી ક્લિનિંગ, કુકિંગની અનપેઇડ જેવી થેંકલેસ જોબમાં જ પૂરી થઇ જાય છે. ભારતના ટોટલ વર્કફોર્સમાં નારીઓની સંખ્યા જૂજ છે અને કુલ જીડીપીમાં તેનો ફાળો માત્ર ૧૭ ટકા જ છે.

જયારે ચીનની કુલ જીડીપીમાં નારી શક્તિનો ફાળો ૪૧ ટકા છે.

રિપોર્ટ વધુમાં જણાવે છે કે વિકાસશીલ અને વિકસિત દેશોમાં પણ હજુ પણ નારીઓને નોકરીમાં પ્રમોશન, પગાર અને જોબ કવોલિટીમાં પુરુષ કર્મચારીના પ્રમાણમાં સહન કરવું પડે છે.

સાઉથ એશિયામાં નારીઓ ઘર, બાળકો, ઘરના સભ્યોની સંભાળ, રસોઇ અને ઘરકામ કરે છે તેનું મૂલ્ય રૂપિયામાં તોલવુ બહુ મુશ્કેલ છે અને તે રકમ જીડીપીમાં જોડી નથી શકાતી. કારણ કે તે અનપેઇડ જોબ છે! રિપોર્ટમાં જણાવ્યું છે કે જો આ નારીઓ બહાર જોબ કરે તો તેઓ કમાશે તેટલું જ નહીં પણ ઘરકામ કરનારી મહિલાઓને કામ મળશે અને આમ ડબલ રોજગાર પેદા કરી શકાશે. લોકોનું જીવનધોરણ સુધરશે તેટલું જ નહીં પણ દેશની જીડીપીમાં આના કારણે ૫ ટકા જેટલો વધારો થઇ શકશે.

આ રીતે જો દુનિયાના બધા દેશોમાં નારીઓ ઘરકામ છોડીને કે તેની સાથે બહાર જોબ કરવા લાગે તો દુનિયાની જીડીપી ૨૮.૪ ટ્રિલિયન ડૉલર્સની થઇ શકે છે અને જે તે દેશોની કુલ જીડીપીમાં ૫ ટકાથી લઇને ૨૦ ટકા જેટલો તોતિંગ વધારો કરી તેઓની આર્થિક સ્થિતિમાં આમૂલય પરિવર્તન લાવી શકે છે. નારીઓના કામ કરવાથી જે તે દેશ કે સમૂહની આર્થિક સ્થિતિમાં ફાયદો થઇ શકે છે. તેનો અંદાજ નીચે મુજબ છે. દા. ત. ભારતમાં જો નારીઓ ઘરકામની સાથે અથવા ઘરકામમાં બીજા કર્મચારીઓને રાખીને જોબ કરે તો આર્થિક ફાયદો ૬૦ ટકા સુધી થઇ શકે છે.

ભારતમાં શિક્ષિત, અર્ધશિક્ષિત કે અશિક્ષિત નારીઓને ઘરની ચાર દીવારીમાં જિંદગી ગુજારવા મજબૂર કરવામાં અજ્ઞાનતા, સામાજિક પછાતતા, શંકાશીલ સ્વભાવ કે જો નારીઓ બહાર જોબ કરીને પૈસા કમાશે તો સ્વતંત્ર કે આઝાદ થઇ જાશે કે પછી ઘરની આર્થિક સ્થિતિ સારી હોવાના કારણે નારીઓની આવક બિનજરૂરી છે તેવા ઘણા કારણો છે. પણ આ બધાના કારણે સામાજિક અને આર્થિક નુકસાન બહુ મોટું થઇ રહ્યું છે. કારણકે તેનાથી દેશ સમાજના એક મોટા વર્ગની શૈક્ષણિક અને બુદ્ધિધનનો લાભ ગુમાવી રહ્યો છે. આપણે જોઇ શકીએ છીએ કે વિદેશમાં અને દેશમાં કેટલીય બૅન્કસ જેવી કે સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, એક્સિસ બૅન્ક, આઇસીઆઇસીઆઇ બૅન્ક, એચએસબીસી બૅન્ક, બાયોફોન કંપની અને પેપ્સીકોલા જેવી કંપનીઓમાં નારીઓ ઉચ્ચ હોદા પર બેસીને અમૂલ્ય સેવાઓ આપી રહી છે.

અફસોસની વાત તો એ છે કે ભારતમાં ૭૦ અને ૮૦ના દશકાઓમાં ૧૭ વર્ષ મહિલા વડાં પ્રધાન અને કેટલાય રાજયોમાં મહિલા મુખ્ય મંત્રીઓ હોવા છતાં ૨૧મી સદીમાં માત્ર પુરુષના પ્રમાણમાં બહુ ઓછી નારીઓ જોબ કરે છે. આમ નારી શક્તિને વિકસાવવા ઉપર કયારેય ધ્યાન કેન્દ્રિત નથી કરવામાં આવ્યું.

માત્ર ઇન્ટરનેશનલ વિમન્સ ડે ઉજવવાથી નારીઓનો વિકાસ નથી થવાનો. ભારત અને વિશ્વના અન્ય દેશોએ મહિલા પાવરનો ઉપયોગ કરીને તેઓની અને સમાજની આર્થિક સ્થિતિ સુધારવાની જરૂરત છે અને તેના માટે જરૂરી છે સમાજમા નારીઓનું સ્થાન ઘરની ચાર દીવારીમાંથી બહાર કાઢીને તક આપીને યોગ્ય જગ્યાએ આપવાનું જેમ કે બ્રિટનની ભૂતપૂર્વ મહિલા વડાં પ્રધાન માગરિટ થેચરનું કહેવું હતું કે ‘એની વુમન હૂ અન્ડરસ્ટેન્ડસ ધ પ્રોબ્લેમ ઓફ રનિંગ અ હોમ વીલ બી નીઅરર ટુ અંડરસ્ટેન્ડિંગ ધ પ્રોબ્લેમ્સ ઑફ રનિંગ અ કન્ટ્રી.’

| દેશ | આર્થિક ફાયદો |
|---|---|
| ભારત | ૬૦ ટકા |
| મીડલ ઇસ્ટ અને નોર્થ આફ્રિકા | ૫૦ ટકા |
| સાઉથ એશિયા ભારત સિવાયના દેશો | ૪૫થી ૫૦ ટકા |
| લેટીન અમેરિકા | ૪૦ ટકા |
| ઇસ્ટ અને સાઉથ ઇસ્ટ એશિયા | ૩૦થી ૪૦ ટકા |
| વેસ્ટર્ન યુરોપ | ૩૦ ટકા |
| ચીન | ૨૦થી ૨૫ ટકા |

# આઇઆઇએફએલ કેપિટલને સેબીની ડ્યુ ડિલિજન્સ સંદર્ભે ચેતવણી

નવી દિલ્હી: શેરબજાર નિયમનકાર ધી સિક્યુરટિઝિ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ આઇઆઇએફએલ કેપિટલ સર્વિસીસને કંપનીના મર્ચન્ટ બેંકિંગ વિભાગ દ્વારા સંભાળવામાં આવતા દેવાના મુદ્દાઓમાં ડ્યુ ડિલિજન્સ અંગે ચેતવણી આપી છે.

સ્ટોક એક્સચેન્જોને પાછઠવેલી સ્પષ્ટતામાં, આઇઆઇએફએલ કેપિટલએ જણાવ્યું હતું કે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ સાતમી માર્ચ, ૨૦૨૫ના રોજ એક વહીવટી ચેતવણી પત્ર જારી કર્યો છે.

નિયમનકારે પહેલી એપ્રિલ, ૨૦૨૨થી ૩૦ એપ્રિલ, ૨૦૨૨ના સમયગાળા માટે કંપનીના મર્ચન્ટ બેંકિંગ વિભાગ દ્વારા સંભાળવામાં આવતા દેવાના મુદ્દાઓ અંગે નિરીક્ષણ કર્યું હતું. આઇઆઇએફએલ કેપિટલે જણાવ્યું હતું કે સેબીના પગલાંથી કંપની પર કોઈ નાણાકીય અસર પડી નથી. ■

# ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં પણ મંદી: એક્સપોર્ટ શિપમેન્ટમાં ચિંતાજનક ઘટાડો

નવી દિલ્હી: ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં પણ મંદીનો માહોલ જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં નિકાસમાં ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. વર્ષની શરૂઆતમાં મિડરેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં ઘણા નવા ફોન લોન્ચ થયા હોવા છતાં એક્સપોર્ટમાં ઘટાડો ચિંતાનો વિષય હોવાનું નિષ્ણાતો માને છે.

ભારતીય સ્માર્ટફોન બજાર હવે એકાએક મંદીનો સામનો કરી રહ્યું છે. આ વર્ષે જાન્યુઆરી દરમિયાન નિકાસમાં વાર્ષિક ધોરણે ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. આઈડીસી અનુસાર ૨૦૨૫ના પહેલા મહિનામાં માત્ર ૧.૧૧ કરોડ સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. મિડ રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં નવા ફોન લોન્ચ થયા હોવા છતાં ગ્રાહક માગ નબળી રહી છે અને તેના કારણે જ નિકાસમાં ઘટાડો થયો છે.

આઈડીસીના રિપોર્ટ અનુસાર આ વર્ષની શરૂઆતમાં મિડ-રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં ઘણા નવા ફોન લોન્ચ થયા હોવા છતાં નિકાસમાં ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. નબળી ગ્રાહક માંગ વચ્ચે સરપ્લસ ઉત્પાદનને કારણે સ્માર્ટફોન નિકાસના સંદર્ભમાં માર્કેટ જાન્યુઆરી ૨૦૨૪ના સ્તર સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યું છે.

૨૦૨૪ના ચોથા ક્વાર્ટરમાં પણ સ્માર્ટફોન માર્કેટમાં નબળો ગ્રોથ જોવા મળ્યો હતો. શિપમેન્ટ ૩ ટકા ઘટીને ૩.૬ કરોડ યુનિટ રહ્યું હતુ. જોકે બજારના ઘટાડા છતાં એપલે વિકાસની અવિરત ગતિ ચાલુ રાખી છે. એપલના વાષક ધોરણે ૧૧.૭ ટકાના ગ્રોથ સિવાય ઓપ્પોએ પણ ૫.૯ ટકાનો વૃદ્ધિદર નોંધ્યો હતો. એપલ ૧૧.૪ ટકા બજાર હિસ્સા સાથે ટોચની પાંચ બ્રાન્ડમાં સ્થાન ધરાવે છે. ■

## દેશ-વિદેશ

# ઈસરોએ એલવીએમ૩-એમ૬ મિશન માટે ક્રાયોજેનિક એન્જિનનું ફ્લાઇટ પરીક્ષણ હાથ ધર્યું

બેંગલૂરુ: ઈસરોએ શનિવારે જણાવ્યું હતું કે તેણે તમિળનાડુમાં ઈસરો પ્રોપલ્શન કોમ્પ્લેક્સ, મહેન્દ્રગિરી ખાતે એલવીએમ૩ લોન્ચ વ્હિકલ (એલવીએમ૩-એમ૬)ના છઠ્ઠા ઓપરેશનલ મિશન માટે ઓળખવામાં આવેલા ક્રાયોજેનિક એન્જિનનું ફ્લાઇટ એક્સેપ્ટન્સ હોટ પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધર્યું છે.

એલવીએમ૩ (લોન્ચ વ્હિકલ માર્ક-૩) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા વિકસિત ત્રણ તબક્કાનું મધ્યમ-લિફ્ટ પ્રક્ષેપણ વાહન છે.

ઈસરોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફ્લાઇટ માટે તેની સ્વીકૃતિની પ્રક્રિયાના ભાગરૂપે દરેક મિશનના ક્રાયોજેનિક એન્જિનનું એક્સેપ્ટન્સ હોટ પરીક્ષણ કરવામાં આવે છે.

એલવીએમ૩ના ક્રાયોજેનિક અપર સ્ટેજમાં વપરાતા સ્વદેશી ક્રાયોજેનિક એન્જીન (સી ઈ ૨૦) માટે હોટ ટેસ્ટ અત્યાર સુધી ઈસરો પ્રોપલ્શન કોમ્પ્લેક્સ (IPRC) ખાતે હાઈ-એલ્ટિટ્યૂડ ટેસ્ટ (હેટ) સુવિધામાં કરવામાં આવ્યા હતા, જ્યાં વેક્યૂમ સ્થિતિ જટિલ ઇન્સ્ટોલેશન સાથે સિમ્યુલેટ કરવામાં આવે છે, મહત્તમ હોટ ટેસ્ટ સેકન્ડ સમયગાળો ૨૫ સુધી મર્યાદિત કરે છે.

“વર્તમાન પરીક્ષણમાં, બિન-વેક્યૂમ પરિસ્થિતિઓમાં નવીન નોઝલ પ્રોટેક્શન સિસ્ટમનો ઉપયોગ કરીને પ્રથમ વખત ૧૦૦ સેકન્ડના લાંબા સમયગાળા માટે એન્જિનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું,” એમ ઈસરોએ જણાવ્યું હતું.

અવકાશ એજન્સીએ જણાવ્યું હતું કે આ પરીક્ષણ પદ્ધતિ ક્રાયોજેનિક એન્જિનના ફ્લાઇટ એકસેપ્ટન્સ પરીક્ષણ માટે જરૂરી સેટઅપ સમય અને પ્રયત્નોને નોંધપાત્ર રીતે ઘટાડે છે, જે બદલામાં અવકાશ મિશન માટે ક્રાયોજેનિક તબક્કાઓને ઝડપી પહોંચાડવામાં મદદ કરે છે.

“સી ઈ ૨૦ એન્જિનનું પ્રદર્શન પરીક્ષણના તમામ ઉદ્દેશ્યોને પૂર્ણ કરે છે અને પરિમાણ પરીક્ષણના સમગ્ર સમયગાળા દરમિયાન અનુમાન સાથે ગાઢ રીતે મેળ ખાતા હતા,” એમ ઈસરોએ જણાવ્યું હતું.

વધુમાં, આ એન્જિનને એલવીએમ૩-એમ૬ મિશન માટે લોન્ચ વ્હીકલના ક્રાયોજેનિક અપર સ્ટેજમાં એકીકૃત કરવામાં આવશે, જે ૨૦૨૫ના બીજા ભાગમાં નિર્ધારિત છે, એમ નિવેદનમાં જણાવ્યું છે. ■

# પ્રમોશન સહિતની માગ સાથે રાજસ્થાન પોલીસની હોળીની ઉજવણીનો બહિષ્કાર

જયપુર: રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં રાજસ્થાન પોલીસના કર્મચારીઓએ પ્રમોશન અને પગારની વિસંગતતાઓને દૂર કરવા સહિતની તેમની માગણીઓના સમર્થનમાં શનિવારે હોળીની ઉજવણીથી પોતાને દૂર રાખ્યા હતા.

પરંપરાગત રીતે, પોલીસકર્મીઓ ધુળેટીના દિવસે રંગના તહેવારની ઉજવણી કરે છે કારણ કે તેઓ તહેવારના દિવસે કાયદો અને વ્યવસ્થાની ફરજમાં રોકાયેલા રહે છે. ધુળેટીના બીજા દિવસે, તેઓ હોળીની ઉજવણી કરવા પોલીસ લાઈન્સમાં ભેગા થાય છે.

રાબેતા મુજબ, રાજ્યભરની પોલીસ લાઈન્સમાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા હોળીની ઉજવણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, જયપુર, જોધપુર, ઉદયપુર અને અન્ય જિલ્લાઓમાં પોલીસ લાઇન ખાલી રહી હતી.

કોટા, ભરતપુર, પાલી, સવાઈ માધોપુર અને ભીલવાડામાં, પોલીસોએ એસપી સહિતના વરિષ્ઠ અધિકારીઓ સાથે હોળી રમતા, એકબીજા પર ગુલાલ અને રંગો લગાવીને અને ડીજે મ્યુઝિક પર ડાન્સ કરીને ઉજવણી ચાલુ રાખી હતી.

કોટાની એસપી અમૃતા દુહાએ મહિલા પોલીસ કર્મચારીઓ સાથે ડીજેના તાલે ડાન્સ કર્યો હતો. તેવી જ રીતે, ભરતપુરમાં એસપી મૃદુલ કાચવાએ અધિકારીઓ સાથે હોળી રમી હતી.

જોકે, ભાગ લેનાર પોલીસકર્મીઓની સંખ્યા સામાન્ય કરતાં ઓછી હતી. પૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે માગણી કરી હતી કે મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા તાત્કાલિક આ મામલામાં હસ્તક્ષેપ કરે અને પોલીસકર્મીઓની માગણીઓ પર ધ્યાન આપે.

કેબિનેટ પ્રધાન કિરોડી લાલ મીણા પણ માગણીઓના સમર્થનમાં આવ્યા હતા અને કહ્યું કે તેઓ આ મુદ્દો સરકાર સમક્ષ ઉઠાવશે. ■

# ઝારખંડના ગિરિડીહમાં અથડામણમાં સામેલ લોકોને ઝડપવા સર્ચ ઓપરેશન શરૂ

રાંચી: ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં હોળીના સરઘસ દરમિયાન થયેલી અથડામણમાં સામેલ લોકોને ઝડપવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

નોંધનીય છે કે ઘોરથંબા વિસ્તારમાં શુક્રવારે એક સરઘસ દરમિયાન બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં અનેક લોકો ઘાયલ થયા હતા. તેમજ ઘણી દુકાનો અને વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. ગિરિડીહના એસપી બિમલ કુમારના જણાવ્યા અનુસાર પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. ઘટનામાં સામેલ લોકોની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમને પકડવા માટે શોધખોળ ચાલી રહી છે. તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે વિસ્તારમાં શાંતિ જાળવવા માટે મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ પણ તૈનાત કરવામાં આવ્યા છે. દરમિયાન ઝારખંડ ભાજપના વડા અને વિપક્ષના નેતા બાબુલાલ મરાંડીએ આ ઘટના માટે જેએમએમના નેતૃત્વ હેઠળની સરકારને જવાબદાર ઠેરવી હતી. તેમણે એક્સ પર જણાવ્યું કે ગિરિડીહના ઘોરથંબામાં હોળીની શોભાયાત્રા પર પથ્થરમારો અને આગચંપીની દુ:ખદ ઘટના હેમંત સોરેન સરકારના તુષ્ટિકરણની રાજનીતિ અને વહીવટીતંત્રની નિષ્ફળતાનું પરિણામ છે. કેન્દ્રીય પ્રધાન અન્નપૂર્ણા દેવીએ આરોપ લગાવ્યો કે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા તકેદારીના અભાવે પરિસ્થિતિ વધુ વણસી છે. ■

# અમૃતસરમાં મંદિરની બહાર ધડાકો

અમૃતસર: અમૃતસરમાં એક મંદિરની બહાર વિસ્ફોટ થયો હતો. જેના કારણે મંદિરની દીવાલોને નુકસાન થયું હતું. તેમજ બારીના કાચ તૂટી ગયા હતા. આ જાણકારી અધિકારીઓએ શનિવારે આપી હતી.

જો કે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ ન હતી, પરંતુ અમૃતસરના ખંડવાલા વિસ્તારમાં રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાના સીસીટીવી ફૂટેજમાં બે અજાણ્યા વ્યક્તિઓ મોટરસાઇકલ પર ઠાકુર દ્વાર મંદિર તરફ આવતા જોવા મળે છે. અમૃતસરના પોલીસ કમિશ્નર ગુરપ્રીત સિંહ ભુલ્લરે જણાવ્યું કે મંદિરના પૂજારીએ રાત્રે લગભગ બે વાગ્યે પોલીસને ઘટનાની જાણ કરી હતી. ■

# પંજાબમાં શિવસેના નેતાની હત્યા કેસમાં ત્રણની ધરપકડ

ચંદીગઢ: પંજાબ પોલીસે મોગા જિલ્લામાં શિવસેના નેતાની હત્યાના સંબંધમાં ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ માહિતી સત્તાવાર સૂત્રોએ શનિવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મુક્તસર જિલ્લાના મલોટમાં પોલીસ સાથે અથડામણ બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના મોગા જિલ્લા પ્રમુખ મંગત રાયની ગુરુવારે મોડી રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ગોળીબારમાં ૧૨ વર્ષનો એક છોકરો પણ ઘાયલ થયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.ગુરુવારે રાત્રે કરિયાણાની ખરીદી કરવા માટે મંગા(૫૨) પોતાના ઘરેથી નીકળ્યા હતા ત્યારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે ત્રણ અજાણ્યા શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો. એક અધિકારીના જણાવ્યા અનુસાર પહેલી ગોળી મંગાને ન વાગતા ૧૨ વર્ષના છોકરાને વાગી હતી અને ઘાયલ થયો હતો. ત્યારબાદ મંગા ટુ-વ્હીલર પર ભાગી ગયો હતો. હુમલાખોરોએ તેનો પીછો કર્યો અને મંગા પર ફરી ગોળીબાર કર્યો હતો. ■




# મુંબઈમાં સૌપ્રથમ સુપર સ્પેશિયાલિટી કેટરેક્ટ સેંટરઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક

*ધ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે કેટાલિસ અને એક્ટિવ સેન્ટ્રી જેવા અત્યાધુનિક મશીન દ્વારા ઝડપથી, પીડારહિત, સચોટ, સલામત અને બ્લેડ - ફ્રી પ્રક્રિયા દ્વારા કેટરેક્ટ દૂર કરવામાં આવે છે. નેનો SLT જેવા મશીન દ્વારા પાંપણના પલકારામાં ગ્લુકોમાને નાથી શકાય છે. એન્જિયોવ્યૂ દ્વારા રેટિના સંબંધિત ક્ષતિ પણ સલામત અને સરળ પ્રક્રિયા દ્વારા સમાધાન સાધવામાં આવે છે. ચશ્માના નંબર દૂર કરવા માટે સ્માઇલ જેવી અત્યાધુનિક મશીનરી ઉપલબ્ધ છે.*



ભારતમાં દર વર્ષે 83.4 લાખ લોકો કેટરેક્ટ (મોતિબિંદુ)ની સર્જરી કરાવે છે. હકીકતમાં ભારતીયજનને દૃષ્ટિહીન કરનારી ક્ષતિઓમાં મોખરાને સ્થાને કેટરેક્ટનું નામ આવે છે. હાલને તબક્કે નવજાત શિશુથી લઇને પ્રૌઢ વયના લોકોને ભરડામાં લેનાર કેટરેક્ટનું હવે સમાધાન સાધવું ખૂબ સુલભ અને સરળ બન્યું છે. લેટેસ્ટ મશીન અને કાબેલ, નિપુણ તબીબને કારણે કેટરેક્ટની શસ્ત્રક્રિયા સફળ પણ સાબિત થઇ છે. મુંબઇમાં કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર તથા વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડો. સાયરસ મહેતાને ત્યાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ લેસર નામે અત્યાધુનિક મશીન છે. આ ઉપરાંત એક્ટિવ સેન્ટ્રી, ટોમી સ્પેક્યુલર માઇક્રોસ્કોપ, નિકોન ઓપ્ટોસ મશીન અને લેન્સના પાવર માપવા માટે IOL - 700 જેવા અનેક મશીનનો કાફલો છે. જેને પરિણામે પાંપણના પલકારામાં કેટરેક્ટ દૂર કરી શકાય છે. આ કારણસર ફક્ત દેશ-વિદેશથી કેટરેક્ટગ્રસ્ત સમાધાન સાધવા માટે ડો. સાયરસ મહેતાનો સંપર્ક સાધે છે. ડો. સાયરસ મહેતા હાલપર્યંત આશરે 35000થી વધારે કેટરેક્ટની સફળ સર્જરી કરી ચૂક્યા છે. તાજેતરમાં 'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે સ્વલિખિત બે પુસ્તક પ્રકાશિત થયાં છે. ડો. સાયરસ મહેતાને મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ હસ્તે મુંબઇના અગ્રણી આઇ-સર્જનનો સહિત અનેક એવોર્ડ, અકરામ, સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા છે. મુંબઇમાં સૌપ્રથમ સુપર સ્પેશિયાલિટી કેટરેક્ટ સેંટર તરીકે પ્રખ્યાત ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર - વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડો. સાયરસ મહેતા સાથેની મુલાકાતના મુખ્ય અંશઃ

▸ **પ્રશ્નઃ સૌપ્રથમ તો એ જણાવો કે કેટરેક્ટ એટલે શું? તેના ભરડામાં કોણ સપડાય છે?**

**ડો. સાયરસ મહેતાઃ** સામાન્યપણે ઉંમર વધવાને લીધે લેન્સની કુદરતી રચનામાં ખામી સર્જાય છે. જે રીતે વયોવૃદ્ધિને પરિણામે વાળ સફેદ થવા ઉપરાંત પાંખા થતા જાય છે. એ રીતે આંખના લેન્સમાં પણ સફેદી સર્જાય છે, જેને કેટરેક્ટ કહેવામાં આવે છે. ડાયાબિટીસ, કિડનીની બીમારી, ઝામર (ગ્લુકોમા), ધૂમ્રપાન, આંખમાં ઇજા થવી કે ઇન્ફેક્શન જેવા કારણને લીધે પણ કેટરેક્ટ સર્જાય છે. આ ઉપરાંત ચોક્કસ દવાનો લાંબા સમય સુધી ઉપયોગ, રેડિયેશન તથા ફેમિલી હિસ્ટરી જેવા પરિબળને પરિણામે પણ કેટરેક્ટ સર્જાય છે. અપવાદરૂપ કિસ્સામાં માતામાં રહેલી વિટામિન-એ અને વિટામિન-સીની અછત કે રૂબેલા નામે ઓળખાતી બીમારી જેવા અનેક કારણોસર નવજાત શિશુ પણ કેટરેક્ટ સાથે જન્મે છે.

▸ **પ્રશ્નઃ કેટરેક્ટનું સમાધાન કેવી રીતે સાધી શકાય?**

**ડો. સાયરસ મહેતાઃ** કેટરેક્ટનું સમાધાન કોઇ પણ ટીપાં, મલમ કે અન્ય દ્વારા સાધી શકાતું નથી. ફક્ત અને એકમાત્ર સર્જરી દ્વારા જ કેટરેક્ટનું સમાધાન સાધી શકાય છે.

▸ **પ્રશ્નઃ હાલપર્યંત કેટાલિસ લેસર દ્વારા કેટરેક્ટની કેટલી સર્જરી કરી ચૂક્યા છો?**

**ડો. સાયરસ મહેતાઃ** કેટરેક્ટ દૂર કરવા માટે સમગ્ર મહારાષ્ટ્રમાં સૌપ્રથમ કેટાલિસ લેસર મશીન આણવાનું શ્રેય અમારા ક્લિનિકને ફાળે જાય છે. આમ તો 35,000થી વધારે કેટરેક્ટ સર્જરી કરી ચૂક્યો છું, પરંતુ કેટાલિસ લેસર દ્વારા આશરે 20,000થી વધારે કેટરેક્ટની સફળ સર્જરી કરી છે.

▸ **પ્રશ્નઃ કેટરેક્ટ દૂર કરવાની પરંપરાગત પ્રક્રિયાથી કેટાલિસ લેસર કઇ રીતે અલગ છે?**

**ડો. સાયરસ મહેતાઃ** પરંપરાગત પ્રક્રિયા દ્વારા હાર્ડ કેટરેક્ટ દૂર કરતી વખતે કોર્નિયા તથા તેની અંદરની લાઇનિંગ બળવાની સંભાવના રહે છે. ડાયાબિટીસગ્રસ્ત લોકોને માટે વધારે જોખમી સાબિત થાય છે. જેને પરિણામે રૂઝ આવતા લાંબો સમય લાગે છે. એની સરખામણીમાં કેટાલિસ દ્વારા માત્ર ત્રીસથી ચાલીસ સેકંડમાં લેસર દ્વારા કેટરેકટને ચૂરચૂર કરવામાં આવે છે. ત્યાર બાદ અલ્ટ્રાસાઉન્ડ એનર્જીનો ઉપયોગ કર્યા વગર અથવા તો નહીંવત પ્રમાણમાં ઉપયોગ કરીને ચૂર કરેલા કેટરેક્ટને ખેંચી કાઢવામાં આવે છે. હાર્ડ કેટરેક્ટ માટે પણ આ પ્રક્રિયા અપનાવવામાં આવે છે. જેને પરિણામે કોર્નિયા કે તેની આસપાસના કોષ માટે બિલકુલ જોખમી સાબિત થતી નથી. કેટાલિસ લેસર મશીન હાર્ટ-પેશન્ટ, હાઇ-બ્લડપ્રેશરના રોગી કે ડાયાબિટીસગ્રસ્ત માટે પણ સલામત છે.

▸ **પ્રશ્નઃ કેટરેક્ટ દૂર કર્યા બાદ ક્યા લેન્સ ઇમ્પ્લાન્ટ કરવા જોઇએ?**

**ડો. સાયરસ મહેતાઃ** નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ છે. EDOF લેન્સ રિંગરહિત હોવાને પરિણામે રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી.

## કેટરેક્ટ દૂર કરવાની પરંપરાગત પ્રક્રિયા તથા કેટાલિસ લેસર વચ્ચેનો તફાવતઃ

| પરંપરાગત પ્રક્રિયાઃ | કેટાલિસની લેસર પ્રક્રિયાઃ |
|---|---|
| ▸ બ્લેડનો ઉપયોગ કરવામાં આવે છે | ▸ બ્લેડલેસ પ્રક્રિયા છે |
| ▸ સર્જને ઓછામાં ઓછો 2.2 મિ.મી.નો કાપ મૂકવો પડે છે | ▸ કેટાલિસ લેસર સંપૂર્ણપણે ઓટોમેટિક અને કમ્પ્યુટર સંચાલિત |
| ▸ અમુકવાર ટાંકા પણ લેવા પડે છે | ▸ ટાંકા પણ લેવાની જરૂર પડતી નથી. |
| ▸ સર્જરી માટે પાંચેક મિનિટથી વધારે સમય લાગે છે | ▸ ઓછો સમય લાગે છે |
| ▸ બ્લેડનો ઉપયોગ કરીને લેન્સને ચૂરચૂર કરવામાં આવે છે | ▸ લેસરનો ઉપયોગ કરીને લેન્સને ચૂરચૂર કરવામાં આવે છે |
| ▸ બહુધા પ્રમાણમાં અલ્ટ્રા સાઉન્ડ એનર્જીનો ઉપયોગ કરવામાં આવે છે | ▸ અલ્ટ્રાસાઉન્ડ એનર્જીનો બિલકુલ પણ ઉપયોગ કરવામાં આવતો નથી |
| ▸ હાર્ડ કેટરેક્ટ દૂર કર્યા બાદ લાંબે સમયે રાહત પ્રદાન થાય છે | ▸ હાર્ડ કેટરેક્ટ દૂર કર્યા બાદ પણ ઝડપથી રાહત પ્રદાન થાય છે |
| ▸ કોર્નિયા તથા આસપાસના કોષ માટે જોખમી છે | ▸ કોર્નિયા માટે સલામત છે |
| ▸ ચશ્માંના સિલિન્ડ્રિકલ નંબર દૂર કરી શકાતા નથી | ▸ ચશ્માંના સિલિન્ડ્રિક્લ નંબર દૂર કરી શકાય છે |
| ▸ અમુક કિસ્સામાં સચોટ અને ઉત્કૃષ્ટ સાબિત થતી નથી | ▸ ઉત્કૃષ્ટ પરિણામલક્ષી |

## કેટાલિસ લેસર મશીનના ✚ પોઈન્ટ

- ✚ કોર્નિયા માટે સલામત
- ✚ બ્લેડલેસ છે, લેસર દ્વારા આંખમાં પ્રવેશવામાં આવે છે
- ✚ હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે લાભદાયક
- ✚ સરળ, ઝડપી, પીડારહિત તથા ટૂંક સમયમાં રાહત પ્રદાન કરે છે
- ✚ જ્યાં લેન્સ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે તે સ્થાનનું પણ લેસર દ્વારા નિર્માણ
- ✚ મલ્ટિફોકલ લેન્સ વધારે સચોટતાપૂર્વક ઇમ્પ્લાન્ટ કરી શકાય છે
- ✚ ફેકો નહીં પણ લેસર દ્વારા કેટરેક્ટને ઓગાળવામાં આવે છે
- ✚ હાર્ડ બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે છે
- ✚ લેશમાત્ર પણ હિટ ઉત્પન્ન થતી નથી
- ✚ બેકઅપ પાવરની સુવિધાયુક્ત
- ✚ ગણતરીની સેકંડમાં કેટરેક્ટ છૂમંતર






Know yr Dr.

**નામઃ** ડૉ. સાયરસ મહેતા
**માનદ્ પદવીઃ** પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
**એડ્રેસઃ** વિઝન વિસ્ટા આઈ ક્લિનિક - ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
**કોન્ટેક્ટ નંબરઃ** 98198 50971 - 81049 59459 - 81049 76013 - 99674 39039
**Email:** cyresmehta@yahoo.com

# ઔરંગઝેબ તેરી કબર ખૂદેગી...



*છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલતાબાદ સ્થિત મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર*

## વીએચપી-બજરંગ દળની કબર તોડી પાડવાની ધમકી પછી મામલાને મળ્યો રાજકીય રંગઃ સલામતી વધારી દેવાઈ

મુંબઈઃ ઔરંગઝેબની કબરને તોડી પાડવી જોઈએ એવી માગનો સૂર વધી રહ્યો છે. અનેક સંગઠનો અને રાજકીય નેતાઓએ પણ હવે આમાં ઝુકાવ્યું છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે ચેતવણી આપી છે કે જો ઔરંગઝેબની કબર દૂર નહીં કરવામાં આવે તો બાબરીનું પુનરાવર્તન થશે. જોકે ત્યાર બાદ કબરની આસપાસ પોલીસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. છત્રપતિ શિવાજી મહારાજના માનમાં ઔરંગઝેબની સમાધિ દૂર કરવા માટે શિવજયંતી પર વીએચપી અને બજરંગ દળ એક અભિયાન શરૂ કરશે. આને કારણે વાતાવરણ થોડું ગરમાયું છે.

છત્રપતિ શિવાજી સંભાજીનગરમાં ઔરંગઝેબના મકબરા પાસે અચાનક સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ વિસ્તારમાં એસઆરપીની એક ટુકડીને તહેનાત કરી દેવામાં આવી છે. ૧૫ કર્મચારીઓ અને બે પોલીસ અધિકારીઓ કબર વિસ્તારમાં છે. કબર વિસ્તારમાં જવાના માર્ગમાં બે જગ્યાએ નાકાબંધી કરી દેવામાં આવી છે. બે ઠેકાણે ફિક્સ પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે. કબરની મુલાકાત લેતા પ્રવાસીઓનું સંપૂર્ણ રીતે સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે.

ફિલ્મ 'છાવા' બાદ ઔરંગઝેબના મકબરાનો વિવાદ વકર્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં અનેક રાજકીય

## -તો અયોધ્યા જેવી કારસેવાઃ બજરંગ દળ

મુંબઈઃ જિહાદી માનસિકતા ધરાવનાર ઔરંગઝેબે હિન્દુઓ પર અત્યાચાર કર્યો. રાજ્ય સરકાર અને મુખ્ય પ્રધાને તેની કબરનું અસ્તિત્વ જ રાખવું ન જોઇએ. જો એવું ન થયું તો કારસેવા આંદોલનની ચીમકી બજરંગ દળ દ્વારા આપવામાં આવી હતી. આ કારસેવા અયોધ્યાના છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ પ્રમાણે હશે એવું પણ બજરંગ દળે સ્પષ્ટ કર્યું હતું.

બજરંગ દળના મહારાષ્ટ્ર ગોવા વિસ્તારના સભ્ય વિવેક કુલકર્ણીએ આ ચીમકી આપી છે. આ વખતે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સહમંત્રી શરદ નગરકર પણ હાજર હતા. આ માટે ૧૭મી માર્ચ સોમવારથી છત્રપતિ શિવાજી મહારાજની જયંતિથી રાજ્ય વ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે. આલમગીરીના નામે જ કંઈ ચાલી રહ્યું છે તે રાજ્ય સરકારે બંધ કરાવવું. પારકાઓના નિશાન પણ આ દેશમાં જોઇએ નહીં. ઔરંગઝેબનું નિધન અહિલ્યાનગર શહેરમાં થયું. તેની કબર સંભાજીનગર શહેરમાં બનાવવામાં આવી. હિન્દુઓના ટેક્સના પૈસાથી તેની કબરનું જતન થઈ રહ્યું છે. તેથી તેના કોઇ નિશાન પણ દેશમાં ન રાખવા માટે મહારાજના સન્માન માટે બજરંગ દળ મેદાનમાં એવા આંદોલનની શરૂઆત કરવામાં આવી છે, એમ વિવેક કુલકર્ણીએ જણાવ્યું હતું. ■

## રાજકીય ઘમસાણ

### પ્રધાન શિરસાટ અને વિપક્ષી નેતા દાનવેએ તાણી સામસામી તલવારો

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલતાબાદમાં મોગલ શાસક ઔરંગઝેબની કબરના મુદ્દા પર શનિવારે શિવસેનાના બે જૂથો, સત્તાધારી શિવસેના અને વિપક્ષી શિવસેના (યુબીટી) વચ્ચે મોટા પાયે શાબ્દિક ટપાટપી જોવા મળી હતી.

મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અને શિવસેના (યુબીટી)ના અંબાદાસ દાનવેએ કહ્યું કે કબરની હાજરી એ વાત યાદ અપાવે છે કે મોગલ રાજાને પરાજિત કરવામાં આવ્યો હતો અને અહીં દફનાવવામાં આવ્યો હતો.

આપણે આપણી ભાવિ પેઢીઓને કહી શકીશું કે, ઔરંગઝેબ અહીં આવ્યો હતો અને આ ભૂમિમાં જ દફનાવવામાં આવ્યો હતો, તેમણે એમ પણ કહ્યું હતું કે, કબર હટાવવાની માગ 'આ ઇતિહાસનો અંત લાવવાનું કાવતરું' છે.

તેમણે કબર હટાવવા માગતા લોકોને 'જો હિંમત હોય તો જાઓ અને કરો' એમ કહીને પણ કબર હટાવવા માટે મોટો પડકાર ફેંક્યો હતો. તેમને વળતો જવાબ આપતાં રાજ્યના પ્રધાન સંજય શિરસાટે કહ્યું હતું કે, છત્રપતિ સંભાજી મહારાજને ત્રાસ આપનારા અને ફાંસી આપનારા ક્રૂર સમ્રાટની કબર માટે મહારાષ્ટ્રમાં કોઈ સ્થાન નથી.

'તે દૂર કરવી જ જોઈએ. જે લોકો ઔરંગઝેબ અને તેમની કબરને પ્રેમ કરે છે તેઓ અવશેષો ઘરે લઈ જઈ શકે છે,' એમ શિરસાટે કહ્યું હતું, શિરસાટની પાર્ટી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના રાજ્યની મહાયુતિ સરકારનો ભાગ છે અને તેઓ છત્રપતિ સંભાજીનગર જિલ્લાના પાલક પ્રધાન પણ છે. દાનવે પર પ્રહાર કરતા શિરસાટે કહ્યું હતું કે, 'તેઓ (વિરોધીઓ) પાકિસ્તાનના ધ્વજ સાથે રેલીઓ કાઢે છે. જો તેઓ આવું વિચારે છે, તો તેમણે ત્યાં જઈને નમાજ અદા કરવી જોઈએ.' ■

## હિન્દુ નેતા એકબોટે પર પ્રવેશબંધી

મુંબઈઃ છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલતાબાદ સ્થિત મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર દૂર કરવા માટેની વધી રહેલી માગ અને એમાં પણ વીએચપી અને બજરંગ દળ દ્વારા આપવામાં આવેલા આહ્વાન બાદ હિન્દુત્વના નેતા મિલિંદ એકબોટને ૧૬મી માર્ચથી પાંચમી એપ્રિલ સુધી સંભાજીનગર ખાતે આવવા પર રોક લગાવી દેવામાં આવી છે.

ડેપ્યુટી રેસિડેન્ટ કલેક્ટર દ્વારા શનિવારે બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે એકબોટેનું સંગઠન ધર્મવીર સંભાજી મહારાજ પ્રતિષ્ઠાનનું પુણેમાં વાર્ષિક ધોરણે યોદ્ધા-રાજાનું સન્માન કરે છે. અમને ગુપ્તચર સંસ્થા દ્વારા એવી માહિતી મળી છે કે તેઓ તેમના સમર્થકો સાથે સંભાજીનગર ખાતે (જુઓ પાનું ૪) ▸▸

# પહેલી એપ્રિલથી ફાસ્ટેગ નહીં હોય તો ડબલ ટોલ


મુંબઈઃ રાજ્યનાં તમામ વાહનો માટે હવે ફાસ્ટેગ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ અંગેના નિર્ણયને પ્રધાનમંડળે થોડા દિવસ પહેલાં જ મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય પહેલી એપ્રિલથી અમલમાં આવશે. આટલું જ નહીં ફાસ્ટેગ વિનાનાં વાહનો પાસેથી બમણો ટોલ વસૂલવામાં આવશે. આ નિર્ણય મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) દ્વારા લેવામાં આવ્યો છે. આને કારણે પહેલી એપ્રિલથી ફાસ્ટેગ ફરજિયાત રહેશે.

એમએસઆરડીસી દ્વારા સંચાલિત તમામ ટોલ પ્લાઝા પર હવે ફાસ્ટેગ દ્વારા ચુકવણી ફરજિયાત રહેશે. જોકે જે વાહનો આ પદ્ધતિને સ્વીકારતા નથી અથવા આ રીતે ટોલ ચૂકવી નથી શકતા, તેમણે પહેલી એપ્રિલ બાદ બમણો ટોલ ચૂકવવો પડશે.

દરમિયાન એમએસઆરડીસીના એક અધિકારીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે સૂચના બહાર પાડવામાં આવી છે, જેમાં ફાસ્ટેગનો ઉપયોગ કરીને ટોલ ચૂકવવો ફરજિયાત છે. ટોલપ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવા અને ટોલબૂથ પર થતા સમય અને (જુઓ પાનું ૪) ▸▸

ન્યૂ ઈન્ડિયા બૅંક કૌભાંડ

# ૧૨ કરોડ મેળવનારા કપિલ દેઢિયાની વડોદરાથી ધરપકડ



મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ શુક્રવારે વડોદરાથી સિવિલ કોન્ટ્રેક્ટર કપિલ દેઢિયાની ધરપકડ કરી હતી. દેઢિયાના બૅંક ખાતામાં કૌભાંડની રકમમાંના ૧૨ કરોડ રૂપિયા જમા થયા હતા, એવું તપાસમાં સામે આવ્યું હતું. દહિસરના રહેવાસી ૪૫ વર્ષના કપિલ દેઢિયાને વડોદરાથી મુંબઈ લાવવામાં આવ્યા બાદ કોર્ટમાં હાજર કરાયો હતો, જ્યાં તેને ૧૯ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસના જણાવ્યા મુજબ બૅંકની (જુઓ પાનું ૪) ▸▸

# દેખતા હૂં તુઝે કૌન બચાતા હૈ...

## આમ કહીને પાર્ટીમાં પાણીપુરીના સ્ટૉલ પાછળ સંતાયેલી ટીવી ઍક્ટ્રેસનો વિનયભંગ કર્યો સાથી કલાકારે

મુંબઈઃ અંધેરીમાં આયોજિત ટીવી કલાકારો માટેની ધુળેટીની પાર્ટીમાં અભિનેત્રીનો કથિત વિનયભંગ કરવામાં આવ્યો હતો. દારૂના નશામાં આવું અભિનેત્રી સાથે શરમજનક કૃત્ય કરનારા સહકલાકાર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

મલાડના મઢ પરિસરમાં રહેતી ૨૯ વર્ષની અભિનેત્રીએ નોંધાવેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે તક્ષ નારાયણ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના અંધેરીમાં લોટર બિઝનેસ પાર્કની અગાશી પર બની હતી. ધુળેટી નિમિત્તે શુક્રવારે સિરિયલના કલાકારો માટે ટેરેસ પર પાર્ટીનું આયોજન કરાયું હતું. પાર્ટીમાં ફરિયાદી તેના ફ્રેન્ડ્સ સાથે ગઈ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પાર્ટીમાં સહકલાકાર તક્ષ દારૂના નશામાં હતો. તે બધી મહિલાઓને રંગ લગાવવાની સાથે ફરિયાદીને પણ રંગ લગાવવા ઇચ્છતો હતો, પરંતુ ફરિયાદીએ વિરોધ કર્યો હતો. આરોપીએ જબરદસ્તી રંગ લગાવવાનો પ્રયાસ કરતાં ફરિયાદી (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**